વિક્ટર હ્યુગો કૃત

લાફિંગ મેન

યાને

ઉમરાવશાહીનું પાપ અને પ્રતિમા

અનુ: ગોપાળદાસ પટેલ

પરિવાર પ્રકાશન સહકારી મંદિર લિ. અમદાવાદ-૧

પરિવાર પ્રકાશન સહ

પ્રકાશકનું નિવેદન

પ્રસિદ્ધ ફ્રેન્ચ લેખક વિક્ટર હ્યૂગોની આ ત્રીજી નવલકથા 'લાફિંગ મૅન' યાને ઉમરાવશાહીનું પોત અને પ્રતિભા, ગુજરાતી ભાષા બોલતી પ્રજા સમક્ષ, વિસ્તૃત સંક્ષેપ રૂપે, સચિત્ર રજૂ કરતાં આનંદ અને ગૌરવ અનુભવીએ છીએ.

વિશ્વસાહિત્યમાં પોતાનું નામ રોશન કરનાર વિક્ટર હ્યૂગો, ચાર્લ્સ ડિકન્સ અને અલેક્ઝાન્ડર ડૂમાની ઓછામાં ઓછી પાંચ પાંચ મશહૂર વાર્તાઓના વિસ્તૃત સંક્ષેપો ગુજરાતી વાચકની સેવામાં સચિત્ર રજૂ કરવાનો પરિવાર સંસ્થાનો શરૂથી સંકલ્પ છે; અને તે આ રીતે ઝપાટાબંધ સિદ્ધ થતો જાય છે એ જોઈ, એક પ્રકારની કૃતાર્થતા અનુભવાય છે.

આ નવલકથામાં હ્યૂગોએ ઇંગ્લૅન્ડની ઉમરાવશાહીનું આબેહૂબ ચિત્ર રજૂ કર્યું છે. ઈ. સ. ૧૭૦૦ના અરસામાં ધન અને સત્તા ભેગાં થતાં તે ઉમરાવો કેવા નમાલા — એશઆરામી અને પુરુષાર્થ-હીન બની ગયા હતા, એનું ચિત્ર આ નવલકથામાં જેવું રજૂ થાય છે, તેવું બીજે ભાગ્યે જોવા મળે.

વિક્ટર હ્યૂગો મશહૂર નવલકથાકાર ઉપરાંત નાટચકાર અને કવિ તરીકે પણ પ્રસિદ્ધ હતો. ફ્રાન્સના ૧૯મા સૈકાનો એક અગ્રગણ્ય સાહિત્ય-સ્વામી તે ગણાય છે. એનો જીવનકાળ એટલે ૧૮૦૨થી ૧૮૮૫. લેખકે બહુ ઓછાં પાત્રોથી આ કથાને આલેખી છે. અને તેમાંનું એક તો વરુ – 'હોમો' છે! તેમ છતાં આ વાર્તા તેની સચોટતાથી આપણને સ્પર્શ્યા વિના રહેતી નથી.

આવાં સુંદર પુસ્તકો વાંચીએ છીએ ત્યારે આપણો અંતરાત્મા પરિતૃપ્ત થાય છે અને સંસ્કાર તથા સંસ્કૃતિની બાબતમાં આપણે એક અગત્યનું આગેકદમ ઉઠાવ્યું, એમ લાગે છે. એવાં સુંદર અને ઉપયોગી પુસ્તકો પોતપોતાની ભાષામાં સફળતાથી ઉતારીને માનવજાતના એ અતિ કીમતી વારસાને લોકસુલભ કરી આપવો, એ કોઈ પણ દેશની સાહિત્ય પ્રવૃત્તિનું આવશ્યક અંગ ગણાય. અને એ રીતે આ વિશ્વસાહિત્યના મશહૂર લેખકોની કેટલીક પસંદ કરેલી વાર્તાઓ સુવાચ્ય અને સચિત્ર સ્વરૂપે રજૂ કરી શકાતાં અમારી પરિવાર સંસ્થા ખરેખર ગૌરવ અનુભવે છે.

આજના યુગમાં આવી કૃતિઓ વધુ ને વધુ લોકપ્રિય થતી જાય છે. દુનિયાભરમાં વિક્ટર હ્યૂગો, ડિકન્સ, ટોલ્સ્ટોય ઇ૦ સાહિત્યસ્વામીઓ રસપૂર્વક પાછા ફરી ફરીને વંચાવા લાગ્યા છે. પરિવાર સંસ્થાએ ટૂંક સમયમાં આવા ડઝનેક વિસ્તૃત સંક્ષેપો પ્રસિદ્ધ કર્યા છે; ગુજરાતના તેમ જ આફ્રિકા જેટલે દૂર વસતા ગુજરાતી વાચકોએ સુંદર આવકાર આપીને, અમને આગળ વધવા જેટલી પ્રેરણા પૂરી પાડી છે.

આ જ સંપાદકે વિક્ટર હ્યૂગોના 'લે મિઝેરાબ્લ' અને 'નાઈન્ટી થ્રી' નામની નવલકથાઓના પણ અનુવાદ કર્યા છે. તે બન્ને પુસ્તકો પ્રસિદ્ધ થઈ ચૂક્યાં છે. તે પણ સુંદર નવલકથાઓ છે, તથા તેમનો અનુવાદ પણ એટલો જ સરસ થયો છે. હ્યૂગોનું ભાષા ઉપરનું પ્રભુત્વ, અદ્ભુત વર્ણનશક્તિ તથા વસ્તુની હૃદયસ્પર્શી રજૂઆત સૌ કોઈની આગળ માગ મુકાવે છે. હ્યૂગોના લખાણના ગણનાપાત્ર ગુણમાં ઓજસ, વૈવિધ્ય, વિશાળ ફલક, ચારુતા, વાગ્વૈભવ અને ભવ્યતા, કારુણ્ય અને જુસ્સો, તથા ભાવોને અસરકારક રીતે વ્યક્ત કરવાની હથોટી વગેરેનો સમાવેશ થાય છે.

આ વાર્તા વાંચીને નાનું મોટું કોઈ પણ પ્રભાવિત થયા વિના ન રહે. કેટલાક ગ્રંથોને માનવજાતના અમૂલ્ય વારસારૂપ ગણવા જોઈએ. આ નવલકથા પણ તે કોટિની છે. આવી વાર્તાઓ વાંચ્યા પછી એમ લાગ્યા વિના રહેતું નથી કે, એવા મહાન લેખકોનાં તો જેટલાં પુસ્તકો ગુજરાતીમાં ઉતાર્યાં હોય તેટલાં ઓછાં.

આવાં પુસ્તકો ગુજરાતીમાં ઉતારવા જતાં ભાષાની શક્તિ પણ આપોઆપ ખીલે છે તથા વધારામાં વાચકોનું મન પણ વિશિષ્ટ રીતે પુષ્ટ થાય છે – સંસ્કારી થાય છે.

નવજીવન ટ્રસ્ટ, ધરતી મુદ્રણાલય, અને ડાયમંડ પ્રેસના કર્મચારીઓ તથા આ પ્રવૃત્તિ સાથે સંકળાયેલા અન્ય કલાકારો અને મિત્રોના સાથ અને સહકાર વિના આ નવલકથા આવા સુઘડ સ્વરૂપે બહાર ન પાડી શકાત.

આ મજેદાર અને સુંદર સંક્ષેપ સફળ રીતે ગુજરાતીમાં ઉતારીને શ્રી. ગોપાળદાસ પટેલે ગુજરાતી વાચકની સેવા બજાવી છે. તે માટે અમારી સાથે સુજ્ઞ વાચકવર્ગ પણ તેમનો આભાર માનશે. તથા શ્રી. વજુભાઈ શાહે એની રજૂઆત રૂપે, અનેક વિવિધ રોકાણો છતાં, 'આવકાર'ના બે બોલ લખી આપવાની અમારી વિનંતી સ્વીકારી, એ બદલ એમના પણ અમે આભારી છીએ.

આશા છે કે, ગુજરાતી વાચકોને આ સચિત્ર નવલકથા જરૂર હૃદયંગમ થશે.

કુસુમબહેન પુ૦ છો૦ પટેલ

પ્રાસ્તાવિક

૧

ઘણાં વર્ષો પૂર્વે આ નવલકથા વાંચી હતી, ત્યારે તેનું અનોખાપણું સ્મૃતિમાં બરાબર ચોંટી ગયું હતું. પરંતુ એક સદ્દભાવી મિત્રે આગ્રહપૂર્વક ભલામણ ન કરી હોત, તો હાલ તુરત હું તેનું કામ કદાચ હાથ ઉપર ન લેત.

છાપેલાં કુલ છસો પાનથી વધુ પાન જેટલા કદના પુસ્તકને હાથે લખેલાં ૩૩૮ પાન જેટલું ટૂંકાવ્યું, ત્યારે મને જ પ્રશ્ન થયો હતો કે, મેં વધારે પડતી કાપકૂપ તો નથી કરી? પરંતુ વાર્તા-રસ માટે જ આ પુસ્તક વાંચનારને તો આટલાં પાનમાંથીય હજુ કેટલોક ભાગ ઓછો થયો હોત તો સારું, એમ કદાચ લાગશે; કારણ કે, આ પુસ્તકનો વાર્તાતંતુ ખાસ લાંબો ન કહેવાય એવો છે. પરંતુ એટલા સૂક્ષ્મ તંતુ ઉપર જે રસ-ભાર હ્યૂગોએ લાદ્યો છે, તેને ઝીલી શકે તેવો સબળ તો તે છે જ.

લેખકે આ વાર્તા લખવાનું પ્રયોજન તેમની ટૂંક પ્રસ્તાવનામાં આ પ્રમાણે જણાવ્યું છે: "ઇંગ્લેંડની સામંતશાહી પણ તેની દરેક વસ્તુની જેમ મહાન છે. ત્યાંની સામંતશાહી કરતાં વધુ નોંધપાત્ર, વધુ ભયંકર, તથા વધુ ઊંડાં મૂળવાળી સામંતશાહી બીજે ક્યાંય ન મળી આવે. . . . ગમે તેમ પણ, ઉમરાવશાહી કહેવાતી વસ્તુનો અભ્યાસ ઇંગ્લેંડમાં જ કરવો જોઈએ,— જેમ રાજાશાહી નામે ઓળખાતી વસ્તુનો અભ્યાસ ફ્રાંસમાં કરવો જોઈએ.

"આ પુસ્તકનું ખરું નામ '**ઉમરાવશાહી**' રાખવું જોઈતું હતું. એની પછી આવનાર પુસ્તકનું નામ '*રાજાશાહી*' હોય. અને

જો એ પુસ્તકો પૂરાં કરવાનું આ લેખકને માટે સરજાયું હશે, તો છેવટે આવશે ' નાઈન્ટી-થ્રી ' (એટલે કે ' લોકશાહી ')."

એટલે માનવ ઇતિહાસનાં ત્રણ મુખ્ય અભ્યાસબિંદુ—સામંતશાહી, રાજાશાહી અને લોકશાહી—તેમને લગતાં ત્રણ પુસ્તકો લખવાનો લેખકનો વિચાર હતો. તેમાંનું પહેલું તે આ, અને છેલ્લું તે આ સંસ્થાએ પ્રગટ કરેલું 'ક્રાંતિ કે ઉત્ક્રાંતિ?' ('નાઈન્ટી થ્રી'). વચ્ચેનું રાજાશાહીને લગતું પુસ્તક લખાયું હતું કે નહિ, તથા તે કયું, તે માં નથી.

૨

આ પુસ્તકની વાર્તાશૈલી કંઈક ભારે તથા અનોખી છે. લેખકને વાર્તા કહેતાં કહેતાં બીજી આનુષંગિક વસ્તુઓ કહેતા જવાનો વિશેષ રસ છે—એ કહેવા માટે જ તો એમણે આ નવલકથા આરંભી છે. એ મૂળ વક્તવ્ય પણ પૂરતું સ્થાન પામે એ રીતે આખી વાર્તાને ગુજરાતી વાચક માટે બને તેટલી સુવાચ્ય કરવાનો પ્રયત્ન મેં કર્યો છે. એમાં કેટલી સફળતા મળી છે, તે તો મૂળ પુસ્તક અને આ સંક્ષેપ એ બંનેથી પરિચિત વાચક કહી શકે.

' વસુંધરાનાં વહાલાં દવલાં ' એ નામે સ્વ૦ શ્રી. ઝવેરચંદ મેઘાણીએ આ પુસ્તકના વસ્તુને આધારે કરેલું રૂપાંતર પ્રસિદ્ધ થઈ ચૂક્યું છે. પણ તેને અને મૂળ વાર્તાને વિશેષ કે બીજી કોઈ જાતની સગાઈ નથી, અને તેથી જ તેમણે એ બાબતનો ઉલ્લેખ પણ પુસ્તકની શરૂઆતમાં નહિ, પણ પુસ્તકને અંતે કર્યો છે, એટલું નોંધી આગળ ચાલીએ.

વિક્ટર હ્યૂગો પોતે આ વાર્તાવસ્તુના સ્થળ-કાળથી બહુ દૂર ન ગણાય. એટલે તેમને માટે આ વિષય આપણી પેઠે કેવળ કાલ્પનિક કે દૂરનો નથી. છતાં કુશળ લેખક જ્યારે માનવ-કથા લખે છે, ત્યારે

તેનો રસ સ્થળ-કાળથી પર બની રહે છે અને માનવ હૃદયમાત્રને સ્પર્શી શકે છે. તેથી જ આ વાર્તાઓ આજે આટલા સમયે પણ ગુજરાતી ભાષામાં ઉતારવી ગમે છે — ઉતારવી જરૂરી પણ લાગે છે.

૩

ઇંગ્લૅંડની સામંતશાહી વૈભવ અને સત્તા એ બંને બાબતમાં અનોખી હતી, એમ લેખક જ જણાવી દે છે. પણ સત્તા તથા સમૃદ્ધિ બે ભેગાં થયે, એ બધા ઉમરાવો માણસ તરીકે ઊતરતા ઊતરતા કેવા પામર બની ગયા હતા, તેનો ઇશારો, લૉર્ડ ડેવિડ જ્યારે બધા ઉમરાવોને બારણા આગળ રોકીને પડકારે છે, ત્યારે આપણને તેના વક્તવ્યમાંથી મળી રહે છે. તે કહે છે, " ઉમરાવ-સભામાં બેસનારા તમે, ગઈ કાલ સુધી ખેલાડી તરીકે જીવન ગાળનાર ગ્વિનપ્લેઈને જે ભાષણ કર્યું તેના સોમા ભાગ જેટલા શબ્દો તો બોલી બતાવો ! આ ઉમરાવ-સભામાં અર્થહીન બોલવાની પહેલ તેણે જ કરી છે એવું ક્યાં છે? તેના મોઢા ઉપર વિદ્રૂપ હાસ્ય છે, પણ તે કંઈ તેનો વાંક નથી, તેનું કમનસીબ છે. અને કોઈની કમનસીબી ઉપર હસવામાં માણસાઈ નથી. તમારા લોકોની કદ્રૂપતા તથા ભવૈયા જેવા તમારા પહેરવેશ ઉપર પણ ન હસી શકાય એવું ક્યાં છે?... તમને બે વાક્યો દલીલબદ્ધ તથા તર્કબદ્ધ રીતે જિંદગીમાં કદી બોલતાં આવડ્યું છે ખરું?... તમે તમારા આળસુ પગ ઑક્સફર્ડ અને કેંબ્રિજ સુધી લઈ ગયા છો એટલે તમારી જાતને વિદ્વાન માનતા હશો. પણ ગધેડાંને પણ કૉલેજની પાટલી ઉપર ઉપાડીને બેસાડવાં હોય, તો બેસાડી શકાય. પણ તેથી તે કંઈ વિદ્વાનો ન થઈ જાય.... ઉમરાવ-સભામાં આપણે વાતો કરવા અને વિચાર કરવ ભેગા થઈએ છીએ; તેને બદલે અહીં તમે લોકોએ કેવળ ધાંધલ મચાવ્યું છે. તેથી એક શ્રોતા તરીકે તમે મારું અપમાન કર્યું છે, એમ હું માનું છું; અને એટલે હું અહીં આવીને ઊભો છું. મારી મરજી તમારામાંના

થોડાકને ઓછા કરવાની છે. મને કોઈ પણ સ્થળ, કોઈ પણ સમય, અને કોઈ પણ હથિયાર મંજૂર છે. તમે તમારી જ વાત જણાવો એટલે બસ. આ મારો પડકાર છે, ઉમરાવ બહાદુરો! હવે તમારે ઘેર જઈ ભૂવા-જોગીના જે જંતરમંતર, માદળિયાં-તાવીજ વગેરે તૈયાર કરાવવાં હોય તે કરાવીને વેળાસર આવી જજો. જેમના આશીર્વાદ લઈને કે શુકન જોઈને આવવું હોય તેનો મારે વાંધો નથી. પણ હું તો તમને જ્યાં હશો ત્યાંથી ખોળીને પૂરા કરીશ, એ નક્કી જાણજો."

અને આટલું નામ દઈને અપમાન કર્યા છતાં તથા પડકાર્યા છતાં કોઈ જુવાન ઉમરાવનું લોહી તપી જતું નથી—એટલી પામરતા તે ઉમરાવોની બતાવવામાં આવી છે. લૉર્ડ ડેવિડ પણ આટલો પ્રાણવાન રહ્યો છે, તેનું કારણ લેખકે એ સૂચવ્યું છે કે, તે વેશ બદલી, 'ટૉમ-જિમ-જૅક' નામથી નીચલા વર્ગના લોકોમાં જ ભળતો રહેતે હતો.

૪

આપણા દેશમાં પણ આઝાદી બાદ, યોજનાનાં મબલક નાણાંથી એક નવી જ જાતની હૃદયહીન, ભ્રષ્ટ સામંતશાહી ઊભી થઈ છે. મોટા મોટા ઉદ્યોગપતિઓ, વેપારીઓ, અને ધંધાદારીઓ, સરકારી અમલદારોને હાથ કરી લઈ, દેશની એક સબળી સામંતશાહી બની બેઠા. છે. દેશનાં કળા-હુન્નર, શિક્ષણ-સંસ્કાર, આચાર-વિચાર બધું તેમને પગલે—તેમની પાછળ પાછળ ફરતું થઈ ગયું. છે. દેશના કોટયવધિ જીવન ઉપર વેપારી-અમલદારની આવી કારમી ચૂડ, તૈમૂર-નાદિરશાહ જેવા તાનાશાહોના ઇતિહાસમાં પણ જોવા-સાંભળવા ન મળે!

ભ્રષ્ટતા અને લાંચરુશવતનો આડો આંક વળી ગયો છે. 'દેશ' કે 'ધર્મ' કે 'નીતિ' નામની ચીજ જ જાણે ભૂંસાઈ ગઈ છે.

અંગ્રેજોના વખતમાં ' વૉર-એફર્ટ 'માં પોતાનો હિસ્સો બતાવનાર કોઈ પણ ભારતીયને ' રેડ પ્રાયોરિટિ ' મળતી. પણ આઝાદી બાદ તો પંચવર્ષીય યોજનાની આણ, હજારો મજૂરો બેકાર થવાની આણ, દેશનો ઉદ્યોગ પાયમાલ થવાની આણ કે બીજી તેવી કોઈ પણ આણ કામ જ આવી શકતી નથી. કામિની-કાંચન જેવા ' સેક્યુલર ' શબ્દોની જ આણ વધુ ચાલતી લાગે છે.

આ બધું અંધેર જોતાં આ દેશ માટે કશી જ આશા નથી, એવી ઘોર નિરાશા ભલભલા રાષ્ટ્રપ્રેમીઓમાં પણ ઊભી થવા લાગી હતી. તે વખતે અચાનક જાણે પરમાત્મા જ ભારતવર્ષની સહાયે ધાયા ! ચીનની ચડાઈ ને ઘોઈ ને પી ગયેલા દેશને હચમચાવી નાખે એવી પાકિસ્તાની ચડાઈ દેશ ઉપર આવી પડી; અને દેશની આઝાદી તો શું, અસ્તિત્વ જ જોખમમાં મુકાઈ ગયું. તે વખતે આમજન કહી શકાય તેવા દેશના જવાનોએ જ — જેમનો પગાર કદાચ સૌ ધંધાદારીઓમાં ઓછામાં ઓછો હશે — તેમણે પોતાના જાનની બાજી લગાવી દઈને સૌ કોઈ ને પોતાની ફરજનું ભાન કરાવી દીધું; અને તેથી શાસ્ત્રીજીને પણ 'જય હિંદ'નો ફૅશનેબલ નારો બદલીને 'જય જવાન' – 'જય કિસાન' એવો નવો નારો સ્વમુખે પોકારવો પડ્યો.

કારણ કે, હવે કહેવાતા રાજકારણીઓ, અર્થશાસ્ત્રીઓ કે અંગ્રેજી ભણેલા ભિજળા વેપારી કે અમલદાર વર્ગો નહિ, પણ સાદાસીધા અભણ કહેવાતા વર્ગો જ દેશને બચાવી શકે તેમ હતું ! હવે ખરાખરીનો ખેલ આવી ગયો હતો ! અનાજ વધારે ઉગાડવા હવે 'ગ્રો મોર ફૂડ'–ની અંગ્રેજી ભાષામાં અંગ્રેજી અખબારોમાં ' કૅમ્પેઈન' ચલાવનારા ભાડૂતી પાટલૂનિયા અમલદારોની નહિ, પણ ચાલુ એક ટંક ભૂખે મરીને પણ માટીનાં ઢેફાં સાથે મજૂરી કરનારે ખેડૂતની જરૂર દેશને વધુ દેખાઈ છે. એ જ ખેડૂતને અત્યાર સુધી આઝાદી હિંદના સરકારી તંત્રે પોતાની કરામતથી અંગ્રેજી માધ્યમ

અને યંત્રોદ્યોગી યોજનાઓ વડે જ્ઞાન-વિજ્ઞાન તથા કામકાજ વિનાનો કરી નાખ્યો હતો !

ઈશ્વર તરફથી પણ આવી ચાનકો કે તકો વારે ઘડીએ મળતી નથી. ભારતવર્ષ આ વખતે પૂરેપૂરો જાગ્રત તથા પ્રયત્નશીલ બની, પોતાની આઝાદીને ખતરારૂપ બની શકનારા બધા ભયોને બરાબર સમજી લઈ, તેમની સામે જોઈતું બળ-સામર્થ્ય પ્રાપ્ત કરી લે, એવી પ્રભુ પ્રત્યે પ્રાર્થના.

ગોપાળદાસ જીવાભાઈ પટેલ

અનુક્રમ

પ્રકાશકનું નિવેદન ૩

પ્રાસ્તાવિક ૬

આવકાર — શ્રી. વજુભાઈ શાહ ૧૪

ખંડ ૧ લો

દરિયો અને રાત

૧. ઉર્સસ ૩

૨. છોકરાંના વેપારી ૧૩

૩. માણસ કરતાં અંધારું ઓછું કાળું ! ૨૧

૪. નોધારો ૨૯

૫. દરિયા ઉપર ૩૪

૬. "પાપ તારાં સંભાળ !" ૪૨

૭. બરફથી હૃદય ટાઢું ન પડે ૫૩

૮. ગરીબને ઘેર ગરીબ પરોણા ૫૮

ખંડ ૨ જો

રાજાજીના હુકમથી

૧. લૉર્ડ ક્લૅન્ચાલીં ૭૭

૨. ડચેસ જો સયાના ૮૫

૩. રાણી ઍન ૯૨

૪. બાર્કિલફેડ્રો ૯૯

૫ કવૈલ મુંહકો આતા હૈ ૧૧૦

૬. ગ્વિનપ્લેઈન અને ડિયા ૧૧૫

૭ સુખ અને સંપત્તિ ૧૨૯

૮. સંપત્તિના માલિક ૧૩૩

ખંડ ૩ જો
હસતે મોંએ

૧. ટૅડકૅસ્ટર વીશી	૧૪૫
૨. એક જણના બે શત્રુ, આપસમાં મિત્ર	૧૫૨
૩. નવી નવાઈ !	૧૫૭
૪. તેડું	૧૬૫
૫. ગ્રિવનશ્ટેઈન ગયો	૧૭૪
૬. ઓળખપત્ર !	૧૮૭
૭. રાણી એનની ખેલદિલી	૧૯૨
૮. સુખ-વૈભવની ટોચે	૧૯૭

ખંડ ૪ થો
સુખસંપત્તિના માલિકો

૧. ગ્રીન બૉક્સનું પતન અને નાશ	૨૦૯
૨. પ્રેમી જોઈએ ! પતિ નહિ !	૨૨૫
૩. ટૉમ-જિમ-જૅક	૨૪૨
૪. ઉમરાવ-સભામાં	૨૪૫
૫. ભાઈ !	૨૬૬
૬. અવશેષ	૨૭૧
૭. વૅ.આટ જહાજ ઉપર	૨૮૦
૮. હું આવું છું, ડિયા !	૨૮૭

આવકાર

૧

વિખ્યાત લેખક વિક્ટર હ્યૂગોનું નામ એની 'લા મિઝેરાબ્લ' ચોપડીને કારણે દુનિયામાં તેમ ગુજરાતમાં પણ સારી પેઠે જાણીતું છે. એ પછી એની 'નાઈન્ટી થ્રી' ('ક્રાન્તિ કે ઉત્ક્રાન્તિ') પણ ગુજરાતીમાં પ્રગટ થઈ અને હવે એ જ લેખકની એક વિશેષ વાર્તાકૃતિ ગુજરાતીમાં ઊતરી રહી છે એ આનંદની વાત છે. વિશ્વસાહિત્યની કેટલીક ઉત્તમોત્તમ કૃતિઓ ગુજરાતીમાં ઉતારવાનું કામ ઉપાડીને પરિવાર પ્રકાશન મંદિરે ખરેખર એક ઉપયોગી સાહસ હાથ ધર્યું છે. દુનિયાભરના મહાન લેખકોની કૃતિઓને આ રીતે સાધારણ ગુજરાતી સમાજ માટે સુલભ કરી આપવા માટે તેમને જેટલાં અભિનંદન આપીએ તેટલાં ઓછાં છે.

પ્રસ્તુત નવલકથા એ લેખકની એક લોકપ્રિય વાર્તા તરીકે યુરોપ અને બહાર બધે જાણીતી થઈ છે. આ વાર્તામાંથી સહેજ નિર્દેશ લઈને આપણા લોકકવિ સદ્ગત મેઘાણીભાઈએ 'વસુંધરાનાં વહાલાં દવલાં' લખેલી. કોઈ મનોરમ ચિત્ર જોતાં, તેની એકાદ બે રેખાઓ પકડી લઈને એના ઉપરથી કલાકાર કોઈ સ્વતંત્ર ચિત્ર દોરે, એના જેવું એ ગણાય. સંપૂર્ણ સોરઠી અને તળપદાં રૂપરંગવાળી એ સ્વતંત્ર કલાકૃતિ પણ એટલી જ સુંદર બની છે. સમાજને છેક નીચેને તળિયે અનેક પ્રકારની ગંદકી અને ગરીબીમાં સબડતાં લોકોની એક વિશાળ અને વાસ્તવિક સૃષ્ટિ જ એમાં આબેહૂબ ખુલ્લી કરી દીધી છે; એટલું જ નહિ પરંતુ, એ સૃષ્ટિમાં પણ કેવું હૃદયસૌંદર્ય પડેલું છે એની સમૃદ્ધિનું દર્શન કરાવીને વાંચનારના દિલમાં ગરીબોની દુનિયા પ્રત્યે કરુણા, સહાનુભૂતિ અને આદર પ્રગટાવ્યાં છે. પણ એ વાત અહીં રહેવા દઈએ.

હ્યૂગોની આ વાર્તા ૧૮ મા સૈકાના યુરોપનું — ખાસ કરીને

ઈંગ્લેંડના સમાજનું પણ એવું જ આબેહૂબ દર્શન કરાવે છે. વાંચનાર-ને એ ક્ષણમાં જ વાસ્તવિક સૃષ્ટિમાંથી વાર્તાસૃષ્ટિમાં ખેંચી જઈને એની સાથે તદાકાર કરી દે છે; એટલું જ નહિ પરંતુ, એ વાર્તાસૃષ્ટિ, વાસ્તવિક સૃષ્ટિ કરતાંય વધુ વાસ્તવિક હોય એવો અનુભવ કરાવે છે. મહાન કૃતિઓની એ જ ખૂબી હોય છે માનવજીવનના કેટલાક મૂળગત અને શાશ્વત ઉરધબકાર એમાં ઝિલાવાને કારણે એ કૃતિઓ સર્વ કોઈને હૃદયંગમ બની જાય છે. સ્થળ, કાળ, ભાષા કે વર્ણની મર્યાદાઓ એને બહુ નડતી નથી. એટલે જ તો કાળિદાસ અને શેક્સપિયર, શરત્ચંદ્ર, ડૂમા કે ડિકન્સ અથવા ટૉલ્સ્ટૉય, રોમે રોલાં કે રવીન્દ્રનાથ જેવાની કૃતિઓ દુનિયાભરમાં બધે જ અને બધે વખતે એકસરખા રસ અને આનંદથી વંચાય છે.

પ્રસ્તુત વાર્તા આવી એક કલાકૃતિ છે. હ્યુગો જેવા કલાકારની વાર્તાકૃતિમાં વાર્તારસ તો છલોછલ હોય એમાં શી નવાઈ! પરંતુ એની અન્ય નવલકથાઓના હિસાબે પ્રમાણમાં નાના ફલકમાં સમા-યેલી આ વાર્તાકથામાં પણ વિચાર-મૌક્તિકો, ચિંતન-કણિકાઓ, તત્ત્વદર્શનનાં તેજકિરણો, ભાવનાના મનોહર રંગો વગેરે ભરપૂર ભરેલાં છે, જે વાંચનારના ચિત્તને પ્રકાશ અને પ્રેરણાથી ભરી દે છે. સાથે સાથે હૃદયને આંચકો આપે એવાં સામાજિક જીવનનાં કઠોર સત્ય વિધાનો તેમ જ ચોટદાર વ્યંગોક્તિઓ પણ ઠેરઠેર વેરાયેલ છે, જે વાંચનારને ઊંડો વિચાર કરતાં કરી મૂકે છે.

૨

પ્રસ્તુત કૃતિમાં મુખ્યત્વે ૧૮ મા સૈકાના ઈંગ્લેંડમાં અમીર-ઉમરાવોના જીવન-પ્રભુત્વના ઓછાયા નીચે સમાજ કેવી રીતે ગોઠવાયલો હતો તેનું ચિત્ર જોવા મળે છે. સ્વરાજ પહેલાંના સો બસો વરસના કાળમાં આપણે ત્યાં રજવાડી રિયાસતોમાં તેમ જ તાલુકદારી જાગીરદારી પ્રદેશોમાં જે અર્ધગુલામી જેવી સ્થિતિ પ્રવર્તતી હતી,

તેનું એ સ્મરણ કરાવે છે. ધન અને સત્તા અમુક જગાએ કેન્દ્રિત થાય, અને માનવી સંસ્કારનું પોત પાતળું પડી જાય, તો પછી નિરંકુશ સ્વૈચ્છારી જીવનમાંથી આખા સમાજ માટે કેવા અનર્થો ઊભા થાય, તેનો આપણી રજવાડી પ્રજાને તાજો જ અનુભવ છે. પરંતુ હ્યૂગોની આ વાર્તામાં ઇંગ્લૅંડના એ વખતના સમાજનું જે ચિત્ર અંકિત કરવામાં આવ્યું છે, તેના કરતાં વધુ યથાર્થ છતાં વધુ સચોટ ચિત્ર આલેખાયેલું બીજે ભાગ્યે જ જોવા મળી શકે. સત્તામદમાં ચકચૂર અને ધનવૈભવમાં આળોટતા રહેતા એ ઉપલા વર્ગની અંદર કેવી જડતા, દયાહીનતા, ક્રૂરતા આવી જતી હોય છે અને એમનાં જીવન આખરે કેવાં અધમ અને પામર બની જતાં હોય છે, તેનો ખરો ખ્યાલ આમાંથી મળે છે.

આજના અંગ્રેજ સમાજને વિષે એનાં શિક્ષણ, સંસ્કાર, સાહિત્ય, લોકતંત્રાત્મક રાજ્યવ્યવસ્થા તેમ જ માનવ આદર્શોને કારણે, દુનિયાભરમાં જે આદરદૃષ્ટિ ફેલાયલી છે, તે જોતાં હજુ ૨૦૦ વરસ પહેલાં જ એ દેશની અંદર, આપણે ત્યાં ખરાબમાં ખરાબ કાળે પણ કદી નહોતી એવી ભયંકર સામાજિક સ્થિતિ પ્રવર્તતી હતી એની કલ્પના પણ કોને આવી શકે? દોરાધાગા, મંતરજંતર, ઊંટવૈદું, મેલી વિદ્યા, વહેમ, અજ્ઞાન, મિથ્યા કુલાભિમાન, દગલબાજી, રાજખટપટ, એક છેડે અતિવિલાસ તો બીજે છેડે દારૂણ ગરીબી, દુરાચાર, જડતા, ક્રૂરતા — આમ અતિ વિષમતામાંથી નીપજતાં તમામ દૂષણો, પાપો અને વિકૃતિઓ ઇંગ્લૅંડ જેવા દેશમાં પણ કેવાં ફેલાયલાં હતાં તેનો સચોટ ખ્યાલ શિક્ષિત સમાજને પણ આવી વાર્તાઓ વાંચ્યા વિના ભાગ્યે જ આવે.

આમ છતાં એ જ સમાજ આવી વિષમ અને વિકૃત અવસ્થામાંથી પણ આજની વિકસિત અવસ્થાએ પહોંચી શક્યો છે. ત્યાં દૈન્ય અને દારિદ્ય નિર્મૂળ થયાં છે. મનુષ્ય મનુષ્ય

વચ્ચેના સમાન અધિકારોનો સ્વીકાર થયો છે અને માનવી વ્યવસ્થાએ સર્જેલી ભયંકર યાતનાઓ ભૂતકાળનું દુઃસ્વપ્ન બની ગઈ છે, એ પણ હકીકત છે. સમાજનાં મૂલ્યો અને એના આધારે થયેલી રચના મનુષ્યના જીવન ઉપર કેટલી બધી અસર કરે છે, તેનો આ નમૂનો છે.

૩

વિચારકો અને લેખકો આપણને ભાન કરાવતા રહ્યા છે કે, મનુષ્ય સ્વભાવે ઊર્ધ્વગામી છે અને તેથી અજ્ઞાનમાંથી જ્ઞાન તરફ, અશુભમાંથી શુભ તરફ અને સ્વાર્થમાંથી સર્વકલ્યાણ તરફ જવાની એની સહજ ગતિ હોય છે. પરંતુ સમાજ-વ્યવસ્થાને કારણે જો આવરણો કે અંતરાયો આવે છે, તો તેને લઈને એની ગતિ રૂંધાય છે; એટલું જ નહિ પરંતુ, કેટલીક વાર અવળી પણ થાય છે. હા, દરેક કાળે, દરેક સમાજમાં કેટલાંક મનુષ્યો એવાં અવશ્ય હોય છે કે, ગમે તેવા અંતરાયો છતાં પણ એમનો જીવનપ્રવાહ શુભ સંસ્કારો તરફ ઊર્ધ્વગામી જ રહે છે અને એઓ પોતાનો ચરમ વિકાસ પણ સાધી શકે છે. પરંતુ મોટા ભાગના લોકો અનુકૂળ સમાજ-વ્યવસ્થાની અંદર સહેજે ઊંચે ચડે છે અને પ્રતિકૂળ વ્યવસ્થા હોય તો સદ્ગુણો કેળવવાનું એમને માટે કઠણ પડે છે; એટલું જ નહિ પરંતુ, ભારે પ્રતિકૂળતા હોય તો હીન સંસ્કારોનો પણ તેઓ ભોગ બને છે. માનવસમાજે સામંતોને, રાજાઓને, ધનિકોને, સત્તાધારીઓને કેન્દ્રમાં રાખીને એમની આસપાસ જેટલી જેટલી સમાજ-વ્યવસ્થાઓ અજમાવી જોઈ, તે બધી વ્યવસ્થાઓમાં સાધારણ માનવીનું અનેકવિધ શોષણ થતું રહ્યું, એનું જીવન કચડાતું રહ્યું, એની સંસ્કારવેલ કદી પાંગરી શકી જ નહિ અને પરિણામે જગતમાં દુઃખ, કલેશ, સંઘર્ષનો પાર ન રહ્યો. અને મનુષ્યનો મનુષ્ય તરીકેનો વિકાસ રૂંધાતો જ રહ્યો. એવો આજ સુધીનો લગભગ એકધારો અનુભવ રહ્યો છે અને તેથી જ માનવીના યોગ્ય નિરંતરાય વિકાસ માટે અનુકૂળ સમાજ-વ્યવસ્થા ઉપર ભાર

મૂકવામાં આવે છે. જે વ્યવસ્થામાં મનુષ્યમાં ઉત્તમ ગુણો પ્રગટે અને વિકસતા રહે એવી વ્યવસ્થાને આજે માનવી ઝંખી રહ્યો છે. એને ખ્યાલ આવવા માંડયા છે કે, આવા પ્રકારની જ કોઈ સમાજ-વ્યવસ્થા આજના યુગની સમસ્યાઓનો – ગરીબાઇથી માંડીને યુદ્ધ સુધીની તમામ સમસ્યાઓનો – ઉકેલ કરી શકશે અને તેથી જ જાતિ, કુળ, વર્ણ, ધર્મ કે રાષ્ટ્રના ભેદભાવથી પર રહીને માનવી માનવી વચ્ચેની એકતા તેમ જ સમાનતાને પાયામાં રાખનાર સમાજવાદ જેવી સામાજિક વ્યવસ્થાઓ લોકપ્રિય થતી રહી છે. સાધારણ માણસને, મનુષ્ય તરીકે પણ ઊંચે ચડવા માટે અનુકૂળ સમાજ-વ્યવસ્થા અનિવાર્ય છે, એ વાત વિશેષ ને વિશેષ સ્પષ્ટ થતી જાય છે.

૪

પ્રસ્તુત વાર્તા ઉપરથી એક બીજી વાત પણ સમજવા નોંધવા જેવી છે. મહેલો, રાજભવનો, હવેલીઓ, બાગબગીચા, વસ્ત્રાલંકાર કે સારાં સારાં ખાનપાન – એ બધું સુખ આપનારું મનાયું છે. અલબત્ત, શરીરને માટે યોગ્ય ખાનપાન, વસ્ત્રો અને નિવાસ વગેરે સાધન-સામગ્રીની સૌને જરૂર પડે છે. તેનાથી માણસનાં સુખસગવડ પણ સચવાય છે એની ના નથી. પરંતુ સુખ આપવાની બાબતમાં આ બધી વસ્તુઓને મર્યાદા છે. ખાનપાન, વસ્ત્રાલંકાર કે આરામભવનો-માંથી ગમે તેટલું સુખ મળતું હોય, તોયે સુખનો એ મૂળ આધાર નથી. જીવનમાં સુખનો ખરો આધાર તો મનુષ્યહૃદયનો પ્રેમ છે. જેને એ મળે છે તેના જેવું સુખી કોઈ નથી. આવું સુખ તો ઈશ્વરકૃપાથી સાધનહીન એવા અનેક ગરીબોના ભાગ્યમાં પણ હોય છે અને ક્યારેક કોઈ અતિશ્રીમંતોને પણ આવાં સુખથી વંચિત રહેવું પડે છે. કુદરતનો તો એ નિયમ જ છે ને કે જેના વિના જીવન અશક્ય હોય એવી અમૂલ્ય ચીજ એણે

સર્વસુલભ બનાવી છે. તેથી હવાની જેમ પ્રેમ પણ કુદરતે સર્વસુલભ રાખ્યો છે. આથી જ તો ધનસંપત્તિ અને વૈભવવિલાસમાં આળોટતાં શ્રીમંત લોકોનાં કરતાં ઘણી વાર ગરીબી અને કંગાલિયતમાં સબડતાં દેખાતાં લોકો પણ આ બાબતમાં વધારે સુખી હોય છે. અને એ પ્રેમસુખને બળે જ આટલી મુસીબતો વચ્ચે પણ જીવનનો વિકટ રથ ખેંચી શકતાં હોય છે. આ વાર્તાનો નાયક સમાજના સાવ નીચલા અને ઉપેક્ષિત સ્તરમાંથી એક વાર અચાનક ઇંગ્લેંડના ઉમરાવ પદે પહોંચે છે. ઘડી બે ઘડી તો એને વિશાળ સત્તા, અઢળક સંપત્તિ અને રૂપયૌવનના સ્વર્ગનું ભારે આકર્ષણ પણ થાય છે. પરંતુ થોડી વારમાં જ એ સ્વર્ગ તેને નરક જેવું લાગવા માંડે છે ને એની પોતાની અસલ દુનિયા,—લક્કડગાડી, રીંછ, મદારી અને અંધ છોકરીવાળી દુનિયા,—એને સ્વર્ગ સમાન લાગે છે. લક્કડગાડીની મેલી અંધારી ઓરડી, ગોદડીના ગાભા કે રાબનાં હાંડલાંવાળી એ દુનિયામાં પરસ્પર સમર્પણની જે સંજીવની હતી, પ્રેમનો પારસમણિ હતો, તેનો તો પેલી ઊજળી ગણાતી ઉમરાવોની દુનિયામાં એને આભાસ પણ મળે તેમ નહોતો. હ્યૂગો જેવો કવિ-લેખક પોતાની કૃતિઓમાં ગરીબોની દુનિયાની આ અમૂલ્ય સંપત્તિને હંમેશાં બિરદાવતો રહ્યો છે; એને સર્વોપરિ મહત્ત્વ આપતો રહ્યો છે, તે સહજ જ છે. એ સમજે છે કે, ખુલ્લું આકાશ, સૂર્યનો પ્રકાશ, વહેતું પાણી, નિર્બંધ હવા અને વૃક્ષની છાયાની જેમ મનુષ્ય-હૃદયનો પ્રેમ પણ કુદરતની દેન હોવાને કારણે, ઈશ્વરની પ્રસાદી હોવાને લઈને, સાધારણ જનસમાજને પણ એ નિરંતરાય મળી શકે છે; અને એમાં ગમે તેવી મુસીબતો અને સંકટોને પાર કરવાની ને નવા ઘાટ ઘડવાની શક્તિ પડેલી છે. કુટુમ્બજીવનની મર્યાદાઓ સુધી તો માણસને આનો અનુભવ થયો છે; કોઈ કોઈ વાર એથી સહેજ આગળનો અનુભવ પણ એણે કરી જોયો છે. પરંતુ વિશિષ્ટ સમાજના તમામ વિકટ કોયડાઓને પાર કરીને દુનિયાનો નવો ઘાટ ઘડવા માટે પણ એમાં જે અપાર

સામર્થ્ય પડેલું છે, તેનો અનુભવ કરવાને આરે આજનું જગત આવી ઊભું છે. એક નવી જ દુનિયા આકાર પામવાને મથી રહી છે. સાધારણ માણસ પોતાનામાં રહેલી આ શક્તિને કેટલે અંશે ઓળખ શકશે, કેળવી શકશે ને વ્યાપક કરી શકશે, તેના પર નવી રચનાનો આધાર છે.

૫

તત્ત્વચિંતકો અને વિચારકો આપણને સમજાવી રહ્યા છે કે, આવતી કાલની આ દુનિયાની વિભૂતિ નથી કોઈ સમ્રાટ, નથી કોઈ સેનાપતિ કે નથી કોઈ ધનિક. સાધારણ મનુષ્ય એ જ આ નવી રચનાનું અધિષ્ઠાન બનવાનો છે. એથી આજના યુગનું સૌથી મોટું કામ દુનિયાના સાધારણ માણસમાં શક્તિ પ્રગટાવવાનું, એનામાં અભિક્રમ જગાડવાનું છે. સમાનતા, બંધુતા અને માનવપ્રેમના પાયા ઉપર નવો સમાજ રચાય, તે માટે એ તૈયાર થાય, એવી શક્તિ તેનામાં પૂરવાની છે. એમ કરવામાં એને જ્યાં જ્યાંથી સમર્થન મળે તેમ હોય તેવી કૃતિઓ ખૂબ ખૂબ વંચાય એ જરૂરી છે. તેથી વિશ્વસાહિત્યની આવી કૃતિઓ પોતપોતાની ભાષામાં ઊતરતી રહે એવા પ્રયાસ હંમેશાં આવકારને પાત્ર છે.

પ્રસ્તુત કથાકૃતિને આ રીતે ગુજરાતીમાં ઉતારવા માટે ભાઈશ્રી. ગોપાળદાસ પટેલને તેમ જ પ્રકાશન સંસ્થાને ગુજરાતી સમાજના ધન્યવાદ ઘટે છે.

તા. ૬-૨-'૬૬ વજુભાઈ શાહ

વિક્ટર હ્યૂગો કૃત

'લાફિંગ મેન'

ખંડ પહેલો

દરિયો અને રાત

૧

ઉર્સસ

૧

ઉર્સસ અને હોમો એ બે જણ મિત્રો હતા.

ઉર્સસ હતો માણસ; અને હોમો હતો વરુ. પણ તેમના સ્વભાવ પરસ્પર બંધબેસતા આવી ગયા હતા. વરુનું નામ માણસે જ પાડ્યું હતું, અને કદાચ પોતાનું પણ. પોતાને માટે રીંછ અર્થનું 'ઉર્સસ' નામ સારું લાગ્યું એટલે જાનવર માટે માણસ અર્થનું 'હોમો' નામ તેણે પસંદ કર્યું.

માણસ અને વરુનો આ ભેગો સહચાર મેળાઓમાં, બજાર-મથકોમાં, ઉત્સવોમાં અને શેરીઓનાં ચકલાંમાં કે જ્યાં માણસોનાં ટોળાં ઝટ ભેગાં થઈ જાય છે, ત્યાં લાભદાયક નીવડતો. કારણ કે, લોકોને નવરા તડાકા સાંભળવાની કે ઊંટવૈદાની દવાઓ ખરીદવાની ટેવ જ હોય છે. અને ઉર્સસ એ બંને વાનાં પૂરાં પાડતો. ઉપરાંત, આ નમ્ર તથા હોંશભેર હુકમો માનનારું વરુ પણ લોકોનાં ટોળાંને ખાસ પસંદ પડતું. પાળીને વશ કરેલાં પ્રાણીઓ જોવાં માણસોને હંમેશાં ગમે છે; અને તેથી જ એવાં બધાં પ્રાણીઓનાં સરઘસવાળી સવારીઓ જોવા લોકોનાં ટોળાં ખાસ ભેગાં થાય છે.

ઉર્સસ અને હોમો એક ચકલેથી બીજે ચકલે, એક ગામથી બીજે ગામ, અને એક પરગણાથી બીજે પરગણે વિચર્યા કરતા.

ઉર્સસ પૈડાંવાળી કોટડીમાં રહેતો. દિવસે હોમો તેને ખેંચતો અને રાતે તેની ચોકી કરતો. જ્યારે ચડાણવાળા, ખાડાટેકરાવાળા કે કાદવવાળા રસ્તા આવતા, ત્યારે માણસ ઝૂંસરાનો પટો પોતાને ખભે ભેરવી વરુ સાથે તેને ખેંચવા લાગતો.

તેઓનો ઉતારો ગામ પાસેના ચરામાં, રસ્તાઓની ધાર ઉપર, શહેરોના દરવાજા બહાર, બજાર-મથકોમાં, ઉપવનોની પરવાડે કે દેવળો આગળની ખુલ્લી જમીનમાં રહેતો. કોઈ મેળામાં તેમનું ગાડું જઈને થોભે અને લોકો ઉઘાડે મોંએ આસપાસ ટોળે વળે, એટલે તરત ઉર્સસ ભાષણ આપવા માંડે. હોમો તેમાં હાજિયો પૂરવા લાગે; અને વખત આવ્યે મોંમાં લાકડાનું તાંસળું લઈ પ્રેક્ષકોમાં ઉઘરાણું પણ કરવા માંડે. આમ બંને મળી પોતાની આજીવિકા ચલાવતા.

વરુ બહુ શાણો હતો; માણસ પણ તેવો જ હતો. વરુને માણસે કેળવ્યો હતો; એટલે તે પણ પોતાની થોડી જાત-કરામતોથી પ્રેક્ષકોને ખુશ કરી ઉઘરાણું મેળવવામાં મદદ કરતો. જોકે, માણસ તેને અવારનવાર તાકીદ આપ્યા જ કરતો, " જો બેટા, બગડીને માણસ ન બની જતો!"

વરુ કદી કરડતો નહોતો; જોકે માણસ કોઈ કોઈ વાર કરડતો. ઉર્સસ માણસજાતને ધિક્કારનારું પ્રાણી હતો; અને તેથી જ તે મદારી બન્યો હતો. જોકે આજીવિકા માટે પણ તેને તે ધંધો કરવો પડત જ.

ઉપરાંતમાં તે વૈદ હતો; તેથી તેના મદારીપણામાં પૂર્તિ થતી હતી કે ગોટાળો થતો હતો તે ખબર નથી. વળી તે બધાં પ્રાણીઓના અવાજ કાઢી શકતો. કોઈ પણ માણસના કે પશુપંખીના અવાજનું તે એવું અનુકરણ કરી શકતો કે, લોકો દંગ થઈ જાય. તે એકલો જ માણસોના આખા ટોળાનો ગણગણાટ સંભળાવી શકતો; ઉપરાંત એકીસાથે કેટલાંય પંખીઓનો કલબલાટ. આવી આવડત બહુ વિરલ હોવા છતાં, હોય છે એ વાત સાચી છે.

ઉર્સસ દંતકથાઓ કહેતો; જાણે સાચી માનતો હોય તેમ. લોકોના હાથ જોતો, અને ચોપડીઓ ફાવેતેમ ઉઘાડી, ભવિષ્ય ભાખી આપતો. વળી કાળી ઘોડી સામે મળે તો શું જોખમ આવી પડે, અને તમે મુસાફરીએ નીકળવાના હો ત્યારે તમે કયાં જવાના છો એ ન જાણ-

નારો માણસ તમને બોલાવે તો શું થાય, એવા એવા શુકન-અપશુકન પણ તે બતાવતો.

ઉર્સસ રોગો મટાડતો: વૈદ્ય હોવાથી કે વૈદ્ય હોવા છતાં તે કોણ જાણે. જુદી જુદી જાતની વનસ્પતિઓના ગુણદોષ તે જાણતો હતો. જુદા જુદા રોગોના ખાસ નુસખા પણ તેને આવડતા હતા. બળદના, ઘોડાના કેટલાય રોગોની તે દવા કરતો. જુદા જુદા છોડવાઓમાંથી નર-માદા કોણ હોય છે તે એ જાણતો, અને કયા છોડને ઉપરથી નીચે ચૂંટીએ તો શો ગુણ કરે, અને નીચેથી ઉપર ચૂંટીએ તો શું થાય, એ બધું તેને આવડતું.

એક વાર તેને ગાંડા તરીકે કેદ પણ પકડવામાં આવ્યો હતો; પણ પછી તે માત્ર કવિ છે, એવી ખાતરી થતાં તેને છોડી મૂકવામાં આવ્યો હતો. અને વાત પણ ખરી હતી: એ જૂની લૅટિન ભાષાનો જાણકાર — કહો કે, પંડિત હતો. જૂના કવિઓના છંદ પ્રાસ તેને આવડતા હોવાથી તે સાદાં સાદાં સુભાષિતોનાં જોડકણાં બહુ ખૂબીભેર બનાવી જાણતો.

આટલા બધા જ્ઞાનના ભારવાળો છેવટે ભૂખે જ મરે! કહેવતમાં કહ્યું છે કે, “થોડું ખાઓ પણ વારંવાર ખાઓ.” ઉર્સસ થોડું ખાતો અને તે પણ કોક કોક વાર. આમ તે પેલી શિખામણનો અર્ધો ભાગ પાળતો અને અર્ધો અવગણતો. પણ એ વાંક લોકોનો હતો: તેઓ તેના ખેલ જોવા, ભાષણ સાંભળવા કે દવાઓ ખરીદવા ટોળે ન વળે, તો બીજું શું થાય?

ઉર્સસ જરૂર પડ્યે ફારસો રચતો અને પોતે જ ભજવતો. દવાઓ વેચવામાં એ કોક કોક વાર કામ આવતાં. પણ ઘણે ભાગે તેને પોતાની જાતને સંભળાવતો હોય તેમ એકલા એકલા વાતો કરવાની વિશેષ ટેવ હતી. એકલા રહેનારને એ વસ્તુ સ્વાભાવિક છે. હૃદયમાં ભરાયેલો શબ્દ ખંજવાળ ઊભી કરે છે; બોલી નાખવાથી તે

બહાર નીકળી જાય છે. સૉક્રેટીસને પણ આ ટેવ હતી; અને લ્યૂથરને પણ.

તે પોતાની જાતને જ પ્રશ્નો પૂછતો અને જવાબ આપતો. પોતાને ધન્યવાદ પણ પોતે જ આપતો અને પોતાનું અપમાન પણ પોતે જ કરતો. લોકો તેને તેની કોટડીમાં એકલો એકલો મોટેથી વાતો કરતો કે સવાલ-જવાબ કરતો સાંભળતા અને કહેતા કે, એ ગાંડો છે.

તે કદી હોલેંડમાં ગયો ન હતો; જો ગયો હોત તો તેની માઠી વલે થાત. તેઓ તેને તરત તોળવાનો પ્રયત્ન કરત. ત્યાં દરેક માણસ માટેનું સ્વાભાવિક વજન કાયદાથી નક્કી કરેલું હતું. તે વજન કરતાં ઉપરના કે નીચેના વજનથી તે માણસ મેલી વિદ્યાવાળો છે કે નહિ, તે ત્યાં નક્કી થતું. જો વધારે વજનવાળો નીકળે, તો તે માણસને ફાંસીએ લટકાવી દેતા; અને ઓછા વજનવાળો નીકળે, તો તેને જીવતો સળગાવી દેતા. અત્યારે પણ આઉડવૉટર શહેરમાં મેલી વિદ્યાવાળાઓને તોલવાનો જૂનો કાંટો છે; પણ હવે તેઓ તેનો ઉપયોગ ચીઝ જોખવાના મહાજનના કાંટા તરીકે કરે છે: દુનિયા કેવી નીચે પડતી જાય છે!

ઉર્સસ બહુ ગરીબ તથા બહુ ગમગીન પ્રકૃતિનો હોવાથી શરૂઆતમાં જંગલોમાં ભટક્યા કરતો; ત્યાં જ તેને હોમોનું ઓળખાણ થયું હતું. અને ત્યાર બાદ તેણે આ રખડુ જિંદગી પસંદ કરી હતી. પોતાના બોલવાચાલવામાં તથા ધંધો ચલાવવામાં તે અમુક સમતોલપણું જાળવતો, એટલે તે મેલી વિદ્યાવાળો ગણાતો બચી ગયો હતો. તે વખતે મેલી વિદ્યાવાળા ગણાવું એટલે જાન ઉપર આફત આવી જાણવી. તેથી ઔષધોપચાર ઉપરાંત બીજા કશા ચમત્કારો કરવા કે બતાવવાનો તે પ્રયત્ન જ નહોતો કરતો. એટલે પોલીસવાળા તેની પજવણી કરતા બંધ થયા હતા.

તેની કોટડીમાં એક લાંબી પેટી હતી, તે તેની પથારી હતી. પેટીમાં ધૂળધમા કંઈક કપડાં જેવું પડી રહેતું. ઉપરાંત તેની પાસે

એક ફાનસ હતું, થોડાં વાસણ ખીંટીઓએ ભરવેલાં હતાં, અને થોડાં વાજિંત્રો. રીંછનું એક ચામડું પણ તેની પાસે હતું; જ્યારે ખેલ બતાવવા હોય ત્યારે તે ઓઢી લેતો. તેને વાંસળી અને વાયોલિન વગાડતાં આવડતું હતું. કોટડીના ઉપરના ભાગમાં થઈને તેની અંગીઠીના ધુમાડિયાનું ભૂંગળું નીકળતું હતું. અંગીઠીને બે ખાનાં હતાં: એક ઉપર તેની દવાઓના કાઢા તૈયાર થતા, અને બીજા ઉપર બટાકા બફાતા. રાતે હોમો એ કોટડી નીચે જ સાંકળે બંધાઈ નિરાંતે સૂઈ રહેતો.

ઉર્સસ બહુ ઊંચો ન હતો, પણ લાંબો હતો, અને વાંકો વળી ગયો હતો. એ વસ્તુ તેના ખિન્ન દેખાવમાં ઉમેરો કરતી હતી. તેને માટે હસવું જેમ મુશ્કેલ હતું, તેમ રડવું પણ શક્ય નહોતું. ન તેનો શોક આંસુથી ધોવાઈ શકે કે ન આનંદથી તેનો ઉપાય થઈ શકે. ઘરડો માણસ વિચારોનું ખંડેર હોય છે. અહીં જ કહી દઈએ કે, ઉર્સસ બરાબર એ જાતનું ખંડેર હતો. જુવાનીમાં એક ઉમરાવને ત્યાં તે તત્ત્વજ્ઞાની તરીકે નોકરી બજાવતો હતો.

આ વાત એકસો એંસી વર્ષ પહેલાંની છે એટલે કે લગભગ ૧૬૮૦ના અરસાની. તે વખતે માણસો આજ કરતાં વરુ જેવા વિશેષ હતા. પણ આપણે હવે વરુની વાત ઉપર જ આવીએ.

૨

હોમો સામાન્ય પ્રકારનો વરુ નહોતો. તે પાંચ ફૂટ લાંબો હતો. અને તે બહુ શક્તિશાળી હતો. તેની નજર ત્રાંસી હતી; પણ તે તેનો વાંક ન કહેવાય. તેની જીભ સુંવાળી હતી અને તેના વડે તે ઉર્સસને કોઈ કોઈ વાર ચાટતો. ઉર્સસનો મેળાપ થયા પહેલાં અને ગાડું ખેંચવાને કામે જોડાતા પહેલાં તે એક રાતમાં સહેલાઈથી ચાલીસ ગાઉ જેટલો પંથ કાપી શકતો. ઉર્સસે તેને એક ઝાડીમાં ચોખ્ખા પાણીના ઝરાને કિનારે માછલાં પકડતો જોયો હતો; અને ત્યારથી

તેને તેના ડહાપણ અને સમજદારી બાબત બહુ ઊંચો અભિપ્રાય બંધાયો હતો.

ઉર્સસને ગધેડા કરતાં વાહન તરીકે હોમો વધુ પસંદ આવ્યો હતો. ગધેડા જેવા પ્રાણી પાસે પોતાની કોટડી ખેંચાવવી તેને ઉચિત લાગતું નહોતું. ગધેડું એ ચારપગો વિચારક છે; અને ફિલસૂફો જ્યારે ગાંડી વાતો કરે છે, ત્યારે તે અણગમાથી પોતાના કાન ઊંચા કરે છે — એ વાત ઉર્સસ જાણતો હતો. એટલે જીવનમાં પોતાની અને પોતાના વિચારોની વચ્ચે ગધેડા જેવા સમજદાર પ્રાણીને લાવવું, એ ત્રીજા માણસને હાજર રાખવા જેવું થાય. એ વસ્તુ ઉર્સસને મંજૂર ન હતી.

મિત્ર અને સોબતી તરીકે હોમો જ ઉર્સસને પૂરતો હતો. તે લગભગ તેના પ્રતિબિંબ જેવો જ હતો. ઉર્સસ તેના પડખાને થાબડતાં કહેતો કે, મારા જ બીબામાં ઢાળેલું આ બીજું નંગ છે. મારા મૃત્યુ બાદ કોઈને મારે વિષે વિશેષ જાણકારી જોઈતી હશે, તો મારા આ હોમોનો અભ્યાસ કરશે તો બસ થશે. મારી પાછળ એને મારી સાચી નકલ તરીકે હું મૂકતો જઈશ.

અંગ્રેજ કાયદો જંગલી પ્રાણીઓ માટે બહુ કરડો છે. એટલે એક વરુ શહેરોમાં આમ છૂટથી ફરતું ફરે, એ તેને કંઈ મંજૂર ન હોય. પણ એક કાયદામાં પોતાના માલિકની પાછળ પાછળ જતા 'નોકર'ને છૂટથી રસ્તા ઉપર અવરજવર કરવાની છૂટ હતી; તેનો લાભ હોમોને મળ્યો હતો. ઉપરાંત તે જમાનાની રાજદરબારની બાનુઓને બિલાડીના કદના વરુને પાળવાનો શોખ હોવાથી — કહો કે એવી ફૅશન તેમનામાં પ્રચલિત હોવાથી — વરુઓ માટેનો પ્રતિબંધ હળવો કે નહિવત્ બની ગયો હતો.

ઉર્સસે પોતાની કેટલીક આવડતો હોમોને અર્પી હતી — જેમ કે ટટાર ઊભા રહેવું; પોતાના ગુસ્સાને ચીડરૂપે પાતળો કરી નાખવો,

અને કરડવાને બદલે માત્ર ઘુરઘુરાટ કરવો ઇ૦. સામેથી વરુએ પણ પોતાની આવડતો માણસને શીખવી હતી — છાપરા વિના ચલાવવું, રોટી વિના ચલાવવું, અગ્નિ વિના ચલાવવું, અને મહેલની ગુલામી કરતાં જંગલની ભૂખ વધુ પસંદ કરવી, ઇ૦.

કોટડીને ચાર પૈડાં હતાં અને તે હલકા પણ મજબૂત લાકડાની બનાવેલી હતી. આગળની બાજુ તેને એક કઠારો હતો — ત્યાં ઊભો રહી ઉર્સસ ભાષણ આપી શકતો; અને પાછળની બાજુ આખું બારણું હતું, પણ તેમાં ખસેડી શકાય તેવી નાની બારી હતી. મિજાગરા ઉપર ઊંચાં થતાં પગથિયાં નીચે નમાવી દીધાં કે તરત અંદર *ચડવાનો રસ્તો થઈ જાય.*

આગળની બાજુએ જડેલી એક તખતી ઉપર નીચેનો લેખ લખેલો હતો, પણ તે હવે ભૂંસાઈ જવા આવ્યો હતો :

"દર વર્ષે સોનું ઘસારાને લીધે ૧/૨૪૦૦ ભાગ જેટલું ઘટે છે. એટલે આખી દુનિયામાં ૧,૪૦,૦૦,૦૦,૦૦૦ સોનામહોરો ચલણમાં રહેતી હોય એમ માનીએ, તો ૧,૦૦,૦૦,૦૦૦ સોનામહોરો ઘસાઈને વરસોવરસ રજકણ બની જાય છે તથા શ્વાસોચ્છ્વાસમાં ભળી માણસોના અંતરાત્માઓ ઉપર વજનરૂપે જામે છે. તવંગરોના અંતરને તે તુમાખીભર્યું બનાવે છે અને ગરીબના અંતરને વિકરાળ."

સારું થયું કે આ લેખ ભૂંસાઈ જઈ ન વંચાય તેવો બની ગયો હતો. નહિ તો શ્વાસમાં જતા સોનાની આ ફિલસૂફી ઉર્સસ માટે જોખમકારક બની રહેત. તે વખતનો અંગ્રેજ કાયદો આવી બધી બાબતોને રમતમાં ગણી કાઢતો ન હતો. પરંપરાથી ન્યાયાધીશો હિંસ્ર બની ગયેલા હતા અને ન્યાય ચૂકવવો એટલે જલ્લાદનું કામ કરવું એવો જ અર્થ થતો હતો.

કોટડીની અંદર ભીંતના એક ધોળેલા પાટિયા ઉપર એક લાંબો લેખ શાહીથી લખેલો હતો. તેમાં ઉમરાવ-અમીરોના જુદા જુદા

વર્ગોની ચડતીઊતરતી શ્રેણીના પોશાકોની ખાસિયતોની વિગતો, તેમને સંબોધવાનાં સંબોધનો, તેમના હક્કો, દીવાને-આમ અને દીવાને-ખાસના ભેદો, ઉમરાવોનાં પદ-પ્રતિષ્ઠા, તેમની જાગીરોનાં માપ-કદ, તેમના વંશવારસાના નિયમો, કાયદામાં તેમને મળતું ખાસ સંરક્ષણ, લોકોના જાન-માલ ઉપરના તેમના હક્કો, રાજા સાથેના તેમના સંબંધો વગેરે વિગતો નોંધેલી હતી. આ રહ્યા તેમાંથી કેટલાક નમૂના :

"ઇંગ્લંડનો બૅરન-ઉમરાવ માથે ૭ મોતીવાળી સેર પહેરે છે."

"મુગટ પહેરવાનું વાઇકાઉંટ શ્રેણીથી શરૂ થાય."

"યુવરાજ રાજા જેવો મુગટ પહેરે, પણ તે ઉપરથી બંધ કરેલો ન હોય."

"ડ્યૂક 'હિઝ ગ્રેસ' કહેવાય; બીજા ઉમરાવો 'લૉર્ડ'."

"ઉમરાવને રાજા સામે કે અદાલતમાં સોગંદ ખાવા ન પડે. તેનો શબ્દ જ બસ થાય."

"દીવાને-આમવાળા દીવાને-ખાસમાં જાય, ત્યારે ખુલ્લે માથે, નીચા નમેલે મોંએ જાય."

"દીવાને-આમવાળા પોતાનાં બિલ દીવાને-ખાસમાં ચાલીસ સભ્યો દ્વારા મોકલે, અને તેઓ ત્રણ વાર નમન કરીને તે રજૂ કરે."

"ઉમરાવને કેદખાનામાં ન પૂરી શકાય — સિવાય કે રાજા તેને 'ટાવર ઑફ લંડન'ને યોગ્ય ઠરાવે."

"ઉમરાવો પાર્લમેન્ટમાં ઘોડાગાડીમાં બેસીને જાય. આમની સભાવાળા ન જઈ શકે.

"ઉમરાવ પોતાના ઘરમાં ૭ પરદેશીઓ રાખી શકે; સામાન્ય અંગ્રેજો ચાર જણને જ."

"લૉર્ડ લોકો જકાત ભર્યા વિના આઠ ટન દારૂ રાખી શકે."

"લૉર્ડ ઉપર રાજદ્રોહનો ગુનો કબૂલાવવા પણ ત્રાસ ન ગુજારી શકાય."

"લૉર્ડના હાથ ઉપર ડામ ન દઈ શકાય."

"પ્રજાનો સામાન્ય માણસ લૉર્ડને પ્રહાર કરે, તો તેના હાથ કાપી નાખવામાં આવે."

"લૉર્ડ લગભગ રાજા જ છે."

"રાજા લગભગ ઈશ્વર જ છે."

"અંગ્રેજો ઈશ્વરને 'માય લૉર્ડ' કહે છે."

આ લેખની બરાબર સામે, જુદા જુદા ઉમરાવોની આવક, સ્થાવર-જંગમ મિલકતની કિંમત, તેમના મહેલોનાં નામ, તેમનો રસાલો, તેમને ત્યાંની નવાઈની ચીજો વગેરેની માહિતી લખેલી હતી. અને અંતે આ લખાણ હતું—

"રાજા જેમ્સ બીજાના વખતના ૧૭૨ ઉમરાવોની આવક દર-વર્ષે ૧૨૭૨ લાખ પાઉંડ જેટલી થઈ હતી, જે આખા ઇંગ્લેંડની કુલ આવકના અગિયારમા ભાગ જેટલી થાય."

એ યાદીમાં છેવટે આવતા લૉર્ડ ક્લેન્ચાર્લી સામે ઉર્સસના હસ્તાક્ષરમાં નીચેની નોંધ હતી:

"—બંડખોર; દેશનિકાલ; તેના કિલ્લા અને જાગીરો જપ્તીમાં; લાયક જ છે."

૩

ઉર્સસ અસંતોષનો અવતાર હતો. સ્વભાવથી જ દરેક વસ્તુથી તે અસંતુષ્ટ જ રહેતો. આખા જગતની કોઈ બાબત તેને સંતોષ આપી શકતી નહિ. મધમાખ ભલેને મીઠું મધ બનાવતી હોય, પણ તેથી તેના ડંખને વખાણી શકાય? સૂર્ય ગુલાબને ભલે ખીલવતો હોય, પણ પીળો તાવ લાવતો હોય કે કાળી ઊલટી કરાવતો હોય, તો તેનાં વખાણ શી રીતે થઈ શકે?

ઉર્સસને ઈશ્વરની ઘણી ઘણી બાબતોમાં ટીકા કરવાની હતી.

રાજાઓ વિના બીજા કોઈની પ્રશંસા તે કરતો નહિ. પરંતુ તે પ્રશંસા કરવાની તેની રીત અનોખી હતી, રાજા જેમ્સ બીજાએ એક

વખત આઇરિશ કૅથલિક દેવળમાં કુંવારિકા માતા મેરીને સોનાની વજનદાર દીવી ભેટ કરી, ત્યારે હોમો સાથે ત્યાં થઈ ને જતો ઉર્સસ બધા લોકો સમક્ષ વખાણ કરતો બોલ્યો : "ઉઘાડ-પગાં પેલાં છોકરાંને જોડાની જરૂર હતી તે કરતાં કુંવારિકા માતાને સોનાની દીવીની વધારે જરૂર હતી."

ઉર્સસ આખો વખત સ્થળાંતર કર્યા જ કરતો. અને માણસ જેમ વધુ ભટકે છે, તેમ તે વધુ એકલપંથી બનતો જાય છે. ક્યાંય સ્થિર થઈ ને રહેવું એ તેને પાલતુ ઢોરની પેઠે ખીલે બંધાયા જેવું લાગતું. શહેરોને જોઈ જોઈ તેની જંગલ માટેની તૃષ્ણા જ બળવત્તર બનતી. અલબત્ત, લોકોના ટોળામાં તેને ઝાડોના ઝુંડમાં રહેતો હોય તેવું જ લાગતું. પોતાની કોટડી પણ જેટલે અંશે બારીઓ અને બારણાંવાળા ઘર જેવી હતી, તેટલે અંશે તેને ગમતી નહોતી; જો કોઈ ગુફાને તે ચાર પૈડાં ઉપર ચડાવીને ફેરવી શકતો હોત, તો તેમાં રહેવાનું તે વધુ પસંદ કરત.

તે કદી સ્મિત નહોતો કરતો; પણ ખડખડાટ હસતો ખરો. સ્મિત એ કશાથી સંતોષ પામ્યાની નિશાની છે; ત્યારે ખડખડાટ હાસ્ય એ તુચ્છકારની.

તેનો મોટામાં મોટો ધંધો માનવજાતને ધિક્કારવાનો હતો. તે સિદ્ધ કરી બતાવતો કે માનવજીવન એ કેવળ ત્રાસ ભરી વસ્તુ છે : જુઓ, લોકો ઉપર રાજાનો ત્રાસ છે; રાજાઓ ઉપર યુદ્ધનો ત્રાસ છે; યુદ્ધ ઉપર મહામારીનો; મહામારી ઉપર દુકાળનો; અને બધા ઉપર બેસમજદારીનો ! અને આમ જોકે માણસના અસ્તિત્વને તે સજારૂપ માનતો તથા મૃત્યુને છુટકારારૂપ ગણતો, તેમ છતાં કોઈ માંદો માણસ તેની આગળ લાવવામાં આવે તો તે તેનો અવશ્ય ઉપચાર કરતો. ખરાબમાં ખરાબ રીતે અપંગ બનેલા માણસોને તે ચાલતા કર્યા પછી કહેતો : "હવે તમે પગ ઉપર ચાલતા થયા; આંસુઓના

મુલકમાં લાંબો વખત ફરવા માટે !" કોઈ ગરીબ માણસને તે ભૂખે મરતો જુએ, ત્યારે તે તરત પોતાની પાસેનાં બધાં કાવડિયાં તેની આગળ ઠાલવી દીધા પછી કહેતો : " જીવતો રહે, બેટા ! હવે ખા, અને લાંબો વખત આ જેલની સજા ભોગવ્યા કર ! હું તારી જેલની સજા શું કરવા મારે હાથે ઓછી કરું ?" અને પછી આનંદથી હાથ ઘસતો તે મનમાં ગણગણતો : " વાહ, માણસોને થાય તેટલું નુકસાન હું કરી રહ્યા છું."

પાછલી બારીના કાણામાંથી અંદર કોલસા વડે મોટે અક્ષરે લખેલું પાટિયું લોકો બહારથી વાંચી શકતા : **उर्सस, तत्त्वज्ञानी.**

૨

છોકરાંના વેપારી

૧

'કોંપ્રેશિકો' એ શબ્દ આજે કોણ જાણે છે ? અને તેનો અર્થ પણ ?

એ લોકોની ભટકતી જાતિ સત્તરમા સૈકામાં જાણીતી હતી; અઢારમા સૈકામાં તે ભુલાઈ ગઈ; અને હવે તો તે અજ્ઞાત જ છે.

કોંપ્રેશિકો લોકો, જૂના જમાનાની એક વિશિષ્ટ સામાજિક વિગત છે : જૂના જમાનાના કદરૂપાપણાનું એક અંગ જ કહોને. સમગ્ર દૃષ્ટિને અપનાવતા ઇતિહાસની રીતે જોઈએ, તો કોંપ્રેશિકો લોકોની કારવાઈને ગુલામોના વેપારની એક વિગતરૂપ જ ગણવી પડે.

તે શબ્દ બે સ્પૅનિશ શબ્દોનો બનેલો છે અને તેનો અર્થ થાય : નાનાં છોકરાં ખરીદનારા.

અર્થાત્ છોકરાંને ખરીદીને વેચનારા. છોકરાં ઉપાડી જવાં એ વળી જુદા લોકોનો ધંધો હતો.

અને આ લોકો છોકરાંનું શું કરતા ?

કેમ વળી, — તેમના આકારો ઘડતા : લોકોને હસાવવા સારુ.

લોકોને હસવા જોઈએ; અને રાજાઓને પણ હસવા જોઈએ. શેરીનાં ચકલાંઓમાં જેમ મશ્કરો, તેમ રાજદરબારમાં વિદૂષક. માણસ-જાત મનોરંજન માટે જે પ્રયત્નો કરે છે કે જે ઉપાયો લે છે, તે ફિલસૂફોએ વિચારવા જેવા છે.

આ શરૂઆતનાં પાનાંમાં આપણે "સુખીઓ દ્વારા થતો દુઃખી-ઓનો ઉપયોગ" એ નામના ભયંકર પુસ્તકનું એક પ્રકરણ ઉતારવાના છીએ.

નાના બાળકનો રમકડા તરીકે ઉપયોગ જગતમાં એક જમાનામાં થયો છે. આજે પણ એ ઉપયોગ નથી થતો એમ ન કહેવાય. પરંતુ સત્તરમા સૈકામાં તો એ ઉપયોગ એક ઘાતકી ઉદ્યોગ-ધંધાનું નિમિત્ત બન્યો હતો.

માનવને ઘડીને તેનું સફળ રમકડું બનાવવું હોય, તો તેને કુમળી વયમાં હાથ ઉપર લેવો જોઈએ. સીધું બાળક શું મનોરંજન આપી શકે ? તેથી તેને અષ્ટાવક્ર બનાવવું જોઈએ, કે ઠિંગુજી બનાવવું જોઈએ !

અને તેથી એ અંગેની એક કળા જ અસ્તિત્વમાં આવી.

જ્યાં ઈશ્વરે આંખ મૂકી હતી, ત્યાં તેઓએ ત્રાંસ બનાવી. જ્યાં ઈશ્વરે સુસંવાદિતા મૂકી હતી, ત્યાં તેઓએ વિસંવાદિતા ઊભી કરી. જ્યાં ઈશ્વરે પૂર્ણતા ઊભી કરી હતી, ત્યાં તેઓએ અપૂર્ણતા આરોપી. એ બાબતનું એક આખું વિજ્ઞાન જ અસ્તિત્વમાં આવ્યું, એમ કહોને !

માણસ હંમેશાં ઈશ્વરની કારીગરીમાં ઉમેરો કરવા માગે છે. તે તેના સર્જનને જુદું સ્વરૂપ આપે છે; કોઈ વાર સારા માટે તો કોઈ વાર ભૂંડા માટે. રાજદરબારનો વિદૂષક, એ માણસે પાછી વાનર-ચેષ્ટા ધારણ કરવાનો જ પ્રયત્ન નથી ? સાથે સાથે વાનરને માણસ જેવો બનાવવાનો પ્રયત્ન પણ કરવામાં આવ્યો છે. ડચેસ ઓફ

ક્લીવલૅન્ડ એક બ્રાઝિલિયન માંકડાને જ છોકરાનો પોશાક પહેરાવી અનુચર તરીકે રાખતી; બેરનેસ ડડલી, રાજ્યની આઠમી ઉમરાવ-બાનુ ગણાતી, તેને ત્યાં જરીનો પોશાક પહેરેલું માંકડું જ ચા પીરસતું; કાઉન્ટેસ ઑફ ડોરચેસ્ટર પાર્લમેન્ટમાં પોતાની બેઠક લેવા જતી, ત્યારે તેના કોચની પાછળ વર્દી પહેરેલાં ત્રણ વાંદરાં ઊભાં રહેતાં. અર્થાત્ માણસને વાંદરો બનાવવાના બદલામાં વાંદરાંનાં માણસ પણ બનાવી લેવાતાં. તે વખતના મોટેરાઓનો એવો મનોવૈભવ હતો.

પણ માણસને બદલવો હોય તો તેને કદરૂપો જ બનાવી શકાય. ઇશ્વરે તેના ચહેરામાં જે કંઈ દૈવીપણું મૂકયું હોય, તેને બગાડી જાનવરપણું આરોપવા માટે વાઢકાપનું એક ખાસ શાસ્ત્ર શોધાયું હતું; અને તે શોધી આપનારો એક સાધુ હતો. વાઢકાપથી માનવ-પ્રાણીઓને જીવનભરની અસહ્ય યાતનામાં મૂકવામાં આવતાં, જેથી તવંગરોને ક્ષણભર સુખ થાય !

માણસોની ઘડેલી એ વિચિત્ર આકૃતિઓની માગ ઘણી મોટી હતી; અને તે જ પ્રમાણમાં તેમનું ઘડતર પણ મોટા પ્રમાણમાં ચાલતું. સુલતાનોને પોતાના જનાનખાનાની ચોકી માટે એ ઘડતરો જોઈએ, અને પોપ લોકોને પોતાની પ્રાર્થનાઓ કરાવવા !

તે જમાનામાં લોકો જે વસ્તુઓ બનાવી જાણતા, તે બનાવતાં હવે આપણને નથી આવડતું. તે લોકોમાં જે આવડતો હતી, તે હવે આપણામાં નથી રહી.

સત્તરમી સદીના છોકરાંઓના વેપારને એક ખાસ હુન્નરની મદદ હતી. પેલા કૉમ્પ્રેશિકો લોકો આ વેપાર ચલાવતા અને આ હુન્નર પણ જાણતા. તેઓ છોકરાંને ખરીદતા, તેમનાં શરીર ઉપર કળાકારીગરી કરતા અને પછી તેમને વેચી નાખતા.

અને તેમને છોકરાંનો કાચો માલ પૂરો પાડનાર વર્ગ કયો હતો? ગરીબ. કંગાળ બાપ પણ પોતાના કુટુંબને વેચતો, તેમ જ ગુલામોનો

માલિક પણ. માણસને આમ વેચવો એમાં તે વખતે કશું અજુગતું મનાતું ન હતું. હેસનો રાજવી પોતાનાં પ્રજાજનોને ઇંગ્લૅંડના રાજાને વેચતો; ઇંગ્લૅંડનો રાજા તેમને ખરીદી અમેરિકામાં કતલ ચલાવવા મોકલતો. ઇંગ્લંડમાં મૉનમાઉથના કરુણ સાહસ પછી સંખ્યાબંધ લૉર્ડ લોકો અને ઉમરાવોની કતલ ચલાવવામાં આવી હતી. રાજા જેમ્સ બીજાએ એ લોકોની વિધવાઓ અને અનાથ સંતાનો પોતાની પત્નીને બક્ષિસ આપી દીધાં. રાણીએ તે બધાં વિલિયમ પેનને વેચીને પૈસા ઊભા કર્યા! તેમાંથી રાજાને થોડું કમિશન અવશ્ય મળતું. પેન એ સ્ત્રીઓને પોતાના દેશના વેરાનને વસ્તીભર્યું કરવા ખરીદતો.

૨

સ્ટુઅર્ટવંશી રાજાઓના સમયમાં ઇંગ્લૅંડમાં આ કૉંપ્રેશિકો લોકો રાજદરબારના તિરસ્કૃત લોકો નહોતા. જરૂર પડ્યે ઊલટો તે લોકોનો ઉપયોગ રાજા તરફથી કરાતો. એ જમાનામાં ઉદ્દંડ કે ભારરૂપ બનતાં ઉમરાવ કુટુંબોનો વિચ્છેદ કરી નાખવાની, કૌટુંબિક જોડાણો ટૂંકાં કરી નાખવાની, વારસદારોને અચાનક દબાવી દેવાની, કે કુટુંબની એક શાખાનો છેદ કરી બીજીને વધવા દેવાની જરૂર પડતી, ત્યારે કૉંપ્રેશિકો લોકો બહુ મદદરૂપ નીવડતા. કતલ કરી નંખાવવી એના કરતાં કદરૂપો કરી ન ઓળખાય તેવો બનાવી મૂકવો, એ વધુ સારું ગણાય. કેટલાયનાં મોં ઉપર લોખંડી મહોરાં જડાવી દેવામાં આવતાં; પરંતુ એ બહુ આકરો ઉપાય ગણાય. ઉપરાંત, આખા યુરોપને લોખંડી મહોરાંવાળા લોકોથી ભરી કાઢવો એ પણ અવ્યવહારુ વસ્તુ ગણાય; ત્યારે શેરીઓમાં કદરૂપાં કે અપંગ બનાવેલાં માણસો ભીખ માગતાં રખડ્યા કરે, એમાં કશી નવાઈ ન ગણાય. વળી, લોખંડી મહોરું તો ઉતારી પણ નંખાય; ત્યારે ચામડીમાં ને સ્નાયુમાં કરેલા ફેરફારો રદ શી રીતે કરી શકાય? તમારા જ ચહેરાનું તમને મહોરું પહેરાવી દેવું, એના જેવી સલામત રીત બીજી કઈ હોઈ શકે? અને

ચીનાઓ વનસ્પતિના જેવા ઘાટ ઘડતા, તેવા આ કૉંપ્રેશિકો લોકો માણસોના ઘાટ ઘડી આપતા. તેઓ મોં ઉપર થોડાક ફેરફાર એવા કરી આપે કે પછી સગો બાપ પણ પોતાના દીકરાને ઓળખી ન શકે. જેમ રૂમાલ ઉપરથી નામસૂચક ભરતકામ કાઢી નાખે, તેમ બાળકના મોં ઉપરથી તેઓ ઓળખની બધી નિશાનીઓ દૂર કરી આપે!

કૉંપ્રેશિકો લોકો બાળકની સ્મૃતિ પણ સાથે સાથે ભૂંસી આપતા. પોતાને શું કરવામાં આવ્યું છે તે બાબતની બાળકને કશી સાન જ રહેતી નહિ. તેના ચહેરા ઉપર આ વાઢકાપનાં ચિહ્ન કાયમનાં અંકાઈ રહેતાં, પણ તેના મન ઉપર નહિ! તે લોકો પાસે વાઢકાપ દરમ્યાન બાળકને બેહોશ કરવાનું પણ એક ચૂર્ણ રહેતું. એનાથી ચીના લોકો પહેલેથી પરિચિત હતા, — જેમ છાપખાનું, તોપખાનું ઇ૦ અનેક બીજી બાબતોથી પરિચિત હતા તેમ. યુરોપમાં તો માત્ર એ વસ્તુઓ મોટા પાયા ઉપર પછીથી વિકસી, એટલું જ. ચીનમાં એ બધી વસ્તુઓ બીજ-અવસ્થામાં જ રહી. કહોને કે, ચીન એવાં બીજોનો ભરેલો ઘડો જ છે. ચીનમાં જ માણસના ઘાટ ઘડવાની વિદ્યા પણ પહેલેથી ચાલતી આવેલી છે. તેઓ બે કે ત્રણ વર્ષના બાળકને લઈ, તેને જુદા જુદા ઘાટની બરણીઓ પહેરાવી દેતા. એ બરણીઓ ઉપર-નીચે ખુલ્લી હોય, જેમાંથી માથું અને પગ બહાર નીકળી શકે. બાકીનું બધું શરીર એ બરણીના કોટલામાં વિકસવું હોય કે ભરાવું હોય તેટલું ભરાય. કેટલાંય વર્ષો સુધી એ બરણીમાં તેનું શરીર એમ જામ્યા કરે; પછી જ્યારે એ લોકોને ખાતરી થાય કે, હવે તેનું શરીર કાયમને માટે એ આકારે ગંઠાઈ ગયું છે, ત્યારે તેઓ પેલી બરણી ફોડે, — અને બરણી-ઘાટનો માણસ તૈયાર!

૩

કૉંપ્રેશિકો લોકો પોતપોતાના કબીલા બાંધીને વસ્તીથી જુદા જ રહેતા. તેઓ ચોરી, લૂંટ કે એવા કશા ગુના કરતા નહિ. બીજા

બધી રીતે તેઓ ધાર્મિક લોકો હતા. તેઓ પ્રમાણિક પણ હતા. તેઓ તમારા ઘરમાં આવે, તમારું બાળક કિંમત આપીને ખરીદે અને ચાલતા થાય.

બધી પ્રજાઓના માણસો તેમના ટોળામાં હોતા: અંગ્રેજ, ફ્રેંચ, કેસ્ટિલિયન (સ્પેનિશ), જર્મન, ઇટાલિયન. છતાં તેમનામાં એક જ જાતના વર્ણની — ધંધાની એકતા હતી. તેઓએ એક જુદી જ મિશ્રભાષા ઊભી કરી હતી, જે તેઓ બધા જ સમજતા.

એ લોકોને કોઈ જુદી જાતિ કહેવાને બદલે સમાન ધંધાદારી મંડળ કહેવું જોઈએ. એક વિચિત્ર — ગુનાહિત ધંધો આચરતાં આખા યુરોપનાં ચીંથરાં ભેગાં થઈને એ લોકોની કંથાગોદડી ઊભી થઈ હતી.

તેઓ એક જગાએ સ્થિર રહેવાને બદલે સતત ભટકચા કરતા. અચાનક એક શહેર આગળ તેઓ દેખા દે, અને પાછા અલોપ થઈ જાય. જેઓને કેવળ નભવા દેવામાં આવતા હોય, તેઓ એક જગાએ મૂળ નાખી ન શકે. જે દેશોમાં રાજાઓ તેમનો ઉપયોગ કરતા, તે દેશોમાં પણ ક્યારે તેમની સતામણી શરૂ થાય, તેનું શું ઠેકાણું? રાજાઓ તો કોઈ ગુપ્ત કારવાઈમાં પોતાના સાગરીત થનારને, તે ગુપ્તતા જાળવવા ખાતર જ નાબૂદ કરવા ઇચ્છે!

જેમ ગબડતો પથરો જરા પણ શેવાળ ભેગી ન કરી શકે, તેમ આ ભટકતા લોકો પણ કશી મિલકત એકઠી કર્યા વગર ગરીબાઈ અને તંગીમાં જ જીવન વિતાવતા. કદાચ મોટા મોટા કૉન્ટ્રાક્ટ મેળવનારા તેમના મુખિયાઓ તવંગર બનતા હશે, પણ બાકીના બધા તો માંડ પેટિયું કૂટી કાઢે.

તેઓમાં પણ જુદાં જુદાં વિશિષ્ટ રીત-રિવાજો, રૂઢિ-પરંપરાઓ વગેરે ચાલ્યાં આવતાં. અમુક નિયત સમયે તેઓના મોટા સમૈયા ભરાતા. સત્તરમા સૈકામાં તેમનાં તે માટેનાં ચાર મુખ્ય સ્થળો હતાં: સ્પેનમાં, જર્મનીમાં, ફ્રાંસમાં અને ઇંગ્લૅંડમાં.

ઇંગ્લૅંડમાં ભટકતા લોકો માટેના કાયદા બહુ સખત હતા. રખડુ માણસને તેઓ જંગલી જાનવર કરતાં વધુ ખરાબ માનતા. ઇંગ્લૅંડે જિપ્સી લોકોને વરુઓની જેમ જ દેશમાંથી નાબૂદ કરવાના પ્રયત્નો કર્યા હતા.

જોકે, ઇંગ્લૅંડનો કાયદો પાળેલા વરુને કૂતરાની કોટીનું ગણી તેને નભાવી લેતો, તેમ, ધંધાદારી ફરતા માણસોને પણ તે નભવા દેતો. જેમ કે ભાંડભવૈયા, ફરતો હજામ, ઊંટવૈદ, ફેરિયો, ખુલ્લા આકાશ હેઠળ વર્ગો ચલાવતો પંડિત ઇ૦.

કૉંપ્રેશિકો લોકોને જિપ્સી લોકોથી જુદા સમજવા જોઈએ. જિપ્સી લોકો તો એક જુદી પ્રજા હતી; ત્યારે કૉંપ્રેશિકો લોકો અનેક પ્રજાઓનો બનેલો એક વર્ગ હતો. કાંપ્રેશિકો લોકોની પોતાની આગવી સંકેતભાષા પણ નહોતી. તેઓની તો એક સમજ-ભાષા જ હતી. કૉંપ્રેશિકો લોકો છેવટે તો જિપ્સીઓની પેઠે ઠેર ઠેર દેશ દેશમાં વિચરતા લોક બની રહ્યા, છતાં તેઓને એકબીજા સાથે જોડનાર બંધ માત્ર ધંધાદારી હતો. તેઓને બહુ તો એક મહાજન ગણી શકાય. ઉપરાંત જિપ્સીઓ અ-ખ્રિસ્તી હતા, ત્યારે કૉંપ્રેશિકો લોકો ખ્રિસ્તી હતા. અને ખ્રિસ્તીમાંય પાછા કૅથલિક અને કૅથલિકમાંય પાછા રોમન (કૅથલિક) !

ઇંગ્લંડના સ્ટુઅર્ટ રાજાઓ અને ખાસ કરીને જેમ્સ-૨ કૉંપ્રેશિકો લોકોને રક્ષણ આપતા. જેમ્સ-૨ જિપ્સી લોકો અને યહૂદીઓને સતાવ્યા કરતો, પણ કૉંપ્રેશિકો લોકો તો તેના ઘરાક હતા. કેટલાય સગીર વારસો પ્રતિકૂળ લાગતા હોય, તો કૉંપ્રેશિકો લોકો તેને અલોપ કરી આપતા — ઉપાડી જઈ તેનો ઘાટ બદલી નાખીને ! પોતાના માનીતાઓને એ રીતે બીજાઓની નાવારસ બનેલી જાગીરોની ફેરબદલી કરી આપવાનું રાજાને સરળ બનતું. કૉંપ્રેશિકો લોકો આ બધી રાજ્યની ગુપ્ત વાતો વફાદારીથી અને સમજદારીથી ગુપ્ત રાખતા.

તેઓનું હિત પણ તેમ કરવામાં જ હતું. જો રાજાને લાગે કે, તેની ગુપ્ત વાતો તેમના હાથમાં સલામત નથી, તો એ લોકોને જ અલોપ કરી દેવાનું હંમેશ તેના હાથમાં રહેતું.

પણ ૧૬૮૮ માં ઇંગ્લેંડનો રાજવંશ બદલાયો. સ્ટુઅર્ટવંશી જેમ્સ-૨ બાદ ઑરેંજ-વંશી વિલિયમ-૩ ગાદીએ આવ્યો. પણ રાજા વિલિયમના ખ્યાલો તથા તેની કામકાજની રીતો રાજા જેમ્સ-૨ કરતાં તદ્દન જુદાં હતાં. એટલે તેણે કૉંપ્રેશિકો લોકોને ઇંગ્લેંડમાંથી નાબૂદ કરવાનો જ નિર્ણય લીધો. એક કાયદો પસાર કરવામાં આવ્યો. તેની રૂએ કૉંપ્રેશિકો લોકોનો જે માણસ હાથમાં આવે, તેને ખભા ઉપર '**R**' ('આર') અક્ષરનો ડામ દેવાય — અર્થાત્ 'Rogue'— ઠગ. તેના ડાબા હાથ ઉપર '**T**' ('ટી') અક્ષરનો ડામ દેવાય — અર્થાત્ 'Thief'— ચોર; અને જમણા હાથ ઉપર '**M**' ('એમ') અક્ષરનો ડામ, દેવાય અર્થાત્ 'Manslayer' — ખૂની. તેમના મુખિયાઓને કપાળમાં '**P**' ('પી') અક્ષરનો ડામ દેવાય — અર્થાત્ 'Pillory'— એટલે કે, માંચડામાં હાથપગ અને માથું પરોવી ઊભા રાખવાની સજા કરીને તેમની તમામ માલમિલકત જપ્ત કરવાની, અને તેમનાં જંગલોનાં ઝાડ ઉખેડી નાખી સાફ કરી નાખવાનાં.

જે લોકો કૉંપ્રેશિકોને પકડાવી આપવાને બદલે છુપાવવા પ્રયત્ન કરે, તેમની પણ મિલકત જપ્ત થાય અને તેમને કાયમને માટે બંદીવાસની સજા થાય.

કૉંપ્રેશિકો લોકોની સ્ત્રીઓને નદી વચ્ચે લટકાવેલી ખુરશી ઉપર બાંધી, પાણીમાં ડબકડોયાં કરાવી મારી નાખવામાં આવતી.

૩

માણસ કરતાં અંધારું ઓછું કાળું!

૧

૧૬૮૯ ના ડિસેમ્બર માસમાં આખા યુરોપ ખંડ ઉપર હઠીલો ઓતરાતો પવન સતત ફૂંકાયા કરતો હતો; ખાસ કરીને ઇંગ્લૅંડ ઉપર. અને તેથી તે વરસનો કારમો શિયાળો એક મહામારીની જેમ આમ-પ્રજામાં વરસો સુધી કહાણીરૂપ બની રહ્યો.

થેમ્સ નદી, મુખ આગળથી દાખલ થતા દરિયાના પાણીને કારણે, સૈકામાં એક વખત પણ ભાગ્યે જામતી હોય છે; તે પણ આ વરસે જામી ગઈ હતી. ગાડીઓ તેના ઉપરથી ગડગડાટ દોડી જતી હતી, અને તે વરસે આખલાની સાઠમારી તથા મહામેળો તેના ઉપર જ ભરાયાં હતાં. આ બરફ પૂરા બે મહિના જામેલો રહ્યો. પરંતુ ૧૬૯૦ નું વર્ષ તો, ઠંડીની બાબતમાં, સત્તરમી સદીના પ્રારંભના કારમા શિયાળાઓને પણ ભુલાવી દે તેવું નીવડયું.

જાન્યુઆરી મહિનાના સૌથી વધુ બરફીલા દિવસોમાંના એકની સાંજે પૉર્ટલૅન્ડના અસંખ્ય અખાતોમાંના એકમાં કંઈક અસાધારણ જેવું બની રહ્યું હતું.

આ અખાતોમાંના એકના કિનારા પાસેના ખડકાળ ભાગમાં એક નાનું જહાજ અત્યારે ઊંડા પાણીનો લાભ લઈ કિનારે લાંગર્યું હતું. એ ભાગ સામાન્ય રીતે પવનોને કારણે એટલો તોફાની રહેતો કે, ત્યાં કોઈ વહાણ જાણીબૂજીને જવાની હિંમત જ ન કરે. તે ભાગ હંમેશાં નિર્જન અને તેથી સહીસલામત રહેતો. સહીસલામત એટલે બીજી રીતે નહિ, પણ રાજાના ચોકીપહેરાથી! એ ભાગ એવો હતો કે, ત્યાં રાત પડી એમ ન કહેવાય, પણ રાત ઊગી એમ કહેવું પડે. કારણ કે જમીન પાસે અંધારું વધારે હોય, અને જેમ ઉપર ટોચે આવો, તેમ કંઈક સૂર્યનો કે તારાનો પ્રકાશ હોય.

આજે પવન દરિયા તરફથી નહોતો આવતો, એટલે ત્યાંનું પાણી કંઈક શાંત હતું. અને એ મોકાનો લાભ લઈ, પેલું વહાણ ત્યાં લાંગર્યું હતું.

એ વહાણને પાસે જઈને જોયું હોય તો તરત માલૂમ પડે કે, એ જહાજ સ્પેનના બિસ્કેના અખાત તરફ જોવા મળતાં 'હૂકર' જહાજોમાંનું એક હતું. એ બિસ્કેયન 'હૂકર' જહાજ જેવાં વહાણો હવે જોવા મળતાં નથી. જોકે, શરૂઆતમાં તો સ્પેનના નૌકા-કાફલામાં પણ એ જાતનાં જહાજો હોતાં. એ જહાજ નક્કર હોતું અને સાથે સાથે નાનું. નૌકાકાફલાનાં 'હૂકર' તો છસોપચાસ ટનનાં અને ચાલીસ તોપોવાળાં હોતાં; પરંતુ વેપારીઓનાં કે દાણચોરોનાં 'હૂકરો' બહુ હલકાં નાનાં જહાજો હોતાં. વહાણવટી લોકો આ હલકા જહાજને ખાસ પસંદ કરતા. તેની બનાવટમાં વિજ્ઞાન અને કુશળતા બંનેને કામમાં લેવામાં આવતાં. તે એક સરોવરમાં પણ ચારે બાજુ ફરી વળે કે દુનિયાની આસપાસ પણ પ્રદક્ષિણા કરી શકે. તે શાંત સમુદ્રને માટે તેમ જ તોફાની સમુદ્રો માટે પણ સરખું કામ દઈ શકે.

પૉર્ટલૅન્ડ દ્વીપકલ્પ ભૂમિતિની રીતે જોઈએ તો કોઈ પંખીના માથા જેવો લાગે, જેની ચાંચ દરિયા તરફ, માથાનો પાછલો ભાગ વેમાઉથ તરફ, અને ગળું એ સંયોગીભૂમિવાળો ભાગ પોતે.

આજે તો પૉર્ટલૅન્ડનો એ આખો ભાગ સિમેન્ટ બનાવનારાઓએ ખોદીને સાફ કરી નાખ્યો છે. દરિયો જમીનને કોતરે છે, ત્યારે ત્યાં ભવ્યતા ઊભી થાય છે; જ્યારે માણસ જમીનને ખોતરે છે, ત્યારે નર્યું કદરૂપાપણું.

પેલું હૂકર જ્યાં ઊભું હતું તે ખાડીની ચોપાસ ઊભા ઊંચા ખડકોની દીવાલ આવી રહેલી હતી. તે દીવાલ એ ખાડીની પહોળાઈ કરતાં વધુ ઊંચી હતી. તેથી ત્યાં અંધારું અને ધૂમસ વધુ પ્રમાણમાં આવીને ભરાતાં. એ હૂકર ઉપરથી એક પાટિયું પાસેના ખડકના સપાટ

ભાગ ઉપર ઢાળેલું હતું. એ ખડક ઉપર પગ ટેકવી શકાય એવી જગા એ જ હતી.

એ ખડક આગળથી ઊંચે ચાલી જતી વાંકીચૂકી તથા ઊભાણુ-વાળી પગકેડી ઝાંખી ઝાંખી દેખી શકાતી હતી. એને ચાલવા માટેની કેડી કહેવા કરતાં પડવા માટેનો ઢાળ કહેવો વધુ સારો. આ હૂકરના મુસાફરો એ રસ્તેથી જ હૂકર સુધી આવ્યા હતા.

આ નિર્જન એકાંતમાં પણ વહાણ ઉપર ચડવાનું કે માલ ચડા-વવાનું કામ ખૂબ ચુપકીદીથી ચાલતું હતું. અંધારામાં એ મુસાફરો કોણ હતા — પુરુષ હતા કે સ્ત્રી — એ પણ દેખાય તેવું નહોતું. કુલ આઠ જણ હતા. કદાચ તેમાં એક કે બે સ્ત્રીઓ પણ હશે. પણ આખા ટોળાએ જે ચીંથરેહાલ પોશાક પહેરેલો હતો તે ઉપરથી સ્ત્રીજાતિનો પોશાક પુરુષ જાતિના પોશાકથી જુદો પડી શકે તેમ નહોતું. ચીંથરાંને જાતિ હોતી નથી.

મોટી ઉંમરનાં એ માણસો વચ્ચે એક વામણો કે બાળક પણ બીજાં મોટેરાં સાથે વહાણના પાટિયા ઉપર થઈ વહાણમાં માલ-સામાન મૂકવા આવજા કરતો હતો.

તે એક છોકરો જ હતો.

૨

હજુ વધુ નજીક જઈને જોઈએ, તો એ મુસાફરો વિષે થોડીક વધુ વિગતો જાણવા મળે.

બધા મુસાફરોએ લાંબા ઝભ્ભા પહેર્યા હતા, જે ફાટી ગયેલા અને થીંગડાં મારેલા હતા. બધાઓએ માથે પટકા બાંધ્યા હતા: કદાચ ઓતરાતા પવનથી રક્ષણ મેળવવા કે પછી મોં છુપાવવા. તેઓ બહુ ચપળતાથી પગ ઉપાડતા હતા.

મુસાફરોમાંનો એક તેમના આગેવાન જેવો લાગતો હતો. તેના ઝભ્ભા નીચે ચમકતાં ચકતાંવાળો વાસ્કોટ દેખાતો હતો અને તેણે

સ્પેનિશ મોજડી જેવા જોડા પહેર્યા હતા. મુસાફરોમાંના બીજા એકે મોટો ટોપ પહેરેલો હતો અને તેમાં ચુંગી ખોસવા માટે કાણું ન હતું: અર્થાત્ તે પંડિત કે શાસ્ત્રી હોવો જોઈએ.

નાના છોકરાએ ખલાસીનું જાકીટ પહેર્યું હતું; પણ મોટા માણસનું જાકીટ તે નાના છોકરાનો ઝભ્ભો – એ ન્યાયે તે તેને ઢીંચણ સુધી પહોંચતું હતું. કદ ઉપરથી છોકરો દશ કે અગિયાર વર્ષનો લાગે. તેના પગ ખુલ્લા હતા.

હૂકરના માણસોમાં એક સુકાની અને બે ખલાસીઓ હતા. એ હૂકર સ્પેનથી આવેલું લાગતું હતું અને સ્પેન જ જવાનું હતું. બંને દેશો વચ્ચે એની અવરજવર ચોરીછૂપીથી જ ચાલતી હતી. તેના મહોરા નીચે ચમકતા મોટા અક્ષરે તેનું નામ 'મૅટુટિના' ચીતરેલું હતું.

ખડકની તળેટી આગળ આ મુસાફરોનો સામાન છૂટોછવાયો પડેલો હતો; અને પેલા પાટિયા ઉપર થઈને ઝડપભેર તે જહાજમાં ચડાવાતો હતો. બિસ્કિટના કોથળા, સૂકાં માછલાંનો કોથળો, ત્રણ પીપ — એક તાજા પાણીનું, બીજું મોલ્ટનું અને ત્રીજું ડામરનું, ચાર પાંચ શીશીઓ એલ–દારૂની, પટ્ટાઓથી બાંધેલી એક મુસાફરી-બૅગ ટ્રંકો, પટારાઓ, મશાલ માટે કે નિશાની તરીકે સળગાવવા માટે શણની ગાંસડી — એવો એવો એ સામાન હતો. મુસાફરો આ બધો સામાન ખેંચતા, ઊંચકતા કે ગબડાવતા વહાણ તરફ લાવતા હતા. બધું કામ ઝડપભેર થતું હતું અને દરેક જણ થોભ્યા વિના કે પૂછ્યા વિના જે હાથમાં આવ્યું તે લઈને પાટિયા ઉપર થઈ વહાણમાં મૂકી આવતું હતું. આ ટોળામાં કોઈ સ્ત્રીઓ હશે, તો તેઓ પણ પુરુષોની પેઠે જ ભારવહન કરી દોડાદોડ કરતી હતી. પેલા નાનકડા છોકરા ઉપર પણ ગજા ઉપરાંતનો બોજો લાદવામાં આવતો હતો.

આ ટોળામાં એ છોકરાનાં મા કે બાપ હોય એમ લાગતું નહોતું. બધા જ તેની પાસે કામ લેતા, એટલું જ. એ છોકરો કોઈ

કુટુંબનું બાળક નહિ, પણ કોઈ ટોળીના ગુલામ જેવો લાગતો હતો. તે દરેક જણનું કામ કરતો, પણ કોઈ તેની સાથે બોલતું ન હતું.

તે છોકરો પણ ઉતાવળે પગે દોડાદોડ કરતો હતો. આખા ટોળાની જેમ તેનો ઇરાદો પણ જલદી વહાણમાં ચડી ઊપડી જવાનો હતો. ક્યાં જવાનું છે કે શાથી જવાનું છે, એની તેને ખબર હશે ? કદાચ નહિ હોય. તે તો બીજાઓની ચેષ્ટા જોઈને જ પોતાની ચેષ્ટા તેને અનુરૂપ કરતો હતો.

બધો સામાન જહાજ ઉપર ચડી ગયો. ટોળાની બે સ્ત્રીઓ હવે જહાજ ઉપર જ રહી. પેલા છોકરા સાથેનાં ૭ જણ હજુ કિનારે હતાં. જહાજનું કિનારે બાંધેલું દોરડું કાપવા ખલાસીએ કુહાડો હાથમાં લીધો. દોરડું સામાન્ય રીતે છોડવાનું હોય; પણ ઉતાવળ હોય ત્યારે જ કાપવામાં આવે. આ મુસાફરોનો મુખિયો હવે સૌને જલદી ઉપર ચડી જવા કંઈક શબ્દ બોલ્યો. પેલો છોકરો વહાણ ઉપર જવા પાટિયા તરફ પહેલો આગળ ધસ્યો. પણ તરત જ પાછળ આવનારા બે જણે તેને ધક્કો મારી ખસેડી મૂક્યો. ત્રીજાએ તેને કોણીથી અળગો કર્યો; ચોથાએ તેને મુક્કો મારી પાછળ રાખ્યો, અને પાંચમા પેલા મુખિયાએ તો ઝટપટ જહાજમાં ઠેકી જઇ, પેલું પાટિયું લાત મારીને દરિયામાં જ ગબડાવી દીધું. તડાક દઈને દોરડું તૂટતાં જહાજ આગળ ખસ્યું : પેલો છોકરો કિનારે જ રહ્યો.

૪

નોધારો

૧

જહાજવાળાઓએ પાછળ પડતો મૂકેલો છોકરો હાલ્યાચાલ્યા વિના ખડક ઉપર સ્થિર ઊભો રહ્યો. તેની આંખો પણ સ્થિર થઈ ગઈ. તેણે બૂમ પાડીને પેલા લોકોને બોલાવ્યા નહિ, કે તેઓને વિનંતી કરી નહિ. તેઓનું આ વર્તન તેને મન અણધાર્યું હતું. વહાણ ઉપર પણ એટલી જ ચુપકીદી હતી : કોઈ એ આ છોકરાને વિદાયનો એક શબ્દ પણ ન કહ્યો.

વહાણ ધીમે ધીમે દૂર સરકતું ગયું; થોડી વારમાં તો તે સમુદ્રમાં દાખલ થઈ ગયું.

નાનાં બાળકો ઉપર જ્યારે બહુ વહેલી આવી કપરી કસોટીઓ આવી પડે, ત્યારે તેઓ પોતાની ઝાંખી વિચારશક્તિના કોઈ અગમ્ય પણ અટલ ત્રાજવામાં ઈશ્વરને પોતાને જ તોળતાં હશે.

પોતાનો કશો વાંક તેને દેખાતો ન હતો; એટલે કશી ફરિયાદ કર્યા વગર તે જે બન્યું તેને તાબે થયો. જે પોતે ઠપકાને પાત્ર નથી હોતું, તે બીજાને ઠપકો આપવા નથી બેસતું.

નસીબે મારેલો આ ફટકો એ મુગ્ધ બાળકને ભોંયભેગો કરી શક્યા નહિ; તેણે આ વજ્રપાત ટટાર રહીને જ ઝીલ્યો. કોઈ ને પણ સ્પષ્ટ દેખાઈ આવે કે, જે ટોળી તેને છોડીને ચાલી જતી હતી તેમાંથી કોઈ તેને ચાહતું ન હતું, કે કોઈ ને તે ચાહતો ન હતો.

વિચારમાં ને વિચારમાં તે આસપાસ પડતી ઠંડીને ભૂલી ગયો. પણ એટલામાં ભરતી ચડવાને લીધે તેના પગ સુધી ઊછળી આવેલા ઠંડા પાણીએ તેને ચોંકાવ્યો. તે હવે ટાઢથી ધ્રૂજવા લાગ્યો અને ભાનમાં આવ્યો. તેણે આસપાસ નજર કરી, તો તે એકલો હતો. આજ સુધી તે બીજા કોઈ માણસોને ઓળખતો નહોતો : જેઓને

તે ઓળખતો હતો તેઓ પેલા ફૂકરમાં બેસી ચાલતાં થયાં હતાં. —જોકે, તેઓને પણ એ ઓળખતો હતો એમ ન કહેવાય : માત્ર તેઓના સંબંધમાં આવ્યો હતો એ સાચું. તેનું બાળપણ તેઓની સાથે વ્યતીત થયું હતું.

તેની પાસે કાંઈ નહોતું : પગમાં જોડા નહોતા; શરીર ઉપર રીતસરનો પોશાક કહેવાય તેવું કશું નહોતું; કે ખીસામાં રોટીનો ટુકડો ન હતો. સામે ભરશિયાળો હતો, તથા કાળીઅંધાર રાત્રી હતી ! પાસેમાં પાસેના માનવ વસવાટે પહોંચતાં તેને કેટલાય ગાઉ કાપવા પડે. પોતે કયે ઠેકાણે છે, તેની જ તેને ખબર ન હતી.

તે દશ વર્ષની ઉંમરનો હતો, અને તે એક અફાટ વેરાનમાં ઊભો હતો. ત્યાં ઊભી તીક્ષ્ણ કરાડો અને અગાધ ઊંડાણો સિવાય બીજું કશું ન હતું.

તેણે પોતાના સુકલકડી હાથ પહોળા કર્યા અને બગાસું ખાધું.

પછી અચાનક કાંઈક નિશ્ચય ઉપર આવી, તે ખિસકોલીની ચપળતાથી કરાડ ઉપર ચડવા લાગ્યો. અલબત્ત, તે કયાં જવા માગતો હતો, તેની તેને કશી ખબર ન હતી.

અને ત્યાં રસ્તા જેવું તો કશું હતું નહિ. કોઈ કોઈ વાર બરફ ભરેલા ખાડામાં તે કળી જતો, તો કોઈ કોઈ વાર અફાટ કરાડ ભીંતની પેઠે સામે આવેલી જોઇ, તે પાછો ફરતો અને બીજી બાજુ વળતો; કોઈ કોઈ જગાએ તે છાપરા ઉપરથી નેવું પડે તેમ ગબડતો. એક વખત તો એક નાનું સરખું દાભડું તેના હાથમાં આવી ગયું તેથી જ તે નીચે ખીણમાં પડતો બચી ગયો. એ અંધારખીણ જોઈને પણ તે ન રડ્યો : જેમ પોતાને છોડીને ચાલ્યા જતા માણસોને જોઈને નહોતો રડ્યા.

એ બાળક જેમ જેમ ઉપર ચડતો ગયો તેમ તેમ એ ખડકની ટોચ પણ જાણે ઊંચી વધતી ગઈ; પણ છેવટે તે એ ટોચ ઉપર પહોંચ્યો. તે ટોચે ઉપરથી નીચે દેખાતી થોડી સપાટી ઉપર તે કૂદી પડ્યો.

પણ અહીં હવે ઓતરાતા પવને તેના ઉપર પોતાનું જોર દાખવવા માંડ્યું : તેણે ખલાસીનું જાકીટ પોતાના શરીર ઉપર ખેંચીને ભિડાવ્યું.

બાળક એ સપાટી આગળ આવી જરા થોભ્યો. ઠરી ગયેલી જમીન ઉપર ખુલ્લા પગ ટેકવી તે આસપાસ નજર કરવા લાગ્યો. તેની પાછળ સમુદ્ર હતો, સામે જમીન હતી અને ઉપર આકાશ. દૂર ક્ષિતિજમાં ધૂમસ ઢગલાબંધ ખડકાયું હતું.

ક્યાંય રસ્તા જેવું કશું દેખાતું ન હતું. કોઈ ભરવાડની ઝૂંપડીની આગનો પ્રકાશ પણ ક્યાંય દેખાતો નહોતો. માત્ર ખડકાળ જમીન ઊંચીનીચી થતી અંત વિના પથરાયેલી હતી. તેથી આગળ મેદાનો હશે તોપણ તે ધૂમસની ઓથે મોં સંતાડી ગયાં હતાં;— રખેને આ બાળક તેમના તરફ આશરો શોધતું આવે!

તેણે પાછા વળી સમુદ્ર તરફ નજર કરી : પેલું હૂકર દૂર એક કાળા ત્રિકોણ જેવું સરકતું દેખાતું હતું.

અમુક દૂર ગયા પછી હૂકર ઉપર આગળના ભાગમાં પ્રકાશ માટે સળગાવેલી આગ અહીંથી ઝાંખાપીળા તારા જેવી દેખાતી હતી.

પણ વાતાવરણમાં તોફાન ફાટી નીકળવાની ઘડીઓ ગણાતી હતી. આ છોકરાને તો તેનું કશું ભાન નહોતું, પણ અનુભવી ખલાસીઓ તે જાણીને ધ્રૂજી ઊઠે.

પવન અગાઉથી આવીને તોફાન માટે અફાટ સમુદ્રને નાચવા માટેનો રંગમંડપ તૈયાર કરવા લાગી ગયો હતો. એ નિશાની પારખનારા ખલાસીઓ ચિંતાતુર થઈ, ઠેરઠેર પોતાનાં જહાજોને જમીન તરફ ઝડપભેર વાળવા લાગ્યા હતા. જોકે, પેલું હૂકર તો દરિયા તરફ જ આગળ વધતું હતું.

૨

આ બાળકને પાછળ મૂકી ચાલ્યા જનારા લોકો કોણ હતા? તેઓ કાંપ્રેશિકો લોકો હતા? રાજા વિલિયમ-ત્રીજાએ આ લોકો સમો

જે કાયદાઓ પાર્લમેન્ટમાં પસાર કર્યા હતા, તેનો ઉલ્લેખ આપણે અગાઉ કરી ગયા છીએ. પરિણામે એ લોકોમાં ભાગદોડ મચી ગઈ હતી. કૉંપ્રેશિકો લોકોનો મોટો ભાગ સ્પેન તરફ ચાલ્યો જવા લાગ્યો હતો.

આ કાયદો બાળકોને કૉંપ્રેશિકો લોકોના હાથમાંથી બચાવવા માટે પસાર કરવામાં આવ્યો હતો. પણ તેનું પરિણામ એકદમ તો વિપરીત જ આવ્યું. કારણ કે, બાળકો સાથે હોય તો કૉંપ્રેશિકો તરત ઓળખાઈ જાય; એટલે બાળકોને પાછળ પડતાં મૂકીને જ તેમણે ભાગવા માંડયું !

ઉપરાંત, ભીખ માગતાં બીજાં ટોળાં પણ છોકરાંવાળાં હોય, તો કૉંપ્રેશિકો ગણાઈ પકડાઈ ન જવાય તે માટે પોતાનાં સગાં છોકરાંને રસ્તા ઉપર જ રખડતાં મૂકી દેવા લાગ્યાં ! મા કે બાપ પણ આ બાળક પોતાનું જ છે અને ઉપાડી આણેલું નથી, એમ કાયદાધીશો આગળ સાબિત શી રીતે કરે ?

અહીં જ એટલું ઉમેરી લઈએ કે, પછીથી ઇંગ્લૅંડની પેઠે યુરોપમાં પણ કૉંપ્રેશિકો લોકોનો શિકાર શરૂ થયો. ચારે તરફ એ લોકોને પકડવા અને હણવા દોડાદોડ મચી રહી. આવાં પગલાંની શરૂઆત કરવી જ મુશ્કેલ હોય છે. પણ પછી તો, એ કામ વધુ ઝડપથી અને સફળતાથી પાર પાડવા માટે દેશો વચ્ચે જાણે હરીફાઈ જ મંડાઈ રહે છે. યુરોપના બધા કિનારાઓએ બાળકો સાથે કોઈ ટોળીઓ ઊતરે તે સામે ચોકીઓ ખડી થઈ ગઈ.

૩

સાંજના સાત વાગ્યા હશે. પવન થોડોક શાંત પડવા લાગ્યો : અર્થાત્ થોડી જ વારમાં તોફાન ફાટી નીકળવાની કારમી આગાહી !

પેલું બાળક હજુ આસપાસ નજર કરતું આગળ વધ્યા કરતું હતું. અચાનક તે થોભ્યું : દૂર કંઈક હાલતું હોય અને અવાજ કરતું હોય તેવું તેને લાગ્યું. ધૂમસમાં એક દૂરની ટેકરી ઉપર એક ઝાડ જેવું દેખાતું હતું; ઉપરાંત, તે તરફથી જ કંઈક અવાજ આવ્યો હોય

તેવું તેને સંભળાયું હતું. તે અવાજ પવનનો સુસવાટ કે દરિયાની ગર્જના જેવો ન હતો; ઉપરાંત કોઈ જાનવરનો પણ ન હતો —અર્થાત્ કોઈ માણસનો જ હોવો જોઈએ.

થોડાં ડગલાં આડો ફંટાઈ તે એ ટેકરીની તળેટીએ જઈ પહોંચ્યો. નીચે રહ્યાં રહ્યાં તેને દેખાયું કે ટોચ ઉપરની જમીનમાંથી એક હાથ જાણે ઊંચો થયો છે, અને તે હાથની ટોચે આડી વાળેલી આંગળી-માંથી એક દોરા ઉપર કશી વસ્તુ લટકી રહી છે. એ દોરો વહાણની સાંકળ હતી, અને તેનો અવાજ તેને દૂરથી સંભળાયો હતો. એ સાંકળે લટકાવેલી ચીજ કપડામાં વીંટેલા બાળક જેવી દેખાતી હતી તથા માણસ જેટલી લાંબી હતી.

એ નિર્જન જગાએ, રાતને વખતે, ધૂમસમાં, દરિયામાં તોફાનના ભણકારા ગાજતા હતા ત્યારે આ વસ્તુનો દેખાવ આશા આપી પોતાની તરફ એ બાળકને ખેંચે એવો નહોતો જ. કારણ કે, એ લટકતી વસ્તુ માણસનું શબ હતી.

૩

માણસનું અસ્તિત્વ રહ્યું ન હોય, છતાં તેનો અવશેષ આમ કાયમ રહ્યા હોય, એ વસ્તુ હંમેશ ભયજનક હોય છે.

એ શબ ઉપર કુદરતનાં બધાં તત્ત્વો તેને લુપ્ત કરવા ધમપછાડા કર્યા કરતાં હતાં. અને એ અવશેષ એ બધાંનો માર વેઠી રહ્યો હતો— એ બધાની સામે ટકી રહ્યો હતો. એ અવશેષ ચિરશાંતિ વિનાનું મૃત્યુ હતો. મૃત્યુ હંમેશાં બુરખો ઓઢીને આવે છે, અને કબર હંમેશાં લજ્જાથી ઢંકાયેલી જ રહે છે. ત્યારે આ અવશેષને બુરખો કે લજ્જાનું ઢાંકણ જ નહોતું. આ તો મૃત્યુ પોતે નિર્લજ્જપણે પોતાનું કામ કબરના ઢાંકણ નીચે કરવાને બદલે જાણે ખુલ્લી હવામાં કરી રહ્યું હતું. અને જડ તત્ત્વો ઉપરાંત જીવંત સૃષ્ટિએ પણ એ શબને ક્ષીણ કરવામાં — લૂંટવામાં ઓછો ભાગ ભજવ્યો ન હતો. એનાં આંતરડાં,

લોહી, માંસ, અને હાડકાંની મજ્જા સુધ્ધાં પશુ-પંખી-કીડા સૌએ ખલાસ કર્યાં હતાં. પણ રાજસત્તા હજુ તેને કાયમ રાખવા માગતી હતી. તેથી દર વરસે તેના ઉપર — તેના તાપડા ઉપર ડામર ચડાવી જવામાં આવતો હતો. અલબત્ત, એ તાપડું વચ્ચેથી ફાટી ગયેલું હતું અને તેની અંદરથી પગ વગેરે અવયવો બહાર પણ નીકળેલા હતા.

ઇંગ્લેંડના આખા કિનારા ઉપર ઠેરઠેર દાણચોરોને તાકીદ આપવા, પાઠ શીખવવા, દાણચોરોનાં જ આવાં મડદાં લટકાવી રાખવામાં આવ્યાં હતાં. અને એક મડદાની જગાએ બીજા દાણચોરનું મડદું ન લાવવું પડે તે માટે, માનવતા ખાતર, ડામર ચોપડી એક મડદાને જ જાળવી રાખવામાં આવતું હતું!

પેલો છોકરો હવે ઉપર ચડી આ મડદા પાસે આવી પહોંચ્યો. તેને માણસની હૂંફ — સોબત જોઈતી હતી. પણ તેને માણસનો આ ભયંકર અવશેષ સામો મળ્યો.

એ બાળકને એ લટકતું મડદું જોઈ શી લાગણી થઈ આવી હશે? શા વિચાર આવ્યા હશે? નાના બાળકના અંદર ધૂંધવાતા વિચારો મગજના કોટલાને ઉઘાડવા કેવી રીતે ટિચાતા હશે? કદાચ ઈંડામાંનું પંખી પોતાના કોટલાને જે રીતે ટીચતું હશે, એ રીતે જ! અર્થાત્ એ બધું થોડી વારમાં ઘેનના આવરણમાં જ શાંત થઈ જતું હશે. જેમ નાનકડી વાટ ઉપર વધારે પડતું તેલ રેડીએ, તો જ્યોત વધુ પ્રગટવાને બદલે ઓલવાઈ જાય તેમ.

છોકરો એ મડદા સામે વિચિત્ર કુતૂહલથી જોઈ રહ્યો. તે મડદું પણ તેની સામે જાણે તાકી તાકીને જોઈ રહ્યું હતું! આંખો વિનાનું હાડપિંજર તમારી સામે જોઈ રહ્યું હોય, તો તેની આંખો જ નહિ પણ તેનું આખું મોં તમને જોઈ રહ્યું હોય એવું લાગે. આખા મોંની એ સ્થિર દૃષ્ટિ ભયજનક હોય છે. કારણ કે, એ ડોળા વિનાની દૃષ્ટિ હોય છે — કેવળ શૂન્યની દૃષ્ટિ!

પણ હવે તો ધીમે ધીમે આ બાળક જ ભયજનક બનવા લાગ્યું. તે બેહોશ બનતું જતું હતું. ઠંડીની શિલા-જડતા તેનાં હાડકાંમાં પેસવા લાગી હતી. હંમેશના દગાબાજ શિયાળાએ તેને પાછું રાત્રિના હાથમાં સોંપી દીધું — તેના ઉપર ઊંઘ ફરી વળી.

ઊંઘના હાથમાં મૃત્યુની આંગળીઓ હોય છે. તે બાળક ઊંઘે ઘેરાઈ એ માંચડા હેઠળ જ ગબડી પડવાનું થયું હતું — અને તેની એ ઊંઘ આખરી ઊંઘ જ હોત; કારણ કે, એ ઠંડીમાં એક વાર જડ બનેલું શરીર પછી ફરી સજીવન થાય જ નહિ. પરંતુ તે જ ઘડીએ પવન જોરથી ફૂંકાવા લાગતાં પેલું મડદું ઊછળી ઊછળીને જાણે એ બાળક ઉપર ધસવા લાગ્યું. અને મડદું જ્યારે તમારા ઉપર ધસતું આવતું દેખાય, ત્યારે એ દેખાવ કોઈને પણ ચોંકાવી મૂકે. તેમાં વળી સાંકળનો ખડખડાટ ભેગો ભળતાં તે મડદું ચીસ પાડતું હોય એમ જ લાગે.

બાળક હવે એકદમ ઝબકી ઊઠ્યું અને એ મડદાના પંજામાંથી બચવા પીઠ ફેરવીને નાઠું. તે જ ઘડીએ કાગડાઓનું એક ટોળું એ માંચડા ઉપર અને એ શબ ઉપર ઊતરી આવ્યું. એ મડદું વધુ જોરથી ઊછળી, એ કાગડાઓના ટોળા ઉપર પડવા લાગ્યું. કાગડાઓ અને મડદા વચ્ચે જાણે એક ઘમસાણ જ મચી રહ્યું. મડદું જોર કરી કરીને ઊછળવા લાગ્યું — જાણે 'મરણિયું' બન્યું હોય તેમ! કાગડાઓ પણ જોરથી ફૂંકાતા પવનમાં બીજી વધુ સ્થિર જગા શોધતા ત્યાંથી નાઠા.

પેલું બાળક જ્યારે તેના શ્વાસની ધમણ વધુ ઊછળવી અશક્ય બની ગઈ, ત્યારે જ થોભ્યું. તેને અત્યાર સુધી એમ જ લાગતું હતું કે, તેની પાછળ પેલા કાળા કાગડાનું ટોળું પડ્યું છે; અથવા તો પેલું મડદું જ સાંકળેથી છૂટી, કૂદકા મારતું તેને પકડવા પાછળ દોડી આવે છે.

૪

પેલાઓએ બાળકને કિનારા ઉપર એકલો પડતો મૂકયે ત્રણ કલાક થવા આવ્યા હતા. અત્યાર સુધી તે કંઈક રસ્તો શોધવા કે જીવતા માણસની નિશાની શોધવા ચાલતો હતો; પણ છેવટના તે ભયનો માર્યો ભાગ્યો હતો. તેને શામાંથી નાસી છૂટવું હતું? કદાચ બધામાંથી. જેને કશી આશા ન હોય, તેને કશાનો છેડો ન દેખાય; બધું જ એકાકાર સળંગ થઈ ગયેલું લાગે.

પણ બાળકની લાગણીઓનો છેડો ઝટ આવી જાય છે. અમુક વખત ગયા પછી તેની ભયની લાગણી પણ પૂરી થઈ ગઈ. અને હવે તે દોડવાને બદલે, ચાલવાની ગતિએ આવી ગયો. પાએક ગાઉ તે દોડચો હશે અને તેટલું જ બીજું અંતર તે ચાલ્યો હશે. પણ હવે તેને ભૂખની આગ સતાવવા લાગી. પણ શું ખાવું અને કયાં ખાવું? તેણે પોતાનાં ખીસાંમાં હાથ નાખ્યો. પણ તે ખાલી હતાં.

હવે તેણે જલદી ચાલવા માંડયું. કયાં જવાનું છે, તે કલ્પ્યા વિના જ, તે કોઈક રહેઠાણ તરફ ચાલવા લાગ્યો. રહેઠાણ—આશરો, એ માણસના અંતરમાં રહેલી પરમાત્માના અસ્તિત્વની શ્રદ્ધાનો ભાગ છે. આશરાની શ્રદ્ધા રાખવી, એટલે પરમાત્મામાં શ્રદ્ધા રાખવી.

પરંતુ આ ભાગમાં કદી કોઈ કાળે કોઈ માનવ નિવાસ થયો જ નહોતો. આ ભાગમાં પગની કેડી જેવું પણ કાંઈ ન હતું. કદાચ કાંઈક હશે, તોપણ તે બરફથી ભૂંસાઈ ગયું હતું.

છોકરો હવે સંયોગીભૂમિવાળા ભાગે આવી પહોંચ્યો હતો. તે ભાગ નીચાણમાં હોવાથી તે નીચે ઊતરવા લાગ્યો. આ ઉતરાણ પણ કોઈ રસ્તા ઉપરથી તો હતું જ નહિ. આશરે આશરે તેને ઊતરવાનું હતું. સહેજ આડુંઅવળું પગલું મુકાયું કે મોત જ આવીને ઊભું રહે! આ લાંબું ઉતરાણ તે શી રીતે ઊતર્યો? દોરડા ઉપર ચાલનાર નટ કે વાંદરું પોતે પણ એની એ કુશળતા ઉપર વારી ગયાં હોત!

છતાં એ ઉતરાણને છેડે કશા ખાસ મોટા અકસ્માત વિના તે આવી પહોંચ્યો. તે જ ઘડીએ દરિયા ઉપર શરૂ થયેલું બરફનું તોફાન જમીન ઉપર આવી પહોંચ્યું.

૫

દરિયા ઉપર

૧

બરફનું તોફાન એ દરિયાની ઘણી અગમ્ય વસ્તુઓમાંની એક છે. સૌ અણધાર્યા ઉલ્કાપાતોમાં એ કારમામાં કારમો છે. ધૂમસ અને તોફાન એ બેના મિશ્રણરૂપ એ બનાવની આજે પણ આપણે કશી સમજ ધરાવતા નથી.

દરિયામાં તોફાની પવનની ગતિ એક સેકંડના ત્રણ ફૂટથી માંડીને બસોવીસ ફૂટ જેટલી બદલાતી હોય છે. પરિણામે દરિયાનાં મોજાંનું કદ પણ શાંતિ વખતના ત્રણ ઇંચથી વધીને તોફાન વખતે છત્રીસ ફૂટ જેટલું થઈ જાય છે. અને ત્રીસ ફૂટ ઊંચું મોજું પંદરસો ફૂટ લાંબું હોય.

દરિયો એ માત્ર પાણીનો જથ્થો જ નથી. તેના ઉપર ચુંબકીય જેવી બીજી અનેક શક્તિઓ પણ કામ કરતી હોય છે. દરિયામાં જે કોઈ માત્ર પાણીનો મહાસાગર જ જુએ છે, તે કશું જ જોતો નથી. કેવા કેવા વિદ્યુતપ્રવાહો દરિયાના સ્વરૂપની અગમ્યતામાં વધારો કરતા જ હોય છે!

પેલા ભાગેડુઓ જે હૂકરમાં બેસીને ભાગી જતા હતા તે 'મેટુ-ટિના', સમુદ્રમાં રાતનું તથા તોફાનનું ભેગું જોખમ માથે ચડાવીને જ પોતાની મુસાફરી ખેડતું હતું.

શરૂઆતમાં દરિયો શાંત હોવાથી તેની ગતિ સારી હતી. જોકે કુલ દશ માણસો તથા તેમનો બધો સરસામાન, એ તેના જેવા નાજુક બાંધાના જહાજ માટે જેવો તેવો બોજ ન કહી શકાય.

મુસાફરો જમીન ઉપરના જોખમમાંથી છટકીને સહીસલામત નીકળી ગયા હતા, તે કારણે આનંદમાં હતા. માત્ર તેઓમાંનો ટોચ વિનાના ટોપાવાળો એક ઘરડો મુસાફર કંઈક ચિંતામાં હતો. તેણે એક લાંબો ઝભ્ભો પહેર્યો હતો. તેના બે હાથ વારંવાર પ્રાર્થનાની રીતે જોડાતા રહેતા હતા અથવા ક્રૂસની નિશાની થાય તે રીતે ગોઠવાતા હતા. તેના ચહેરા ઉપર બે જુદી જુદી ભાવનાઓની અથડામણ પૂરેપૂરી વ્યક્ત થતી હતી. એક ભાવના જાણે ઇષ્ટની હતી, બીજી અનિષ્ટની.

તેની પંડિતાઈ તેના ઝભ્ભાની કરચલીમાં તેમ જ તેની ચેષ્ટામાત્રમાં દેખાઈ આવતી હતી. તેનું મોં ગંભીર તથા ધમકાવતો હોય તેવા દેખાવનું કઠોર હતું.

તેની ભમરો ડાકુની હતી, પણ વડા પાદરીની નજર તેમાં મિશ્રિત હતી. ગુનેગારીએ પસ્તાવો કરતો કરી મૂક્યા હોય એવો એનો દેખાવ હતો. તે ખ્રિસ્તી હતો એ ઉઘાડું હતું, પણ ટર્કિશ નિયતિવાદથી તેનું ખ્રિસ્તીપણું ગૂંચવાયેલું હતું. તે તૂતક ઉપર ધીમેથી આંટા મારતો હતો, પણ કોઈના સામું જોયા વિના. તેની આંખમાં અમંગળ ભાવિના ડરની આભા છવાઈ રહી હતી.

આ જહાજ ઉપર બે જણા જ વિચારમાં લવલીન હતા: આ ડોસો આકાશના વિચારમાં, ત્યારે જહાજનો સુકાની દરિયાના વિચારમાં. એક જણ દરિયા ઉપરથી નજર ખસેડતો નહોતો, ત્યારે બીજો વાદળાં ઉપરથી. પાણીની હિલચાલ સુકાની તપાસતો હતો, ત્યારે આ બુઢ્ઢો ક્ષિતિજ તરફ શંકાની નજરે જોઈ રહ્યો હતો.

પેલો સુકાની હવે સુકાન એક ખલાસીને સોંપીને આ ડોસા પાસે આવ્યો. આ ડોસો મુસાફર-ટોળીનો આગેવાન નહોતો; આગેવાન તો આભલાંવાળું જાકીટ પહેરનાર માણસ હતો.

સુકાનીએ એક બે વખત તેને સંબોધન કર્યું: "લૉર્ડ—"

ત્યારે પેલાએ જવાબ આપ્યો, "મને બુવાજી કહેજે; પણ તારી પાસે જહાજની ગતિ માપવાનું, અક્ષાંશરેખાંશ જાણવાનું, વખત જાણવાનું, પાણીનું જોર માપવાનું વગેરેમાંથી શાં શાં સાધન છે?"

સુકાની પાસે કેટલાંક સાધનો નહોતાં; અને કેટલાંકને બદલે બીજી કામચલાઉ ગોઠવણ હતી.

ડોસો એ સાંભળી વિચારમાં પડી ગયો. તેણે પૂછ્યું, "અત્યારે આપણે કયે સ્થળે છીએ અને કઈ દિશામાં જઈ રહ્યા છીએ?"

"લૉયોલા અને સેંટ-સેબાસ્ટિયન વચ્ચે આવેલી એક ખાડી તરફ આપણે જઈએ છીએ."

"પવન અને પ્રવાહોથી ચેતતા રહેજો. પવનોથી પ્રવાહો ઊભા થાય છે. પણ તમારી પાસે એ જાણવાનું ખાતરી લાયક સાધન તો છે નહિ!"

"અત્યારે ભરતી પવનથી ઊલટી દિશામાં છે; જ્યારે થોડા વખત પછી તે પવન સાથે થઈ રહેશે, ત્યારે આપણને કશો વાંધો નહિ રહે."

"નકશો છે?"

"આ ભાગનો નથી."

"તો અંદાજે જ હંકારો છો ને?"

"મારી પાસે હોકાયંત્ર છે."

"પણ હોકા એ તો એક આંખ કહેવાય; નકશો એ બીજી."

"પણ એક આંખવાળોય જોઈ શકે ને?"

"વહાણની ગતિથી થડ આગળ અત્યારે કયો ખૂણો પડે છે, તે તું કેવી રીતે જાણી શકે છે?"

"કલ્પનાથી."

"કલ્પવું સારું છે, પણ ખાતરીથી જાણવું વધુ સારું કહેવાય. જ્યારે વાદળ ઘેરાયાં હોય, અને સોય ખૂબ ડોલ્યા કરે, ત્યારે કાલ્પનિક કે ખરું કશું બિંદુ જ નક્કી ન કરી શકાય. એટલે નકશાવાળો ઝઘેડો સારો, પણ જાદુઈ દંડાવાળો ભવિષ્ય-જ્ઞ નહિ સારો."

"પણ હજુ પવન આડોઅવળો નથી, અને બીવાનું કંઈ કારણ નથી."

"વહાણો તો સમુદ્રરૂપી કરોળિયાના જાળામાં ફસાયેલી માખો જેવાં કહેવાય."

"પણ આજે પવન-પાણી કે કશી બાબતમાં ચિંતા કરવા જેવું જ નથી; અને આજની રાત આવું જ રહેશે, તો પછી કશોય વાંધો નહિ આવે."

પણ પંડિતજીની આંખ ઈશાન દિશા તરફ મંડાઈ રહી હતી.

પેલા સુકાનીએ કહ્યું, "આપણે ગાસ્કનીના અખાતમાં પહોંચી જઈએ, એટલે તમારા સૌની સહીસલામતી મારે માથે. એ ભાગ ગમે તેટલો તોફાની હોય, છતાં તે આખા ભાગનો હું પાણીના પ્યાલા પેઠે ભોમિયો છું."

પણ પંડિતજી કશું સાંભળતા ન હતા; તે ઈશાન તરફ જ તાકી રહ્યા હતા. થોડી વારમાં જ તે એક તરફ આંગળી કરીને બોલ્યા:

"સુકાની, તું જોઈ શકે છે?"

"શું?"

"પેલું."

"ભૂરા જેવું છે તે?"

"હા; તે શું છે?"

"આકાશનો ટુકડો."

"જેઓ સ્વર્ગે જતા હોય તેમને માટે; પણ જેમને પૃથ્વી ઉપર જ બીજે ઠેકાણે જવું હોય, તેમને માટે એ જુદી જ વસ્તુ છે."

સુકાની હવે મુસાફરોના મુખિયા પાસે ગયો અને બોલ્યો, "આ તમારો બુઢ્ઢો પાગલ બાગલ તો નથી ને?"

પણ બુવાજી હજુ પેલી દિશા તરફ આંગળી કરી રહ્યા હતા. હવે સુકાની ફરીથી તે તરફ જોઈને બોલ્યો, "ખરી વાત; એ આકાશ નથી, પણ વાદળ છે."

"ભૂરું વાદળ કાળા વાદળ કરતાં ખરાબ; કારણ કે એ બરફ વરસતું વાદળ કહેવાય. તને બરફનું વાદળ એટલે શું તેની ખબર છે?"

"ના."

"તો થોડા સમયમાં જ ખબર પડશે. ભગવાનની ઇચ્છા જુદી જ જણાય છે. પણ તું આ ચેનલના દરિયાનો ભોમિયો છે?"

"ના; પહેલી જ વાર આવ્યો છું. હું સામાન્ય રીતે આયર્લેન્ડ તરફ જ જા-આવ કરું છું. મને આ દરિયાનો અનુભવ નથી."

"એ વળી વધુ ગંભીર બાબત કહેવાય. ચેનલનો દરિયો ઓળંગનારને તો ચોપડીની પેઠે તેનું તળિયું વાંચતાં આવડવું જોઈએ. હરઘડી આ સમુદ્રનું ઊંડાણ જોતા જ રહેવું પડે."

"અહીં પચીસ ફેધમ ઊંડાણ છે."

"પણ આપણે પશ્ચિમ તરફ પંચાવન ફેધમના ઊંડાણવાળા ભાગ તરફ જઈ પહોંચવું જોઈએ, અને પૂર્વ તરફના વીસ ફેધમ ઊંડાણવાળા ભાગથી બચવું જોઈએ."

"આજે રાતના આપણે ઊંડાણ માપીશું."

"પણ ઊંડાણ માપવા વહાણને થોભાવવું પડે; પણ તે તું પવનને કારણે આજે નહિ કરી શકે."

"પણ હું ગમે તેમ કરીને આજે ઊંડાણ માપી લઈશ; ભગવાન ઉપર શ્રદ્ધા રાખો."

"શબ્દો જાળવીને વાપર, એ ભયંકર નામ ગમે તેમ ન ઉચ્ચારીશ."

"પણ હું આજે ઊંડાણ માપીશ જ."

"પાણીના તાણથી તારું સીસું નીચે નહિ જાય, અને દોરી તૂટી જશે. તું આ ભાગમાં પહેલી વાર જ આવ્યો છે ને?"

"પહેલી જ વાર."

"તો સાંભળ; જહાજને પશ્ચિમ તરફ લે."

"અશક્ય; પવન છેક સામો છે; અને સઢ તૂટી જાય."

"તો હવે સમુદ્ર સાથેની તકરાર જે રીતે તારે પતવવી હોય તે તું જાણે."

"પવન બદલાવો જોઈએ."

"આજે રાતના તે નહિ જ બદલાય."

"કેમ?"

"આ તોફાન બારસો ગાઉ લાંબું હોય છે. છતાં પશ્ચિમ તરફ વળવાનો પ્રયત્ન કરી જો."

"પવન આપણને પૂર્વ તરફ ઘસડે છે."

"પૂર્વ તરફ કોઈ પણ ઉપાયે ન જતો."

"કેમ?"

"આજે આપણે માટે મોત શું છે, તે તું જાણે છે?"

"ના."

"પૂર્વ દિશા એ આપણું મોત છે."

"હું ગમે તેમ કરી પશ્ચિમમાં જ હંકારીશ."

"જો આજની રાતે દરિયામાં આપણને ઘંટનો અવાજ સંભળાય, તો જાણવું કે આપણે ખતમ!"

"તમે શું કહેવા માગો છો?"

ડોસાએ કંઈ જવાબ ન આપ્યો. તેની આંખ હવે બહારની બાજુએથી અંદરની બાજુએ વળી ગઈ હતી. તેના હોઠમાંથી અજાણ-પણે જ શબ્દો નીકળ્યા: "કાળા આત્માઓએ પોતાની જાતને ધોવાની ઘડી આવી પૂગી છે."

"આ બુઢ્ઢો કોઈ પાગલ માણસ જ છે," એમ કહી સુકાની ત્યાંથી ખસી ગયો. છતાં તેણે વહાણને પશ્ચિમ તરફ લેવાનો પ્રયત્ન તો કર્યો જ.

પરંતુ પવન અને સમુદ્ર જોરથી ઊઠતા હતા.

૨

થોડી જ વારમાં આકાશની કિનારી ભૂરા વાદળથી છવાઈ ગઈ—પશ્ચિમમાં તેટલી જ પૂર્વમાં. પવનની સામે એ આગળ વધતું

હતું ! સમુદ્ર પણ જાણે પાણીમાં રહેતો મગર મટી જમીન ઉપર ઊછળતો અજગર બની ગયો, જેની સીસાના રંગની મેલી ચામડી જેટલી ગાઢી હતી તેટલી કરચળીવાળી બની ગઈ હતી. તે ચામડી ઉપર કોઢનાં ચાઠાં જેવું ફીણ જ્યાં ત્યાં ઊછળતું હતું.

આ ઘડીએ જ જહાજના આગલા ભાગમાં સળગાવેલો પ્રકાશ તારા જેવો ચમકતો પેલા છોકરાએ જોયો હતો.

પાએક કલાક પસાર થઈ ગયો. પેલો સુકાની તૂતક ઉપર પેલા બુવાજીને શોધવા લાગ્યો. પણ તે ત્યાં ન હતો. તે અત્યારે કૅબિનમાં પેઠો હતો અને રસોડાના ભાગમાં જઇ, પોતાના ખીસામાંથી ખડિયો અને કલમ કાઢી, એક ડીમચા ઉપર બેસી, પોતાની ખીસાપોથીમાંથી કાઢેલા ચાર ગડી વાળેલા અને પીળા પડી ગયેલા જૂના દસ્તાવેજી કાગળની પાછળ કશુંક લખતો હતો. વહાણના હાલવાને કારણે તેને લખતાં અગવડ પડતી હતી; છતાં તેણે લાંબો વખત લખ્યા કર્યું. ઢીંચણ ઉપર ગોઠવેલી ખીસાપોથી ઉપર એ દસ્તાવેજ મૂકીને તે લખ્યે જ ગયો.

રસોઇયાનું કામ કરનારો મુસાફર પાસે બેઠો બેઠો એક તુંબડી-માંથી બ્રાન્ડી પીધા કરતો હતો. બુવાજીનું ધ્યાન એ તુંબડી ઉપર ખેંચાયું : તુંબડીની કશીક નવીનતાને કારણે નહિ, પણ તેની ઉપર ગૂંથેલા નેતરમાં ધોળી ભૂમિકા ઉપર લાલ નેતરથી જે નામ ભરેલું હતું તે જોઈને. સગડીમાંથી એ નામ વંચાય તેટલો પ્રકાશ નીકળ્યા કરતો હતો. બુવાજીએ એ નામ વાંચ્યું : ‘ હર્ડકેનોં ’.

તેમણે તરત રસોઇયાને પૂછ્યું, “ આ તુંબડી મેં પહેલાં જોઈ નહોતી. પણ એ હર્ડકેનોંની જ છે ? ”

“ હા, આપણો ઉસ્તાદ સાથી બિચારો હર્ડકેનોં; તે દૂર ચધામના કેદખાનામાં સબડે છે. તે મારો મિત્ર હતો અને આ તુંબડી તેના સંભારણામાં હું સાચવી રહ્યો છું. કોણ જાણે ફરી આપણને

તે ક્યારે ભેગો થશે?"

બુવાજીએ ફરી પોતાની કલમ હાથમાં લીધી અને આગળ લખવા માંડ્યું. વહાણના હડદોલામાં પણ લખાણ વાંચી શકાય એવું થાય એની કાળજી તે રાખવા ઇચ્છતો હતો.

લખાણ પૂરું થયું, એ અરસામાં જ સમુદ્રે આ જહાજ ઉપર પહેલી થપાટ મારી. પાણીનો એક મોટો જુવાળ આવીને વહાણ ઉપર અથડાયો: સૌ કોઈ સમજી ગયા કે હવે તોફાનના આગમનને આવકારતું વહાણનું ભયંકર નૃત્ય શરૂ થયું!

બુવાજી હવે ઊઠ્યા અને સગડી પાસે જઈ તેમણે પોતાના લખાણની શાહી સૂકવી. પછી તેમણે એ કાગળની ગડી કરી પોતાના ખીસામાં મૂકી દીધો.

રસોઇયો સગડી ઉપર સૂકી માછલીનો સેરવો ઉકાળી રહ્યો હતો. બુવાજીએ તેને કહ્યું, "તારો સેરવો માછલાંને ખાવા જ કામ આવશે."

પવન હવે ઉત્તર તરફ વળ્યો હતો. સુકાનીએ બધા સઢ ચડાવરાવ્યા. કારણ કે, એ પવન તેમને ઇંગ્લેંડથી દૂર લઈ જવામાં મદદગાર થાય તેમ હતું. ફીણમાં થઈને ઘોડાની પેઠે ઊછળતું જહાજ હવે મોજાં ઉપર થઈને રસ્તો ચીરતું આગળ વધવા લાગ્યું. બધા મુસાફરો આનંદથી હસી રહ્યા — તાળીઓ પાડવા લાગ્યા અને ગાવા લાગ્યા.

બુવાજી એકલા તેમની તરફ નજર કર્યા વિના કશીક ચિંતામાં પડી ગયા હતા.

અજવાળું સદંતર બંધ થઈ ગયું હતું. બધાએ હવે રાત્રીમાં જ ભૂસકો માર્યો હતો.

ઇંગ્લેંડ દેખાતું બંધ થઈ ગયું.

અચાનક રાત્રીએ ભીષણ રૂપ ધારણ કર્યું. ક્યાંય સ્થળ કે અંતર દેખાય એવું જ રહ્યું નહિ. આકાશ કાળુંમેશ બની જઈ

વહાણની આસપાસ ચોંટી ગયું. બરફ ધીમે ધીમે વરસવો શરૂ થયો. આ સ્થિતિમાં કઈ ઘાંટીમાં ક્યારે સપડાઈ જવાય, તેનો ડર સૌ કોઈના મન ઉપર સવાર થઈ ગયો.

૬

"પાપ તારાં સંભાળ!"

૧

બરફનું તોફાન તેના કાળાપણા માટે જાણીતું છે. સામાન્ય રીતે દરિયો કાળો હોય છે અને તેની સરખામણીમાં આકાશ ઝાંખું ફીકું હોય છે. પણ બરફના તોફાન વખતે આકાશ કાળું ઘોર બની રહે છે અને દરિયો સફેદ બની જાય છે. સામાન્ય વંટોળ દરિયાનાં મોજાં ઉપર પ્રકાશના દીવા સળગાવતો આવે છે; ત્યારે ધ્રુવ પ્રદેશનો આ વંટોળ બધા દીવા બુઝાવતો આવે છે. આખું વિશ્વ અચાનક અંધારું ભોંયરું બની જાય છે. વીજળીના ચમકારા પણ એ વખતે ગેરહાજર હોય છે.

આવા ભયંકર અંધારામાંથી છટકવું અશક્ય હોય છે. અલબત્ત, કોઈ જહાજ બરફના તોફાનમાંથી સહીસલામત ન નીકળી શકે એમ ન કહેવાય. અને 'મેટુટિના' હૂકર પણ આ તોફાનમાં ચડાવેલા સઢ સાથે જુસ્સાભેર આગળ વધી રહ્યું હતું.

મુસાફરોનો મુખિયો બોલી ઊઠચો, "આપણે! બચી ગયા!"

"બચી ગયા! બચી ગયા!" બાકીના મુસાફરો પણ બોલી ઊઠચા.

પણ તે જ ઘડીએ બુવાજીનો ઘેરો આવાજ આવ્યો; "ચૂપ રહો; સાંભળો!"

અચાનક એ ઘેરા અંધકારમાં દૂરથી સૌને ઘંટનો અવાજ સંભળાયો.

સુકાની હસી પડ્યો : "લો, ઘંટનો અવાજ સંભળાય છે, તેથી બીવાનું શું છે? તેનો અર્થ એ કે એ તરફ જમીન છે."

"એ બાજુ જમીન નથી."

"પણ ઘંટનો અવાજ જમીન ઉપરથી જ આવે ને?"

"આ ઘંટનો અવાજ દરિયા ઉપરથી આવે છે. પોર્ટલૅન્ડ અને ચૅનલ-ટાપુઓની અધવચ એક છીછરા પાણીવાળો ભાગ છે. ત્યાં સાંકળો ખોડીને વહાણવટીઓ માટે એક તરાપા ઉપર ઊભા કરેલા માંચડા ઉપર ઘંટ લટકાવેલો છે. સમુદ્ર તોફાની બને ત્યારે પેલો તરાપો હાલે છે અને ઘંટ વાગે છે. તોફાન વખતે એ ઘંટ ક્યારે સંભળાય? પવન એ દિશામાંથી આવે ત્યારે. હવે પવન અત્યારે પશ્ચિમમાંથી વાય છે અને ઑરિનીના દરિયાઈ ખડકો આપણાથી પૂર્વમાં છે. આપણે અત્યારે ઘંટનો અવાજ સાંભળીએ છીએ કારણ કે આપણે પેલા ઘંટ અને ઑરિનીના ખડકોની વચ્ચે છીએ; અને પવન આપણને તે ખડકો તરફ ધકેલી રહ્યો છે. આપણે ઘંટની ખોટી દિશામાં છીએ. તેથી હું કહું છું કે, આપણને આ ઘંટ સંભળાય છે, તે આપણો મૃત્યુ-ઘંટ છે, સમજ્યા?"

સૌ એ ઘંટનો અવાજ હવે શ્વાસ પણ લીધા વિના સાંભળી રહ્યા.

૨

તરત જ સુકાનીએ સઢ સંકેલી લેવરાવ્યા અને વહાણને ગમે તેમ કરી પશ્ચિમ તરફ — ઘંટ તરફ — વાળવા હુકમો આપવા માંડ્યા. સૌ મુસાફરો પણ તેમાં મદદ કરવા લાગ્યા. પણ તે ઘડીએ મોજાંનું નૃત્ય પણ કારમું બની રહ્યું હતું. પવનનું તોફાન જલ્લાદની પેઠે આ જહાજની કતલ કરવાના ઇરાદાથી ઘા ઉપર ઘા ઠોકવા માંડ્યું. સઢ તૂટીને ઊડી ગયા, કૂવાથંભ ભાંગી ગયો અને આખા જહાજ ઉપર બધું વેરણછેરણ થઈ ગયું.

એક મોજું આવીને હોકાયંત્રને તેની પેટી સાથે ઉડાવી ગયું;

બીજું મોજું આવીને રક્ષણ-હોડીને તોડી ગયું, ત્રીજું આવીને — ચોથું આવીને — એમ થોડા વખતમાં તો આખા વહાણમાં સુકાન સિવાય હંકારવાની કશી ચીજ બાકી ન રહી.

સુકાની સુકાનને વળગી રહ્યો. તે બોલ્યો, "સુકાન છે ત્યાં સુધી બધું છે. જલદી દોરડું લાવો અને મને સુકાન સાથે તાણી બાંધો; નહિ તો હું હમણાં દરિયામાં ઊડીને પડીશ!"

સુકાની પૂરો બંધાઈ રહ્યો, એટલે સુકાનને બે હાથે પકડી તે બોલ્યો, "ભૂંક! અલ્યા દરિયા ભૂંક! તારા કરતાં કેવાય ખરાબ દરિયા મેં પગ તળે કાઢી નાખ્યા છે!"

પણ એટલામાં તો એક ભયંકર વિરાટ મોજું આવ્યું. આખા તૂતક ઉપર ફીણ પથરાઈ ગયું. એક કડાકો સંભળાયો. અને જ્યારે પાણીની છાંટ ઓસરી ગઇ, ત્યારે સૌએ જોયું કે સુકાન અને સુકાની બંને દરિયામાં ધોવાઈ ગયા હતા.

સૌ બૂમ પાડી ઊઠ્યા, "લંગર નાખો! સુકાનીને બચાવી લો!" તેઓએ ઝટ લંગર નીચે પાણીમાં ઉતાર્યું. પણ પાણીને તળિયે ખડક હતો, અને મોજાંનું જોર એટલું ભયંકર હતું કે, દોરડું વાળની માફક તૂટી ગયું અને લંગર દરિયાને તળિયે રહ્યું. હૂકરમાં આ એક જ લંગર હતું.

તે ઘડીથી આ હૂકર એક જહાજ નહિ, પણ ભંગાર બની રહ્યું. અત્યાર સુધી ઘોડાની પેઠે છલંગો ભરતું એ હૂકર નપુંસક બની હવા અને પાણીના જોરથી અથડાતું, ઘસડાતું પેઠું માત્ર બની ગયું; ગમે તે ઘડીએ મરી ગયેલા માછલાની પેઠે ઊલટું થઈ જઈ, તેનું પેટ ઉપર આવી જાય! માત્ર તેનું તળિયું હજુ પૂરેપૂરું સાબૂત હોવાથી, તે તરતું રહ્યું હતું એટલું જ.

પણ પેલા ઘંટનો અવાજ હવે ધીમો પડવા લાગ્યો હતો અને થોડી વાર પછી તો તે સંભળાતો પણ બંધ થઈ ગયો. તે પછી

જહાજ અત્યારે ક્યાં હતું? ઘંટનો અવાજ સંભળાયાથી તેઓ બીન્યા હતા; પણ હવે તે અવાજ ચૂપ થવાથી તેઓ ઊલટા વધુ ગભરાયા. કારણ કે અંધારામાં તેઓ કઈ તરફ ધસડાઈ રહ્યા હતા, તે જાણવાનું તેમની પાસે કશું જ સાધન ન હતું. ઉપરાંત પવન ફરી પાછો ઊપડ્યો હતો. અત્યારે તેઓ જાણે ઊંડી કરાડમાં ભૂસકો મારી રહ્યા હોય તેવી તેમની સ્થિતિ હતી.

અચાનક બરફના ધૂમસ વચ્ચે એક બાજુથી પ્રકાશ આવતો તેમને દેખાયો. તે કાસ્કેટ્સ ખડકો ઉપરની દીવાદાંડીનો પ્રકાશ હતો. એ દીવાદાંડી રાજા હેનરી પહેલાએ બંધાવી હતી, અને જૂની ગામઠી ઢબની હતી.

જે જહાજ સારી સ્થિતિમાં હોય, અને સુકાનીના નિયંત્રણમાં હોય, તેને એ દીવાદાંડી સાવચેતીરૂપ હોઈ, આસપાસના ખડકોથી દૂર ખસી જવા માટે ચેતવણીરૂપ હતી. પરંતુ જે જહાજને સુકાન નથી તથા સુકાની નથી, કે હંકારવાનું બીજું કશું સાધન નથી, તેવા જહાજને તો તે મોતના વિકરાળ ઉઘાડા મોં રૂપ જ ગણાય. કારણ કે, એ દીવાદાંડી ભયથી દૂર ખસી જવાની ચેતવણી રૂપ રહેવાને બદલે ઊલટું મોત કેટલું નજીક છે, એ જણાવનાર નિશાની જ બની રહે.

આ સ્થિતિમાં સામે આવતા મોતને ક્ષણે ક્ષણે નજરે નિહાળ્યા સિવાય બીજું શું કરવાનું હતું? 'મેટુટિના' હૂકરના મુસાફરો એ પરિસ્થિતિ ગાભરા બની જોઈ રહ્યા. તેઓમાંની એક બાઈ તો જોરથી માળા ફેરવવા મંડી ગઈ. મુસાફરોનો મુખિયો જ કંઈક વહાણવટું જાણતો હોવાથી, આખા વહાણનો કપ્તાન પણ બની રહ્યો હતો.

ધીમે ધીમે દીવાદાંડીવાળો ખડક એટલો નજીક આવી ગયો કે, ઉપરની દીવાદાંડી દેખાતી બંધ થઈ ગઈ. મુખિયાએ બૂમ પાડી, "કોઈ માણસને તરતાં આવડે છે?"

કોઈને તરતાં આવડતું ન હતું; ખલાસીઓને પણ નહિ. એ વસ્તુ કંઈ અસાધારણ ન હતી. દરિયો ખેડનારા સામાન્ય તરવાનું પણ જાણતા નથી હોતા.

એક વળો પાટિયાંમાંથી છૂટો થવા આવ્યો હતો. મુખિયાએ તે વળો હાથમાં લઈ બૂમ પાડી, “મને મદદ કરો!”

સૌએ મળીએ વળાને છૂટો પાડ્યો. મુખિયાએ હવે એ પકડીને કહ્યું, “તૈયાર!”

છયે જણ એ વળાને હાથમાં પકડી, પેલા ખડકને ભોંકવાનો હોય તેમ પકડીને ઊભા રહ્યા.

આ ગંભીર જોખમભરેલી ચેષ્ટા હતી. કારણ કે, જહાજ ઉપર ઊભેલા માણસોએ સામેના મોટા ખડક સામે આવો વળો પકડીને ઊભા રહેવામાં ખડક સાથે અથડાતાં વાગેલા ધક્કાથી દરિયામાં ગબડી પડવાનો સંભવ જ વિશેષ હતો.

આવી ક્ષણોએ જ માણસોના વાળ ધોળા થઈ જાય છે.

મોજાં ગાંડાની પેઠે એ ખડક ભણી જ ગબડતાં હતાં. જહાજને પણ નીચે ગોળવાની પેઠે આગળ ગબડીને ધકેલવામાં તે મદદ કરતાં હતાં.

“હોશિયાર!” મુખિયાએ બૂમ પાડી.

છયે જણા વળાને બગલમાં દબાવી ટેકવી રહ્યા. જહાજે ખડક ઉપર જબરો ધક્કો લગાવ્યો. માણસોએ પકડેલા વળાએ તે ધક્કો ઝીલ્યો. મરણિયા બનેલા માણસોની બગલોમાં એ વળા ઉપરના ખીલા પેસી ગયા.

પણ મોજું ખડક ઉપર જોરથી અથડાઈને પાછું ગબડવા માંડ્યું. જહાજ પણ એ પાછા ગબડતા મોજા સાથે ખડક ભણીથી દરિયા તરફ પાછું તણાવા લાગ્યું. એ દરમ્યાન એ થોડું બાજુએ ખસી ગયું.

એટલે જ્યારે બીજું મોજું જહાજને આગળ ગબડાવવા આવ્યું, ત્યારે તો તે તેને બાજુએ થઈ દીવાદાંડીની પાર ધકેલી ગયું. દીવાદાંડી પાછળ રહી ગઈ. તાત્પૂરતું 'મેટુટિના' જોખમને પાર કરી ગયું હતું.

પણ આવું વારંવાર ન બની શકે. પેલો વળોય આ લોકોના હાથમાંથી છટકીને સમુદ્રમાં પડી તણાઈ ગયો હતો.

હવે મોજાં અને પવન પાછાં એ જહાજના ખોખાને મરજી મુજબ ઉછાળતાં આગળ ધકેલી ચાલ્યાં. ક્યાં ? કોણ જાણે !

પણ થોડી વારમાં આસપાસના અંધારામાં એક વધુ કાળો ઓળો તેમની સામે ઊભો થવા લાગ્યો. અને જહાજ તે તરફ જોરથી ધસ્યે જતું હતું. તેમને ખબર ન હતી પણ તે ઓર્ટાક-ખડક હતો—મોજાંની ઊંચાઈથી ૮૦ ફૂટ ઊંચે ઊઠતી એ સીધી કરાડ હતી.

કાસ્કેટ્સ ખડકો તો મધપૂડાનાં ખાનાં પેઠે પાણીમાં જુદા જુદા વિભાગોમાં પથરાયેલા છે; ત્યારે આ ઓર્ટાક ખડક તો એક નક્કર ભીંત સમાન એકલો જ ઊભો હતો. મોજાં તેની સાથે અથડાઈ તેટલા જ જોરથી પાછાં ફરતાં હતાં. એટલે વહાણ જો ખડક સામે ધસતા મોજા ઉપર દડબડતું એ ખડક ઉપર જ અથડાયું, તો તેના ભૂક્ભૂકા ઊડી જાય. પણ ત્યાં અથડાતા પહેલાં પાછા વળતા જોરદાર મોજાની ઉપર ચડી પાછું ભાગે, તો તેને બચી જવાનો સંભવ ખરો. કારણ કે બીજા હડસેલા વખતે તે ખડકની બાજુએ પણ નીકળી ગયું હોય.

બધા ખલાસીઓ મુખિયા તરફ જોવા લાગ્યા. મુખિયાએ ખભા મચકોડ્યા.

પેલી કારમી ઘડી આવી લાગી. સૌ શું થાય છે તે નિહાળી રહ્યા. અચાનક જહાજની નીચે પાછા વળતા મોજાની ટોચ પેઠી. જહાજ એકદમ દૂર હડસેલાઈ ગયું. સૌ બચી ગયા.

જહાજ પાછું આગળ ધકેલાવા લાગ્યું. પરંતુ હવે દરિયાનો

એક કપરો ભાગ તેમની આગળ આવી રહ્યા હતો. એક મોટા કાચબાનું કોટલું ઊંધું વાળીને મૂક્યું હોય તેવો જ તે ભાગ હતો. તે આખું કોટલું ખડકોની ઊંચીનીચી ટોચોથી ભરેલું હતું. પણ એ બધી ટોચો સામાન્ય રીતે પાણીમાં ડૂબેલી જ રહેતી. જ્યારે તોફાન આવે અને મોજાં બહુ મોટાં બને, ત્યારે એ ટોચોમાંની કેટલીક મોજાં જોડે નાચતી નાચતી અવારનવાર ઉપર દેખાઈ પણ આવે. એ ખાડીનું ઓરિની નામ આ લોકો જાણતા હોત, તોપણ તેની ભયંકરતા તેથી ઓછી ન થાત.

તેઓ આ ચૅનલના છેડાના ભાગ આગળ આવી પહોંચ્યા હતા એ ખરું; પણ એ ભાગને બાજુએ રાખી આગળ જવું શી રીતે?

બબ્બે વખત મૃત્યુના ઊઘડેલા મુખમાંથી બચી નીકળેલા આ લોકો આ ત્રીજી વારનો ખતરો જોઈ હતાશ થઈ ગયા.

પણ દરિયાની અને પ્રકૃતિની અગમ્યતાનો પાર નથી. અચાનક પવન જ બદલાયો! અને મોજાંનું વહેણ પણ બદલાયું. તેઓ ઓરિનીથી દૂર ધકેલાઈ ગયા. મહાસાગરની આવી બદલાતી રહેતી હિલચાલો અગમ્ય હોય છે. તેમને આશરે પડેલો માણસ આશા પણ ન રાખી શકે, નિરાશ પણ ન થઈ શકે.

પણ બરફનું તોફાન હવે જોર ઉપર આવવા લાગ્યું; કરાના પથરા વહાણ ઉપર વરસવા લાગ્યા. દરેક જણ જ્યાં ફાવ્યું ત્યાં મોં માથું સંતાડી દબાઈ ગયું.

થોડી વારમાં એ ભય પણ દૂર થઈ ગયો. આખું તોફાન જ હવે શાંત પડવા લાગ્યું. સમુદ્ર પણ શાંત પડવા લાગ્યો. ચારે બાજુ અંધકાર અને શાંતિનું સામ્રાજ્ય ફેલાઈ રહ્યું.

મુસાફરોમાં તરત જ કંઈક શાંતિ અને આશ્વાસનનું વાતાવરણ જામવા લાગ્યું. ત્રણચાર કલાકમાં પો ફાટતાં અજવાળું થાય, એટલે આસપાસ થઈને જતું કોઈ પણ જહાજ તેમને ઉપાડી લે! તેઓ

જીવનમાં ફરી પ્રવેશતા હતા. તેઓ અંદર અંદર બોલ્યા, " આ વખતે તો બધું હવે ખલાસ થયું લાગે છે."

અને ખરેખર, તે જ ક્ષણે સૌને જાણ થઈ કે, તેમનું બધું કામ પૂરું જ થયું છે. એક ખલાસી નીચે ભંડકિયામાં દોરડું શોધવા ગયો હતો, તે દોડતો ઉપર આવ્યો અને બોલ્યો, " વહાણ નીચે કાણું થયું છે અને આખું ભંડકિયું પાણીથી ભરાઈ ગયું છે."

" એટલે ?"

" એટલે એ કે, અર્ધા કલાકમાં જહાજ પાણીને તળિયે બેસશે."

૨

વાત એમ બની હતી કે, જહાજને તળિયે એક આખા પાટિયા જેટલો ભાગ છોલાઈ ગયો હતો. ક્યારે ? કાસ્કેટ્સ આગળ ? ઑર્ટાક આગળ ? કે પછી ઑરિનીના ખડકો આગળ ? કોણ જાણે.

પવનના તોફાન વખતે એ વસ્તુ કોઈના ધ્યાનમાં નહોતી આવી, પણ હવે બધું શાંત થયું ત્યારે જ અચાનક તે વસ્તુ આ રીતે તેમના લક્ષમાં આવી.

બીજો ખલાસી તરત નીચે ઊતર્યો અને જોઈ આવ્યો. તેણે કહ્યું : " પાણી છ ફૂટ ભરાયું છે."

અર્થાત્ ૪૦ મિનિટમાં જહાજ તળિયે બેસશે.

કાણું ક્યાં થયું હતું તે હવે દેખાય તેમ રહ્યું ન હતું. કારણ કે આખો તળિયાનો ભાગ પાણીથી ભરાઈ ગયો હતો. તેઓ આ જખમના મલમપટ્ટા કરી શકે તેમ નહોતું.

મુખિયાએ બૂમ પાડી, " આપણે પાણી ઠાલવી નાખવું જોઈએ."

" આપણી પાસે પંપ રહ્યો નથી."

" તો પાટિયું અને ખીલા લાવો."

" સુતારી ઓજારની પેટી દરિયામાં તણાઈ ગઈ છે."

" તો હોડી ઉતારો."

" હોડી ક્યારની તણાઈ ગઈ છે."

"તો હલેસાં મારો, સઢ ચડાવો."

"કશું રહ્યું નથી; કૂવાથંભ જ નથી."

"તાડપત્રીનો સઢ બનાવો, એક વળો ઊભો કરી તેને એ સઢ ભરાવો. પવન આપણને મદદ કરશે."

"પવન જ શાંત પડી ગયો છે."

હવે આખરી અંત જ આવી રહ્યો હતો. બચવાની કોઈ જ આશા રહી નહોતી.

છેવટના ઉપાય તરીકે વહાણનો બની શકે તેટલો બોજો ઓછો કરવાનો વિચાર તેમને આવ્યો. અને તેમણે હાથમાં આવે તેટલો સામાન દરિયામાં ફેંકવા માંડ્યો; જેથી જહાજ હલકું થતાં પાણી કંઈક ધીમેથી ભરાય.

જહાજમાં હવે જીવનોપયોગી કશું સાધન બાકી ન રહ્યું! માણસો અને જહાજનું ડૂબતું ખોખું એ બે જ વાનાં હવે બાકી રહ્યાં!

જે કંઈ ઉલેચવાનું સાધન હાથમાં આવ્યું, તે લઈ તેઓ પાણી ઉલેચવા પ્રયત્ન તો કરવા લાગ્યા. પણ વધુ પાણી ઉલેચાય તેવું કશું સાધન જ તેમની પાસે રહ્યું નહોતું. એક પીપ જેટલું નવું પાણી અંદર પેસતું હતું અને પ્યાલો ભરીને જૂનું પાણી ઉલેચાઈને બહાર નીકળતું હતું. જાણે કંજૂસનું ધન!

હવે મુખિયો બોલ્યો, "કશું વહાણમાંથી ફેંકી શકાય તેવું બાકી રહ્યું છે?"

"ના."

"હા," બુવાજી બોલ્યા.

"વજનદાર એવું કશુંક?"

"હા, ઘણું જ વજનદાર: આપણાં પાપનો બોજ."

"એટલે?"

"એટલે એ કે, તમે સૌ હવે ઘૂંટણિયે પડો. આપણાં પાપનો બોજ હવે આપણે દરિયામાં ફેંકવાનો બાકી રહે છે. એ બોજ જ

જહાજને ડુબાડી રહ્યો છે. હવે આપણે સહીસલામતીનો વિચાર નથી કરવાનો, પણ આપણા ઉદ્ધારનો વિચાર કરવાનો છે. આપણે હમણાં છેવટનું જે મહાપાપ કર્યું છે, તેને લીધે જ આપણે આ સ્થિતિએ પહોંચ્યા છીએ : આપણે એક બાળક સામે મહાપાપ આચર્યું છે. અને બાળક સામેનું પાપ એટલે ઈશ્વર સામેનું પાપ. આપણે બચીએ તો પણ ફ્રાંસને કિનારે જ નીકળીએ. કારણ કે અહીંથી ફ્રાંસની જમીન જ નજીકમાં નજીક છે. પણ ફ્રાંસ પણ ઇંગ્લેંડ જેટલું જ આપણે માટે ખતરનાક છે. ત્યાં જીવતા નીકળીએ તો ફાંસીનું દોરડું જ આપણે માટે તૈયાર છે. માત્ર સ્પેન પહોંચીએ, તો જ આપણે સહીસલામત રહી શકીએ. પણ એ બહુ દૂર છે, અને આપણું આ જહાજ હવે ત્યાં કોઈ રીતે આપણને પહોંચાડી શકે તેમ નથી.

"એટલે ઇશ્વરનો આભાર માનો કે, મરતા પહેલાં આપણને હળવા થવાની આ તક તેણે રહેવા દીધી છે. એ બાળકને આપણે જે સ્થિતિમાં કિનારે મૂકયું છે, તે સ્થિતિમાં કયારનો તેનો જીવાત્મા તેનું ખોળિયું છોડી આપણા માથા ઉપર જ અહીં ભટકતો હશે; તે આંગળી કરીને આપણો ગુનો — મહાપાપ ઈશ્વરના સિંહાસન આગળ કહેવા માંડશે. હજુ અત્યારે વખત છે : આપણે તેનો લાભ લઈને, આપણાથી બને તેટલું તે પાપ ધોઈ કાઢીએ. જુઓ, કદાચ એ બાળક જીવતું રહ્યું હોય, તો તેને મદદગાર થવાય તેટલા આપણે થઈએ તો આપણા જીવાત્મા કાયમના અંધકારમાં પટકાતા બચશે. તેથી કહું છું, તમે સૌ ઘૂંટણિયે પડો અને પરમાત્માની પ્રાર્થના કરો અને ક્ષમા માગો. પસ્તાવારૂપી હોડી કદી ડૂબતી નથી; અને પ્રાર્થનારૂપી હોકાયંત્ર અચૂક આપણને સામે પાર દોરી જશે."

સૌ હવે કંપી ઊઠયા. તેઓ બધા એકી અવાજે બોલી ઊઠયા, "બુવાજી, તમે કહો, અમારે શું કરવું જોઈએ? તમે કહો તે કરવા તૈયાર છીએ."

"આપણી પાસે કેટલો સમય બાકી રહ્યો છે?"

"પાએક કલાક," ખલાસીએ જવાબ આપ્યો.

તરત જ બુવાજીએ ખોસામાંથી ખડિયો અને ખીસાપોથી બહાર કાઢયાં. પછી તેમાંથી પેલો દસ્તાવેજ કાઢયો, જેની પાછળ તેમણે વીસેક ભરચક લીટીઓ થોડા કલાક પહેલાં લખી હતી.

"કંઈક અજવાળું કરો."

એક મશાલ બાકી રહી હતી, તેના અજવાળામાં બુવાજીએ પોતે કરેલું લખાણ સૌને વાંચી સંભળાવ્યું. સૌએ નમેલે મસ્તકે તે સાંભળ્યું. વાચન પૂરું થયું એટલે બુવાજીએ દસ્તાવેજ નીચે મૂકી તેના ઉપર સહી કરી. પછી તેમણે બધાને તેની નીચે પોતાની સહી કરવા ફરમાવ્યું.

સૌની સહી થયા પછી, બંને ખલાસીઓએ પણ એ દસ્તાવેજ ઉપર સાક્ષી તરીકે સહી કરી.

બુવાજીએ હવે પેલા રસોઇયા તરીકે કામ કરતા સાથી પાસેથી તેની બ્રાન્ડીવાળી તુંબડી માગી. પેલાએ છેલ્લો ઘૂંટડો ભરી લીધો અને ખાલી તુંબડી બુવાજીને આપી.

હવે જહાજ એક બાજુ ઝડપભેર નમવા લાગ્યું હતું. બુવાજીએ ઝટપટ બધાના લખાણની શાહી મશાલ ઉપર ધરીને સૂકવી દીધી. પછી તે દસ્તાવેજની ગડી કરી, પેલી તુંબડીમાં ખોસી દીધો. ત્યાર પછી દોરડાના ટુકડાને ડામરમાં બોળી તેનો દાટો એ તુંબડીને મારી દીધો. પછી આખી તુંબડીને ગરમ ડામરના કૂંડામાં ડુબાડી દીધી. જહાજમાં ગરમાગરમ ડામર હંમેશાં તૈયાર રાખવાની વ્યવસ્થા હોય જ.

પછી બુવાજી હાથમાં એ તુંબડી લઇને એક બાજુ ઊભા રહ્યા. સૌ હવે તેમની પાછળ પાછળ હારબંધ ખડા થઈ ગયા.

છેવટની ઘડી નજીક આવી હતી. બુવાજીએ સૌને કહ્યું, "ઘૂંટણિયે પડી ભગવાનને યાદ કરવા લાગો."

સૌ ઘૂંટણિયે પડ્યા. બુવાજી એકલા ઊભા રહ્યા.

બુવાજીએ હાથ ઊંચા કરી તે સૌનાં માથાં ઉપર પરમાત્માના આશીર્વાદ ઉચ્ચાર્યા.

થોડી વારે આંખો ઉઘાડી બુવાજીએ જોયું, તો બધાનાં માથાં પાણી તળે આવી ગયાં હતાં.

બુવાજીએ હવે પેલી તુંબડીવાળો હાથ ઊંચો કર્યો. તેમણે હવે પોતે પોતાના થકી પરમાત્માની પ્રાર્થના ઉચ્ચારવા માંડી. થોડી વારમાં તેમનો તુંબડીવાળો હાથ જ પાણીની બહાર રહ્યો. અને પછી તો એકલી તુંબડી જ છૂટી પડીને પાણી ઉપર તરવા લાગી.

૭

બરફથી હૃદય ટાઢું ન પડે

૧

જમીન ઉપર પણ દરિયા જેવું જ કારમું તોફાન ફરી વળ્યું હતું.

પેલો છોકરો ધૂમસ વચ્ચે થઈને આગળ વધ્યે જતો હતો. ધૂમસ નરમ હોય છે; તેથી તેનું જોખમ પણ ભારે હોય છે. તે માર્ગ આપે છે અને છતાં ખસતું નથી. પેલો છોકરો નીચે ઊતરતો ઊતરતો તળેટીએ આવી પહોંચ્યો હતો. તેને ખબર ન હતી પણ તે ચેસ ટેકરીઓવાળી સંયોગીભૂમિ ઉપર આવી ગયો હતો—જેની બન્ને બાજુ સમુદ્ર હતો. એક બાજુ અખાતનાં ઊંડાં પાણી અને બીજી બાજુ ઘૂઘવતો મહાસાગર! એ જોખમોની વચ્ચે બધી બાબતોથી—બધાં જોખમોથી અણજાણ તેવો તે તેનાં નાનાં ડગ ભરી રહ્યા હતો.

પૉર્ટલૅન્ડની તે વખતની ધારદાર તીક્ષ્ણ ટેકરીઓમાંનું આજે કશું રહ્યું નથી—તેમાંના ઘણા ખડકોનો સિમેન્ટ બની ગયો છે! અત્યારે તો પહેલાંની ચેસ-ટેકરી ઉપર થઈને રેલવેલાઈન દોડે છે! અને સુંદર ઘરોના જૂથ વચ્ચે પૉર્ટલૅન્ડ સ્ટેશન પણ બની ગયું છે.

પણ બસો વર્ષ અગાઉ પૉર્ટલૅન્ડની સંયોગભૂમિ, ખડકની કરોડ-રજ્જુ અને બંને બાજુ ખાડાખૈયાવાળો પટ્ટો માત્ર હતી.

છોકરાને હવે કોતરોમાં ગમે ત્યારે ગમે ત્યાં ડૂબી મરવાનો ભય ઉપસ્થિત થયો હતો. કારણ કે ખડક લપસણો હતો અને ઉપરની રેતીનું પડ સરકણું હતું. વચ્ચે એવી ફાટ પણ આવી જાય, જેમાં તમે આખા ને આખા ઊતરી જાઓ. સંયોગીભૂમિ હંમેશાં પાણીનાં મોજાંથી કોતરાતી જ રહેતી હોય છે. એક આખું વિશાળ હાડપિંજર પાણી વચ્ચે પડ્યું હોય તેના ઉપર થઈને ચાલવા જેવો એ ઘાટ હતો.

એ સંયોગીભૂમિ એક કલાક બાદ છોકરો શી રીતે અંધારામાં સહીસલામત ઓળંગી ગયો, તે તો તેનાં પગલાંને દોરનાર વિધાતા જાણે. સંયોગીભૂમિ પૂરી થતાં હવે પાછી નક્કર જમીન આવવા માંડી. તોફાન, શિયાળો અને રાતમાં વીંટાયેલી અફાટ જમીન! તેમાં ક્યાં કઈ તરફ જવું તે નક્કી કરવા તે પગની કેડી જેવું કાંઈક શોધવા મંડ્યો.

અચાનક તે ઊભો રહ્યો. બરફમાં તેને કેડી જેવું કાંઈક જણાયું, અને તેના ઉપર એક પગલું પણ પડેલું હતું. તેણે નીચા વળી તે પગલું તપાસ્યું. માણસના પગલા કરતાં તે નાનું હતું, અને બાળકના પગલા કરતાં મોટું હતું: કદાચ તે કોઈ સ્ત્રીનું પગલું હતું. બરફે તેની છાપ સ્પષ્ટ લઈ લીધી હતી—સંઘરી રાખી હતી.

પછી તો એક પછી એક એ પગલાંની હારમાળા તેને દોરતી ગઈ. પગલાં તાજાં જ હતાં કારણ કે બહુ ઓછો બરફ તેમાં ભરાયો હતો.

થોડો વખત એ પગલાંની દિશામાં ચાલ્યા પછી અચાનક એ પગલાં આછાં બનતાં ગયાં. બરફ હવે બહુ જોરમાં પડવા લાગ્યો હતો. તે જ વખતે પેલું હૂકર પણ દરિયા ઉપર બરફના તોફાનમાં સપડાયું હતું.

અચાનક પગલાં દેખાતાં બંધ થયાં. આસપાસ ક્યાંય કશી નિશાની જ રહી ન હતી. જાણે અચાનક તે સ્ત્રી અધ્ધર જ ઊડી ગઈ

હતી. છોકરો ઘૂંટણિયે પડી પગલાંની દિશા શોધવા પ્રયત્ન કરવા લાગ્યો. તેવામાં તેને કશો અસ્પષ્ટ અવાજ સંભળાયો. કદાચ કોઈનો રૂંધાયેલા નિસાસાનો અવાજ હતો કે કેવળ તેનો ભ્રમ પણ હોય.

તેણે આસપાસ નજર કરી જોઈ, પણ કાંઈ દેખાયું નહિ. તેણે ફરી કાન માંડી જોયા, પણ એ અવાજ સંભળાયો નહિ. જરૂર એ ભ્રમણા જ હશે, એમ માની તે આગળ ચાલવા મંડ્યો : કશી દોરવણી વિના જ, જ્યાં પોતાના પગ પડે તે તરફ આગળ ને આગળ.

તે થોડુંક આગળ વધ્યો હશે તેવામાં ફરી પેલો અવાજ સંભળાયો. તેણે પાછા વળી ફરીથી નજર કરી. આ વખતે તેને શંકા ન રહી; કોઈના નિસાસાનો અવાજ હતો, એ ચોક્કસ હતું.

એ અવાજ હવે વારંવાર સંભળાવા લાગ્યો.

કોઈ વેદનાપીડિત કંઠનો મદદ માટેનો અવાજ હતો — પણ એવા કંઠનો કે જેમાં વેદના કે મદદની માગણીનું ભાન ન હોય. એ અવાજ રૂંધાયેલા રુદનનો પણ હોઈ શકે.

ચોથી વખત તેને એ અવાજ સંભળાયો. જોકે એ અવાજની માત્રા એવી હતી કે, હવે જાણે તે બંધ પડવાની તૈયારીમાં છે, અને એકાદ બે પ્રયત્ન પછી તે સદંતર બંધ પડી જશે. છોકરો એ અવાજ જે દિશામાંથી આવતો હતો, તે તરફ જલદી દોડ્યો.

કશું જ દેખાતું ન હતું, પણ અવાજ જાણે તેની તદ્દન નજીકમાંથી આવતો હોય એમ તો તેને લાગ્યું જ.

બાળકને હવે એ નીરવતામાં એવા અવાજના ભણકારાનો ડર લાગવા માંડ્યો. તે એક વખત ત્યાંથી દૂર ભાગી જવાનો વિચાર કરતો હતો, તો બીજી વખત એ અવાજ કોનો છે તે શોધી કાઢવાનો વિચાર કરતો હતો.

તે જ ક્ષણે તેની નજર સામે બરફ નીચે ઢંકાયેલી કબર જેવો એક નાનો ઢગલો દેખાયો. અને તે જ ઘડીએ પેલો અવાજ એ ઢગલા નીચેથી ફરીથી નીકળ્યો.

તરત છોકરો એ ઢગલાને બે હાથે ખોતરવા લાગ્યો. થોડું ખોતરતાં એક ફીકું મોં ખુલ્લું થયું. એની આંખો બિડાયેલી હતી; અને અવાજ તે મોંમાંથી આવતો હોય એ શક્ય ન હતું, કારણ કે હોઠ ખુલ્લા હતા ! પણ તેમાં બરફ ભરાઈ ગયેલો હતો.

આખો ચહેરો ચેષ્ટા વિનાનો હતો — તથા છોકરો આસપાસ ખોદકામ કરતો હતો તેથી પણ તેના ઉપર કશા ફેરફાર થતા ન હતા. પેલા છોકરાનાં આંગળાં આ ચહેરાને અડ્યાં કે તરત છોકરો આખે શરીરે ધ્રૂજી ઊઠ્યો — એ ચહેરો તદ્દન ઠંડો હતો. તે એક સ્ત્રીનો ચહેરો હતો, અને તે સ્ત્રી મરી ગયેલી હતી.

છોકરાએ હવે ખોદકામ આગળ ચલાવ્યું. અને તે ખભાના ભાગ આગળ આવ્યો. અચાનક તેને આંગળાં નીચે કશું હાલતું જણાયું. છોકરાએ ઝટપટ એ ભાગનો બરફ ખોતરવા માંડ્યો. થોડી વારમાં એક બાળક માની ખુલ્લી છાતીએ વળગેલું, ટાઢથી ઠરી ગયેલું, પણ હજુ જીવતું, તેના હાથમાં આવ્યું.

એ નાની બાળકી હતી.

તેને તેની માએ પોતાનાં ચીંથરાંમાં વીંટવા પ્રયત્ન કરેલો, પણ એ ચીંથરાંય પૂરતાં ન હોવાથી તે બાળકી તેમાંથી હાલીને છૂટી થઈ ગઈ હતી. તેને નર્સ તો પાંચ કે ૭ મહિનાની કહે, પણ તે કદાચ એકાદ વરસની હતી, અને ભૂખમરાની તંગીથી તે ઠીંગરાઈ ગઈ હતી. તેના મોંનો ભાગ ખુલ્લો થયો એટલે તેણે હવે ખુલ્લે મોંએ રડવા માંડ્યું. અત્યાર સુધી તેનું રુદન બરફ નીચે અને માની છાતીમાં રૂંધાઈ જતું હતું.

પેલા છોકરાએ એ બાળકીને હાથમાં લીધી.

પેલી બાઈ આ મેદાનમાં બરફના તોફાનમાં રસ્તો ભૂલી જઈને અટવાઈ ગઈ હતી. તે આશરો શોધતી આમતેમ ફરતી હશે, તેમાંથી રસ્તો ખોઈ બેઠી હશે. બરફથી ઠરી જતાં તે નીચે ઢળી પડી હશે,

અને પાછી ઊભી થઈ શકી નહિ હોય, એટલે ધીમે ધીમે બરફે તેને ઢાંકી દીધી હશે. તેણે પોતાની બાળકીને અપાય તેટલી હૂંફ આપવા છાતીએ દાબી રાખી હશે, અને પછી તેના પ્રાણ ચાલ્યા ગયા હશે.

પેલી બાળકી હવે હાથમાં ઊંચકાતાં રડતી બંધ થઈ ગઈ. પણ તેનું ઠરી ગયેલું લોહી તેના હૃદયને ક્યારે સદંતર ઠારી દે એ કહેવાય નહિ : તેની માના ઠંડા બની ગયેલા શરીરે તેના શરીરને મૃત્યુનો ઠંડો ડામ ક્યારનો ચાંપી દીધો હતો. બાળકીના હાથ, પગ, ઢીંચણ વગેરે અવયવો બરફથી જામી ગયા હતા.

છોકરા પાસે કોરું કપડું કહો તો તેનું પેલું જાકીટ જ હતું. તેણે તરત એ બાળકીને પેલી મરી ગયેલી માની છાતી ઉપર પાછી સુવાડી દીધી અને પછી પોતાનું જાકીટ કાઢીને તેમાં પેલી બાળકીને વીંટાળી દીધી. પછી તેને ઊંચકી લઈ, પોતે લગભગ નગ્ન અવસ્થામાં વરસતા વરસાદમાં ફરીથી ચાલવા માંડ્યો — કંઈક ગરમી પોતાના શરીરમાં જ રહે તે માટે! પેલી બાળકી પોતાનું મોં છોકરાના ગાલ પાસે લાવી કંઈક હૂંફ લાગતાં ઘસઘસાટ ઊંઘવામાં પડી.

પેલી સ્ત્રી તો બરફમાં સૂતેલી જ રહી — પીઠ બરફ તરફ અને મોં રાત્રી તરફ. પરંતુ જે ક્ષણે પેલા છોકરાએ તેની બાળકીને પોતાના એકના એક જાકીટમાં લપેટી, તે વખતે કદાચ અનંતના ઊંડાણની યાત્રાએ ઊપડતી તે માએ એ છોકરા તરફ મીઠી નજર કરી લીધી હશે.

૮

ગરીબને ઘેર ગરીબ પરોણા

૧

હૂકરમાં બેસીને ભાગેલાઓ આ છોકરાને કિનારે તજી ગયા તે વાતને ચારેક કલાક થયા હતા. તે દરમ્યાન છોકરો જે માનવ-સમાજ તરફ પાછો વળવા માગતો હતો તેમાંથી ત્રણ વ્યક્તિઓનો તેને ભેટો થયો હતો — એક તો સાંકળે લટકાવેલો પેલો પુરુષ; બીજી બરફમાં દટાયેલી સ્ત્રી, અને ત્રીજી તેના હાથમાં તેણે ઊંચકેલી બાળકી.

તે પોતે ભૂખ અને થાકથી છેક જ ભાંગી પડવા જેવો થઈ ગયો હતો. પણ હવે તો હાથમાં આ બાળકીનો ભાર વધવા છતાં— અથવા કહો કે તેથી જ તે જાન ઉપર આવીને ઉતાવળે પગલાં ભરતો હતો. દુઃખી અસહાયને પોતાનાથી વધુ અસહાય બાળક મળ્યું હતું, અને તેને બચાવવાનો પ્રયત્ન કરવાની, એટલી જ માનવસુલભ ધખણા તેને જાગી હતી. તે પોતે અત્યારે કપડાં વગરનો થઈ ગયો હતો; પગરખાં વિનાનો તો તે હતો જ. તેથી તે ટાઢે મરતો હતો, પણ પેલી બાળકીને હૂંફ આવતી જતી હતી, અને પેલા છોકરાને એ વાતની ખબર પડતી જતી હતી. તેનો પ્રેરાયો તે આગળ ને આગળ વધ્યે જતો હતો.

જ્યારે પોતાના પગ ઠરી જશે એમ તેને લાગતું, ત્યારે તે થોડો નીચો નમી હાથમાં બરફ લઈ પગ ઉપર જોરથી ઘસી લેતો. જ્યારે ગળું તરસથી બળવા લાગતું, ત્યારે થોડો બરફ લઈ મોંમાં મૂકતો. તેથી તરસ છિપાવાને બદલે તાવની પેઠે વધી જતી. દરમ્યાન તોફાનનો કશો થાક રહ્યો ન હતો.

આસપાસ ક્યાંય તેને દીવા જેવું કે ધુમાડા જેવું દેખાતું ન હતું.

બે કે ત્રણ વખત પેલી બાળકી રડી પણ ખરી. તે વખતે ચાલતાં ચાલતાં જ તે તેને ઝૂલાની જેમ ઝુલાવી લેતો. થોડા વખત બાદ તે પાછી ઊંઘમાં પડી.

મેદાન ખાડાટેકરાથી ભરેલું હતું. કોઈ કોઈ વાર બરફ એટલો બધો ઊંડો આવતો કે છોકરો તેમાં કમર સુધી ઊંડે ઊતરી જતો. તે વખતે માત્ર ઢીંચણના જોરથી જ રસ્તો કરી તે આગળ વધતો. પોતે જો એક વખત ગબડી પડ્યો, તો પોતાનાથી ફરી પાછા ઊભા નહિ થવાય એ ભય હવે તેને કોઈ પણ પ્રયત્ને ટટાર રાખવા લાગ્યો. બરફમાં ગબડી પડેલી આ બાળકીની માતાની વલે તે હમણાં જ જોઈને આવ્યો હતો.

કોઈ કોઈ જગાએ લપસણો ઢાળ આવતો ત્યારે બંને હાથમાં આ વજન સાથે તેને પગના જોરથી જ એ વટાવવો પડતો. દોરડા ઉપર ચાલતા નટને તો સમધારણ રાખવા હાથમાં વાંસનો પણ આધાર હોય છે. આને તો તેને બદલે ઊલટો ભાર હતો.

અને પોતે કોઈ વસ્તી ભણી આગળ વધી રહ્યો છે, એવી ખાતરીનો પણ તેને આધાર નહોતો! જો તેને રસ્તો ખબર હોત, તો તેને ખ્યાલ આવત કે તે જરૂર કરતાં વધુ લાંબો રસ્તો લઈ રહ્યો છે.

અચાનક બરફનું તોફાન થંભ્યું. તેની આંખની આસપાસ છાઈ રહેલું એ પડળ દૂર થયું તેની સાથે તેણે જોયું કે, થોડે જ દૂર મકાનોનાં છાપરાં અને ધુમાડિયાં ડોકિયાં કરતાં હતાં. વસ્તીની નજીક તે આવી પહોંચ્યો હતો.

થોડી જ વારમાં મકાનો આવતાં તેણે એક સારું મકાન જોઈ બારણું ખટખટાવ્યું. ઘણી વાર થોભવા છતાં તથા બારણું ખટખટાવ્યા છતાં જવાબ ન મળ્યો, એટલે તે થોડો આગળ બીજા મકાને ગયો.

પોતાનાં ઠરી ગયેલાં આંગળાં બરાબર અવાજ નહિ કરી શકતાં હોય એમ માની, હાથમાં પથરો લઈ તેણે તેના વડે જોરથી બારણું

ઠોકયું. પણ અંદરથી કોઈએ જવાબ આપ્યો નહિ કે દીવો પણ સળગાવ્યો નહિ.

એ જ અનુભવ તેને ગામનો છેડો આવી ગયો ત્યાં સુધી થયો! જાણે આખા ગામની વસ્તીને કોઈ જાદુગરે પથ્થર બનાવી દીધી છે!

૨

છોકરો વેમથ ગામમાં દાખલ થયો હતો. તે વખતે વેમથ સ્વતંત્ર શહેર ન હતું, પણ મેલકોમ્બ-રેજીસ શહેરનું પરું હતું. અને તે બંનેને જોડતો ઉપરથી છાપરાવાળો લાકડાનો પુલ હતો. પેલો છોકરો ગામ પૂરું થતાં એ પુલ ઓળંગી શહેરમાં દાખલ થયો.

પરંતુ ગામની પેઠે શહેરમાં પણ કોઈએ તેને કશો જવાબ ન આપ્યો. બાળક હવે આશાને કિનારે પહોંચી પાછો નિરાશાના સાગરમાં ડૂબવા લાગ્યો.

આમતેમ ભટકતાં આ શહેરમાં તેને એક જ અવાજ સાંભળવા મળ્યો અને તે દેવળના ઘડિયાળમાં ત્રણના ટકોરાનો!

આખા શહેરમાં કોઈએ કોણ છે એ જોવા-પૂછવા પણ બારી સરખી ન ઉઘાડી. તેનું એક કારણ પણ હતું. ૧૬૯૦ ના જાન્યુઆરી માસથી થોડા સમય પહેલાં લંડનમાં એક સખત મહામારી ફાટી નીકળી હતી. અને ત્યાંથી બીમાર પડી ભાગી નીકળેલા કે નસાડી મૂકવામાં આવેલા ભામટાઓ બારણું ઉઘાડતાં જ ઘરમાં પેસી ન જાય એ બીકે લોકો રાતને વખતે બારણાં ઉઘાડતાં ડરતા. બારી પણ ઉઘાડતાં એ જ કારણે ડરતા કે, પેલો વાતચીત કરે એવામાંય તેના શ્વાસનો ચેપ લાગી જાય!

છોકરાને હવે રાતની ઠંડી કરતાંય લોકોની આ ટાઢાશ વધુ ભયંકર લાગવા લાગી. કારણ કે આ ટાઢાશ ઇરાદાપુરઃસરની હતી. માણસોની વસ્તીમાં આવ્યા છતાં, જે નિર્જન અફાટ મેદાન ઓળંગીને તે આવ્યો હતો તેના જેટલો જ તે એકલોઅટૂલો હજુ પણ હતો. તેને આ દુઃખ અસહ્ય થઈ પડયું.

હવે તેના પગ ભાંગી પડવા લાગ્યા. ચાલવાને બદલે તે ઘસડાતો જ હતો. તેના હાથમાં પેલી બાળકી ન હોત, તો તે પોતે તો ક્યારનો બેસી જ પડ્યા હોત.

ધીમે ધીમે શહેર પૂરું થયું. તેને જમણે હાથે સમુદ્ર ઘૂઘવતો દેખાયો અને ડાબે હાથે નિર્જન જમીન!

જો આ શહેરમાં ન મળ્યું, તે બીજા શહેરમાં જવાથી મળે ખરું? પણ હવે તેનામાં રસ્તાની ખાતરી વગર આગળ બીજા શહેર સુધી જવાની શક્તિ પણ ક્યાં હતી? તો ફરી પાછા આ કાન વગરના બહેરા શહેરમાં પાછા ફરવું કે મોં વગરના મૂગા મેદાનમાં આગળ વધવું?

આવી દ્વિધામાં તે ઊભો હતો એટલામાં તેણે એક ધમકીભર્યો ઘુરકાટ સાંભળ્યો.

અંધારામાં આવો ઘુરકાટ સાંભળી બીજું કોઈ તો પાછું ભાગે. તેને બદલે આ છોકરો તે તરફ આગળ વધ્યો. માત્ર નીરવતાથી ડરેલાને પશુનો ઘુરકાટ પણ કંઈક સધિયારો આપતો હશે!

ઘુરકાટનો અર્થ એટલો તો થતો જ હતો કે કોઈ જીવતું પ્રાણી ત્યાં હતું! કદાચ તે જંગલી પ્રાણીય હોય. પરંતુ છોકરો તો એ દિશામાં જ આગળ વધ્યો.

ભીંતનો ખૂણો વટાવી તે બાજુએ વળ્યો, તો ત્યાં તેણે એક પેટી જેવું—એક ગાડા જેવું કશુંક જોયું. તેને પૈડાં હતાં એટલે તે ગાડું જ હોવું જોઈએ. છતાં તેને છાપરું હતું, એટલે તે રહેઠાણ હોવું જોઈએ. છાપરામાંથી ધુમાડિયાની નળી નીકળતી હતી અને નળીમાંથી ધુમાડો.

પાછળની બાજુ મિજાગરાં દેખાતાં હતાં એટલે તે બાજુ બારણું હશે, એમ લાગતું હતું.

છોકરો જેમ જેમ આગળ વધતો ગયો, તેમ તેમ પેલો ઘુરકાટ વધુ મોટો બનતો ગયો. થોડી વારમાં તો સાંકળ જોરથી ખેંચાઈ

હોય અને ખખડી હોય તેવો અવાજ આવ્યો, અને અંધારામાં પણ તેને કશાના પહોળા મોંમાંથી દાંતની બે પંક્તિઓ ચમકતી દેખાઈ.

તે જ ઘડીએ બારીમાંથી એક માથું બહાર નીકળ્યું અને બોલ્યું, "ચૂપ બેટા!"

પેલા દાંત ચૂપ થઈ ગયા!

માથાએ પૂછ્યું, "કોઈ છે?"

"હા." બાળકે જવાબ આપ્યો.

"કોણ?"

"હું."

"તું? એટલે કોણ? ક્યાંથી આવ્યો છે?"

"હું થાકી ગયો છું."

"કેટલા વાગ્યા છે?"

"મને ટાઢ વાય છે."

"તું અહીં શું કરે છે?"

"હું ભૂખ્યો છું."

"પણ દરેક જણને લૉર્ડ જેટલું સુખ ક્યાંથી હોય? ચાલ્યો જા. ભૂખ, થાક, ટાઢ, એ કંઈ માણસે ફરિયાદ કરવાની ચીજો છે?"

આટલું બોલી માથું બારીમાં પાછું પેસી ગયું અને બારી બંધ થઈ ગઈ.

છોકરો પેલી બાળકીને છાતીએ દાબીને પાછો રસ્તા તરફ વળ્યો.

પણ બારી બંધ થયા પછી તરત બારણું ઊઘડ્યું હતું, અને એક પગથિયા જેવું કશું નીચે નમાવવામાં આવ્યું હતું. એ ઓરડીમાંથી ગુસ્સાભર્યો પેલો માથાનો અવાજ પાછો આવ્યો.

"પણ તો પછી અંદર ટળતો કેમ નથી?"

છોકરો તરત પાછો વળ્યો.

"આવો તે કોણ અક્કરમી છે કે, જે ભૂખ્યો છે અને ટાઢે મરે છે, પણ ઝટ અંદર આવતો નથી?"

છોકરો એ અવાજમાં રહેલા નિમંત્રણથી તેમ જ તિરસ્કારથી સ્થિર થઈ ઊભો રહ્યો.

" અલ્યા ભટકેલ, અંદર આવ, કહું છું."

તરત જ છોકરાએ એક પગ પગથિયા ઉપર મૂક્યો. તે જ ઘડીએ એ ગાડા નીચેથી પાછો જોરદાર ઘુરકાટ આવ્યો, અને દાંત બહાર દેખાયા. છોકરો પાછો ઊતરી ગયો.

" શાંતિ !" માણસે બૂમ પાડી.

પેલા દાંત પાછા હઠી ગયા. ઘુરકાટ બંધ થઈ ગયો.

" ચાલ, ઉપર ચાલ્યો આવ."

છોકરો ત્રણ પગથિયાં પરાણે ચડીને અંદર ગયો. અંદર કશો દીવો ન હતો. માત્ર સગડીના અંગારાનો એ ઝાંખો પ્રકાશ હતો. સગડી ઉપર કશું રંધાતું હતું. તેની સોડમ અંદર ફેલાતી હતી.

છોકરો ખરેખર ઉર્સસ અને હોમોના મકાનમાં દાખલ થયો હતો. એકે પશુભાષામાં ઘુરકિયું કર્યું હતું, બીજાએ માનવભાષામાં છાંછિયું.

" તારા હાથની થાપણ નીચે મૂકી દે," માણસે ફરમાવ્યું.

છોકરાએ એક પેટી જેવું હતું તેના ઉપર એ વીંટા જાળવીને મૂક્યો. બાળકી જાગી ન ઊઠે અને રડવા ન માંડે તે કારણે.

" બેટમજી જાણે મોટી વસાત હોય એમ જાળવીને તારું પોટલું મૂકે છે ને! જાણે તારાં ચીંથરાંના વીંટાને વાગી બેસશે, કેમ? તું *કોણ છે, જવાબ આપી દે. અત્યારે શેરીમાં ભટકવા ક્યાંથી નીકળ્યો* છે? ઊભો રહે, પણ ચૂપ; બોલીશ નહિ. પહેલાં જરા ગરમ થા. ઠરીને છેક લાકડું થઈ ગયો છે! નીકળને રખડવા, આ ટાઢમાં! તારા બાપે દલ્લો દાટ્યો છે તે!"

એમ કહી તેણે તેને હાથ વડે સગડી પાસે ધકેલ્યો, પણ તે ઘડીએ એને ભીનો પલળી ગયેલો જાણી તે બોલ્યો, " વાહ, બેટમજી

પલળી ગયા છો કંઈ! કોઈના ઘરમાં આવી હાલતમાં પેસવું એ ગુનો છે, ખબર છે? કાઢી નાખ તારું ચીંથરું!"

અને પછી પોતાને હાથે જ તેના શરીર ઉપરનાં ચીંથરાં તેણે ખેંચી કાઢયાં. પછી ખીંટી ઉપરથી એક ખમીસ ઉતારી, જાકીટ શોધી આણ્યું, અને તેને પહેરાવી દીધું. પછી ધાગામાંથી ઊનનો કટકો શોધી કાઢી સગડીના તાપમાં જરા ઊનો કરી, પેલા છોકરાના જડ થઈ ગયેલા અવયવો ઉપર ઘસવા માંડ્યો.

"લે, મા'ળા હાડપિંજર, તારું તો કશુંય ખરી પડે તેવું નથી થયું! હું નકામો ગભરાઈ મર્યો કે કોઈ આંગળું બાંગળું તૂટી પડવાનું થયું હશે."

પછી છોકરાને એક પાટલી ઉપર બેસાડી તેણે સૂકી રોટીનો ટુકડો લાવી આપ્યો અને કહ્યું, "ખાવા માંડ; રાક્ષસ જેવો તું, નહિ તો, ભૂખ્યો ભૂખ્યો મને જ ક્યાંક ખાઈ જશે."

પેલો છોકરો નવાઈ પામી જોઈ રહ્યો.

"તો શું રાજાજી, ટેબલ બિછાવ્યા વિના તમે નહિ જ આરોગો કેમ?" એમ કહી પેલાએ છોકરાના ઢીંચણ ઉપર પેલી રોટી મૂકી દીધી. છોકરો હવે ભૂખનો માર્યો બડાકા બોલાવતો રોટી ખાવા મંડ્યો.

પેલાને એ અવાજ સાંભળી આનંદ થયો, પણ તે ગણગણતો બોલ્યો, "મા'ળા આમ અકરાંતિયાની પેઠે જલદી જલદી શું કરવા ખાય છે? આવું તો ભૂખ્યા ભામટા જ ખાય. તેં કોઈ ઉમરાવ લોકોને ખાતા જોયા છે? મેં કેટલાય ડ્યૂકોને ખાતા જોયા છે. તેઓ ખાતા જ નથી. એ જ ખાનદાન રીત કહેવાય. જોકે તેઓ પીએ છે ખરા: પણ, તું તો ઠાંસવા માંડ કુક્કર, હજુ ઠાંસ!"

પેલો છોકરો તેના કેટલાક શબ્દો સાંભળી બીવા લાગ્યો. પણ તેણે ખાવાનું જારી રાખ્યું.

"મેં રાજા જેમ્સને પોતાને ખાતા જોયા છે. નામદાર એકે ચીજને અડચા જ નહોતા. ત્યારે આ ભિખારડો તો જાણે ચરે જ

છે. હુંય શા નસીબે આ વેમથ ગામે આવી ચડ્યા ? કશી દવાય વેચાઈ નહિ, કે કશો વકરો પણ થયો નહિ. કેવો તુચ્છ મુલક! મૂરખાઓ સાથે શેરીઓમાં કેટલીય માથાકૂટ કરીએ, ત્યારે ફાધિંગ જોવા મળે! પણ આજે તો એય મળ્યો નથી. પણ તું તો બેટમજી ખાઈ જા! મારે ખરચે ને હિસાબે! કોણ જાણે શા શા રોગ અને ચેપ લઈને તમે પધાર્યા હશો. મારા હોમોને કશો રોગ લગાડ્યો તો ખબરદાર! અરે બીજા જેને મરવું હોય તે ભલે મરે; મારો હોમો જીવતો રહેવો જોઈએ. આજે કામમાં ને કામમાં મોડું થઈ ગયું. પછી ભૂખ બહુ લાગી એટલે ખાવાની તૈયારી કરવા બેઠો. એક બટાકો હતો અને રોટીનો ટુકડો હતો; થોડું દૂધ અને એકાદ કોળિયા જેટલું બીજું કંઈક. મારા મનમાં કે જરા ગરમ કરી લઉં ને ખાઈ લઉં. પણ બસ, આ મગર ક્યાંથી ટાંપીને બેઠો હશે; ભાઈસાહેબ કેવા પગ પર પગ ચડાવીને બેઠા છે અને મારા ભાણા ઉપર હાથ અલાવે છે! ભૂખ્યે પેટે મેં મોડી રાત સુધી કામ કર્યું— બદલામાં શું મળ્યું ?—બીજો જણ મારું ખાવાનું ખાઈ જાય છે, તે સામે બેસીને જોવાનું! તું બેટમજી, ગમે તેટલો ભૂખ્યો હોય, તોપણ બટાકો-રોટી, ને બીજું બધું તારું; પણ દૂધનું તો ટીપુંય તને નહિ આપું,– એટલું તો હું જ પી લઈશ."

તે જ વખતે કોઈના રડવાનો અવાજ આવ્યો. પેલા માણસે કાન સરવા કર્યા. તેણે પેલા છોકરાને કહ્યું, "મા'બા ખાય છે ને પાછો રડે છે શા માટે?"

પણ છોકરાના ભરેલા મોંમાંથી અવાજ જ નીકળે તેમ નહોતું.

ફરીથી રડવાનો અવાજ આવ્યો. પેલો માણસ તરત પેટી તરફ ફર્યો. પેટી ઉપરના વીંટામાંથી એ અવાજ આવતો હતો!

તરત જ તે બોલી ઊઠ્યા, "અલ્યા ભૂત, તારો વીંટોય ભૂખથી રડે છે!" તરત જ તેણે વીંટા ઉકેલી નાખ્યો, તો એક બાળકનું માથું તેમાંથી દેખાયું — તે રડતું હતું.

"હેં, અલ્યા, શું ધાર્યું છે? આ બીજું ભૂત પાછું ક્યાંથી આવ્યું? અલ્યા, તમે કેટલાંક ભૂત મારી ઝૂંપડી ઉપર ચડી આવ્યાં છો? હેય, ચોકીદાર, હોશિયાર! અલ્યા ડાકુ, તું આ શું લઈને આવ્યો છે? તું નિરાંતે આરોગવા બેઠો છે, અને આ તરસ્યું છે, એ જોતો નથી? એને કશુંક પાવું જ પડશે; ચાલો ત્યારે, આપણને દૂધ પણ નહિ મળે; આ ડાકુઓ જ ભલે આરોગે. કેવો હતભાગી મુલક છે! પૈસાની કમાણી નહિ, અને ફોલી ખાનારાં વધારે!"

તેણે એક શીશી અભરાઈ ઉપરથી ફંફોસી કાઢી અને કપડાનો એક લીરો.

પેલું બાળક રડ્યા કરતું હતું; પેલો માણસ બોલી ઊઠ્યો: "ડાકણ જ મૂઈ છે ને! તેના રડવા ઉપરથી જ સમજાઈ જાય કે તે છોકરી છે. અને પાછી ભીની પણ છે!"

તરત તેણે તેની ઉપરનું કપડું ઉતારી નાખ્યું, અને બીજા સૂકા કપડામાં તેને વીંટી દીધી. પછી દૂધ પેલી શીશીમાં ભરી, તેને વાદળીનો દાટો મારી, તેના ઉપર લૂગડાની પટ્ટી વીંટી દીધી. પછી એ બધું પેલીના મોંમાં ખોસી દીધું.

પેલી બાળકી તરત રડવાનું બંધ કરી શીશીનું દૂધ ચૂસવા લાગી.

"કેવાં દુત્તાં છે? હલકી જાત કોને કહેવાય? કશું ખાવાનું મળ્યું કે જીભ બંધ; નહિ તો કાન ફોડી નાખે."

પેલી બાળકી એટલા જોરથી દૂધ ચૂસવા લાગી હતી કે ગળામાં થોડું દૂધ વાગતાં ખાંસવા માંડી.

"ભૂતડી, મરી જઈશ! ધીમેથી ચૂસને! આય પેલા જેવી જ ભુખાળવી મૂઈ છે!"

પેલો છોકરો હવે ખાઈ રહ્યો હતો. તે હવે મોંએ કશું બોલી શકતો નહોતો, પણ કંઈક આભારભરી આંખે ઉર્સસ સામે જોઈ રહ્યો. હવે ઉર્સસ તેની ઉપર ઊખડ્યા: "કેમ, દુત્તા, ખાતો કેમ નથી?"

"પણ તમે? તમે શું ખાશો?"

"હરામખોર, ખાઈ જા, બધું; મારે જ ખાવા માટે પૂરતું નહોતું, તો તારા જેવા ભુખાળવાને તો પૂરતું કયાંથી થાય? ખાઈ જા કહું છું!"

પણ પેલો છોકરો ખાધા વિના બેસી રહ્યો.

"હરામજાદા, ખાય છે કે, તને અને તારી આ દેડકીને બંનેને બહાર ફેંકી દઉં? ખા અને લાંબો થઈને ઊંઘ. તારે શું બીજું કામ છે?"

આ ધમકી સાંભળી તરત પેલો છોકરો ખાવા મંડયો.

પેલી છોકરી પણ હવે ધરાઈ ગઈ.

ઉર્સસ બોલ્યો, "મા'ળી પીધેલી! હવે કશું ન પીવું જોઈએ એ બાબત બીજાઓને ઉપદેશ આપવા માંડ!"

પછી પેલા છોકરા સામે જોઈ તેણે બખાળા કાઢવા માંડયા: "સદ્ગૃહસ્થ પોતાની બાનુને લઈને રાતે ફરવા નીકળ્યા છે! હું આખો દિવસ મહેનત કરીને મરી ગયો, પણ કશું મને મળ્યું નહિ; પણ આ તો બારણું ઠોકતા પધાર્યા અને તેમને માટે ભોજન તૈયાર લાવો! રાજાજી જાણે તો તરત તને આમ અજાણ્યાં ઘરોનાં બારણાં ઠોકવાનું ભુલાવી દે! આ રાજ્ય તો ગૃહસ્થો માટે છે; રખડતા ભામટાઓ માટે નથી. હું ઘરબારી માણસ છું, એટલે મને રક્ષણ આપવાની રાજાની ફરજ છે. મારી ઝૂંપડી ઉપર આમ ધાડ પડે! અને તે પણ ઉઘાડપગા, ઉઘાડમથ્થા કંગલાઓની! જુઓને, મારા પરોણા તો જુઓ! એના શરીરમાં ને માથામાં બરફેય કેટલો બધો ભરેલો છે, તે ઓગળીને મારી કોટડીમાં પાણીનું પૂર આવ્યું છે. કેટલો ઢગલો કોલસા બાળીશ તોપણ એ ભેજ સુકાશે નહિ. અને કોલસાના તો એક માપિયાના બાર ફાર્ધિંગ બેસે છે, અને આ ગામમાં આજે દિવસે એક ફાર્ધિંગે કમાણી તો થઈ નથી! જુઓ તો ખરા, મારી વલે શી થઈ

છે ? હું ઇંગ્લૅંડના ગરીબોને ઉછેરવાનો, ધવરાવવાનો ધંધો લઈને બેઠો છું, શું ? ખિસ્સા-કાતરુ, ફાંસીગરા, ગંદા-ઘેલા તથા કોણ જાણે કઈ રાંડોની વેતરની વેજાઓ મારે માટે તૈયાર કરી મૂકી છે ! હું ફિલસૂફી ભણ્યો છું, તે આ કામ કરવા માટે ! છેલ્લાં ત્રીસ વર્ષથી આવા ને આવા મને ચૂસનારા મળ્યા ન હોત, તો હું તવંગર થઈ ગયો હોત; હોમો બાપડો જાડો થઈ ગયો હોત; તથા મારા દવાખાનામાં કેવી કેવી દવાઓ હોત અને કેવાં ઓજારો હોત. વળી સૂર્યમાંથી નીકળતી ધૂણીની મારી ગણતરીઓ હું ચાલુ રાખી શક્યો હોત, મોટી લાઇબ્રેરીમાં મારી જવર-અવર રહેત અને મારા જ્ઞાન-વિજ્ઞાનને હું રસ્તે-ચકલે આમ વટાવી ખાતો ન હોત. ગમાર લોકો મારા જ્ઞાનની શી કદર કરવાના હતા ? મને આ મૂરખ લોકોના ધાડિયાનો કંટાળો આવ્યો છે. તેમનામાં કશી અક્કલ જ ક્યાં છે ? એ તો સારું છે કે જિંદગી બહુ ટૂંકી છે. નહિ તો એ ગમારો વચ્ચે વરસો કાઢવાં પડે, તો કેવી આફત થઈ જાય ! જોકે આપણે જલદી આપઘાત કરીને મરી ન જઈએ તે માટે વચ્ચે વચ્ચે કુદરત થોડોક સુખનો સ્વાદ આપણને ચખાડતી રહે છે. પણ અલ્યા ચોર, તું વાળુ પૂરું કરી રહ્યો કેમ ?"

દરમ્યાન પેલી બાળકી ધરાઈને હવે ઘેનમાં આવતાં આંખો મીંચવા લાગી હતી. ઉર્સસે ઊઠીને હવે એક રીંછનું સુંવાળું ચામડું કાઢ્યું અને તે છોકરીને તેમાં વીંટીને અગ્નિનો તાપ આવે એ રીતે સુવાડી. પછી તેણે દૂધના વાસણમાં નજર કરી તો તેમાં ઠીક ઠીક દૂધ હજુ બાકી હતું. તે એ વાસણ ઉપાડી મોંએ માંડવા જતો હતો, તેવામાં તેની નજર પેલી છોકરી ઉપર પડી. એટલે તેણે તરત શીશી ખોલી નાખી અને તેમાં જ એ બાકીનું દૂધ ભરી દીધું.

તેણે માત્ર પાણી જ પી લીધું. પેલા છોકરાને પણ આપ્યું. પછી તેણે છોકરાને ધમકાવીને કહ્યું, "જો હરામજાદા, મોં માત્ર ખાવા માટે નથી, વાતો કરવા માટે પણ છે. તો બોલ, તું ક્યાંથી આવ્યો ?"

"મને ખબર નથી."

"તને ખબર નથી, તો શું મને ખબર છે, બદમાશ ?"

"મને આજે સાંજે દરિયાકિનારે તે લોકો છોડીને ચાલ્યા ગયા."

"તો જેનાં સગાંવહાલાં એકલો મૂકીને ચાલ્યાં જાય, તે અવ્વલ નંબરનો બદમાશ હોવો જોઈએ."

"મારે સગાંવહાલાં નથી."

"હરામખોર, મને ખોટી વાત કરનારા ઉપર ચીડ છે. તારે સગાંવહાલાં નથી, તો તારી આ સણીજી બહેન ક્યાંથી આવી ?"

"એ મારી બહેન નથી."

"તારી બહેન નથી તો કોની છે, મારી ?"

"મને તો એ જડી હતી."

"જડી હતી ? એટલે કે તું તેને રસ્તામાંથી ઉપાડી લાવ્યો ?"

"હા."

"જો બદમાશ, સાચું કહી દે, તું કોની છોકરી ઉપાડી લાવ્યો છે ? હું તારું ખૂન કરી નાખીશ ! નાનાં છોકરાં એ કંઈ રસ્તામાં ખાબોચિયામાં જનમતાં નથી કે ઝાડ ઉપર ઊગતાં નથી."

"રસ્તામાં એક બાઈ બરફમાં મરી ગઈ હતી. તેની છાતી ઉપર આ પડેલી હતી અને રડતી હતી, એટલે."

"ક્યાં ?"

"અહીંથી એક ગાઉ દૂર હશે."

"બાઈ મરી ગઈ ? તો છૂટી બાપડી. પણ ક્યાં આગળ મરી ગઈ છે ?"

"દરિયા તરફ."

"તો તું પુલ ઓળંગીને આવ્યો છે ?"

"હા."

ઉર્સસે તરત પાછલી બારી ઉઘાડી. ચોમેર હજી બરફ પડતો હતો. તેણે બારી ઝટપટ બંધ કરી દીધી.

તેણે હવે પેલું રીંછનું ચામડું પહોળું કર્યું અને તેને પેટી ઉપર બિછાવી તેમાં છોકરીને સુવાડી. પછી પેલા છોકરાને પણ તેમાં સુવાડી. એ ચામડું બંને ઉપર ભેગું જ વીંટાળી દીધું અને એની આસપાસ કપડાનો એક પાટો તાણી બાંધ્યો, જેથી એ ચામડાના છેડા ખુલ્લા ન થઈ જાય. પછી તેણે છત ઉપરથી લટકતું ફાનસ ઉતાર્યું અને તેને સળગાવ્યું. ત્યાર બાદ તેણે બારણું ઉઘાડી પેલા છોકરાને કહ્યું, "હું બહાર જાઉં છું, થોડી વારમાં પાછો આવીશ. બીશ નહિ. ઊંઘી જજે."

આટલું કહી પગથિયાં નમાવી તેણે બૂમ પાડી, "હોમો!"

એક હળવો ઘુરકાટ જવાબમાં સંભળાયો. ઉર્સસ ફાનસ સાથે બહાર નીકળ્યો અને બારણું બંધ કરી દીધું.

પછી બહાર ઊભીને ઉર્સસે પેલા છોકરાને કહ્યું, "જો અલ્યા, તેં તો વાળુ કર્યું છે. પેલી છોકરી જો રડે તો દૂધની શીશી તેના મોંમાં ધરી દેજે, સમજ્યો?"

ત્યાર બાદ સાંકળ છોડવાનો અવાજ સંભળાયો. અને માણસ તથા વરુ ક્યાંક દૂર ચાલ્યા ગયા હોય એમ એમનાં પગલાંના અવાજ ઉપરથી લાગ્યું.

બંને છોકરાં ઘસઘસાટ ઊંઘી ગયાં.

૨

સવાર થઈ. દીવતા હજુ પૂરેપૂરો ઓલવાઈ નહોતો રહ્યો. છોકરી ઘસઘસાટ ઊંઘતી હતી. પણ છોકરો તો તેનો સંરક્ષક નિમાયો હોઈ, તે ભાન ભૂલીને ઊંઘી ન શકે ઉપરની ખુલ્લી થયેલી અને કાગળ ચોંટાડેલી તખતીમાંથી અજવાળું અંદર આવ્યું, એટલે તેણે આંખો ઉઘાડી. તેને એકદમ તો ખબર ન પડી કે પોતે ક્યાં છે. તે આસપાસ નજર કરવા લાગ્યો.

એટલામાં બહારથી તાળું ખૂલવાનો અવાજ આવ્યો.

બારણું ઊઘડયું અને પગથિયાં મિજાગરાં ઉપર ઘૂમી નીચે ઊતર્યાં. ઉર્સસ અંદર આવ્યો. તેણે ફાનસ ઓલવી નાખ્યું. ત્યાર બાદ તીણા નહોર એ પગથિયાં ઉપર પડતા હોય એવો અવાજ આવ્યો. હોમો પણ ઉર્સસની પાછળ અંદર દાખલ થયો હતો.

પેલો છોકરો છળી ઊઠચો. વરુને અંદર આવેલું જોઈ, પેલા રીંછના ચામડામાંથી ઝટપટ બહાર નીકળી તે પાસે ઊભો રહ્યો.

ઉર્સસ ફાનસને છતમાંની ખીંટી ઉપર ભરવતો હતો. તેણે ઓજારોવાળો કમરપટ્ટો છોડયો અને અભરાઈ ઉપર મૂકયો. તે ગણગણ્યો : "સુખી થઈ, બાપડી; મરી જ ગઈ છે!"

પછી તેણે થોડા કોલસા સગડીમાં સેરવ્યા અને પાસે બેસીને બોલ્યો: "બિચારી બરફમાં બે ફૂટ ઊંડે દટાઈ ગઈ હતી. તેને શોધતાં બહુ ફાંફાં મારવા પડયાં. પણ હોમો હતો એટલે તેણે તરત તેને સૂંઘી કાઢી. તે કેટલી બધી ટાઢી પડી ગઈ હતી ? તેના હાથને હું અડચો તો જાણે નર્યો પથ્થર. પાછળ એક બાળક મૂકીને મરી જવું, એ કેવી મૂર્ખાઈ કહેવાય ! એકદમ હું કેટલો મોટો કુટુંબી બની ગયો ! એક રાતમાં છોકરો અને છોકરી ! બાપ રે ! આવાં જોડકાં ને જોડકાં મને મળતાં જાય, તો તો મારે આખું ગામ વસવા જોઈએ ! આ પેટીમાં તે હું કેવી રીતે સૌનો સમાવેશ કરી શકવાનો હતો ?"

દરમ્યાન હોમો પથારી પાસે જઈને પેલી બાળકીના બહાર લટકતા હાથને ચાટવા લાગ્યો હતો. તે એટલે ધીમેથી ચાટતો હતો કે બાળકી ઊંઘમાંથી જાગી પણ નહિ.

ઉર્સસે પોતાનું મોં તે તરફ ફેરવ્યું.

"ઠીક, ઠીક, હોમો, આપણે તેને સ્વીકારી લેવાની છે, એમ ને ? હું તેનો પિતા થઈશ અને તું તેનો કાકો થજે !"

પછી તે દેવતા સંકોરતાં બોલ્યો : "ચાલો, દત્તક લઈ લીધાં. હોમો તેમને સ્વીકારવા તૈયાર છે, પછી મારે શું ?"

પછી તે ઊભો થયો.

"મારે જાણવું છે કે, આ બાઈના મોત માટે કોણ જવાબદાર છે. માણસો ? કે . . ."

તેણે આંખ ઊંચી કરી અને પૂછ્યું, "કે પછી તું ?"

પણ પછી આંખ નીચી કરીને તે ગણગણ્યો : "રાતના અંધારાએ જ તે સ્ત્રીને મારી નાખવાની મહેરબાની કરી છે."

અજવાળું થઈ ગયું હતું. તેની નજર અચાનક પેલા છોકરા ઉપર પડી. તેણે તરત જ તેને ધમકાવીને પૂછ્યું, "તું શાની સામે જોઈને હસે છે, અલ્યા ?"

"હું હસતો નથી."

ઉર્સસ એકદમ ચોંક્યો. તેણે પોતાના બંને હાથ તેના ખભા ઉપર ગોઠવ્યા અને તેના મોં સામે જોઈને પાછું ધમકાવીને કહ્યું, "હસતો બંધ થા, કહું છું !"

"હું હસતો નથી."

ઉર્સસ પગથી માથા સુધી કંપી ઊઠયો.

"તું હસે છે, હું કહું છું."

પછી પેલા છોકરાને જંગલીપણે હચમચાવી મૂકી તેણે પૂછ્યું : "આ તને કોણે કર્યું ?"

"તમે શું પૂછો છો ?"

'તારા મોં ઉપર આ હસવાનું કેટલા દિવસથી કોતરેલું છે ?"

"તમે શું પૂછો છો ? હું તો હંમેશાં આવો જ છું."

ઉર્સસ વિચારમાં પડીને બોલ્યો, "હું તો એમ માનતો હતો કે, હવે આ રીત બંધ થઈ છે."

પછી તેણે પેટી ઉપર પેલી છોકરીના ઓશીકા તળે ગોઠવેલી ચોપડી હાથમાં લીધી અને તેનાં પાન ફેરવવા માંડ્યાં. તે ચોપડી છૂટાં પાન બાંધીને બનાવેલી હતી. એક પાન આગળ થોભી તે ગણગણ્યો :

"આ રહ્યું. બરાબર એ જ છે." પછી તેણે એ ચોપડી



ચડાણવાળા ... રસ્તા આવતા, ત્યારે માણસ પણ પટો ખભે ભેરવી વરુ સાથે ખેંચવા લાગતો.

ગ્વિનપ્લેઈન અને ડિયા સાથે ઉર્સસ પોતાની કોટડી-ગાડીમાં.

અભરાઈ ઉપર પાછી મૂકતાં કહ્યું, "આ એવો બનાવ છે, જેની તપાસ હવે કોઈને લાભદાયક થાય તેમ નથી. આપણે ઊંડા ઊતરવું નથી. સપાટી ઉપર જ રહેવું સારું. હસ્યા કર ત્યારે, બેટમજી!"

એટલામાં પેલી છોકરી જાગી. નાના બાળકનું સવારે જાગવું એટલે રડવું.

"ચાલ, નર્સ, હવે તેને ધવરાવવા માંડ," એમ કહી ઉર્સસે અભરાઈ ઉપરથી પેલી દૂધની શીશી ઉતારી અને તેના મોં આગળ ધરી.

તે જ વખતે સૂરજ ઊગ્યો. એક તખ્તીમાં થઈ તેનાં કિરણો આ કોટડીમાં પેઠાં. એક કિરણ સીધું આ નાની બાળકીના મોં ઉપર પડ્યું. એ છોકરી તે તરફ મોં લઈ ગઈ. તેના બંને ડોળા સૂર્ય સામે બે અરીસાની જેમ તગતગી રહ્યા. એ ડોળા સ્થિર હતા.

"વાહ છોકરી આંધળી છે," ઉર્સસ બોલી ઊઠ્યો.

ખંડ બીજો

રાજાજીના હુકમથી

૧

લોર્ડ કલેન્ચાર્લી

૧

બેરન લિનિયસ કલેન્ચાર્લી ક્રોમવેલનો સમકાલીન હતો; અને જે ગણ્યાગાંઠ્યા ઉમરાવો પ્રજાતંત્રમાં જોડાયા હતા, તેઓમાંનો એક હતો. જ્યાં સુધી પ્રજાતંત્રની બોલબાલા રહી, ત્યાં સુધી તે પ્રજાતંત્રના પક્ષમાં રહે, એ તદ્દન સ્વાભાવિક વાત કહેવાય; પરંતુ ક્રાન્તિ પતી ગઈ અને પાર્લમેન્ટરી તંત્રનું પતન થયું, તોપણ લોર્ડ કલેન્ચાર્લી એ જ પક્ષને વળગી રહ્યો, એ કેવળ તેનું અડપણું જ ગણાય.

એ ઉમરાવ નવી રચાયેલી ઉમરાવોની સભામાં પાછો જોડાવા આવ્યો હોત, તો તેને તરત પાછો સ્વીકારવામાં આવ્યો હોત. કારણ કે રાજાશાહીની પુનઃસ્થાપના વખતે પસ્તાયેલા લોકો ઉપર હંમેશ મહેરબાની દાખવવામાં આવે છે. અને રાજા ચાર્લ્સ-૨ તો ખાસ કરીને પોતાની પાસે આવનારાઓ પ્રત્યે ક્ષમાભાવ દાખવતો.

પરંતુ ઇંગ્લેંડના લોકો જ્યારે રાજાને સ્વાગતના પોકારોથી બહેરો કરી નાખતા હતા, અને ફરીથી ઇંગ્લેંડનો કબજો સ્વીકારવાની મહેરબાની દાખવવા બદલ તેને લળી લળીને વંદન કરતા હતા. ત્યારે લોર્ડ કલેન્ચાર્લી પાછો રાજ્યનો ઉમરાવ બનવાને બદલે બહારવટિયો બની રાજીખુશીથી દેશનિકાલ થઈ ગયો !

આમ ને આમ વરસો વીતી ગયાં; અને મૃત પ્રજાતંત્ર પ્રત્યેની વફાદારીમાં તે ઘરડો થઈ ગયો. તે સ્વિટ્ઝર્લેન્ડ ચાલ્યો ગયો હતો; અને જિનીવા સરોવરને કિનારે એક વિશાળ ખંડેર જેવા મકાનમાં રહેતો હતો. તેની આસપાસ કઠોર આલ્પ્સ પર્વતના અડીખમ ટેકરાઓ સિવાય બીજું કાંઈ ન હતું.

ઈંગ્લેંડમાં દરેક જણ માનતું અને કહેતું કે, લૉર્ડ ક્લેન્ચાલીનું માથું ખાલી હતું: તેને વિચારવંત શી રીતે કહી શકાય ?

નહિ તો, સહેજે પોતાની મબલખ જાગીરો અને વિશાળ મહેલોનો ભોગવટો છોડીને, આવા બિહામણા પહાડો વચ્ચે સાપોલિયાની પેઠે ભરાઈ રહેવું, એમાં શી કૃતાર્થતા છે ભલા !

અને ભવિતવ્યતા કરતાં તમે વધુ ડાહ્યા છો ? સંજોગોથી અમુક ઘટના નિશ્ચિત થઈ ગઈ, એક સરકારને બદલે બીજી સરકાર આવી ગઈ, તથા સફળતાની ચાળણીમાં ખોટામાંથી સાચું ચળાઈ ગયું, —એ બાબતની કશી શંકા જેવું જ ન રહ્યું—તો પછી કોઈ પણ પ્રામાણિક માણસે જીતનારા પક્ષને સ્વીકારી લેવા જેટલું ડહાપણ ન દાખવવું જોઈએ ? પોતાના અને પોતાના કુટુંબના હિત સામું જોઈને નહિ, તો જાહેર હિત સામે જોઈનેય વિજેતાના પક્ષમાં જ પોતાની પિપૂડી ન ફૂંકવી જોઈએ ?

અને સૌ કોઈ વફાદારીથી સેવા બજાવવા કબૂલ ન થાય, તો રાજ્યનું થાય શું ? બધું થંભીને ઊભું રહે, એમ ? દરેક નાગરિકે પોતાનું સ્થાન જાળવી રાખવું, એ તેની ફરજ નથી ? અને તે માટે તેણે પોતાના નાનામોટા રાગદ્વેષોનું બલિદાન આપતાં શીખવું ન જોઈએ ? જાહેર પદો ખાલી ન જ રહેવાં જોઈએ. જાહેર અધિકારીઓ રાજીનામાં આપે, એ તો રાજ્યતંત્રને સ્થગિત કરી દેવા બરાબર થઈ રહે.

અને આમ જાતે દેશનિકાલ થવું, એમાં વખાણવા લાયક વળી શું છે ? તમારા વર્તનને તમે દૃષ્ટાંતરૂપ બનાવવા માગો છો ? શો ઘમંડ ! એને પડકાર રૂપે રજૂ કરવા માગો છો ? શી ધૃષ્ટતા ! તમારી જાતને તમે કેવીક અગત્યની વસ્તુ માની લીધી છે ? જાણી લો મહેરબાન, કે અમે પણ તમારા જેવા જ માણસો છીએ. અમે આમ રાજ્યતંત્રમાંથી ફારેગ થવામાં માનતા નથી; અમે પણ ઉદ્દંડ બનવા માગીએ, તો તમારા કરતાંય વધુ ખરાબ ચીજો કરી શકીએ છીએ. પરંતુ અમે શાણા સમજણા માણસોની જેમ વર્તવા માગીએ છીએ !

ડમાં વફાદારીની ભાવના પુનઃસ્થાપિત થવા લાગી હતી, અને ળવાખોરીની ભાવના ક્યારની મરી પરવારી હતી. સારા દાર પ્રજાજનો બનવું, એ જ હવેથી પ્રજાજનોની એકમાત્ર ાકાંક્ષા હોઈ શકે એમ મનાવા લાગ્યું હતું. રાજકારણમાં પડવાની ખામીમાંથી લોકો હવે જાગ્યા હતા. 'હક', 'સ્વતંત્રતા' અને 'પ્રગતિ' શબ્દોની હવે ઠેકડી ઊડવા લાગી હતી. દરેક જણને હકો હોય, . બધાનું શું થઈને રહે? દરેક જણ રાજ્ય ચલાવવા બેસે, તો શું થાય તે તો કલ્પો! અને કહેવાતી આ સ્વતંત્રતાનો જુલમ વિચારો! મ રું કામ મજા કરવાનું છે, રાજ્ય ચલાવવાનું નહિ! હ આપવાની પંચાત વળી શું કામ જોઈએ? – તેના કરતાં નાચવા જવું એ શું ખોટું? રાજા પોતાને માથે બધી જવાબદારી અને જો ઉઠાવવા માગતા હોય, તો પછી એ વાતને તો ઈશ્વરના વરદાન માની વધાવી જ લેવી જોઈએ ને?

રાજા આપણે માટે આવી મોટી તકલીફ સ્વીકારવા તત્પર થાય, એ એમની ભલમનસાઈ જ ગણાય વળી. પણ રાજાને તો એ કામ [redacted] છે તે મોટા કરવામાં આવે છે, અને પોતાનું કામ તે બરાબર જાણતા હોય છે. અલબત્ત, લોકોએ એ માટે એમને કરવેરા ભરવા પડે, તથા તેના લશ્કરમાં ભરતી થવું પડે. પણ લોકો માટે એટલું જ બસ નથી? પછી વધારામાં રાજ્ય ચલાવવાની પંચાત શાને જોઈએ? પ્રજા લોહી આપે અને પૈસા આપે: બદલામાં તેમને દોરવણી મળે! પોતે પોતાને દોરવા પ્રયત્ન કરવો કે તેવી હોંસ રાખવી, એ તે કેવો અર્થહીન ખ્યાલ છે? દરેકને ભોમિયો—માર્ગદર્શક તો જોઈએ જ. પ્રજા તો અજ્ઞાન હોઈને આંધળી ગણાય. આંધળા માણસને પોતાને દોરવા કૂતરો જ નથી રાખવો પડતો? તેમ પ્રજા પોતાને દોરવા સિંહ રાખે — અર્થાત્ રાજા. અને પ્રજા અજ્ઞાન શાથી કહેવાય? કારણ કે પ્રજા તો અજ્ઞાન જ હોય! અને અજ્ઞાન તો સદ્‌ગુણોનું સંરક્ષક છે જે વાંચે, તે વિચારે; અને જે વિચારે તે તર્ક કરે; અને તર્ક ક

એટલે બધું ખલાસ! પછી તેને મહત્ત્વાકાંક્ષા વળગે, લોભ વળગે, અને બીજું શું શું ન વળગે? તેવા માણસને પછી સુખ ક્યાંથી? શાંતિ ક્યાંથી?

બીજી બાજુ જુઓ! દેશમાં રાજા પાછો આવ્યો, એટલે સાહિત્ય આવ્યું, કળા આવી, વૈભવ આવ્યો, મોજશોખ આવ્યા. આવા આવા લાભો માણવાને બદલે, અને તે બદલ રાજા ચાર્લ્સ-બીજાનો આભાર માનવાને બદલે, પોતાના દેશના સુખની જ જાણે ઈર્ષ્યા કરી, પરદેશ દુઃખી થઈને પડ્યા રહેવું, એ તો લૉર્ડ ક્લૅનચાર્લી જેવા પાગલને જ સૂઝે.

અલબત્ત ૧૬૫૦માં પાર્લમેન્ટે સોગંદ લેવરાવ્યા હતા કે, "હું પ્રજાતંત્રને વફાદાર રહીશ; તે પ્રજાતંત્રમાં રાજા નહિ હોય, કોઈ સર્વસત્તાધીશ નહિ હોય, કોઈ લૉર્ડ નહિ હોય." પણ ર... બેહૂદા અને ભયંકર સોગંદને વળગી રહેવું, એ તો કમઅક્કલ... પરાકાષ્ઠા જ નહિ તો બીજું શું?

અને લૉર્ડ ક્લૅન્ચાર્લી પોતાના ઉમરાવ-પક્ષને—ઉમરાવશાહીને, પોતાની જાતને તજી જનારો દ્રોહી ન કહેવાય? એ ... રાજાને વફાદાર બન્યો હતો, ત્યારે આ માણસ નબળા ... પક્ષ ... રહેવા માગતો હતો. તો પછી ઉમરાવ પક્ષ પણ તેને લા... પક્ષને તજી ન દે તો બીજું શું કરે?

૨

રાજા ચાર્લ્સ-બીજાના વખતમાં ક્લૅન્ચાર્લી તરફ ખાસ ધ્યાન આપવામાં ન આવ્યું. પણ રાજા જેમ્સ-૨ વધુ કડક માણસ હતો. તેણે ક્રાન્તિના વખતના અવશેષોની નાબૂદીનું કામ આરંભ્યું. તેને કાર્યદક્ષ રાજા થવાનો અભળખો હતો. ચાર્લ્સ-પહેલાની હત્યા કરનારાઓમાંથી દશ જણાને જ ફાંસીએ ચડાવવામાં આવ્યા હતા, એ વસ્તુ તેને ખૂંચતી હતી. તેણે જેફ્રેયૂઝને ન્યાયનું કામ સોંપ્યું અને

મૅટુટિના જહાજના રસોડામાં: કબૂલાતનામું લખાય છે; રસોઈયાના હાથમાં હર્દંકેનોની ભંભલી છે.

જીનીવા સરોવર ઉપર એકલવાયો કલૅન્ચાર્લી.

કર્કને તરવારનું કામ. લેડી લાયલનો પુત્ર મૉનમથની સામે લડવા ગયો હતો; છતાં તેણે બે બળવાખોરોને પોતાના ઘરમાં સંતાડ્યા હતા, એટલે તેને દેહાંતદંડની સજા કરવામાં આવી. બીજા બળવાખોરે પોતાને જે બાઈએ આશરો આપ્યો હતો તેનું નામ સચ્ચાઈભેર અને માનભેર જાહેર કરી દીધું, એટલે તેને માફી બક્ષવામાં આવી; પણ પેલી બાઈને જીવતી સળગાવી મૂકવામાં આવી. કર્કે એક શહેરના ૧૯ નાગરિકોને ફાંસીએ એટલા માટે લટકાવ્યા કે, તે શહેર પ્રજાતંત્રવાદી હતું એની પોતાને જાણ છે, એવી તે શહેરને જાણ થાય!

એટલે જેમ્સ-૨ જેવો રાજા લૉર્ડ લિનિયસ ક્લૅન્ચાર્લી જેવા બળવાખોરને કંઈક લક્ષમાં ન લે, એ કેમ બની શકે?

લૉર્ડ લિનિયસ ક્લૅન્ચાર્લીને પણ એક વખત જુવાની હતી; અને જુવાની હતી એટલે પ્રેમિકા હતી. તે પ્રેમિકાને પુત્ર પણ જન્મ્યો હતો. પિતા દેશનિકાલ થયા તે અરસામાં જ પુત્ર ઇંગ્લૅન્ડમાં જન્મ્યો હોઈ, તેણે પિતાને નજરે કદી જોયા ન હતા. એ પુત્ર રાજા ચાર્લ્સ બીજાના દરબારમાં હજૂરિયા તરીકે મોટો થયો હતો. તે લૉર્ડ ડૅવિડ ડિરી-મોઈરિ નામે ઓળખાતો. તેને માત્ર કહેવા ખાતર લૉર્ડ કહેતા; કારણ કે તેની મા કંઈક ખાનદાન કુળની હતી. લૉર્ડ ક્લૅન્ચાર્લી સ્વિટ્ઝર્લૅન્ડમાં ઘુવડનો અવતાર ભોગવી રહ્યો હતો, તે અરસામાં એ પ્રેમિકા સુંદર હોવાથી રાજા ચાર્લ્સ બીજાની પ્રેમિકા બની ગઈ.

રાજાએ પોતાની પ્રેમિકાના પુત્રને 'કીપર ઑફ ધિ સ્ટીક' પોતાની લાકડી સાચવનાર અધિકારી બનાવ્યો. અર્થાત્ હવે તેને રાજાને ખર્ચે રહેવાનું-ખાવાનું મળવા લાગ્યું. એવા એકસો સિત્તેર જણા હતા, અને તેમને પહોળી તરવાર ધારણ કરવાનો હક હતો. પછી તેને સોનેરી ફરસી-ભાલો ધારણ કરનાર ચાલીસમાંનો એક બનાવવામાં આવ્યો: અર્થાત્ રાજાનો સંરક્ષક. તે ઉપરાંત તેને રાજાજીના ભોજનટેબલ પર ડિશો ગોઠવવાનો અધિકાર પણ મળ્યો.

ચાર્લ્સ બીજા પછી જેમ્સ બીજાના અમલમાં પણ તે આગળ વધવા માંડયા.

રાજા ગાદીએ આવ્યો તે અરસામાં તેની મા મરી ગઈ, એટલે માતાની જાગીર ઉપરથી તેને લોર્ડ ડેવિડ ડિરી-મૉઈરિ નામે ઓળખાવાની પરવાનગી મળી.

રાજા જેમ્સ-૨ રાજા હતો, છતાં સેનાપતિ દેખાવાનો તેને શોખ હતો. એટલે જાહેરમાં તે બખતર પહેરી ઘોડેસવારી કરીને જ નીકળતો, અને આસપાસ જુવાન અફસરો રાખતો. તેને જુવાન લોર્ડ ડેવિડનો દેખાવ ગમી ગયો, એટલે તેણે તેને હજાર પાઉંડના પગારે પોતાના શયનગૃહનો અફસર બનાવ્યો.

એ પદ બહુ સારું કહેવાય. તેને રાજાજીની નજીકમાં જ રોજ રાતે ખાસ પથારીમાં સૂઈ રહેવું પડે. તેવા બાર અફસરો હોય, જે વારાફરતી એ સેવા બજાવે.

લૉર્ડ ડેવિડ હવે રાજાજીના કોઠારનો અધ્યક્ષ પણ બન્યો – અર્થાત્ ઘોડાઓને ઓટ-અનાજ કાઢી આપવાનું કામ પણ તેને સંભાળવાનું મળ્યું; પગાર બસો સાઠ પાઉંડ વધુ. તેના હાથ નીચે રાજાજીના પાંચ કોચમૅન, રાજાજીની ઘોડાગાડી સાથે ઘોડા ઉપર બેસી દોડનારા પાંચ જણા; પાંચ ખાસદાર, બાર પદાતી, અને ચાર (રાજાની ખુરસી ઊંચકનાર) પોર્ટર હતા. ઉપરાંત રાજાજીના ઘોડદોડની શરતના છ ઘોડાની સંભાળ પણ તેને હસ્તક હતી. રાજા તે ઘોડાઓ પાછળ વરસે છસો પાઉન્ડ ખર્ચતો.

એ ઉપરાંત બીજી અનેક કામગીરીઓ — જેવી કે, રાજાજીનો પોશાક-ભંડાર સંભાળવો, રાજાજીએ આપેલા ભોજન-સમારંભો વખતે રાજાજીની પાછળ ઊભા રહેવું, પવિત્ર ગુરુવારે બાર ગરીબોને રાજાજી સમક્ષ હાજર કરવા જેમને રાજાજી તેમની ઉંમરને હિસાબે ચાંદીના પેન્સ આપે અને પોતાના રાજ્યકાળનાં વર્ષોને હિસાબે શિલિંગ આપે), રાજાજી બીમાર પડે ત્યારે દાનશાળામાંથી બે

પાદરીઓ બોલાવવા, અને કાઉન્સિલ ઑફ સ્ટેટ પરવાનગી આપે તે વૈદ્યને પાસે આવવા દેવા, તથા રૉયલ ગાર્ડની સ્કૉચ ટુકડીના લેફ્ટેનંટ કર્નલનો હોદ્દો વગેરે — પણ તેને મળી હતી.

એક વખત તો રાજાજીને ઝભ્ભો પહેરાવનારનું પદ તેને મળતું મળતું રહી ગયું. કારણ કે, એ પદ કોઈ પ્રિન્સ કે ઉમરાવને જ મળી શકે.

નવો ઉમરાવ બનાવવો, એ હંમેશાં ઈર્ષ્યાઓ ઊભી કરનાર વસ્તુ થઈ પડે છે. એ રાજાજીની કૃપા જ થઈ ગણાય છે; પણ એક જણ ઉપર કૃપા બતાવે એટલે સો જણ નારાજ થઈ જાય; અર્થાત્ એક મિત્ર મળે તેના બદલામાં સો શત્રુ ઊભા થાય. તેથી જેમ્સ-૨ હંમેશાં ઉમરાવપદ ઊભાં કરવાને બદલે, જૂનાં ઉમરાવપદની ફેર-બદલી કરવાનું વધુ પસંદ કરતો.

રાજાને લૉર્ડ ડેવિડ માટે એમ કરવાની તક જોઈતી હતી અને તે તેને તરત મળી ગઈ.

એક દિવસ ખબર આવ્યા કે લૉર્ડ લિનિયસ ક્લેન્ચાર્લી સ્વિટ્ઝર્લૅન્ડમાં મરી ગયો છે. જોકે, એવી વાત પણ સાથે સાથે આવી કે, લૉર્ડ ક્લેન્ચાર્લીએ છેવટના દિવસમાં એક રાજહત્યારાની જ પુત્રી એન બ્રેડશો સાથે લગ્ન કર્યું હતું. જોકે પુત્રને જન્મ આપતી વખતે તે પણ મરી ગઈ હતી. લગ્ન વખતે લૉર્ડ ક્લેન્ચાર્લીની ઉંમર ઓગણસાઠ વર્ષની હોય અને પુત્રના જન્મ વખતે સાઠ વર્ષની. લૉર્ડ ક્લેન્ચાર્લી પણ પુત્રના જન્મ પછી તરત જ ગુજરી ગયો એટલે પેલો છોકરો મા અને બાપ વિનાનો — અનાથ થઈ ગયો હતો. વાત કહેનાર એમ કહેતા હતા કે, એ છોકરો પરીકથાઓમાં આવે છે તેમ 'દિવસ જેવો રૂપાળો' હતો.

રાજા જેમ્સે આ બધી વાતોનો અંત એક દિવસ આણી દીધો : જાહેર કરવામાં આવ્યું કે, લૉર્ડ ડેવિડ ડિરી-મોઇરને લૉર્ડ

ક્લૅન્ચાર્લીના એકમાત્ર કાયદેસર વારસદાર, રાજાજીના હુકમથી ઠરાવવામાં આવે છે; લૉર્ડ ક્લૅન્ચાર્લીને બીજો કોઈ કાયદેસર હકદાર કે વારસદાર નથી, એમ પુરવાર થઈ ચૂક્યું છે. કાયદેસર ખતપત્રો કરીને લૉર્ડ ડેવિડ ડિરી-મોઈરને લૉર્ડ લિનિયસ ક્લૅન્ચાર્લીના બધા હક્કો અને અધિકારો બક્ષવામાં આવ્યા—પણ એક શરતે કે લૉર્ડ ડેવિડે ડચેસ જોસિયાના જ્યારે ઉંમરલાયક થાય ત્યારે તેની સાથે લગ્ન કરવું.

ડચેસ જોસિયાના તે વખતે થોડા મહિનાની ઉંમરનું બાળક હતી, અને રાજાજીએ કોઈ કારણે તેને પારણામાંથી જ ડચેસપદ બક્ષ્યું હતું. એનું કારણ બીજું કંઈ નહિ પણ તે રાજા જેમ્સ બીજાનું લગ્ન બહારનું સંતાન હતી, એ હતું.

રાજાજીએ આ નાનકડી ડચેસને જ ક્લૅન્ચાર્લીનું ઉમરાવપદ બક્ષ્યું હતું. પણ તે પદનો ઉમરાવ આવે ત્યારે એ પદ સંપૂર્ણ થાય. તેનો પતિ જ એ ઉમરાવ બની શકે. ઉપરાંત આ ક્લૅન્ચાર્લીના ઉમરાવપદ સાથે બે બરન-જાગીરો તથા સિસિલીના માર્કિવસનું પદ પણ જોડાયેલાં હતાં. આમ લૉર્ડ ક્લૅન્ચાર્લીની જાગીરો, કિલ્લાઓ, શહેરો, મહેસૂલ વગેરે બધું ટૂંક સમય માટે લેડી જોસિયાનાને મળ્યું; પરંતુ રાજાજીએ જાહેર કર્યું કે, જોસિયાના સાથે લગ્ન કર્યા બાદ લૉર્ડ ડેવિડ ડિરી-મોઈર બૅરન ક્લૅન્ચાર્લી બનશે.

ક્લૅન્ચાર્લીના વારસા ઉપરાંત લેડી જોસિયાનાને રાજા જેમ્સે બીજી પણ મિલકત આપી હતી. રાજા ચાર્લ્સ બીજાની બહેન હેન્રિયેટા, જે ફ્રાંસના રાજા લૂઈ ચૌદમાના નાના ભાઈ ડ્યૂક ઑફ ઑરલેઆંની પત્ની હતી, તેના તરફથી જેમ્સ-૨ જ્યારે ડચક ઑફ યૉર્ક હતો ત્યારે તેને તે મિલકત બક્ષિસ મળેલી હતી.

૩

ચાર્લ્સ અને જેમ્સ એ બે રાજાઓ બાદ, રાજા વિલિયમ હેઠળ પણ લૉર્ડ ડેવિડ એટલા જ રાજમાન્ય રહ્યા. તેમણે જેમ્સ બીજાને

દેશનિકાલ-અવસ્થામાં અનુસરવાનું યોગ્ય ન માન્યું ! તે રાજાને ચાહવાનું ચાલુ રાખવાની સાથે સાથે જ ગાદી પચાવી પાડનારની સેવા બજાવવાનું ડહાપણ પણ તેમનામાં હતું. તે મુલકી અફસર મટી દરિયાઈ દળોમાં જઈ પહોંચ્યા અને સફેદ-કાફલામાં તેમણે ઠીક ઠીક કામગીરી બજાવી. આમ, મોજશોખ, ભોગવિલાસ ઉપરાંત લડાયક કામગીરીમાં પણ એકીસાથે આગળ આવનાર આ જુવાન લૉર્ડ પિસ્તાલીસ વર્ષની ઉંમરે તો આગલી હરોળમાં આવી ગયો.

મા તરફથી તેને દશ હજાર પાઉંડની એટલે કે અઢી લાખ ફ્રાંકની વાર્ષિક આવક હતી. છતાં તે દેવું કર્યે જ જતો હતો. દરેક ફેશનની શરૂઆત તે જ કરતો. પણ બીજો કોઈ તેનું અનુકરણ કરવા માંડે એટલે તે તરત ફેશન બદલી નાખતો. તેના બૂટ, તેની હૅટ, તેની લેસ, તેના પટ્ટા બધું અનોખું જ હોતું.

૨

ડચેસ જોસિયાના

૧

ઈ. સ. ૧૭૦૫માં લેડી જોસિયાનાની ઉંમર તેવીસ વર્ષની થઈ હતી, અને લૉર્ડ ડેવિડની ચુંવાળીસ વર્ષની. છતાં તેમનું લગ્ન ઊજવાયું ન હતું. અને તે પણ સકારણ. શું તેઓ એકબીજાને ધિક્કારતાં હતાં ? ના રે ના. પણ જે વસ્તુ નક્કી જ છે, તેની ઉતાવળ શી ? જોસિયાનાને સ્વતંત્ર રહેવું ગમતું હતું; અને ડેવિડને જુવાન રહેવું ! બધાં બંધનોમાંથી બને તેટલો લાંબો સમય

મુક્ત રહેવું એ જુવાની લંબાવવાનો એક માર્ગ છે. છતાં એ બંને વચ્ચે અમુક જાતની પ્રેમચેષ્ટા ચાલ્યા કરતી. તેઓ એકબીજાને ચાહતાં ન હતાં, પણ એકબીજાને ગમતાં હતાં. એટલે એકબીજાને પડખે જાહેરમાં દેખાવું વગેરે ચાલ્યા કરતું; અને તેટલું તેમને બંનેને પૂરતું પણ થઈ પડતું હતું.

લૉર્ડ ડેવિડ સુંદર હતો એટલું જ નહિ પણ ખુશનુમા હતો: અર્થાત્ તે હોડ બકતો, બૉક્સિંગમાં ઊતરતો, અને દેવું કરતો. જોસિયાનાને તેના શરતી ઘોડા, શિકારી કૂતરાઓ, જુગારમાં હારેલી રકમો, પ્રેમિકાઓ એ બધું ગમતું. બીજી બાજુ લૉર્ડ ડેવિડ પણ ડચેસ જોસિયાના પર મુગ્ધ હતો. કારણ કે, તે ડાઘ વિનાની કુંવારિકા હતી; નીતિધર્મની કશી મર્યાદા કે દખલમાં માનતી ન હતી; છતાં તુમાખીભરી હતી, અગમ્ય હતી, અને અધૃષ્ય હતી.

જોસિયાનાનો દેહ સુંદર હતો, ઘાટીલો હતો, મોહક હતો. તેના ચહેરાની લાલી અને તાજગી તથા તેના શરીરની પુષ્ટિ અનુપમ હતાં. તેને પ્રેમીઓ ન હતા; તેમ જ તે નિર્દોષ પણ નહોતી. માનવી? – ધત્; માનવી વળી તેની પાસે શી રીતે આવી શકે? તેની પાસે તો કોઈ દેવ હોય તો આવી શકે, કે અમાનુષી પ્રાણી! તે અમાનુષી પ્રાણી ભલે પછી માણસ હોય! પણ દેખાવમાં કે કૃત્યમાં તે અમાનુષી હોવો જોઈએ!

તે કશા કાવાદાવામાં ઊતરતી નહિ; પણ તેને લાયક – તેને છાજે તેવા કાવાદાવા – ભલે પછી તે પ્રેમના પણ હોય – તેના ઉપર આરોપાય તેનો તેને વાંધો ન હતો. તેને સુખ્યાતિની સહેજે નહોતી પડી; તે નામનાની ભૂખી હતી. અને સુગમ્ય દેખાવું અને છતાં અગમ્યા હોવું, એના જેવી નામના ઊભી કરનાર વસ્તુ બીજી કઈ હોઈ શકે? એટલે તે હંમેશાં પોતાના દેહસૌંદર્યથી પુરુષોના હૃદય ઉપર જાણી-બૂજીને આક્રમણ કર્યા કરતી. તે પૂરેપૂરી ભૌતિક હતી; અને છતાં

આ લોકના કોઈના બંધનમાં ન આવીને અલૌકિક રહેવા ઇચ્છતી હતી.

સ્ત્રીના હૃદયમાં દયાળુતા હોય છે, કે જે ઝટ માયાળુતામાં અને છેવટે પ્રેમમાં પરિણમે છે. જાસિયાનામાં તે ચીજ ધરમૂળથી નહોતી. પણ તેથી તે પથ્થર જેવી દેખાવા માગતી ન હતી. બધી લાગણીઓથી સભર હોય એવી દેખાવા તે પ્રયત્ન કરતી. અને છતાં કોઈ લાગણી મારફતે તેને પકડી શકાય તેમ નહોતું.

સુંદર સ્ત્રીને પોતાની નગ્ન સુંદરતા દેખાડવાનો હક છે. અને જોસિયાના પોતાના નગ્ન સૌંદર્યને પુરુષોને પીડવા માટે વાપરી જાણતી. કોઈ કામના તેની નજીક ઢૂંકતી નહિ, અને છતાં બધી કામનાઓનો સ્વાદ તેણે કરી જોયો હતો. પોતાના અધઃપતનની યોજના તે પોતાને છેડેથી શરૂ થવા દેતી અને છતાં છેવટે તેમાંથી અચૂક નીકળી જતી. એવી તે લીલામયી હતી.

૨

પત્ની થયા પછી તેને નિયંત્રણમાં રહેવું પડે — અંગ્રેજ શિષ્ટાચાર એમ ફરમાવતો. એટલે લૉર્ડ ડેવિડને રાજાની આજ્ઞાથી તે સ્વીકારતી અને છતાં દૂર રાખતી. તે બંને વચ્ચે વગર લખેલા કરાર જ હતા કે, સંબંધનો વિચ્છેદ પણ ન કરવો, તેમ જ પૂરેપૂરો જોડાવા પણ ન દેવો. એક પગલું આગળ ભરવું અને બે પગલાં પાછળ હઠવું – એવા નૃત્યની રીતે જ જાણે!

એક દસ્તાવેજ લખનારો પામર પુરુષ એક સ્ત્રીને પુરુષના હાથમાં સર્વ સત્તા સાથે સોંપી દે, એવી પોતાની જાતને હલકી શેં બનાવી દેવાય? લગ્નબંધન પોતે જ એવી સ્થૂળ ચીજ છે કે, પછી સ્ત્રીની બધી ખાસ બાબતોનો અંત આવી જાયઃ પસંદગીનો, ઇચ્છાનો, અંતઃસ્ફુરણાનો, મોહકતાનો, સ્વતંત્રતાનો! પછી તો એક જ માલિકનું ઘર અને પથારી નિષ્કલંક રાખવાં – એવી ગુલામી જીવનભર ઉઠાવ્યા કરવી પડે!

લૉર્ડ ડેવિડ પુખ્ત બનતો જતો હતો. પરંતુ તે હજુ પોતાની જાતને જુવાન જ જોતો હતો અને માનતો હતો. જોસિયાનાનો કબજો મેળવવો તેના કરતાં તેની ઇચ્છા રાખ્યા કરવી, એ વસ્તુ તેને વધુ આકર્ષક–રસિક લાગતી હતી.

જોસિયાનાને અશક્ય ગણાતી વસ્તુઓ કરી બતાવવાની જ જાણે ઘેલછા હતી. પોશાકની બાબતમાં પણ તે ભવ્યમાં ભવ્ય પોશાકથી માંડીને પુરુષોનો ચુસ્ત પોશાક પહેરવા સુધી જતી હતી. અને તે વખતે સ્ત્રીઓ માટે એક બાજુ બંને પગ લટકતા રાખીને ઘોડા ઉપર બેસવાનું જીન શોધાયું હોવા છતાં, જોસિયાના તો પુરુષની પેઠે જ બંને બાજુ એક એક પગ રાખીને જ ઘોડેસવારી કરતી.

લૉર્ડ ડેવિડ પણ લંડનના લીલા-જીવનમાં અગત્યનું સ્થાન ભોગવતો હતો બધો ઉમરાવવર્ગ તે બાબતમાં તેની આગેવાની સ્વીકારતો. કોઈ ક્લબ એવી નહોતી, જેનો એ આગેવાન ન હોય. તથા એકે બૉક્સિંગની મૅચ એવી ન રમાય, જેમાં 'રીફરી' કે 'અમ્પાયર' તરીકે તેને પસંદ કરવામાં આવ્યો ન હોય.

જુદી જુદી ઊંચી ક્લબોનાં બંધારણ તે જ ઘડતો. તેણે પોતે કેટલાંય એવાં આનંદપ્રમોદનાં શિષ્ટ ગણાતાં સ્થાનો સ્થાપ્યાં હતાં. જેમ કે, 'લેડી ગીની' નામની ક્લબ: તેમાં જુવાન ઉમરાવો ટોળે મળતા; ત્યાં માત્ર જુગાર જ રમાતો,–પરંતુ નાનામાં નાની હોડ પચાસ ગીનીની થપ્પીથી જ બકાતી, અને એકસાથે વીસ હજાર ગીનીઓ ટેબલ ઉપર મંડાતી. દરેક ખેલાડીની પાસે એક નાનું ગોળ ટેબલ મુકાતું, તેના ઉપર ચાનો પ્યાલો હોતો અને સોનેરી રંગકામવાળું લાકડાનું ટંબલર–જેમાં ગીનીઓની થપ્પીઓ રહેતી.

તે પોતે જોકે દેખાવડો હતો છતાં 'અગ્લી ક્લબ' (કદરૂપાઓની ક્લબ)નો સભ્ય હતો. એ ક્લબ વિશ્વના કદરૂપાપણાને સમર્પિત થયેલી હતી. તેના સભ્યો સુંદર સ્ત્રીના પક્ષમાં નહિ પણ કદરૂપા

પુરુષના પક્ષકાર હતા. તે ક્લબનું મકાન જગતના મશહૂર કદરૂપાઓની તસવીરોથી અલંકૃત હતું. સ્વરૂપવતી મેડમ વિસાર્ટને જ્યારે શીતળા નીકળ્યા, ત્યારે 'અગ્લી ક્લબે' તેના માનમાં ટોસ્ટ લીધો હતો.

જુવાન ઉમરાવજાદાઓના આનંદપ્રમોદના પ્રકારોય અનેક હતા. 'શી-રોમ્પ્સ' ક્લબમાં શેરીમાંથી પસાર થતી મધ્યમ વર્ગની ઘરડી નહિ તેમ જ કદરૂપી નહિ એવી સ્ત્રીને પકડી લાવવામાં આવતી અને તેના પગ ઊંચા પકડી, તેને હાથ ઉપર ચલાવવામાં આવતી, જેથી તેનો કમરનો બધો પોશાક પગ ઉપરથી ઊતરી માથા ઉપર આવી જાય. તે સ્ત્રી ન માને તો તેને ફટકારવામાં આવતી; અને તે આમ માર ખાય, તો એ તેનો જ વાંક વળી !

'હીટ-લાઇટ્નિંગ' ક્લબમાં હબસીઓ અને ગોરી સ્ત્રીઓનો ભેગો નાચ થતો. 'હેલ-ફાયર' (નરકાગ્નિ) ક્લબમાં ભૂંડામાં ભૂંડું પાપકર્મ કરવાની હોડ બકાતી. 'બટિંગ ક્લબ'માં તેઓ કોઈ મજબૂત મજૂરિયાને પકડી લાવતા, અને પોતાનું માથું તેના પેટમાં કે છાતીમાં મારવાની રમત રમતા. છાતીમાં ચાર વખત માથું મારવાના બદલામાં તેઓ તેને પોર્ટર દારૂનું એક પાત્ર પાતા. તે આ વસ્તુ ન સ્વીકારે, તો તેને પરાણે સ્વીકારવી પડતી. એક વેલ્શ ગામડિયો તો ત્રીજા ફેરાએ જ મરી ગયો. જુરીએ તેના મરણનું કારણ, 'વધારે પીવાથી હૃદય પહાળું થઈ જતાં મરણ' એમ જાહેર કર્યું.

એક 'ફન ક્લબ' પણ હતી. તેના સભ્યો ગમે તે ઘરમાં પેસી જાય, અને ત્યાંનો કીમતી અરીસો તોડી નાખે, ઘરના કૂતરાને ઝેર ખવડાવે, બિલાડીને મધપૂડામાં ઘુસાડી દે ઇ૦. જેમ્સ બીજાના રાજકાળમાં એક કરોડપતિ ઉમરાવે રાતે એક ઝૂંપડીને આગ લગાડી. તે બદલ તેને 'કિંગ ઑફ ફન' (ગંમતનો રાજા)નો ઇલકાબ મળ્યો. પેલી ઝૂંપડીમાંથી ગરીબ રહેવાસીઓ પહેરેલે કપડે ભાગ્યા. આ ફન ક્લબના જુવાન

ઉમરાવજાદાઓ રાતે લંડનમાં ફરવા નીકળે અને ઊંઘતા નાગરિકોનાં મકાનનાં શટર મિજાગરામાંથી ખેંચી કાઢે, પાઈપો તોડી નાખે, ટાંકીઓ કાણી કરે, પાટિયાં ઉતારી કાઢે, રસોડા પાછળના વાડાઓ ઉજ્જડ કરી મૂકે, ફાનસો ઓલવી નાખે, ઘરના થાંભલા વહેરી નાખે, બારીઓની તખ્તીઓ તોડી નાખે ઇ૦. અલબત્ત આ બધું તે શહેરના ગરીબ લત્તાઓમાં જ કરે અને તેથી આ સામે કશી ફરિયાદ સંભવતી જ નહિ. ગરીબ લોકો આવું બધું કરે, તો જેલભેગા થાય; પણ તવંગર જુવાનિયાઓ આ બધું કરે, તો તો તે એક 'રમત'માં ગણી કઢાય.

આ બધીમાં સૌથી જાણીતી કલબ 'મોહોક કલબ' હતી. તેનો અધ્યક્ષ મહાન 'મોહૉક' કહેવાતો—અથવા રેડ ઇન્ડિયનોનો રાજા. આ કલબનો હેતુ નુકસાન ખાતર નુકસાન કરવાનો હતો; અને એ હેતુ પાર પાડવા કોઈ પણ ઉપાય 'શુભ' ગણાતો. આ કલબના સભ્યોની ફરજ, "કોઈ પણ ભોગે, કોઈ પણ સમયે, કોઈને પણ, કોઈ પણ રીતે હાનિ" પહોંચાડવાની હતી. આ કલબના સભ્યો એ બાબતમાં ખાસ કુશળતા દાખવી બતાવવી પડતી. એક જણ 'ડૅન્સિંગ-માસ્ટર'નો ઇલકાબ પામ્યો હતો. તે ખેડૂતોના પગમાં તલવાર ખોસી તેમને નચાવતો. બીજા કેટલાક ભેગા મળી એક ચીંથરેહાલ કંગલાને પકડી લાવતા; પછી તેની આસપાસ ગોળ કૂંડાળું વળી ઊભા રહેતા. પેલા કંગલાને તાકીદ અપાતી કે તેણે કોઈ સદ્‌ગૃહસ્થ તરફ પીઠ નહિ કરવી. તે બિચારો કોઈ પણ સ્થિતિમાં ઊભો રહે, પણ કોઈ ને કોઈની તરફ તેની પીઠ આવે જ; એટલે પછી પીઠ કરવા બદલ એ સદ્‌ગૃહસ્થ તેની પીઠમાં તલવાર ભોંકી તેને સજા કરે. પેલો બિચારો તરત બીજી બાજુ પીઠ કરે તો તે બાજુનો સદ્‌ગૃહસ્થ તરવાર ખોસી તેને ચેતવે. આમ ગોળ ફરતાં ફરતાં તે લોહીલુહાણ લઈ જાય ત્યારે તે સદ્‌ગૃહસ્થોના નોકરો તેને દંડાથી ફટકારી છેવટનો પાઠ શીખવે. બીજા સભ્યો રસ્તે જતા કોઈ પણ રાહદારીનું એક ઘુમ્માએ નાક ચપટું કરવાની

શરત બકે; ત્યારે બીજો તેની આંખમાં અંગૂઠા ડાબી તેના ડોળા બહાર કાઢી નાખવાની શરત બકે !

લંડનના તવંગર એશઆરામીઓ અઢારમી સદીની શરૂઆતમાં આ રીતે આનંદપ્રમોદ કરતા.

લૉર્ડ ડેવિડ આ બધી મજાઓમાં પોતાનું અનોખાપણું દાખવતો. 'શી–રોમ્પસ' ક્લબમાં તેણે બે સ્ત્રીઓને હાથ ઉપર ચલાવી હતી. પણ તેમાંની એક અપરિણીત હતી; તેને પૂરી દહેજની રકમ આપીને તેણે પછી પરણાવી આપી હતી. બીજી જે પરિણીત હતી, તેના પતિને તેણે પાદરી નિમાવ્યો હતો.

મરઘાઓની સાઠમારી તે વખતમાં બહુ ચાલતી. લૉર્ડ ડૅવિડ પેલા બે મરઘામાંથી એકનાં બધાં પીછાં કાતરી કાઢતો – કારણ કે મરઘાઓ એકબીજાનાં પીછાં પકડીને લડે છે. પછી બીજા મરઘાનાં પીછાંના ફાલતુ વાળ કાપી કાઢી, નર્યાં અણીદાર ભાલોડાં તે રહેવા દેતો. પછી તેના નખ ચાપુથી છોલી વધુ અણીદાર બનાવતો, અને તેની પાછલી એડી ઉપર તે પોલાદની અણીદાર એડી ચડાવતો. આમ ગરુડને મરઘડું બનાવવાની અને મરઘડાને ગરુડ જેવું બનાવવાની તેની કુશળતા ખાસ વખણાતી.

પણ લૉર્ડ ડેવિડ ડિરી-મોઈરિ શેરીઓમાં રમાતા ખેલોનો પણ એટલો જ શોખીન હતો. ભાંડભવૈયાના ખેલ, નટોના ખેલ, એમ ખુલ્લાં મેદાનોમાં થતા બધા ખેલ ટોળા વચ્ચે ઊભા રહી જોવાનો તેને શોખ હતો. તે માટે તે ખાસ વેશપલટો કરીને નીકળતો. એ બધાં સ્થાનોમાં તે ટૉમ-જિમ-જેક નામથી મશહૂર હતો. ધીમે ધીમે તે સ્થાનોમાં એવા ખેલોમાં તેની હાજરી ખાસ આવશ્યક બની ગઈ હતી. કારણ કે, તે જે ખેલમાં હાજર હોય, તે ખેલમાં લોકોને ખાસ આનંદ આવે તથા વ્યવસ્થા પણ જળવાઈ રહે.

લેડી જોસિયાનાને લૉર્ડ ડૅવિડની આ બાજુ ખાસ પસંદ હતી.

૩

રાણી ઍન

૧

આ દંપતીને માથે બંનેને ટપે તેવી ઇંગ્લૅંડની રાણી ઍન હતી.

તદ્દન સામાન્ય સ્ત્રી : આનંદી, દયાભાવી, ગૌરવભરી. પણ એનો કોઈ ગુણ સદ્‌ગુણ-કક્ષાએ પહોંચતો ન હતો અને એની એકે અપૂર્ણતા દુર્ગુણ કક્ષાએ પહોંચતી ન હતી. એનો બાંધો સુદૃઢ હતો, પણ વિશાળ; તેનામાં બુદ્ધિ હતી, પણ સ્થૂળ; અને તેની દયાળુતાને પણ મૂર્ખાઈભરી જ કહી શકાય. તે જક્કી અને નિર્બળ બંને હતી. પત્ની તરીકે તે બેવફા તેમ જ પતિવ્રતા હતી : તેને પ્રેમીઓ હતા જેઓને તે હૃદય અર્પતી; પણ પથારી તો પતિ માટે જ સાચવી જાણતી. તેના આખા શરીરમાં ગળાનો ભાગ જ સુંદર હતો. બાકીનો એકે ભાગ સુઘડ નહોતો. તે રૂટડી દેખાવાનો પ્રયત્ન કરતી, પણ અણઘડ રીતે.

તેનું કપાળ સાંકડું, હોઠ વિલાસી અને લાંબા, ગાલ ભરાવદાર તથા તેની આંખો બહાર પડતી અને ટૂંકી દૃષ્ટિવાળી. અવાર-નવાર તે આનંદમાં આવી જાય, જોકે તેનો આનંદ પણ તેના ગુસ્સા જેવો ભારેખમ જ હોય; તે સિવાય તે આખો વખત મોઢું ચડાવી ઘૂરકતી બેઠી હોય. તેનામાં સારી ભલી સ્ત્રી, અને દ્વેષભરી ડાકણ – બંનેનું મિશ્રણ હતું. અણધારી ઘટનાઓ જ તેને ગમતી. તે ખૂબ દારૂ પીતી. તેનો પતિ પગથી માથા સુધી નર્યો ડેન્માર્કનો વતની હતો.

ગુસ્સામાં આવી જાય ત્યારે રાણી ઍન ભાંગફોડ આદરતી. રાજકારભારમાં પણ બધી બાબતો તે જમીન ઉપર પછાડીને જાણે ફોડી

નાખતી. તેની સમગ્ર રાજનીતિ તરફ પડી ગયેલી જ હતી. નાનાં કારણોથી મોટા ઉત્કાપાત સર્જવાની તેને ટેવ હતી.

મજાક-મશ્કરી તેને ગમતાં, પણ તે બીજાને ચીડવે તેવાં અને ચીડભર્યાં હોવાં જોઈએ! તેનો સ્વભાવ ભલો એટલા પૂરતો હતો કે તે કોઈ ને મરણિયો બનવાની હદે પહોંચવા દેતી નહિ; છતાં મૂંઝવણમાં દરેકને નાખતી.

તેના રાજ્યમાં બે ન્યાયાધીશોની પરવાનગી વિના કોઈ પણ સભા ભરી શકાય નહિ. બાર માણસો ઉજાણી કરવા અને દારૂ પીવા ભેગા થાય તોપણ તે મહાઅપરાધ ગણાય. બીજી રીતે હળવા ગણાતા રાણી ઍનના રાજ્યકાળમાં, નૌકાસૈન્યની ભરતી બહુ કઠોરતાથી કરાતી. આયર્લૅન્ડ માટે કઠોરમાં કઠોર કાયદા રાણી ઍનના વખતમાં જ કાઢવામાં આવ્યા હતા.

ઍન ૧૬૬૪માં જન્મી હતી: લંડનની મહા-આગથી બે વર્ષ પૂર્વે. જ્યોતિષીઓએ ભાખ્યું હતું કે, અગ્નિની મોટી બહેન હોવાથી તે જરૂર રાણી બનશે. અને તે પ્રમાણે બની જ: જ્યોતિષીઓએ ભાખેલ ભવિષ્યને કારણે તથા ૧૬૮૮ની ક્રાન્તિને કારણે.

રાણી ઍન રાજા વિલિયમની પરંપરાને જ અનુસરતી. ક્રાન્તિથી જન્મેલી એ રાજ્યસત્તા હેઠળ ટાવર ઑફ લંડનનું કેદખાનું – જેમાં ભાષણિયાઓને પૂરવામાં આવતા, અને માંચડો – જેમાં લેખકોને જડી દેવામાં આવતા, એ બે વાનાં વચ્ચે જેટલી સ્વતંત્રતા બાકી રહે, તે બધી ઇંગ્લૅંડના લોકોને હતી.

છતાં રાણી ઍન અંતરથી કુમળી હતી. માત્ર ગુસ્સાની આગ જ તેનો રૂપપલટો કરી નાખતી. ખાંડને પણ ગરમ કરો તો તે ખદબદવા માંડે.

બાકી, તે લોકપ્રિય હતી. ઇંગ્લૅંડને હંમેશાં સ્ત્રીરાજવીઓ વધુ પ્રિય છે. શાથી? ફ્રાંસ દેશને તેવા રાજવીઓ નથી ગમતા તેથી. અંગ્રેજ

ઇતિહાસકારો કહે છે કે, રાણી એલિઝાબેથ એટલે ભવ્યતા, અને રાણી ઍન એટલે ભલાઈ. જેવી તેમની મરજી. આપણે તેમના ચિત્રને ભૂંસવું નથી. કારણ કે ઇસેક્સથી ભોગવાયેલી એલિઝાબેથ તેમને મન કુંવારિકા જ છે; અને બોલિંગબ્રૂકથી અટવાયેલી રાણી ઍન પતિવ્રતા છે.

પ્રજાઓને કેટલીક વાર પોતે જે કંઈ કરે તેનો યશ રાજાને અર્પવાની કુટેવ હોય છે. તેઓ લડે; પણ યશ કોને મળે ? રાજાને. તેઓ પૈસા ભરે; પણ વૈભવશાળી કોણ ગણાય ? રાજા. અને લોકો રાજાને તવંગર દેખી મલકાય છે. રાજા ગરીબો પાસેથી ક્રાઉન સિક્કા (૬૦ પેન્સનો) લે, અને પા પેન્સ તેમને પાછો આપે, તો તે ઉદાર કહેવાય છે ! રાક્ષસના ખભા ઉપર બેઠેલો વામણો કહે કે, હું રાક્ષસ કરતાં પણ ઊંચો છું. જોકે બલિહારી એ વાતની છે કે, રાક્ષસ તેને પોતાના ખભા ઉપર બેસવા દે છે અને પાછો કેવળ મૂર્ખતાથી તેના ઊંચાપણાને વખાણે છે !

પ્રજા એ ઘોડો છે; અને રાજા એ ઘોડેસવાર છે. શરૂઆતમાં એ ઘોડો ગધેડા જેવો ભારવાહક હોય છે. પણ અંતે તે સિંહ બની રહે છે, ત્યારે તે ઘોડેસવારને જમીન ઉપર પટકે છે : ૧૬૪૨નું ઇંગ્લૅંડ, અને ૧૭૮૯નું ફ્રાંસ. કોઈ વાર સિંહ-ઘોડો રાજાને ખાઈ જાય છે : ૧૬૪૯નું ઇંગ્લૅંડ; ૧૭૯૩નું ફ્રાંસ !

પણ એ સિંહ-ઘોડો ફરી પાછો ગધેડો બની રહે છે, એ પણ હકીકત છે. ઇંગ્લૅંડની બાબતમાં તો એ સાચું જ છે. રાણી ઍન, હમણાં જ કહ્યું તેમ લોકપ્રિય હતી. તેણે લોકપ્રિય થવા શું કર્યું હતું ? કશું જ નહિ ! ઇંગ્લૅંડના રાજા પાસે એ વસ્તુની જ અપેક્ષા રાખવામાં આવે છે, અને કશું ન કરવા બદલ તેને વર્ષે ત્રણ કરોડ ફ્રાંક ચાવી ખાવા બક્ષવામાં આવે છે.

એલિઝાબેથના વખતમાં ઇંગ્લૅંડ પાસે તેર લશ્કરી જહાજ હતાં; જેમ્સ-૧ હેઠળ છત્રીસ, અને ૧૭૦૫માં દોઢસો. ઇંગ્લૅંડે ઈસ્ટ ઇંડિઝ

તરફ એક કાફલો રવાના કર્યો હતો અને એક કાફલો સ્પેનના કિનારા તરફ; છતાં બીજા ચારસો સઢ કોઈ કટોકટી માટે તેની પાસે અનામત હતા.

આખા રાજ્યમાં વિજયસ્મારકો ઊભાં થતાં હતાં, કળા વિકસતી હતી, વિજયો મળતા જતા હતા, નૌકાસૈન્યના કપ્તાનો તથા સાક્ષરો મોટા પ્રમાણમાં નીકળી આવ્યા હતા; ચિત્રશાળાઓ ઉત્તમ ચિત્રોથી ઊભરાતી હતી; તથા રાજદરબાર ભવ્યતા અને વૈભવથી. બસ, પછી, "ગૉડ સેવ ધી ક્વીન" !–રાણીનો જય ! બીજું શું ?

૨

રાણી એનને ડચેસ જોસિયાના તરફ બે કારણે અણગમો હતો: પહેલું તો એ કે, ડચેસ જોસિયાના સુંદર હતી. અને બીજું, ડચેસ જોસિયાનાનો અદરાયેલો પતિ દેખાવડો હતો.

સામાન્ય સ્ત્રીને અદેખાઈ કરવા બે કારણો પૂરતાં કહેવાય; રાણીને તો એક જ કારણ બસ થાય.

આપણે ત્રીજું પણ ઉમેરીએ : તે એની બહેન થતી હતી !

રાણી એન સુંદર નહોતી; તેથી તે એમ માનતી કે સ્ત્રીએ બહુ સુંદર હોવું સારું નહિ: નીતિમત્તા જાળવવામાં તે વિઘ્નરૂપ બને.

તે પોતે કદરૂપી હતી, જોકે આપ-પસંદગીથી નહિ. અને કદરૂપી રાણીને સુંદર બહેન કદી માફક ન આવે !

બીજું પણ એક કારણ હતું: જોસિયાનાનો જન્મ ગેરકાયદેસર રીતે થયો હતો. તેની મા અનના બાપની પરણેતર ન હતી. પણ, રાણી એનના જન્મ બાબતમાં વાત આમ હતી: રાજા જેમ્સ-૨ એન હાઈડ નામની સામાન્ય સ્ત્રીને પરણ્યા હતા. કાયદેસર રીતે, પણ ડ્યૂક ઑફ યૉર્ક હતા ત્યારે. એન તેની પુત્રી હતી. એનમાં આ રીતે અર્ધું લોહી હલકી કોટીનું હતું. જોસિયાના પણ જેમ્સ બીજાની

પુત્રી હતી; જોકે તે લગ્ન બહારનું સંતાન હતી. પણ તે રાણીની માના ગેરરાજવંશીપણાને પોતાની માના ગેરકાયદેસરપણાનાસામા પલ્લામાં મૂકતી અને બધું વલ્લંસલ્લં થઈ રહ્યું એમ માનતી. જાણે જોસિયાનાને એમ જ કહેવાનો હક મળી ગયો ન હોય કે, “ મારી મા તમારી મા જેવી જ સારી હતી. ” એટલે રાણી એન એમ જ માનતી કે, “ આ જોસિયાના ચીજ શું કરવા જન્મી હશે ? એના જન્મવાથી કોનું શું ભલું થયું ? ”

છતાં એન જોસિયાના પ્રત્યે હંમેશ પ્રસન્નભાવે જોતી. કદાચ, જોસિયાના તેની બહેન ન થતી હોત તો તે તેને ચાહત પણ ખરી.

૮

બાર્કિલફેડ્રો

બીજાં માણસો શું કરે છે, તે જાણતા રહેવું હંમેશાં ઉપયોગી તથા સાવધાનીભર્યું કહેવાય.

જોસિયાનાએ લૉર્ડ ડેવિડની તપાસ રાખવા પોતાના એક વિશ્વાસુ માણસને મૂકયા હતો, તેનું નામ બાર્કિલફેડ્રો હતું.

લૉર્ડ ડેવિડે જોસિયાના ઉપર દેખરેખ રાખવા ડહાપણભરી રીતે પોતાના એક ખાતરીબંધ માણસને મૂક્યો હતો, તેનું નામ બાર્કિલફેડ્રો હતું.

રાણી એને પણ પોતાની બહેન ડચેસ જોસિયાનાની તથા પોતાના ભાવી બનેવી લૉર્ડ ડેવિડની ચેષ્ટાઓ ઉપર દેખરેખ રાખવા પોતાને જેના ઉપર સંપૂર્ણ વિશ્વાસ હતો એવા એક માણસને મૂક્યો હતો, જેનું નામ બાર્કિલફેડ્રો હતું !

આમ બાર્કિલ ફેરૂના કબજામાં ત્રણ ચાવીઓ હતી : જોસિયાના, લૉર્ડ ડેવિડ અને રાણી; અને એટલી ચાવીઓથી તો કોઈ પણ વાજિંત્ર-માંથી મનમાન્યા સૂર કાઢી શકાય ! માત્ર જરાક આવડત જોઈએ !

બાર્કિલફેરૂ મૂળે ડ્યૂક ઑફ યૉર્કનો જૂનો નોકર હતો. ડ્યૂક ઑફ યૉર્ક જ્યારે રાજા જેમ્સ-૨ થયો, ત્યારે બાર્કિલફેરૂએ પોતાના ભણતરને અનુરૂપ પાદરી તરીકે સારું સ્થાન મેળવવા પ્રયત્ન કર્યો. પણ રાજાએ તેને મચક ન આપી.

રાજાનું ઘરકારભારું બહારથી કશી ભભકવાળું ન કહેવાય; પણ જાત-પોષણ માટે ઠીક ઠીક અનુકૂળ નીવડે. છતાં બાર્કિલફેરૂને નોકરી ઉપરાંત સત્તા પણ જોઈતી હતી. કદાચ તે પણ તેના હાથમાં આવત; પણ તેટલામાં રાજા જેમ્સ-બીજાનું પતન થયું અને રાજા વિલિયમ-૩ પાસે તેનું કંઈ નીપજે તેમ હતું નહિ. એટલે બાર્કિલ-ફેરૂ ભૂખે મરતો થઈ ગયો. છતાં તે ધીરજ ખુએ તેવો નહાતો. તેનામાં ઊધઈની ખંત હતી; એટલે તેણે નીચેથી પોતાનો રસ્તો ઉપરની તરફ ખોતરવા માંડ્યા : જેમ્સ-બીજાના નામનો અને પાછલી યાદદાસ્તોનો ઉપયોગ કરી, તે ડચેસ જોસિયાના સુધી પહોંચી ગયો.

જોસિયાનાને આ સાક્ષર ગમી ગયો; કારણ કે તે કંગાળ હાલતમાં હતો અને ભણેલો હતો. તેણે એને લૉર્ડ ડિરી-મોઈર સાથે ઓળખ કરાવી, તથા પોતાના ઘરમાં નોકરો ભેગો રાખ્યો. તે તેના પ્રત્યે માયાળુતાથી વર્તતી અને કોઈ કોઈ વાર તેની સાથે વાત કરતી.

જોસિયાના તેને તુંકારથી જ બોલાવતી. તે જમાનામાં ખાનદાન બાનુઓમાં સાક્ષરોને તુંકારથી બોલાવવાનો શિરસ્તો હતો અને સાક્ષરો પણ તે વસ્તુ ખુશીથી મંજૂર રાખતા.

બાર્કિલફેરૂને તો જોસિયાના પોતાને તુંકારથી બોલાવે એ પોતાની સફળતાની નિશાનીરૂપ લાગ્યું. તેણે એ નિકટતાનો લાભ લેવાનું શરૂ કર્યું. જોસિયાનાના ખાનગી કમરાઓ સુધી તેણે જંવરઅવર

ઊભી કરી દીધી. તે કશી બાબતમાં જરાય આડખીલીરૂપ બનતો નહિ; અને ડચેસની કોઈ પણ વાત ભારે આદર અને રસથી સાંભળતો. એટલે, ડચેસ પોતાનું છેક નીચેનું કપડું પણ તેની હાજરીમાં બદલે એ સ્થિતિ આવી ગઈ.

એક દિવસ બાર્કિલફેડ્રોએ જોસિયાનાને કહ્યું, "આપ નામદાર મને સુખી થયેલો જોવા ઇચ્છો ખરાં ?"

"તારે શું જોઈએ છે ?"

"એક નોકરી."

"તારે નોકરી જોઈએ છે ? તું શા કામનો છે, વળી ?"

"તેથી જ તો આપની કૃપાની યાચના હું કરું છું !"

"તો જે કામોને માટે તું નાલાયક છે, તેમાંનું કયું કામ તારે જોઈએ છે ?"

"સમુદ્રમાંથી તણાઈ આવતી શીશીઓના દાટા ખોલવાનો અધિકાર."

જોસિયાના ખડખડાટ હસી પડી. "પણ એવી કોઈ નોકરી હોય છે ખરી ?"

"હા, મૅડમ."

"તારા આત્માના સોગંદ ખા; જોકે તારે આત્મા નામની ચીજ તો છે નહિ."

"હું સોગંદ ખાઉં છું."

"છતાં હું તારી વાત માનતી નથી."

"આભાર, મૅડમ."

"તો તારે શાની નોકરી જોઈએ છે ? ફરી બોલ જોઉં."

"સમુદ્રમાંથી તણાઈ આવતી શીશીઓ ખોલવાની."

"એ કામમાં થાક લાગે તેવું કશું નથી, નહિ ? એટલે કે કશું કામ ન કરવાનું હોય તેવી નોકરી તારે જોઈએ છે, ખરું ? તું એવી જગાને પૂરો લાયક છે."

"જુઓ નામદાર, હું કશીક નોકરી માટે તો લાયક છું, એવું આપે કેવું શોધી કાઢ્યું?"

"જા, જા, તું તો ગમ્મત કરે છે; એવી નોકરી ખરેખર હોય ખરી?"

"મેડમ, દરિયામાંથી ત્રણ પ્રકારની ચીજો મળી આવે છે: તળિયે પહોંચેલી, ઉપર તરતી, અને જેને દરિયો પોતે ધકેલી લાવી કિનારે ફેંકી દે છે તે. અનુક્રમે 'લિગન', 'ફ્લોટ્સમ', અને 'જેટ્સમ'."

"પછી આગળ?"

"એ ત્રણે વસ્તુઓ લૉર્ડ હાઈ ઍડમિરલના તાબાની ગણાય."

"પછી?"

"આમ, દરિયો ઇંગ્લેંડને હંમેશ ખંડણી ભરતો રહેતો હોઈ, એને માટે એક જુદું ખાતું ચલાવવું પડે છે: અર્થાત્ એ માટે નોકરીની જગા ઊભી કરવી પડે છે. એ ખાતાના જે ત્રણ ભાગ છે, – લિગન, ફ્લોટ્સમ અને જેટ્સમ, તે દરેકનો એક એક જુદો અફસર નિમાય છે."

"પછી શું?"

"કોઈ વહાણ દરિયે મુશ્કેલીમાં આવી પડે અને ડૂબવા લાગે, ત્યારે તે કયા અક્ષાંશ-રેખાંશે ડૂબે છે, કયા કારણે ડૂબે છે, જહાજ ઉપર શો શો સામાન છે, અને કયા કયા મુસાફરો છે, વગેરે માહિતી કિનારે મોકલવા બધું લખીને કપ્તાન એક શીશીમાં બીડી દે છે; અને પછી તે શીશીને દરિયામાં તરતી મૂકે છે. જો તે શીશી દરિયાને તળિયે પહોંચે, તો તે લિગન-અફસરના તાબાની બની જાય; જો તે તરતી રહે; તો તે ફ્લોટ્સમ અફસરના તાબાની ગણાય; પણ જો તે મોજાં ઉપર ઘોડેસવારી કરી કિનારે આવી પહોંચે, તો તે જેટ્સમ અફસરના તાબાની ગણાય. હું જેટ્સમ અફસર બનવા ચાહું છું."

"પણ બીજી બે પડતી મૂકી આ ત્રીજી નોકરી તું શા કારણે પસંદ કરે છે?"

"કારણ કે તે હમણાં ખાલી પડી છે."

'પણ એ નોકરીમાં કામ શું કરવાનું? એનો ઉપયોગ શો?"

"જુઓ મેડમ, ૧૫૯૮માં કિનારે આવેલી એક ડામર-ચોપડેલી શીશી કોઈ માછીમારના હાથમાં આવી. તે શીશી રાણી એલિઝાબેથ પાસે લાવવામાં આવી. તે શીશીમાંથી જે કાગળ નીકળ્યો હતો, તેમાં એવી મતલબની માહિતી લખેલી હતી કે હોલેંડે બોલ્યા-ચાલ્યા વિના નોવા ઝેંબ્લા નામનો એક અજાણ્યો મુલક ૧૫૯૬માં કબજે કર્યો હતો; તે મુલકમાં રીંછો માણસને ખાઈ જતાં હતાં; તે પ્રદેશમાં શિયાળો શી રીતે પસાર કરવો તેની માહિતી તે ટાપુ ઉપર બાંધેલા લાકડાના એક મકાનના ધુમાડિયામાં લટકાવેલી કોથળીમાં લખીને મૂકી રાખવામાં આવી હતી. જેટલા ડચો તેને કિનારે ઊતર્યા હતા, તેટલા બધા મરી ગયા હતા. રાણી એલિઝાબેથ તરત આ માહિતીનું મહત્ત્વ સમજી ગયાં. હોલંડને એક મુલક વધુ મળે એનો અર્થ એ કે, ઈંગ્લંડનો એક ઓછો થાય! આવી અગત્યની માહિતી એ શીશી-માંથી મળ્યાથી, તે દિવસથી રાણીજીએ હુકમ કાઢચો કે, દરિયા-કિનારે તણાઈ આવતી આવી બધી શીશીઓ જેના હાથમાં આવે, તેણે એડમિરલને જ પહોંચાડવી; નહિ તો પ્રાણદંડની સજા. એડ-મિરલ તેથી એક અફસર નીમી રાખે છે, જે આવી શીશીઓ ઉઘાડી તેની માહિતી મેળવવાનું અને યોગ્ય સ્થળે પહોંચાડવાનું કામ કરે છે."

"તો શું ઘણી શીશીઓ કિનારે તણાઈને આવ્યા કરે છે?"

"બહુ થોડી; પરંતુ તેથી કંઈ વિશેષ તફાવત પડતો નથી. એ નોકરી ચાલુ છે જ, અને એડમિરલ્ટીના મકાનમાં એ અફસરને રહેવાની ખાસ જગા આપવામાં આવે છે."

"અને કશું કામ ન કરવા માટેની આ જગા માટે પગાર શું આપવામાં આપવામાં આવે છે?"

"વર્ષે સો ગીની."

“અને તું એટલા ટુકડા માટે મને તસ્દી આપવા માગે છે?”

“એ ટુકડો મારા જેવાના પેટ માટે પૂરતો છે મેડમ. આપ નામદારને માટે તો તે એક મિનિટ માટેનુંય ખર્ચ ન ગણાય; પણ તેના વડે મારા જેવા એક વરસ મજામાં કાઢી નાખે.”

આ છેલ્લું વાક્ય જોસિયાનાને ખાસ ગમી ગયું. તેણે કહ્યું, “ઠીક ઠીક, તને એ નોકરી મળશે.”

અને એક અઠવાડિયા બાદ જોસિયાનાની મરજી, અને લૉર્ડ ડેવિડ ડિરી-મૉઇરની લાગવગથી બાર્કિલફેડ્રો તે જગા ઉપર નિમાઈ ગયો.

૨

એક વસ્તુ હંમેશાં બનતી ઉતાવળે કરી લેવી: અને તે ઉપકાર કરનાર ઉપર સામો અપકાર કરવાની.

બાર્કિલફેડ્રોએ એ બાબતમાં જરાય ઢીલ ન કરી.

જોસિયાના તરફથી આટલા બધા ઉપકાર પોતા ઉપર થયા, તેના બદલામાં, સ્વાભાવિક રીતે જ તેના ઉપર વેર લેવાનો વિચાર તેના મનમાં જોરથી ઘુમાવા લાગ્યો.

જોસિયાના સુંદર, ઊંચી, જુવાન, તવંગર, સત્તાધીશ અને પ્રતિષ્ઠિત હતી; ત્યારે બાર્કિલફેડ્રો કદરૂપો, ટૂંકો, ઘરડો, ગરીબ, આશ્રિત અને અજ્ઞાત હતો. એ બધા માટે પણ તેણે વેર લેવું જ રહ્યું.

બાર્કિલફેડ્રોની ફાંદ બહુ મોટી હતી. અને મોટી ફાંદ સામાન્ય રીતે ભલમનસાઈની નિશાની ગણાય છે. બાર્કિલફેડ્રોએ પોતાની તરફેણની એ વસ્તુને ઓઠા તરીકે વાપરવા માંડી.

નવી નોકરીને કારણે બાર્કિલફેડ્રોને પોતાના હોદ્દાની રૂએ રાણી પાસે જવાનું દ્વાર ખુલ્લું થયું.

તેને એટલું જ જોઈતું હતું.

પોતાની ઉન્નતિ માટે?

ના.

તો પછી બીજાની ઉન્નતિ તોડવા માટે!

એ તો પોતાની ઉન્નતિ કરતાંય વધુ આનંદની વસ્તુ થઈ!

બીજાને હાનિ પહોંચાડવી, તેના જેવું સુખ શામાં છે?

બીજાના સુખની અદેખાઈ, એ પણ એક પ્રકારનું તવંગરપણું છે. ગરીબમાં ગરીબ દેખાતો માણસ પણ એ બાબતમાં ખૂબ માલદાર હોઈ શકે છે. બધી વાત છેવટે તમને સંતોષ શાનાથી થાય છે, તે ઉપર આધાર રાખે છે. કોઈનું ભલું કરવું, એની પેઠે જ કોઈનું ભૂંડું કરવું, એ પણ ઓછું આનંદદાયક ન હોઈ શકે.

અદેખાઈ જાસૂસી માટે સારું કારણ પૂરું પાડે છે. જોકે, જાસૂસ બીજા માટે જાસૂસી કરે છે — કૂતરાની પેઠે; ત્યારે અદેખો પોતાને માટે શિકાર કરે છે — બિલાડીની પેઠે.

મોઢેથી તે હસતો, પેટમાં તે ઘાટ ઘડતો.

ધીરજ, મિજાજ ઉપર કાબૂ, સંયમ, મળતાવડાપણું, નમ્રતા, વિનય એ બધા ગુણો બાર્કિલફેડ્રોમાં હતા. પણ તે ગુણો બાર્કિલફેડ્રોને અડકીને અવગુણો જ બની રહ્યા હતા. એ બધાનો તે દુરુપયોગ કરવા માગતો હતો : પોતાનું વેર વાળવામાં!

૩

રાજદરબારમાં બે સ્થાન મેળવી શકાય : વાદળમાં અને કાદવમાં. વાદળમાં સ્થાન મેળવનાર સિંહાસન અને રાજદંડનો પ્રતાપ જ પામી શકે છે; ત્યારે કાદવમાં સ્થાન મેળવનાર ખાનગી કમરો અને રાજતંત્રનાં કે સજાનાં બધાં સાધનોની મદદ મેળવી શકે છે.

જેમ કે, રાજા લૂઈ-અગિયારમા હેઠળ મહાપ્રતાપી બનવું હોય, તો તેના માર્શલ બનો; પણ જો લાગવગદાર બનવું હોય, તો તેના હજામ બનો. જો લૂઈ-પંદરમા હેઠળ જાણીતા બનવું હોય, તો તેના પ્રધાન બનો; પણ અમૂલ્ય બનવું હોય, તો તેના હજૂરિયા બનો.

રાજાની ખરી સત્તા ભોગવવી હોય, તો નાના માણસ બનવું જોઈએ : ખરેખર મજબૂત બનવા માટે 'નાચીજ' બની રહો.

બાર્કિલફેડ્રો પણ તેથી સાપોલિયું બની રહ્યા. ક્યાં જવું હોય હોય ત્યાં તે નીચો નમીને – પેટે ચાલીને જ પેસી જતો. કારણ કે, પેટે સરકનારાં પ્રાણીઓ દરેક ઠેકાણે પેસી શકે છે. રાજા લૂઈ-ચૌદમાની પથારીમાં માકણ પેસી શકે; જેમ તેના રાજકારણમાં અતિ નમ્ર જેસ્યુઇટો.

જે પડદા પાછળ હોય તેના હાથમાં જ બધો દોરીસંચાર રહે છે. જેના હાથમાં રાજાનો કાન છે, તેના હાથમાં આખો રાજા છે! તે પોતાના મનમાં જે ધારે તે કરી શકે. રાજાનું મન એ તમારો સામાન ભરવાનું કબાટ જ હોય છે. રાજાના કાન હંમેશાં બીજાના હાથમાં જ રહે છે અને તેથી જ તે બાપડાઓ પોતે કરેલાં કૃત્યો માટે ખરેખર જવાબદાર હોતા નથી. તેઓ તો બીજા કોઈની આજ્ઞાનું જ પાલન કરતા હોય છે. કોની આજ્ઞાનું ? જે મચ્છર તેમના કાનમાં સતત ગણ-ગણાટ કરી રહ્યા હોય છે તેની આજ્ઞાનું! બહાર સંભળાતો મોટો અવાજ રાજાનો હોય છે; પણ તેના કાનમાં ગણગણાટ કરનારો ખરી રીતે તેના હાથે કૃત્યો કરાવતો હોય છે. જે માણસ રાજાના મુખના અવાજને દોરનાર આ નાના અવાજને ઓળખી શકે, તે જ સાચો ઇતિહાસકાર ગણાય.

રાણી ઍનના કાનમાં પણ આવો ગણગણાટ ભરનારા ઘણા મચ્છરો હતા. બાર્કિલફેડ્રો તેમાંનો એક હતો. રાણી અન ઉપરાંત તે લેડી જોસિયાના અને લૉર્ડ ડેવિડના કાનનો પણ કબજો ધરાવતો હતો.

રાણી ઍનને એક વખત બાર્કિલફેડ્રોનો ચટકો લાગ્યો, પછી તેને બીજો કોઈ ખુશામતિયો ગમતો જ નહિ. બાર્કિલફેડ્રો રાણી ઍનની ખુશામત કરતો – બીજાની નિંદા કરીને. રાજવી મૂર્ખ હોય, તો વિદ્વાનોની ઠેકડી કરવી એ જ તેની ભારેમાં ભારે ખુશામત થાય.

રાણી ઍનનો આ સ્વભાવ એક વખત બાર્કિલફેડ્રો જાણી ગયો, એટલે તે ચારે બાજુ લોકોની એબો શોધવા લાગી ગયો. રાજવીને જે હસાવી શકે, તે બીજા સૌને કંપાવી મૂકે. સૌ કોઈ હવે

બાર્કિલફેડ્રોથી બીવા લાગ્યું. પરિણામે સૌ કોઈ તેની પાસે આવી એકબીજાની એબો ખુલ્લી કરી જવા લાગ્યું !

થોડા વખતમાં બાર્કિલફેડ્રો આખા રાજદરબારના યંત્રનાં ચક્રોને ગતિ આપનાર મોટર બની ગયો.

જોસિયાના બાર્કિલફેડ્રોની જાસૂસ તરીકેની શક્તિનો ખાસ ઉપયોગ કરતી. એને તેના ઉપર એટલો બધો વિશ્વાસ બેસી ગયો હતો કે, તેણે તેને પોતાના કમરાની ગુપ્ત ચાવી આપી રાખી હતી, જે વડે તે દિવસના કે રાતના કોઈ પણ સમયે તેની પાસે પહોંચી શકે. સત્તરમા સૈકામાં પોતાનું ખાનગી જીવન અંગત માણસો સમક્ષ વધારે પડતું ખુલ્લું મૂકવાની ફેશન હતી. જોસિયાનાએ એક ચાવી લાર્ડ ડવિડને આપી હતી, અને બીજી આ બાર્કિલફેડ્રોને.

રાજવીઓને પોતાની આસપાસનાં માણસો કોઈ બાબતમાં મોટાઈ દાખવે એ ગમતું નથી હોતું. તેથી દરેક જણની કોઈ ને કોઈ ગુપ્ત હલકટતા જાણવાનું તેમને ગમે છે. બાર્કિલફેડ્રો બધા ઉમરાવો અને રાજવંશીઓની એબો જાણી લાવી રાણી એનને સંભળાવ્યા કરતો; જેથી રાણી એન પોતાને તેટલા પ્રમાણમાં સૌ કરતાં સારી માની શકે !

જોસિયાનાએ બાર્કિલફેડ્રોને આપેલી ગુપ્ત ચાવી લંડનના તેના ‘હંટરવિલ હાઉસ’માં પણ લાગુ પડતી, ઉપરાંત વિન્ડસર મુકામે આવેલા ‘કોર્લિયોં લોજ’માં પણ લાગુ પડતી. રાણી એનના ‘વિન્ડસર કેસલ’ મહેલની નજીક જ તે મકાન આવેલું હતું.

બાર્કિલફેડ્રો શરૂઆતમાં પાદરી થવા માગતો હતો, એ આપણે નોંધી આવ્યા છીએ. તે વખતે તેણે બધી બાબતોની થોડી થોડી જાણકારી મેળવી હતી. એવા અપૂરતા જ્ઞાનનો સરવાળો શૂન્ય થાય છે. ભણેલા કહેવાતા લોકોની આખી જાતનું કમનસીબ જ એ વંધ્યતામાં રહેલું હોય છે. બાર્કિલફેડ્રોએ પણ માથામાં જે કંઈ ભર્યું હતું, તેના પરિણામે તે ખાલી જ રહ્યું હતું.

કુદરતની પેઠે જ મન પણ ખાલી જગા રહેવા દેતું નથી. કુદરત ખાલી જગામાં પ્રેમ પણ ભરવા ચાહે; પરંતુ મન ઘણી વાર દ્વેષ જ ભરી કાઢે છે. દ્વેષ પણ જગા રોકે છે.

દ્વેષને ખાતર દ્વેષ, એવી વસ્તુ અસ્તિત્વ ધરાવે છે. જેમ કુદરતમાં 'કળાને ખાતર કળા' અસ્તિત્વ ધરાવે છે; અને આપણે માનીએ છીએ તે કરતાં વધુ પ્રમાણમાં.

દ્વેષને ખાતર જ દ્વેષ, એ વસ્તુ શકય હોવા છતાં છેવટે કોઈની ઉપર તે વળવો જોઈએ — ઢળવો જોઈએ. રીંછ પોતાના પંજા ચાટીને જીવે છે, પણ કાયમ નહિ. અવારનવાર એ પંજો કોઈ પ્રાણી ઉપર વાપરવો જ જોઈએ. તેમ માત્ર દ્વેષ કર્યા કરવો એ વસ્તુ મીઠી તો છે; પણ તે થોડા સમય માટે. પછી તો દ્વેષ ઠાલવવાનું કોઈ પાત્ર મેળવવું જ રહ્યું. આખા વિશ્વ ઉપર દ્વેષ ઠાલવવા જાઓ, તો તે જલદી ખૂટી જાય. કોઈ લક્ષ્ય વિના નિશાન તાકવું, એનો પણ શો અર્થ? કોઈનું હૃદય વીંધવાનું હોય, તો જ નિશાન તાકવાની રમતથી મજા મળે.

૪

પહેલા જ દિવસથી બાર્કિલફેડ્રોએ જોસિયાનાને પોતાના દ્વેષનું લક્ષ્ય બનાવી હતી.

જોસિયાનાના હૃદયને વીંધી શકાય તેમ ન હતું; કારણ કે તેને હૃદય છે કે નહિ અથવા તે કયાં છે, એ નક્કી કરી શકાય તેમ ન હતું. પણ તેનામાં ભર્યું હતું: અભિમાન; ઘમંડ! તે જગ્યાએ જ તે મજબૂત હતી તેમ જ નબળી પણ હતી. બાર્કિલફેડ્રોને એ વાતની ખબર હતી.

માણસના અંતરનું ઊંડાણ અનંત છે. એ ઊંડાણમાંથી જે વસ્તુ ભભૂકે છે, તે પણ અનંત હોય છે. એટલે અંતરના ઊંડાણ-માંથી આવતો દ્વેષ પણ અનંત હોય છે.

જોસિયાના ઉપર ઘા કરતાં પહેલાં જ બાર્કિલફેડ્રોને પોતાના તે ક્રૂર ઘાનો સ્વાદ પણ આવવા લાગ્યો હતો. તે ઘા કયારે કરશે, કેવી

રીતે કરશે એ તે પોતે જ જાણતો નહોતો; પણ પોતે તે ઘા કરશે – જોસિયાનાને કરશે, એટલા નિશ્ચયમાત્રથી જ બાર્કિલફેડ્રોને આનંદ આનંદ વર્તાઈ રહ્યા હતો.

જોસિયાનાનો વિનાશ કરી શકાય, તો તેના જેવી સફળતા તો એકેય ન કહેવાય. બાર્કિલફેડ્રોને એ વાતની આશા ન હતી. પણ તેને નામોશીમાં નાખવી, તેને હલકી પાડવી, તેની કાતિલ સુંદર આંખોને ગુસ્સાનાં આંસુથી લાલ કરી નાખવી, એ પણ જેવી તેવી સફળતા ન કહેવાય. બાર્કિલફેડ્રોનું લક્ષ્ય એ જ હતું.

જોસિયાનાને તરફડતી મેજ ઉપર નાખી, તેને જીવતી ચીરવી; અને તે ચીસો પાડતી હોય તે વખતે તેના ટુકડા કરવા — એ દૃશ્ય બાર્કિલફેડ્રોની આંખ આગળથી ખસતું જ નહિ. એ સુંદર પ્રતાપી સ્ત્રીનું શરીર તેને માટે જેટલા પ્રમાણમાં અલભ્ય હતું, તેટલા જ પ્રમાણમાં તેને નષ્ટ-ભ્રષ્ટ-બરબાદ થયેલું તે જોવા ઇચ્છતો હતો! એમ કરવા જતાં તેના પોતાના હાથમાં છરીના થોડા કાપા બેસી જાય તેનો તેને વાંધો ન હતો.

જોસિયાનાના શરીરના અણુ અણુને બાર્કિલફેડ્રો ધિક્કારતો હતો. માંસનો એ થેલો હજુ કોઈને તાબે થયો ન હતો; પણ તેથી શું? માત્ર તકનો અભાવ! બદમાશ રાજાની ગેરકાયદે પુત્રી, માત્ર નસીબના જોરે જ ડચેસ થઈ બેઠી હતી; અને અત્યારે મહાદેવી જેવી સત્તા ભોગવે છે અને સમ્માન મેળવે છે; પણ જો તે ગરીબ જન્મી હોત, તો શું થાત? બે કાવડિયાં માટે શરીર વેચતી વેશ્યા જ હોત ને!

એનામાં તેના સુંદર શરીર સિવાય વિશેષ શું બળ્યું છે? અક્કલ તો છે નહિ; છતાં માત્ર તવંગરપણાને લીધે જ બાર્કિલફેડ્રો જેવા બુદ્ધિશાળી – શક્તિશાળી માણસોને તે તુચ્છકારે છે, તુચ્છકારી શકે છે. અલબત્ત, પોતે ભૂખે મરતો હતો, ત્યારે તેણે તેને આશરો આપ્યો

હતો. પણ તે આશરો કેવો ? તદ્દન તુચ્છ. અને એ આશરો આપવા બદલ તેને શો ઘસરકો પડ્યો હતો કે પરિશ્રમ પડ્યો હતો ? એના પ્યાલાના મોંઘા સેરવાના એક ચમચા જેટલો પણ નહિ ! ઊલટું તેના જેવા વિદ્વાન માણસને આશરો આપવા બદલ તેના માથાનો ઘમંડ જ વધ્યો હતો !

એટલી અમથી કૃપા દાખવવા બદલ બાર્કિલફેડ્રોએ તેના તરફ કૃતજ્ઞતાનો ભાવ શા માટે રાખવો જોઈએ ? કોઈ ખૂંધિયો પોતાને જન્મ આપનારી મા તરફ શો સારો ભાવ રાખી શકે ? આ બધા તવંગર માણસો – સમૃદ્ધિમાં આળોટતાં માણસો – પોતાની કશી શક્તિથી કે આવડતથી નહિ, માત્ર અમુક જગાએ જન્મવાના અણધાર્યા અકસ્માતથી જ મોટા થઈ બેઠા હોય છે. તેમના ઘમંડને તોડી, તેમને ધૂળ ચાટતા કરવા અને તેમને તેમનું સાચું મૂલ્ય બતાવવું, એ તેમના ઉપર ઉપકાર કરવા જેવું નથી શું ?

કોઈને તમારા ઉપર કૃપા ન કરવા દેશો; તેઓ તેનો ગેરલાભ જ ઉઠાવશે. ભૂખે મરવા પડો, ત્યારે પણ તેમની નજરે ન પડશો; તેઓ તમને ભૂખમરામાંથી બચાવી લઈ દયાભાવ દાખવવા જશે. તેની પાસે રોટી ન હતી એટલે જ આ સ્ત્રીને તેના જેવા માણસને કંઈક ખાવાનું આપવાનું બહાનું મળી ગયું ને ? ભૂખ પેટને જરા વધુ કરડે તો શું બગડી જવાનું હતું ? પણ તેટલા માટે આ નાલાયક બાઈને તેના ઉપર જાણે જીવનભરનો અધિકાર મળી ગયો એ ઓછી પંચાતની વસ્તુ છે ? તમારે હાથ ધરવાનો વખત આવ્યો કે આ ભાગ્યશાળી બેવકૂફો તેમાં એક ફદિયું મૂકી દેવાના જ; અને તમારી લાચારીનો લાભ લઈ, તમને પોતાના ગુલામ બનાવી દેવાના. અને એ પણ હીન કોટીના ગુલામ, કારણ કે વગર મહેનતે મળેલી વસ્તુ તરફ તમને કદી સદ્ભાવ ઊભો ન થાય – તુચ્છકાર જ ઊભો થાય ! કોઈએ આપણું જીવન પોતે જોખમમાં ઊતરીને બચાવ્યું હોય, તો જુદી વાત છે. તેવો માણસ કદી આપણા ઉપર કરેલા

ઉપકારનો ગેરલાભ લેવા ન ઇચ્છે !

આવી અમથી માત્ર થૂંકવા જેવી કૃપા કરનાર એ તવંગર એવકૂફના તમારે જીવનભર ઓશિયાળા રહેવું, અને તેને સુંદર, ઉદાર, ભાગ્યશાળી કહીને વખાણ્યા કરવી—છટ્છટ્, આપણી માણસાઈની આટલી જ કિંમત ? અરે એ ભૂંડણને એક ભટોળિયું જન્મે તોપણ તમારે કવિતાઓ લખી લખીને ઓવારી નાખવાની ! તમારામાં કવિત્વશક્તિ હોય, તે તેમના પગની ધૂળ ચાટ્યા કરવા માટે જ જાણે ન હોય !

તેઓ તમારે માટે શબ્દો પણ કેવા વાપરે છે ? 'કોણ જાણે કોણ છે ?' 'હું તેને ઓળખતી પણ નથી.' 'શું તે લહિયો છે ? લેખક છે ? કોણ જાણે ? હું તો તેને ખવરાવું છું-પિવરાવું છું.' આ બધી મરઘડીઓ ભેગી થાય ત્યારે અમો સાક્ષરો માટે આવું જ બોલવાની ! કોઈ દહાડો અમારે માટે એક સારો શબ્દ તો નહિ જ વાપરવાની !

કોઈ કોઈ વાર તેઓ તમારી તરફ નજર નાખવાની કે એકાદ શબ્દ બોલવાની કે તમારી ખબર પૂછવાની કૃપા કરે, ત્યારે તમારા આખા જીવનનો પ્રકાશ કે આનંદ તમારા મોં ઉપર લાવી તમારે તેમની સામે કૃતજ્ઞભાવે લળી પડવું જોઈએ ! બદલામાં તમારું નામ તેમને પૂરું યાદ રહ્યું છે એવો દેખાવ પણ તેમણે નહિ કરવાનો; હંમેશાં તમારા નામની જોડણી કે ઉચ્ચાર તેઓ ખોટાં જ કરવાનાં; અને પછી તમને જ હજારમી વાર તમારું સાચું નામ પૂછશે ! જાણે આપણું નામ સીધું યાદ રાખે તોપણ તેમની મોટાઈમાં ઊણપ આવી જાય !

પોતાના ઉપર કરેલા ઉપકારને કારણે વેર લેવા તત્પર થયેલા માણસ જેવો ભયંકર માણસ બીજો કોઈ ન કહેવાય. બાર્કિલફેડ્રો એવો માણસ હતો. સામાન્ય રીતે, કરેલા ઉપકારને ભૂલી જવાનું સ્વરૂપ જ કૃતઘ્નતા ધારણ કરે છે. પરંતુ બાર્કિલફેડ્રો માટે તો તે એક ભભૂકતી ભઠ્ઠી બની રહી હતી. તેમાં તેને આખી ને આખી

જોસિયાનાને બાળી નાખવી હતી. કોઈ પુરુષે કોઈ સ્ત્રીને કારણ વિના આટલી ભયંકર રીતે ધિક્કારી નહિ હોય; જીવતાં અને ઊંઘતાં એ સ્ત્રી તેને માટે કાયમનો આથાર બની રહી હતી.

—કદાચ તે એને પ્રેમ કરતો હતો. પ્રેમ જ પલટાઈને આવા કારમા દ્વેષનું રૂપ ધારણ કરી શકે !

૫

બાર્કિલફેડ્રોએ હવે, રાણી એન પોતાની બહેન જોસિયાના પ્રત્યે કેવો ભાવ રાખે છે, તે નક્કી કરવા પ્રયત્ન આદર્યો.

રાણી આમ તો પોતાના મનના ભાવ ગૂઢ રાખતી; પરંતુ કોઈ કોઈ વાર એવું બોલી નાખતી, કે જે મારફતે તેના ગુપ્ત ભાવ પ્રગટ થઈ જતા. બાર્કિલફેડ્રોએ તપાસ રાખવા માંડી.

રાણી એનને તેના પતિ તરફથી પ્રશિયાની નવી રાણી સાથે સગાઈ હતી. એ રાણીને પણ બરનેસ ડ્રિકા નામે પોતાના પિતાના ગેરકાયદે સંબંધથી જન્મેલી નાની બહેન હતી.

એક વખતે બાર્કિલફેડ્રો હાજર હતો તે વખતે રાણી એને પ્રશિયાના એલચીને પેલી ડ્રિકા વિષે પ્રશ્નો પૂછવા માંડચા.

"તે બહુ તવંગર છે, એમ સાંભળ્યું છે."

"ઘણાં ઘણાં તવંગર છે," એલચીએ જવાબ આપ્યો.

"તેને ઘણા મહેલો છે."

"રાણીજી કરતાં પણ વધુ ભવ્ય."

"તે કોને પરણવાની છે?"

"એક ઘણા મોટા ઉમરાવ, કાઉન્ટ ગોમેર્નિ."

"તે કાઉન્ટ પણ દેખાવડા છે?"

"અદ્દ્ભુત."

"પેલી જુવાન છે?"

"તદ્દન."

"રાણી જેટલી જ સુંદર છે?"

“ વધુ સુંદર, ” એલચીએ અવાજ ધીમો કરીને જવાબ આપ્યો.

“ એ તો બેઅદબી કહેવાય, ” બાર્કિલફેડ્રો ધીમેથી ગણગણ્યો.

રાણી થોડુંક ચૂપ રહી; પણ પછી બોલી,

“ એ બધાં ગેરકાયદે જન્મેલાંઓથી તોબા ! ”

રાણીએ વાપરેલા બહુવચનની બાર્કિલફેડ્રોએ નોંધ લીધી.

બીજે એક વખતે દેવળમાંથી નીકળતી વખતે, બાર્કિલફેડ્રો રાણીની પાછળ હતો. તે વખતે લૉર્ડ ડેવિડ ડિરી-મોઇર બાનુઓ વચ્ચેથી પસાર થતો હતો. અચાનક બધી બાનુઓ બોલી ઊઠી, “ કેવા સુંદર ! કેવા મનોહર !”

રાણી ઍન કોઈની સામે જોયા વિના માત્ર ગણગણી, “ છટ્ !”

બાર્કિલફેડ્રો એ સાંભળી ગયો. હવે તેને નિશ્ચય થઈ ગયો કે, જૉસિયાનાને કાંઈ પણ કરીએ, તેથી રાણી નારાજ નહિ થાય.

પણ તેના જેવી નાની કોટિનો માણસ એવી પ્રતાપી બાઈને એકદમ શું કરી શકે ?

ખરેખર કાંઈ જ નહિ.

૫

કલેજા મુંહકો આતા હૈ

એક વિગત અહીં નોંધી લઈએ : જૉસિયાનાને ‘ઘૂમતી–પેટી’નો અધિકાર હતો.

ઘૂમતી-પેટી એટલે શું ?

બે વસ્તુઓથી માણસો મોટા બને : ઇંગ્લૅંડમાં ઘૂમતી-પેટી મળવાથી; અને ફ્રાંસમાં ‘–ને માટે’ શબ્દથી.

ફ્રાંસમાં ‘–ને માટે’ શબ્દનું મહત્ત્વ આ છે : રાજા જ્યારે મુસાફરીએ નીકળે ત્યારે જ્યાં પડાવ નાખે, ત્યાં રાજાનો કારભારી સૌને માટે મુકામ નક્કી કરી આપતી વખતે જે રાજવંશી પ્રિન્સ

હોય કે રાજાના ખાસ માનીતા હોય તેમના નામવાળા પાટિયા ઉપર " ...પ્રિન્સ...–ને માટે " એવું લખે; અને બાકીના બધા ઉમરાવો અને દરબારીઓ માટે પાટિયા ઉપર માત્ર તેમનું નામ જ લખે.

ઇંગ્લૅંડમાં જેને ઘૂમતી-પેટી મળે, એ રાજાનું ખાસ કૃપાપાત્ર કે નજીકનું–નિકટનું સંબંધી ગણાય. કારણ કે, બીજાં બધાંને તો રાજા તરફનો કોઈ પણ પત્ર દૂત કે નોકર મારફત પહોંચાડાય, ત્યારે આવા ખાસ કૃપાપાત્રના ખાનગી કમરામાં એક ટોકરી સાથેની ઘૂમતી-પેટી મૂકવામાં આવી હોય; રાજા તરફનો પત્ર તો કોઈ દૂત જ લાવે; પણ તે ટોકરી બજાવી પેલી મખમલજડિત પેટીની સોનાની તાસકમાં મૂકી, તેને ઘુમાવી દે. એમ એ વ્યક્તિ એ પત્ર સીધેસીધો રાજાજીના હાથમાંથી મળ્યો હોય તેમ લઈ શકે; કોઈ નજરે દેખાતા નોકરના હાથમાંથી નહિ!

એલિઝાબેથના વખતમાં લિસીસ્ટરને ઘૂમતી-પેટીનું બહુમાન મળ્યું હતું. જેમ્સ-પહેલાના વખતમાં બકિંગ્હામને; અને રાણી ઍનના વખતમાં જૅાસિયાનાને.

લેડી જૅાસિયાના મોસમ પ્રમાણે લંડનમાં કે ગ્રામપ્રદેશમાં પોતાનો મુકામ ખસેડતી. તે રાજદરબારી ઠાઠમાં જ રહેતી હોઈ, પોતાનો ખાસ દરબાર રાખતી. લૉર્ડ ડેવિડ તેના મુખ્ય દરબારી હતા. તે બંને વિવાહિત તો હતાં જ; એટલે નાટક વગેરેમાં સાથે બેસવાની છૂટ સહેજે ભોગવતાં.

તે જમાનામાં સરસમાં સરસ બૉક્સિંગ-મૅચો લૅમ્બેથ મુકામે આર્ચબિશપ કૅન્ટરબરીના મહેલના આંગણામાં થતી. એક વખત એવી મૅચ ગોઠવાઈ હતી. તે વખતે જૅાસિયાનાએ લૉર્ડ ડેવિડને પૂછ્યું, " સ્ત્રીઓને હાજર રહેવા દેવામાં આવે છે કે? "

" મધ્યમ વર્ગની સ્ત્રીઓને નહિ," લૉર્ડ ડેવિડે જવાબ આપ્યો. અર્થાત્ ડચેસ તો ગમે ત્યાં પ્રવેશ પામી શકે. એટલે જૅાસિયાનાએ એ મૅચ જોવા જવું જ રહ્યું!

પણ જોસિયાના પુરુષના પોશાકમાં જ ગઈ. તે જમાનામાં ઉચ્ચ વર્ગની સ્ત્રીઓ મુસાફરી દરમ્યાન એવો પોશાક જ પહેરતી.

લૉર્ડ ડેવિડ સ્ત્રીને સાથે લઈ ગયા હોવાથી મૅચમાં બીજો ભાગ ન લઈ શકચા; તે સામાન્ય પ્રેક્ષક જ રહ્યા.

એ બૉક્સિંગ મૅચના પ્રેસિડંટ લૉર્ડ જર્મેઈન હતા અને તે મૅચ ઉપર ઘણા માનવંત ઉમરાવોએ ભારે ભારે હોડ બકી હતી.

બૉક્સિંગ કરનારા બે જણામાંનો એક આયરિશ હતો અને બીજો સ્કૉચ હતો. આમ આયર્લૅન્ડ અને સ્કૉટલૅન્ડ એ બે દેશો વચ્ચે જ મારામારીનો સોદો હોઇ, હોડની રકમ જ ચાલીસ હજાર ગીનીથી કયાંય વધી ગઈ હતી.

સ્કૉચની ઉંમર ભાગ્યે જ ઓગણીસ વર્ષની હતી; છતાં તેના કપાળ ઉપર મોટો ઘા હતો. આગલે મહિને તેણે એક હરીફની પાંસળી ભાંગી નાખી હતી અને તેના બંને ડોળા કાઢી નાખ્યા હતા. તે મૅચમાં તેને ટેકવનારા બાર હજાર પાઉંડ જીતી ગયા હતા.

તેનો હરીફ ચાલીસ વર્ષનો વિશાળકાય માણસ હતો. તેનો પંજો પડે, તો વહાણનું તૂતક તોડી નાખે; પણ તે કેવી રીતે મારવો તેની તેને ખાસ ફાવટ નહોતી. તેના વિશાળ શરીરને લીધે, તેના હરીફોને તે એટલી વધુ સપાટી જ પૂરી પાડતો, જોકે તેવા મોટા શરીરમાં પડતા ઘા ઝટ તેને ગબડાવી ન પાડે.

મૅચ શરૂ થઈ અને પ્રથમ લોહી રેડાયું, એટલે સૌ ઉમરાવો તાળી પાડી ઊઠચા. પેલો આયરિશ જ ઢોરમાર ખાતો હતો. પણ તેના ટેકેદાર ઉમરાવો તેને ખૂબ ઉત્સાહ આપતા હતા, અને તેની માઠી વલે કરાવતા હતા.

પેલા સ્કૉચે એક વખત નીચા નમી, પેલાની છાતી ઉપર એક ફટકો લગાવ્યો. તે ફટકો ગેરકાયદેસર જાહેર કરવામાં આવ્યો. પણ તેથી પેલાને જે વાગ્યું તે તો વાગ્યું જ. તરત તે ગબડી પડચો. પછી તેને નિયત સમયમાં પાછો ઊભો કરવા પ્રયત્નો શરૂ થયા, તેને દારૂ

પાવામાં આવ્યો. તેનું લોહી અને પરસેવો લૂછી કાઢવામાં આવ્યો પણ તે બેભાન બનતો જતો હતો.

તરત ! "ગેરકાયદે ફટકો!" એવી બૂમો મારી તેની ઉપર હોડ બકનારા બૂમાબૂમ કરી ઊઠયા અને પોતાના પૈસા પાછા માગવા લાગ્યા.

પણ પેલો આયરિશ માણસ ધીમે રહીને ઊભો થયો તથા બોલ્યો, "મને પણ એક ગેરકાયદે ફટકો મારવાની છૂટ મળવી જોઈએ."

બધા કબૂલ થયા અને મૅચ આગળ ચાલી. પણ તેને તે ફટકો મારવાનો લાગ મળવો જોઈએને ! પેલા સ્કૉચે તરત તેનું માથું પોતાની બગલમાં દબાવી દીધું અને પછી નીચેની બાજુએથી તેના મોઢા ઉપર, ખીલાને હથોડાથી ઠોકે તે રીતે વાળેલી મુક્કીના એવા ઠોક લગાવ્યા કે જ્યારે તેણે પેલાને છૂટો મૂકયો ત્યારે તેને ચહેરો જ રહ્યો ન હતો. એક વખત જે નાક, આંખો અને મોં હતું, તે બધું લોહી ભરેલી કાળી વાદળી જેવું થઈ ગયું હતું. તેના ચાર દાંત જમીન નીચે તૂટી પડયા હતા. થોડી વારમાં તે પોતે પણ જમીન ઉપર તૂટી પડયો.

પણ તેના ટેકેદારમાંના એકે દારૂ વડે તેનું મોં સાફ કર્યું અને તેને વિનંતી કરતાં કહ્યું, "ભાઈ આપણી આબરૂ ખાતર એક દાવ વધુ રમ !"

પેલાએ એક આંખ પરાણે ઉઘાડી. તેના લમણા જાણે સદંતર ફૂટી ગયા હતા.

તેને મહાપરાણે ઊભો કરવામાં આવ્યો. એ પચીસમો ફેરો હતો. પેલો સ્કૉચ માણસ હસતો હસતો બોલ્યો, "હું જ મારી જાત ઉપર હોડ બકું છું—એના એક સામે મારા હજાર !"

પછી તેણે હાથ ઊંચો કરી પેલાને એક ફટકો લગાવી દીધો. પણ નવાઈની વાત એ બની કે, બન્ને જણ સાથે જમીન ઉપર

તૂટી પડચા. પેલા આયરિશ માણસે પોતાને ગેરકાયદે ફટકો મારવાની મળેલી પરવાનગીનો લાભ લઈ પેલાની ડૂંટી ઉપર જ ફટકો લગાવ્યો હતો. પેલો સ્કૉચ છતાપાટ પડી ગયો અને તેના ગળાની ખરખરી બોલવા લાગી.

સૌ ઉમરાવો બોલી ઊઠચા : "બરાબર બદલો લીધો !"–જેઓ હાર્યા હતા તે સુધ્ધાં એમ જ બોલ્યા !

પેલા સ્કૉચને સ્ટ્રેચર લાવીને ઉપાડી જવામાં આવ્યો. તે ફરી પાછો ઊભો થઈ શકે તેમ રહ્યું નહોતું. પેલો આયરિશ પણ જીવનભરને માટે અપંગ બની ચૂકચો હતો.

જોસિયાના બહાર આવી ત્યારે લૉર્ડ ડેવિડના હાથ ઉપર હાથ ટેકવીને બોલી :

" મજાનું હતું પણ— "

" પણ શું ? "

" હું એમ માનતી હતી કે, આ મૅચ જોતાં મારું કલેજું મોંની બહાર આવી જશે, પણ કંઈ આવ્યું નહિ. "

લૉર્ડ ડેવિડ અચાનક ઊભો રહ્યા, અને જોસિયાનાના મોં સામે જોઈ રહી બોલ્યો, "કલેજું મોંમાં લાવવાનો એક જ ઉપાય છે."

"શો ?"

"ગ્વિનપ્લેઈન."

"અને એ ગ્વિનપ્લેઈન શી બલા છે ?" ડચેસે પૂછ્યું.

૬

ગ્વિનપ્લેઈન અને ડિયા

૧

કુદરતે ગ્વિનપ્લેઈન ઉપર પોતાની બક્ષિસો વરસાવવામાં પાછી પાની કરી ન હતી. તેણે તેને મોં આપ્યું હતું, પણ છેક કાન સુધી ઊઘડતું — ઉઘાડું. કાન આપ્યા હતા, પણ પહોળા, ચપટા તથા ઉપરથી આંખો તરફ ઢળતા. આકાર વગરનું નાક આપ્યું હતું, પણ ચાળા કરનારનાં ચશ્માં સરકી શકે તેવું. અને ચહેરો આપ્યો હતો, પણ તેના તરફ જોતાં હસી પડ્યા વિના ન રહેવાય તેવો.

પણ આ બધી બક્ષિસો કુદરતે આપી હતી શું ? કુદરતને માણસે મદદ નહોતી કરી ? એવું મોં કુદરત પોતાની મેળે સર્જી શકે ખરી ?

તેના ઉપર કાયમનું અંકિત થયેલું હાસ્ય, તેના અંતરના શાશ્વત આનંદનું પ્રતીક તો નહોતું. ગ્વિનપ્લેઈનના ચહેરા ઉપર માણસોએ કારીગરી કરી હતી. પણ માણસ કદી સૌંદર્ય ઘડવાનું જાણતો નથી; તે કદરૂપાપણું જ ઘડી શકે.

માણસોએ કોઈ ગૂઢ વિજ્ઞાનની મદદથી, તેના માંસને, બહુ નાની ઉંમરે કોતરી-કાતરીને ફરીથી ઘડી કાઢ્યું હતું :

તેઓએ તેના મોંને બંને ગાલ તરફ લાંબું ચીરી નાખ્યું હતું; હોઠોને અંદર વાળી દીધા હતા; પેઢવાં ખુલ્લાં કરી નાખ્યાં હતાં; કાન લાંબા-પહોળા-ત્રાંસા કર્યા હતા; કાનનો કડણ હાડ-સ્નાયુ-ભાગ પણ કાઢી નાખ્યો હતો; ગાલ અને ભમરોની ગોઠવણી બદલી નાખી હતી; ઉપરાંત કેટલાય સ્નાયુઓ ઉપસાવ્યા હતા; અને એ બધી કાપકૂપના ઘા ઉપર ચામડી ફરીથી ખેંચી લીધી હતી કે વાળી દીધી હતી.

આ બધાનું પરિણામ એટલે ગ્વિનપ્લેઈન.

કોઈ આવે મોંએ જન્મતું નથી.

પણ એટલું ઉમેરવું જોઈએ કે, ગ્વિનપ્લેઈનના ચહેરાનું કોતરકામ બહુ સફળ થયું હતું. ભગવાને માણસજાતની ખિન્નતા દૂર કરવા જાણે તેનો ચહેરો સર્જ્યો હોય તેમ, તેના મોં સામે જોનાર કોઈ પણ માણસ તરત હસી જ પડતો.

અને ખરેખર, જેને શોક ધારણ કરવો હોય — જેમ કે સ્મશાન-યાત્રામાં જતાં — તેણે ગ્વિનપ્લેઈનના મોં તરફ જોવાનું ટાળવું જ જોઈએ. એક દિવસ એક જલ્લાદ તેનો ખેલ જોવા આવ્યો, અને હસી પડ્યો.. બીજા બધા સામાન્ય માણસોને તો ગ્વિનપ્લેઈન તરફ નજર કરતાં જ પોતાનાં પડખાં દબાવી દેવાં પડે — હસતાં હસતાં પેટ ફાટી ન જાય તે માટે. અને વળી જો તે તમારી સામું જોઈ ને બોલે, તો તો તમારે જમીન ઉપર જ આળોટવું પડે, — હસી હસીને જ !

એટલે થોડા જ વખતમાં મેળાઓમાં અને ચકલાંઓમાં તેની નામના થઈ ગઈ.

પણ તેના મોંની આ કૃત્રિમ આકૃતિ બાદ કરીએ, તો બાકીને આખે શરીરે — બધા અવયવોમાં ગ્વિનપ્લેઈન ઘાટીલો, સુડોળ અને સુપુષ્ટ યુવાન હતો. જાણે કોઈ આજન્મ - ખાનદાન - ઉમરાવજાદો. તેના મોં ઉપર આ બધું કોતરકામ કરવામાં આવ્યું હશે. ત્યારે જરૂર તેને કારમું દુઃખ થયું હશે; પણ એને પોતાને પોતાના શરીર ઉપર આ બધું કદી કરવામાં આવ્યું હતું તે યાદ જ નહોતું. જાણે જાદુમંત્રથી તેની એ બાબતની બધી સ્મૃતિ લુપ્ત કરી દેવામાં આવી હતી.

પણ કહેવાનું હજુ બાકી રહ્યું : જેઓએ તેના ચહેરાનું કોતરકામ કર્યું હતું. તેઓએ તેના કેટલાક સંધા પણ છૂટા કરીને એવી રીતે ફરીથી ગોઠવ્યા હતા. જેથી તેના અવયવો સૌ માણસો કરતાં અવળી રીતે

પણ વળી શકે — કહો કે મિજાગરા ઉપર બધી દિશામાં ફરી શકે. અર્થાત્ તેને ખેલ કરી પૈસા કમાઈ આપવા માટે જ બધી રીતે તૈયાર કરવામાં આવ્યો હતો.

તેના વાળને પણ ગમે એ રીતે કાયમના પીળા રંગી દેવામાં આવ્યા હતા. તે જમાનામાં તો તે વસ્તુ તેના કદરૂપાપણામાં વધારો કરવા જ કરવામાં આવી હતી; જોકે અત્યારે સ્ત્રીઓ ફૅશન માનીને વાળ તેવા કરાવે છે, એ જુદી વાત.

આ ગ્વિનપ્લેઈન એટલે, વાચકો સમજી ગયા હશે કે, પોર્ટ-લૅન્ડને કિનારે કૉમ્પ્રેશિકો લોકોએ તજી દીધેલો, અને પછી ઉર્સસના હાથમાં આવેલો બાળક જ હતો. એ બાળક. પંદર વર્ષ બાદ ૧૭૦૫માં પચીસમા વર્ષમાં પહોંચવા આવ્યો હતો.

૨

ઉર્સસે બંને બાળકોને પોતાની પાસે જ રાખ્યાં હતાં.

ઉર્સસ અને હોમો ઘરડા થયા હતા. ઉર્સસ તો હવે ટાલિયો જ બની રહ્યો હતો, અને વરુ ભૂખરા રંગનો બનતો જતો હતો. કૂતરાની પેઠે વરુની ઉંમર નક્કી કરી શકાતી નથી. મોલિન કહે છે કે, કેટલાંક વરુ એંસી વર્ષ જીવે છે.

મૃત બાઈ ઉપરથી મળેલી પેલી બાળકી હવે સોળ વર્ષની ઊંચી યુવતી બની ગઈ હતી. તેનું શરીર સુડોળ, સ્વરૂપવાન, જાણે પારદર્શક હતું. તેને અડવા જાઓ તો બીક લાગે! રખે ફૂલની નાજુક પાંખડીઓની પેઠે ખરી પડે! તેની આંખો પ્રકાશમાન હતી — પણ અંધ હતી.

તે કારમી અંધારી રાતે બરફના તોફાને તેના ઉપર બે ઘા કર્યા હતા: તેની માને મારી નાખી હતી અને તેને પોતાને અંધ બનાવી દીધી હતી.

તેની સ્થિર આંખોમાં સ્વર્ગીય નિશ્ચળતા પ્રગટતી હતી.

ઉર્સસને લૅટિન નામો માટે ઘેલછા હતી. તેણે તેનું નામ ડિયા પાડયું હતું. તેણે હોમોને કહ્યું હતું. "તું માનવ છે; હું જાનવર છું; એટલે અધોલોક પૂરો થયો. હવે આ સ્વર્ગીય પ્રાણી આપણી સાથે ઉમેરાય, એટલે માનવતા-જાનવરતા-સ્વર્ગીયતા એ ત્રણે વાનાં આપણી ઝૂંપડીમાં પૂરાં થાય."

હોમોએ કશો વાંધો ન લીધો, એટલે ઉર્સસે છોકરીનું દેવીવાચક ડિયા નામ પાડયું.

ગ્વિનપ્લેઈનનું નામ પાડવાનો તો સવાલ નહોતો. તે મળી આવ્યો તે પછીની સવારે જ્યારે ઉર્સસને એના મોંનું વિચિત્રપણું અને બાળકીનું અંધપણું માલૂમ પડયું, ત્યારે જ તેણે તેને પૂછ્યું હતું: "છોકરા તારું નામ શું?"

"તેઓ મને ગ્વિનપ્લેઈન કહેતા."

"તો બસ, તારું નામ ગ્વિનપ્લેઈન જ રહેશે."

ગ્વિનપ્લેઈન પોતાને બીજા માણસો સાથે સરખાવતો અને તેને કારમી વેદના થતી. પેલા લોકોએ તેના ઉપર એક જુદો જ ચહેરો ચડાવ્યો હતો. તે પોતે અત્યારે જીવતો હતો, પણ પોતાના ચહેરા વિના જ!

ડિયાની દૃષ્ટિમાં વિશ્વ હતું જ નહિ. એના ઉપર પણ કાળો બુરખો ઓઢાડી દેવામાં આવ્યો હતો — રાત્રિ રૂપી. આમ, ગ્વિનપ્લેઈન તેમ જ ડિયા એ બંને માનવજાતથી ઘણાં દૂર બની ગયાં હતાં. ડિયા પ્રકાશમાંથી દેશનિકાલ થઈ હતી, ગ્વિનપ્લેઈન જીવનમાંથી દેશનિકાલ થયો હતો. બન્ને જણાં આપત્તિના ગર્તમાં છેક તળિયે પહોંચેલાં હતાં. તેમને માટે કશી જ આશા ન હતી.

છતાં એ બંને એક સ્વર્ગમાં હતાં. —

તેઓ એકબીજાને ચાહતાં હતાં.

ગ્વિનપ્લેઈન પ્રત્યક્ષ ડિયાને પૂજતો અને ડયા ગ્વિનપ્લેઈનની મનોમન ઘડેલી મૂર્તિને પૂજતી.

"તું કેટલો બધો સુંદર છે!" તે કહેતી.

ગ્વિનપ્લેઈનને ખરા અર્થમાં પૃથ્વી ઉપર એક જ સ્ત્રી જોતી : અને તે આ આંધળી. બીજી સ્ત્રીઓ તો તેનું બનાવટી કોટલું જ જોતી.

ઉર્સસે ડિયાને ગ્વિનપ્લેઈનની બધી વાત કહી હતી : કેવી રીતે બાળક અવસ્થામાં તજાયેલો તે પોર્ટલૅન્ડને કિનારેથી અંધારી રાતે અને વરસતા બરફે વેમથ તરફ આવ્યો હતો, રસ્તામાં મૃત અને બરફમાં દટાયેલી માતાના શરીર ઉપરથી તેણે તેને કેવી રીતે ઉપાડી લીધી હતી, પોતાની ટાઢની દરકાર કર્યા વિના પોતાનો ડગલો ઉતારી તેણે તેના ઉપર કેવી રીતે વીંટચો હતો, થાક તથા ટાઢથી મરવા જેવો થવા છતાં તે વસ્તી શોધતો કેવી રીતે આવ્યો હતો, તેને પોતાને કશું સ્થાન ન હોવા છતાં કેવી રીતે તેણે તેને આશરો આપ્યો હતો, દુનિયામાં તેને માટે કશું જ ન હોવા છતાં પોતાનું કર્તવ્ય તેણે કેવી રીતે શોધી કાઢયું હતું તથા તેને બચાવવા પ્રયત્ન કર્યો હતો, અને પોતે દશ જ વર્ષનો કુમળો બાળક હોવા છતાં તેણે મૃત્યુને ટાઢ-તોફાન-બરફ-ભૂખ-તરસ એમ તેનાં બધાં કારમાં સ્વરૂપે કેવી રીતે પડકાર્યું હતું,—વગેરે બધું જ.

ડિયા જાણતી હતી કે, ગ્વિનપ્લેઈન બાળક હતો ત્યારે તેને માટે તેણે આ બધું કર્યું હતું, અને હવે મોટો માણસ થયા બાદ, કેવી રીતે તે તેની નિર્બળતામાં બળરૂપ બની રહ્યો હતો, કંગાલિયતમાં સમૃદ્ધિરૂપ બની રહ્યા હતો અને અંધારામાં દૃષ્ટિરૂપ બની રહ્યા હતો! ગાઢ અંધારાની પાર પણ તે તેની પોતા પ્રત્યેની નિષ્ઠા, ભક્તિ અને સ્વાર્પણ જોઈ શકતી હતી.

ટોળાને તો એટલાં બધાં માથાં હોય છે કે તે વિચારી જ શકતું નથી, અને એટલી બધી આંખો હોય છે કે તે જોઈ શકતું જ નથી; એટલે ટોળું તો ગ્વિનપ્લેઈનને ઉપરછલી રીતે જ જોઈ શકતું—કે તે એક વિદૂષક ખેલાડી જ છે. પણ ડિયા તો ગ્વિનપ્લેઈનને ઉદ્ધારક તરીકે, જીવનદાતા તરીકે, મુક્તિદાતા તરીકે, ભાઈ તરીકે, મિત્ર તરીકે, આધાર તરીકે જોતી હતી. તે તેના સાચા અંતરને રજેરજ પિછાનતી હતી : તેને મન ગ્વિનપ્લેઈન દેવદૂત હતો.

૩

ઉર્સસ ફિલસૂફ હોઈ બધું સમજતો હતો. ડિયાના મુગ્ધ થયેલા અંતઃકરણને તે પામી ગયો હતો. “ અંધ લોકો અદૃશ્ય વસ્તુને જોઈ શકે છે, ” એમ તે કહેતો.

બીજી બાજુ ગ્વિનપ્લેઈન પણ ડિયામાં જ બંધાઈ ચૂક્યો હતો. ડિયા તો આદર્શ કલ્પીને મુગ્ધ થઈ ગઈ હતી. બાકી, પોતે જેવો કદરૂપો—કારમો હતો, તેટલી ડિયા મીઠી-મધુર સુંદર હતી. ડિયાને દૃષ્ટિ હતી : પણ માત્ર આંખનાં બે બાકાંમાં જ નહિ — આખા શરીરે ! જે કમનસીબે ગ્વિનપ્લેઈન પ્રત્યે આટલી બધી કઠોરતા દાખવી હતી, તે જ કમનસીબે તેના ઉપર અત્યંત કૃપાવંત થઈ એક વરદાન પણ આપ્યું હતું,—અને તે હતી ડિયા.

કોઈની લોભવૃત્તિએ કે કોઈની બદમાશીએ ગ્વિનપ્લેઈનને મનુષ્યજગત માટે અસ્વીકાર્ય—ત્યાજ્ય વ્યક્તિ બનાવી દીધો હતો. પરંતુ બીજી બાજુ ભવિતવ્યતાએ તેને માટે ડિયા સરજી હતી, જે તેને જ સર્વતોભાવે સ્વીકારીને કૃતાર્થ થતી હતી. જે કદરૂપાપણાથી લોકો ગ્વિનપ્લેઈનથી થોડું હસીને—ત્રાસીને દૂર ભાગતા. તે કદરૂપાપણું જરાય સમજી ન શકે—જોઈ ન શકે એવી ડિયા બનાવીને કુદરતે પેલા માણસોની બદમાશીને ભરપાઈ કરી દીધી હતી. અને માણસ

ગમે તેવો નાનો હોય પણ સામા માણસના અંતરની અનંતતામાં બિરાજવાનું મળે, પછી તેને કશી વાતની ઊણપ લાગતી નથી — રહેતી નથી.

નરકમાંથી તેઓએ સ્વર્ગ સર્જ્યું હતું : કેવળ પ્રેમની તાકાતથી.

અને આ પ્રેમ માત્ર નિર્મળતાનો – સ્વર્ગીયતાનો બનેલો હતો. ડિયાને ચુંબન શું તેની પણ ખબર ન હતી. અને ઝ્વિનપ્લેઈન ડિયા તરફથી મળતા ભક્તિભાવથી એવો પ્રભાવિત થઈ ગયો હતો કે, તેને ડિયા તરફથી જે મળે એટલું જ બસ થઈ પડતું. બંને જણ અશરીરી દેવદૂતોની જેમ જ પ્રેમ કરતાં હતાં.

બંને નાનપણથી ભેગાં જ ઊછર્યાં હતાં. મોટી ઉંમરનાં થયાં ત્યાં સુધી તેઓ એક જ પથારીમાં ભેગાં જ સૂઈ ગયાં હતાં. તે બંને પેટી ઉપર સૂઈ જતાં અને ઉર્સસ નીચે પાટિયાં ઉપર. પણ પછી એક દિવસ અચાનક ઝ્વિનપ્લેઈનને લાગ્યું કે પોતે મોટો થઈ ગયો છે; એટલે તેણે ઉર્સસને કહ્યું, “હવેથી હું પણ નીચે પાટિયાં ઉપર જ સૂઈશ.”

ડિયા થોડું રડી, તથા ઝિરનપ્લેઈન પોતાની સાથે સૂવા આવે એમ બૂમ પાડવા લાગી. પણ પછી તો ઝ્વિનપ્લેઈન ગરમ મોસમમાં ઉર્સસની સાથે ઝૂંપડીની બહાર પણ સૂવા લાગ્યો.

ઉર્સસ વિચારતો, “મારે આ બંનેને હવે સજા કરવી પડશે —તેઓ બંને બહુ મોટાં થઈ ગયાં છે; માટે મારે તેમને પરણાવી દેવાં પડશે.”

ઉર્સસ તે બંનેનો પિતા તેમ જ માતા બંને બની રહ્યા હતો. તે ઘૂરકતો ખરો, પણ તેમને ઉછેર્યે જતો હતો; તે વઢતો ખરો, પણ તેમને ખવરાવ્યે જતો હતો. ઝૂંપડીનો ભાર વધી જવાથી તેને વારંવાર હોમોની સાથે ઝૂંસરે જોડાવું પડતું.

ઉર્સસ ગણગણતો : "કુછ પરવા નહિ; હું એ બેને પરણાવી જ દઈશ."

બંને જણને ભૂતકાળ હતો જ નહિ; તેમનો ભૂતકાળ એક-બીજાને પ્રાપ્ત કર્યાના સમયથી જ શરૂ થતો હતો. ઝ્વિનપ્લેઈનને તો પોર્ટલૅન્ડને કિનારે છોડીને લોકો ચાલ્યા ગયા તે પહેલાંની કશી વાત ખાસ યાદ ન હતી. ડિયાને તો ભૂતકાળ લગભગ વિસ્મૃત જ હતો. પોતાની મા તેને ઠંડા પદાર્થ તરીકે જ યાદ આવતી. તેણે સૂર્યને જોયો હતો ? કદાચ. તે કેવો હતો ? કદાચ ગરમ અને પ્રકાશિત એવું કંઈક. પણ હવે તો તેને ઝ્વિનપ્લેઈન જ સૂર્ય જેવો લાગતો હતો.

ડિયા ઝ્વિનપ્લેઈનને કહેતી, "પ્રકાશ ? હા, તું જ્યારે બોલે છે ત્યારે જે થાય છે તે."

એક વખત ડિયાનો સુકોમળ સુંદર હાથ મસલિનની બાંયમાંથી બહાર જોઈ ઝ્વિનપ્લેઈન પોતાની જાત ઉપર કાબૂ ન રાખી શક્યો. તેણે પોતાના કદરૂપા મોંથી તે હાથ ઉપર ચુંબન કર્યું. ડિયાને ખૂબ આનંદ થયો. તેના મોં ઉપર ગુલાબી છવાઈ રહી. પણ ઝ્વિનપ્લેઈન એકદમ ડરીને પાછો ખસી ગયો. ડિયાએ પોતાની બાંય જરા વધુ ઊંચી કરીને પોતાનો ખુલ્લો હાથ તેના તરફ લાંબો કર્યો અને કહ્યું, "હજુ વધારે."

પણ ઝ્વિનપ્લેઈન ત્યાંથી નાસી જ ગયો.

પણ બીજે દિવસે એ રમત ફરીથી શરૂ થવાની હતી.

૪

કોઈ કોઈ વાર ઝ્વિનપ્લેઈનને બહુ પસ્તાવો થતો. તે વિચારતો, હું ડિયાનો પ્રેમ મેળવવા પ્રયત્ન કરી રહ્યો છું, પણ એ તેને બિચારીને છેતરવા બરાબર છે. જો તેને અચાનક દૃષ્ટિ પ્રાપ્ત થઈ જાય,

તો મારું મોં જોઈને બીજી સ્ત્રીઓની જેમ તે કેવી મને તુચ્છકારે? ચીસ પાડીને કેવી દૂર ભાગી જાય?

તેણે એક વાર ડિયાને કહ્યું, "તું જાણે છે કે, હું બહુ કદરૂપો છું?"

"તું કેવો સુંદર છે, તે હું બરાબર જાણું છું."

"પણ જ્યારે લોકો હસે છે, ત્યારે તેઓ મારું કદરૂપાપણું જોઈને હસે છે, ભોળી!"

"હું તને ચાહું છું." ડિયા મૂંઝાઈને એટલો જ જવાબ આપતી. "મને મૃત્યુ ઉપાડી જતું હતું, તે વખતે તું મને બચાવી લાવ્યો. તું જ્યારે મારી પાસે હોય છે ત્યારે સ્વર્ગ જ મારી પાસે હોય છે. મને ઝટપટ તારો હાથ આપી દે, જેથી હું પરમાત્માને સ્પર્શ કરી શકું!"

બંને જણ, પછી એકબીજાનો હાથ પકડી ચુપચુપ બેસી જતાં.

ઉર્સસ ગ્વિનપ્લેઈનની આ વાતથી અકળાતો. ડિયા સાથે પ્રેમમાં હોવું અને છતાં ડિયાને કહેવું કે, 'હું કદરૂપો છું' એ તે કેવી વાત? ડિયા જો બીજી કોઈ સ્ત્રી જેવી હોત, તો તે આંધળી હોવા છતાં, આ કદરૂપાને ધુત્કારી કાઢત. કારણ કે, આંધળી પણ પોતાના પ્રેમપાત્રને અમુક પ્રકારે સુંદર કલ્પે છે જ. તેની એ કલ્પનાને હાથે કરીને તોડી નાખવી, એ કેવી મૂર્ખાઈ?

પરંતુ ડિયા જુદી માટીની હતી. તેનું શરીર નાજુક હતું, પણ તેનું હૃદય નાજુક ન હતું. તે વિચારતી, "કદરૂપું એટલે? જે ખરાબ કામ કરે તે. ગ્વિનપ્લેઈન સારાં જ કામ કરે છે, માટે તે સુંદર છે."

કોઈ કોઈ વખત તે વધુ ઊંડી ચર્ચામાં ઊતરતી. તે પૂછતી: "જોવું? તમે બધા 'જોવું' શાને કહો છો? હું જોતી નથી, એમ તમે બધા કહો છો. પણ હું જાણું તો છું. એટલે 'જોવું'નો અર્થ જરૂર 'છુપાવવું' થતો હશે."

"એટલે, તું શું કહેવા માગે છે?" ઝિવનપ્લેઈને પૂછ્યું.

"જોવું એટલે સત્યને છુપાવવું એવો અર્થ થતો હોવો જોઈએ."

"ના!"

"હા, હા; કારણ કે તું કહે છે ને કે જોનારા તને કદરૂપો કહે છે!"

ઝિવનપ્લેઈનને આ સાંભળી આનંદ જ થતો: તેણે ડિયાનો ભ્રમ દૂર કરવા સાચેસાચ પ્રયત્ન કર્યો હતો, પણ તે આડી થઈને ન માને, તો હવે મારો શો વાંક? હવે હું તેને છેતરું છું એમ તો ન જ કહેવાય ને!

ઉર્સસે એક દિવસ તે બંનેને કહ્યું, "તમારે હવે એકાદ ધર્મ પસંદ કરી લેવો જોઈએ."

"કેમ?" ઝિવનપ્લેઈને પૂછ્યું.

"તો જ તમારાં લગ્ન થઈ શકે"

"પણ લગ્ન તો ક્યારનાં થઈ ગયાં છે," ડિયા બોલી ઊઠી.

ડિયા સમજી જ શકતી નહોતી કે, તેઓ છે તે કરતાં પતિ-પત્ની થવામાં વિશેષ શું હોઈ શકે?

૭

સુખ અને સંપત્તિ

૧

૧૬૮૯થી માંડીને ૧૭૦૪ સુધીમાં ઘણો ફેરફાર થઈ ગયો હતો.

૧૭૦૪માં તો હવે જૂની મકાન-પેટીને બદલે બે મજબૂત ઘોડા જોડેલું ચાર પૈડાં ઉપર ઊભું કરેલું એક મકાન કિનારા ઉપરના એકાદ નાના શહેરમાં દાખલ થતું. તળિયેથી ઉપર સુધી લીલા રંગે રંગેલું તે મકાન 'ગ્રીન-બૉક્સ' થિયેટર તરીકે આસપાસ બધે જાણીતું હતું.

તેને બે બારીઓ હતી : બંને છેડે એક એક, અને તેની પાછલી બાજુએ પગથિયાંવાળું બારણું હતું. તેના છાપરામાંથી ધુમાડો નીકળવા માટે એક લીલી પાઈપ કાઢેલી હતી. આ 'ગ્રીન-બૉક્સ' હંમેશાં તાજું રંગેલું તથા વાર્નિશ કરેલું રહેતું.

આગળના ભાગમાં બારી પાસે એક ખસેડી શકાય તેવું બ્રૅકેટ જડેલું હતું. બારીમાંથી એક ડોસો લગામ પકડી ઘોડાઓને હાંકતો ત્યારે, તે બ્રૅકેટ ઉપર ઊભી રહીને બે જિપ્સી બાઈઓ દેવીઓના પોશાક પહેરી બ્યૂગલ વગાડતી.

આ 'ગ્રીન-બૉક્સ' ઉર્સસનું નવું મકાન હતું, જેને ખાસ એક થિયેટરનું રૂપ આપવામાં આવ્યું હતું. હોમો ગાડી નીચે સાંકળે બંધાયેલો રહેતો; અને ફિલસૂફ ઉર્સસ પોતે ઘોડા હાંકતો.

આ બઢતી થવાનું કારણ ગ્વિનપ્લેઈનની નામના હતું. શરૂઆતમાં એને પ્રેક્ષકો સમક્ષ માત્ર હાજર કરવામાં આવતો; તરત જ ફાર્ધિંગો વરસતા. એક જગાએ લોકોની તેને જોવાની ઇંતેજારી પૂરી થાય, એટલે તરત તેઓ બીજી જગ્યાએ જતા.

પરિણામે થિયેટર થઈ શકે તેવું આ નવું મોટું ગાડું બનાવ-રાવવું પડયું હતું. અને તેને જોડવાના બે ઘોડા, તથા પેલી બે જિપ્સી બાઈઓ, જે નોકરડી તરીકે પણ કામ આપતી, તે આ મંડળમાં વધ્યાં હતાં. જિપ્સી બાઈઓનાં નામ 'ફિબિ' (ચંદ્રાદેવી) અને 'વિનસ' (પ્રેમદેવી) ઉર્સસે રાખ્યાં હતાં. ફિબિ રાંધવાનું કામ કરતી અને વિનસ સાફસૂફીનું. ઉપરાંત નાટકને દિવસે તેઓ ડિયાને શણગારવાનું કામ પણ કરતી. ગ્વિનપ્લેઈન ઘોડાઓની સંભાળ રાખતો, અને ઉર્સસ તથા હોમો એકબીજાની.

ઉર્સસની જૂની મકાનગાડીને આ મોટી મકાન-ગાડીમાં જ એક ખૂણે જકડી બાંધવામાં આવી હતી.

તે કોટડી ઉર્સસ અને ગ્વિનપ્લેઈનના શયનગૃહ અને ડ્રેસિંગ રૂમ તરીકે કામ આપતી. તેની સામેના ખૂણે રસોડું હતું.

અંદરની બધી વ્યવસ્થા નિશ્ચિત તથા વિચારપૂર્વક કરવામાં આવી હતી. આ મહા-રથના ત્રણ ખંડ હતા. ત્રણે ખંડમાં જવા-આવવા માટે બારણાં વિનાનાં દ્વાર હતાં. માત્ર એક પડદો જ આડ તરીકે લટકાવી રાખવામાં આવતો એટલું જ. પાછલો ખંડ પુરુષોનો, આગલો સ્ત્રીઓનો, અને વચ્ચેનો ખંડ થિયેટરનો હતો. વાજિંત્રો અને સિનસિનેરી રસોડામાં રહેતાં. ઉપરની બાજુ માળિયા જેવું હતું. તેમાં શોભા શણગારની ચીજો રખાતી. તથા તેમાં જ રાખેલાં બાકાં ઉઘાડતાં અચાનક નીચેના થિયેટરવાળા ભાગમાં પ્રકાશ ફેંકવાની વ્યવસ્થા થતી.

ઉર્સસ હાથચાલાકીના ખેલ કરી શકતો અને ગળામાંથી વિવિધ અવાજો કાઢી શકતો. ઉપરાંત અણધાર્યો પ્રકાશ, અણધાર્યું અંધારું, પડદા ઉપર છાયા-પ્રકાશની રમતોથી આકૃતિઓ પાડવી, વગેરે વગેરે ઘણી કરામતો ખેલ માટે તેણે યોજી હતી.

ગ્વિનપ્લેઈનને જ એક વખત તેને કહ્યું હતું, " બાપુજી, તમે અદ્દલ જાદુગર જેવા છો!"

"હું છું જ વળી!" ઉર્સસે જવાબ આપ્યો.

થિયેટરવાળા વચ્ચેના ખંડની ડાબી બાજુની ભીંત મિજાગરાં ઉપર નીચેની તરફ બહાર ઊઘડતી. અને તે નીચે ઢળે તે જ ઘડીએ આગળના ભાગમાં મિજાગરાં ઉપર ઘૂમતા પાયા નીચે ટેકવાઈ જતા. એ તેમનો રંગમંચ બની જતો.

સામે પ્રેક્ષકો ગોઠવાઈ જતા. કોઈ વીશીના આંગણામાં પડાવ નાખ્યો હોય, તો વીશીના મજલાઓના બધા ઝરૂખા ખાસ બૉક્સ તરીકે વપરાય, અને ત્યાં બેસવાના વધુ પૈસા લેવાય.

પડાવ નંખાયા પછી વિનસ મજાનાં ઢોલ વગાડે અને ફ્રિબિ ગિતાર વગાડે.

હોમો પણ રીંછનું ચામડું ઓઢેલા ઉર્સસ સામે કેટલાય ખેલ આપે.

૨

આજનાં નાટકમાં એક એક દશ્ય કહેવાય તેવાં કેટલાંય નાટકો ઉર્સસે પોતાની મંડળીનાં પાત્રોને અનુલક્ષીને બનાવ્યાં હતાં. તે નાટકોનાં નામ લૅટિન ભાષાનાં રહેતાં, અને ગીતો સ્પેનિશ ભાષાનાં. તે વખતે ઇંગ્લૅંડમાં સ્પેનિશ ભાષાથી લોકો અપરિચિત નહોતા— ખાસ કરીને દરિયાખેડુઓ. ઉપરાંત, નાટકનું ગીત તો નાટકનો પ્રસંગ તથા અભિનયને કારણે જ આમેય સમજાઈ જાય; અને સંગીતને કારણે તેના શબ્દો આમેય ઓછા જ સંભળાય.

ઉર્સસે ગ્વિનપ્લેઈનને લક્ષમાં રાખીને ' અંધાધૂંધી ઉપર વિજય ' નામનું એક ખાસ નાટક લખ્યું હતું. અને તે લખવામાં તેણે પોતાની બધી શક્તિ રેડી દીધી હતી.

એ દૃશ્યનું વસ્તુ આ પ્રમાણે હતું :

રાત્રિનું દૃશ્ય. પડદો ઊંચકાય ત્યારે પ્રેક્ષકોને અંધારા સિવાય કાંઈ નજરે ન પડે. એ અંધારામાં ત્રણ જણ ફરતાં દેખાય—વરુ, રીંછ અને માણસ. વરુ એટલે હોમો, રીંછ એટલે ઉર્સસ અને માણસ એટલે ગ્વિનપ્લેઈન. વરુ અને રીંછ એટલે દલીલ ન જાણતી ભૂખ અને કારમા અંધકારનાં પ્રતીક. બંને જણ ગ્વિનપ્લેઈન ઉપર તૂટી પડે છે. અર્થાત્ અંધાધૂંધી માણસને અભિભૂત કરવા ચાહે છે. ગ્વિનપ્લેઈન સામનો કરે છે. તેનું મોં વાળનાં લાંબા ગુચ્છાઓથી તેમ જ અંધકારથી ઢંકાયેલું હોય છે. રીંછ ઘુરઘુરાટ કરે છે, વરુ દાંત ચમકાવે છે અને માણસ બૂમો પાડે છે. માણસ નીચે પડી જાય છે. અને બંને પ્રાણીઓ તેને દબાવી દે છે. માણસ મદદ માટે ચોતરફ ધા નાખે છે. હવે તેની આખર ઘડી આવી જાય છે. પ્રેક્ષકો એ ક્ષણે હાંફળાફાંફળા થઈ જાય છે. એક જ મિનિટ વધુ અને માણસનો ખેલ ખતમ ! છેવટની એક જોરદાર ઝપાઝપી થાય છે, ચીસો પડે છે, અને ગર્જનાઓ સંભળાય છે. પછી અચાનક ભેંકાર નીરવતા—પણ તે જ ઘડીએ અંધકારમાંથી એક ગીત ઉદ્ભવતું સંભળાય છે, સ્વર્ગીય સૂરો પ્રગટે છે—અને સાથે સાથે ક્યાંકથી એક ઉજ્જ્વળ આભા ચમકી ઊઠે છે. એ પ્રકાશમાંથી એક સ્ત્રીની આકૃતિ ધીમે ધીમે પ્રગટ થાય છે. તે જ પેલા સ્વર્ગીય સૂરો ગાતી હોય છે. પ્રેક્ષકો ડિયાની અદ્ભુત મૂર્તિને પેલા પ્રકાશમાં અંકિત થયેલી જુએ છે; અને તેની અસર ચમત્કારિક થાય છે. જાણે કોઈ અલૌકિક સત્ત્વ પ્રભાતના પ્રકાશ મારફતે મૂર્તિમંત થયું છે.

એ પ્રકાશ અને એ સ્વર્ગીય સૂરો સાંભળતાં જ પેલો માણસ એકદમ અલૌકિક બળ પ્રાપ્ત કરે છે. તે ઊભો થઈ જાય છે અને પેલાં પ્રાણીઓને ઝપાટામાં દબાવી દે છે !

ગ્વિનપ્લેઈનને જ એક વખત તેને કહ્યું હતું, "બાપુજી, તમે અદ્દલ જાદુગર જેવા છો!"

"હું છું જ વળી!" ઉર્સસે જવાબ આપ્યો.

થિયેટરવાળા વચ્ચેના ખંડની ડાબી બાજુની ભીંત મિજાગરાં ઉપર નીચેની તરફ બહાર ઊઘડતી. અને તે નીચે ઢળે તે જ ઘડીએ આગળના ભાગમાં મિજાગરાં ઉપર ઘૂમતા પાયા નીચે ટેકવાઈ જતા. એ તેમનો રંગમંચ બની જતો.

સામે પ્રેક્ષકો ગોઠવાઈ જતા. કોઈ વીશીના આંગણામાં પડાવ નાખ્યો હોય, તો વીશીના મજલાઓના બધા ઝરૂખા ખાસ બૉક્સ તરીકે વપરાય, અને ત્યાં બેસવાના વધુ પૈસા લેવાય.

પડાવ નંખાયા પછી વિનસ મજાનાં ઢોલ વગાડે અને ફિબિ ગિતાર વગાડે.

હોમો પણ રીંછનું ચામડું ઓઢેલા ઉર્સસ સામે કેટલાય ખેલ આપે.

૨

આજનાં નાટકમાં એક એક દશ્ય કહેવાય તેવાં કેટલાંય નાટકો ઉર્સસે પોતાની મંડળીનાં પાત્રોને અનુલક્ષીને બનાવ્યાં હતાં. તે નાટકોનાં નામ લૅટિન ભાષાનાં રહેતાં, અને ગીતો સ્પૅનિશ ભાષાનાં. તે વખતે ઇંગ્લૅંડમાં સ્પૅનિશ ભાષાથી લોકો અપરિચિત નહોતા– ખાસ કરીને દરિયાખેડુઓ. ઉપરાંત, નાટકનું ગીત તો નાટકનો પ્રસંગ તથા અભિનયને કારણે જ આમેય સમજાઈ જાય; અને સંગીતને કારણે તેના શબ્દો આમેય ઓછા જ સંભળાય.

ઉર્સસે ગ્વિનપ્લેઈનને લક્ષમાં રાખીને 'અંધાધૂંધી ઉપર વિજય' નામનું એક ખાસ નાટક લખ્યું હતું. અને તે લખવામાં તેણે પોતાની બધી શક્તિ રેડી દીધી હતી.

ડયાના સૂર સ્પેનિશ ભાષામાં સંભળાતા જાય છે—

અંતરથી પ્રાર્થના કરો,
શબ્દમાંથી મહત્ પેદા થાય છે;
સામગાનમાંથી પ્રકાશ.
અંધકાર હવે દૂર થાઓ,
ઉષાના સૂર પ્રગટ્યા છે.

જેમ જેમ ડિયા ગાતી જાય છે, તેમ તેમ પેલો માણસ પેલાં નીચે દબાવેલાં બે જાનવરો ઉપર ઘૂંટણુ ટેકવી, પેલા પ્રકાશના ઓળા તરફ બંને હાથ લંબાવે છે. ડિયા તેના તરફ વળીને ગાતી જાય છે:

હવે તારે સ્વર્ગમાં રહેવાનું છે,
રુદન પછી હાસ્ય—
હવે તારી કસોટી પૂરી થઈ.
તારી ઝૂંસરી તોડી નાખ!
તારું કાળું કોટલું ફગાવી દે!

અને આમ કહી તે પોતાના હાથ માણસના માથા ઉપર મૂકે છે.

અને હવે માણસનો જવાબ સંભળાય છે: જાણે આકાશી તારાઓના ગાનને જવાબ આપતું મનુષ્યનું પ્રતિગાન: ઝિવનપ્લેઈન પેલાં હારેલાં રીંછ અને વરુ ઉપર ઢીંચણ ટેકવી રાખીને કહે છે—

આવો, પ્રેમમૂર્તિ!
તમે આત્મા છો,—
હું અંતઃકરણ;
મારા અંતરમાં—
તમને પધરાવું છું.

તે જ ક્ષણે પ્રકાશનું એક જોરદાર કિરણ ચિત્રપ્લેઇનના મોં ઉપર પડે છે—અને આસપાસના અંધારાથી ઘેરાયેલો તેનો હસતો ચહેરો ઝળાંઝળાં થઈ રહે છે.

પણ તેના હસતા ચહેરાની પ્રેક્ષકો ઉપર વીજળી જેવી અસર થાય છે. સૌ હસી હસીને બેવડ વળી જાય છે. એ હાસ્યનો રણકો દૂર દૂર સુધી પહોંચે છે. તાળીઓ અને પગ પછાડવાના અવાજોથી આખું ગામ કે આખો લત્તા ગાજી ઊઠે છે.

પડદો પડે છે. બીજે દિવસે લોકો ઝિવનપ્લેઈનનો ચહેરો યાદ કરે છે અને એકબીજાને પૂછે છે: તમે 'અંધાધૂંધી પર વિજય' જોયું? અને તેમાંય પેલો હસતો ચહેરો?

પછી તો લોકો ઝિવનપ્લેઈનને જોવા જ ટોળે મળે છે: લાપરવા લોકો પણ હસવા માટે દોડી આવે છે; સોગિયા લોકો પણ; અને દુષ્ટ દુરાચારી પણ. એ હાસ્યથી ચેપાયા વિના કોઈ જ રહી ન શકે.

પણ આ બધી સફળતા વસ્તીના નીચલા થર પૂરતી મર્યાદિત હતી. કારણ કે, આ નાટકની ટિકિટ એક પેનીની જ હતી; અને ઉપરના વર્ગો એક પેનીની ટિકિટવાળા નાટકતમાસા જોવા ન જાય!

એક વાત ઉમેરતા જઈએ: ઝિવનપ્લેઈન સમક્ષ છેવટે ડિયાનો જે રીતે પ્રવેશ કરાતો હતો, તે વખતની ડિયાની સુંદર મધુર સ્વર્ગીય આકૃતિની અસર પણ પ્રેક્ષકો ઉપર જેવી તેવી થતી નહોતી. દરેક મનુષ્યના અંતરમાં ગુપ્ત રહેતા શુભના-સુંદરના-શિવના તાર એ દર્શનથી ઝણઝણી ઊઠતા.

ઉર્સસની સૂચના પ્રમાણે જિપ્સી બાઈઓએ શણગારેલી ડિયા જાણે અલૌકિક અને લૌકિક વચ્ચેના ઉંબર ઉપર ઊભી રહી હોય તેમ દેખાતી: અર્ધી લૌકિક પ્રકાશમાં અને અર્ધી પોતાની અનોખી દિવ્યતામાં! માનવ અંતરમાં વ્યાપેલા અનિષ્ટના જાળામાંથી પૂર્ણ સ્વર્ગીય અંતરાત્મા સરજવાની તેની તાકાત વિષે પ્રેક્ષકોને શંકા જ

રહેતી નહિ. પૃથ્વી ઉપર ઉષાના પ્રકાશ વડે શિવ-સુંદરનું સર્જન કરતા પરમાત્માની પેઠે !

ડિયાની પોતાની ઉપર પણ આ પ્રવેશ વખતે વિચિત્ર અસર થતી. સામે ઊભેલું ટોળું તે જોતી નહોતી પણ માત્ર અનુભવતી. માણસોના શ્વાસોચ્છ્વાસ તે સાંભળતી. ડિયા તે વખતે પોતાને તે બધાંથી જુદી – અટૂલી — અલગ પડી ગયેલી અનુભવતી જાણે અગાધ અફાટ ખીણની ધાર ઉપર આવીને ઊભી હોય તેમ. પણ અચાનક તેને ટેકો મળી જતો : ગ્વિનપ્લેઈનના ખભાનો ! તરત તે પોતે જ આનંદોજ્જવલ બની જતી – અને ગ્વિનપ્લેઈન ઉપર અંતરનો ઊભરાતો પ્રેમ અને કૃતજ્ઞતાનો ભાવ વરસાવતી. જોકે પ્રેક્ષકો તો એમ જ સમજતા કે, ગ્વિનપ્લેઈનનો ઉદ્ધાર થયો, અને ડિયા એની ઉદ્ધારક દેવતા છે !

અને સાચો પ્રેમ કદી કંટાળતો નથી; કે વારંવાર એકની એક રીતે પ્રગટ થવા છતાં વાસી બનતો નથી. એટલે ડિયાને તો નાટકની દરેક રાત્રિએ લાગણીનો આ ઉદ્રેક નવો નવો જ લાગતો, અને તે પોતે એ ક્ષણ માટે જ આખો વખત જાણે ઝંખ્યા કરતી.

આ નાટકની સફળતાથી ઉર્સસ રાજી થતો; જોકે મળેલા શિલિંગોનો ઢગલો ગણવા બેસતી વખતે તે એમ વિચારતો ખરો કે, લોકો આ નાટકની માત્ર આકર્ષક બાજુની સાથે તેના આંતરિક અર્થ ઉપર વધુ લક્ષ આપે તો સારું : હસે ખરા, પણ સાથે થોડોક ગંભીર વિચાર પણ કરે !

છતાં પોતે કરેલા આયોજનના આધારે તેને ઊંડી ઊંડી ખાતરી પણ રહેતી કે, ઉપર ઉપરનું હાસ્ય ભુલાઈ જશે, ત્યારે પણ તેમના અંતરમાં આ વસ્તુનું કશું ઊંડું બીજ કાયમ રહેશે. અને વસ્તુતાએ પણ લોકો રીંછ-વરુ-માણસના આ ધમસાણમાં બેરી ગર્જનાઓ ઉપર સંવાદિતાનો વિજય, તથા અંધકાર ઉપર

પ્રકાશનો વિજય જોતા અને સામગાન મારફત પ્રગટતા પ્રકાશ દ્વારા સ્થૂળ ઉપર સૂક્ષ્મનો — ભૌતિકતા ઉપર આધ્યાત્મિકતાનો વિજય કેવી રીતે થયો, તે ઊંડે ઊંડે સમજતા, અને છેવટે વિજયી બનેલા માણસના હાસ્યમાં પોતાનું હાસ્ય ભેળવીને એ વિજયને પ્રમાણતા.

આવા સ્થૂલ-સૂક્ષ્મ આનંદો લોકોને પૂરતા હતા. આ બધા લોકો અમીર-ઉમરાવ વર્ગની પેલી ઊંચી હરીફાઈઓમાં જઈ શકે તેમ નહોતું; તેમ જ એક સ્કૉચ અને એક આયરિશ માણસ એકબીજાને ખતમ કરી નાખે એ વાત ઉપર હજાર હજાર ગિનીની હોડ બકી શકે તેમ નહોતું.

૮

સંપત્તિના માલિક

૧

ઝિવનપ્લેઈન હવે એક અર્થમાં તવંગર બની ગયો હતો. તેનાં કપડાંમાં બાકાં ન હતાં; તેની અંગીઠી હંમેશાં ગરમ રહેતી, તથા તેનું પેટ કદી ભૂખથી બચકાં ભરતું નહિ. પોતાના જીવનની બધી જરૂરિયાતો તેને મળી રહેતી, એટલું જ નહિ પણ કોઈ ગરીબને આપવા તેની પાસે વધારાનો પેની પણ હોતો.

શારીરિક રીતે તે સુખી હતો, એટલું જ નહિ પણ માનસિક રીતેય તે સુખી હતો; કારણ કે તેને ડિયાનો પ્રેમ મળ્યો હતો. હવે તેને વધારે શું જોઈએ?

તેના મોંનું કદરૂપાપણું દૂર થાય એ? એ તો હવે શક્ય જ નહોતું. ઉપરાંત એ મોં વિના તે પછી ડિયાનો નિર્વાહ શી રીતે કરી શકે? તેના મોં ઉપરના એ વિકટ હાસ્ય વિના તે આ બધાને પોષી શકે તેટલી આવક શી રીતે મેળવી શકે?

વળી, તેના મોંની એ ખોડને કારણે ડિયાનો પ્રેમ મેળવવામાં તો તેને કશી મુશ્કેલી આવતી નહોતી; કારણ કે, તે અંધ હોઈ તેના મોંને દેખી શકતી જ નહોતી.

પરંતુ તે પોતે જેમ જેમ સુખી થતો ચાલ્યો, તેમ તેમ આસપાસનાં ટોળાંમાં ખેલ વખતે જોવા મળતી દુઃખ-શોકની ઘેરી છાયા તેના મન ઉપર અસર કર્યા વિના ન રહી. ખેલની એક પેનીની સસ્તી ટિકિટ નીચલા વર્ગના કંગાલ લોકોને આકર્ષતી અને તેઓ પોતાનાં દુઃખ ભૂલવા જ દારૂની પેઠે ગ્વિનપ્લેઈન તરફ વળતા! પોતાના રંગમંચ ઉપર ઊભો ઊભો તે આ બધા ચહેરા ઉપર અંકિત થયેલી વિવિધ રેખાઓ વાંચતો. કારણ કે, દરેક પ્રકારનું દુઃખ ચહેરા ઉપર પોતાની વિશિષ્ટ રેખાઓ અંકિત કરે છે જ. કેટલાંય છોકરાંનાં મોં ઉપર અવારનવાર વેઠવી પડતી ભૂખની વાત અંકિત થયેલી હોતી. અમુક પુરુષ પિતા હતો, અમુક સ્ત્રી માતા હતી. અને તેમની પાછળ બરબાદીને પંથે પળેલું કુટુંબ હતું; એ વાત તેમના ચહેરા ઉપરથી તરત દેખાઈ આવે. એક ચહેરો દુરાચારમાંથી બહાર નીકળી, ગુનાખોરીમાં પ્રવેશતો હતો — શાથી? અજ્ઞાન અને ભૂખમરાથી. બીજાના મોં ઉપર શરૂઆતની ભલાઈ સામાજિક દબાણથી ભૂંસાઈ જવા આવી હતી અને તેનું સ્થાન ધિક્કાર લેતો જતો હતો. એક બુઢ્ઢીના મોં ઉપર દુકાળ જ સ્પષ્ટ દેખાતો હતો. બીજી એક જુવાન છોકરીની ભમરોમાં વેશ્યાપણું ડોકાતું હતું. એ ટોળા પાસે હાથ હતા, પણ ઓજાર ન હતાં; કામદારો કામ જ માગતા હતા, પણ કામ જ નહોતું. કોઈ કોઈ વખત એકાદ ઘરડો કે કોઈ કોઈ વખત એકાદ બીમાર સૈનિક કામદારો સાથે આવીને બેસતો; તે ઉપરથી ગ્વિનપ્લેઈનને યુદ્ધની ભૂતાવળનું દર્શન થતું. કેટલાંય માણસોના ચહેરા ઉપર, ઉપરના વર્ગોના સુખના દબાણથી જ, પશુપણું ધીમે ધીમે પાછું અંકિત થતું જતું તેને દેખાતું હતું.

તે અને ડિયા નસીબે ઉઘાડેલી બારીમાંથી સુખ મેળવી રહ્યાં હતાં, પણ બાકી બધે તો કંગાલિયતની ઘેરી ખીણ જ ઘૂઘવતી હતી. કોઈ કોઈ વાર ઝિવનપ્લેઈનને ઉપરના થરની દુનિયા પણ દેખાતી, જેના અવિચારી બોજા હેઠળ જ આ નીચેની દુનિયા દબાઈ જતી હતી. ઘણી વાર પ્રયત્ન કરીને તે માનવતાની આ વિપરીત વલે સમજવા પ્રયત્ન કરતો. બાળકો હીણપત ભોગવવા જ શાથી મોટાં થાય છે? કુંવારિકાઓ પાપી જીવનમાં સબડવા જ શાથી જુવાન થાય છે? ગુલાબો કાદવમાં રગદોળાવા માટે જ શાથી ખીલે છે? માણસજાતનું શું એ જ ભાવી છે? કુટુંબોને સમાજ ખાઈ જાય છે; નીતિને કાયદાઓ ભીંસમાં લે છે; જખમો સજાઓથી ડંભાય છે; ગરીબાઈને કરવેરા ખોતરી ખાય છે; બુદ્ધિ અજ્ઞાનના ખાબોચિયામાં જ ગળચવાં ખાય છે, — ટૂંકમાં દુઃખ-શોક, ભૂખ-તરસ અને કંગાલિયત-ગુનાખોરીનું કેવું આ સબડતું ખાબોચિયું — જે પાછું માનવ જીવન કહેવાય છે!

પણ આ વિચારો આટલેથી જ અટકતા નહિ. તેને આ બધો દુઃખદરિયો શી રીતે ઓછો થઈ શકે, તેનો વિચાર પણ આવતો. હું વધુ શક્તિમાન હોત, તો આ દુઃખ ઓછું કરવા કંઈક પ્રયત્ન કરી શકત. પણ હું કોણ છું? એક નાનો સરખો અણુ! મારાથી શું થઈ શકે? કાંઈ જ નહિ!

૨

પણ ફિલસૂફ હંમેશાં માણસોના અંતરનો જાસૂસ હોય છે. ઉર્સસથી પોતાના શિષ્યની આ આંતરિક ગડમથલ ઝાઝો વખત અછતી ન રહી. એક વખત ઝિવનપ્લેઈન આવા વિચારવમળે ચડી ગયો હતો, ત્યારે જ ઉર્સસે તેને ઊધડો લીધો—

“ અલ્યા મૂરખ! તું તો કંઈ આંખો વાપરવા લાગ્યો છે ને કંઈ? પણ સાવધાન! તારે તો ડિયાને પ્રેમ કરવો, એટલું જ કામ

કરવાનું છે. તને બેવડું સુખ મળેલું છે: એક તો એ કે આ બધું ટોળું તારું મોં જોઈ શકે છે; અને બીજું એ કે, ડિયા નથી જોતી. પણ એ સુખ ઉપર તારો હકદાવો શો છે? કશોય નહિ! તારું મોં ખરેખર જોઈ શકતી કોઈ સ્ત્રી તારી પાસેથી ચુંબન લેવાય ઇચ્છે ખરી?

"અને જે મોં તેં મેળવ્યું છે, તે પણ તારું ક્યાં છે? તેં તો કોઈ અગમ્ય રીતે સેતાનના ઘરમાંથી એ મહોરું ઉપાડી આણેલું છે. અને એ મોંને લીધે તને પૈસાનો વરસાદ વરસે છે.

"એટલે મહેરબાની કરીને સંતોષી રહે; અસંતોષી ન બન. તું જે સ્વપ્નોમાં વિહરે છે, એ મૂર્ખાઈભર્યાં છે. જો હું કવિતાની ભાષામાં તને એકબે વાતો કહું: ડિયાને છ મહિના આ ખોરાક ખાવા મળશે, તો તે તુર્કી બાઈ જેવી પઠ્ઠી બની રહેશે. પછી તરત જ તેને પરણી લેજે અને તેને છોકરાં થવા માંડશે — એક, બે, ત્રણ અરે ઢગલાબંધ. એનું નામ ખરી ફિલસૂફી. આસપાસ બચ્ચાંકચ્ચાં હોવાં એ જ આ પૃથ્વી ઉપરનું સ્વર્ગ છે. માટે છોકરાં પેદા કર, તેમને ધો, તેમને સાફ કર, અને તારી આસપાસ તેઓ હસતાં હસતાં ઘેરાઈ વળે, તો વાહ વાહ! જો તેઓ રડે કકળે, તો વળી વધુ વાહ વાહ! કારણ કે, રડવું એટલે જીવતા હોવું. છ મહિનાનાં થાય ત્યાં સુધી તેમને ધાવતાં જોયા કર; એક વરસનાં થાય ત્યાં સુધી ઘૂંટણિયે સરકતાં જોયા કર; બે વર્ષનાં થાય એટલે તેમને પગે ચાલતાં જોયા કર; પંદર વર્ષે ઊંચાં વધેલાં જોયા કર અને વીસ વર્ષે પ્રેમ કરતાં જોયા કર. જેને આ સુખ મળ્યું, તેને બધું મળ્યું. તેથી તો હું રીંછ જેવો બની રહ્યો છું. ઈશ્વર જેવો કોઈ કવિ નથી; તેણે પણ પોતાના સાગરીત મોઝિઝને શું કહ્યું હતું? 'છોકરાંછૈયાંવાળો થઈને વધ્યા કર!' તો તું પણ જાનવર, વધવા માંડ!



ઉર્સસ ગ્વિનપ્લેઈનને સાવધાન કરે છે.

કોટડી-ગાડીની બહાર ગ્વિનપ્લેઈન અને આંધળી ડિયા.

"બાકી, આ દુનિયાનો વિચાર કરીએ તો તે તો જેવી છે તેવી છે. અને એ માટે તારી મદદની તેને જરૂર નથી. તેનો તું વિચાર જ ન કરીશ. તારા જેવા નટો બીજાઓ તેમને જુએ તે માટે સરજાયા છે; બીજાઓને તું જુએ તે માટે નહિ. અને તેમાંય તારી આસપાસ ઘેરાઈ રહેલા ક્ષિતિજની પાર શું છે, તે તું જાણે છે? પોતાના અધિકારથી — હકદાવાથી જેઓ સુખી છે, તેવા લોકો ત્યાં છે. તું તો અકસ્માત વડે સુખી થઈ બેઠો છે. સુખની એકમાત્ર માલકી એ સુખી લોકોની છે; તું તો એમના વાડામાં ચોરની પેઠે ઘૂસેલો ઘૂસણખોર છે. તેઓ પૂછે કે, તને સુખી થવાનો શો હક્ક છે? તો તું શું જવાબ આપી શકશે? તેમને તો જ્યુપિટર, અલ્લા, વિષ્ણુ એવા ઈશ્વરે સુખી થવાનો પરવાનો આપેલો છે. તારી પાસે કયો પરવાનો છે, વારુ? એટલે તું સુખી લોકોની પંચાતમાં પડીશ નહિ.

"અને હકદાવાથી સુખી માણસ એટલે કોણ, તે તું જાણે છે? તે 'લૉર્ડ' કહેવાય. જે બારણે થઈને તે લોકોએ આ જગતમાં પ્રવેશ કર્યો છે, તે બારણાની ચાવી કેવી મુશ્કેલીએ તેમણે મેળવી હશે? લૉર્ડ જ્યાં જન્મે, ત્યાં જનમવું કેટલું અઘરું છે? આંધળી નિયતિ પાસેથી પરવાનો મેળવી, ઘોડિયામાંથી જ મનુષ્યોના અને સુખના માલિક — 'લૉર્ડ' બનીને જનમવું, એ કેવી મોટી બાબત છે! ટિકિટ વેચનારને ફોસલાવી, ખેલમાં સારામાં સારી જગા મેળવી લેવી, એના જેવી એ બાબત નથી.

"અને લૉર્ડ એટલે લૉર્ડ જ વળી! તેને બધું જ મળે, અને તે બધું જ હોય! તે જુવાન હોય, તોપણ ઘરડાને છાજે એવા હોદ્દા તેને મળે; તે ઘરડો હોય, તોપણ જુવાન માણસની સફળતાઓ તેને વરે; તે કાયર હોય તો પણ બહાદુર માણસોનો તે કમાન્ડર થાય; અજ્ઞાન હોય તો ઑક્સફર્ડ અને કેમ્બ્રિજની ઉપાધિઓ તેને મળે; મૂરખ હોય, તો કવિઓની પ્રશંસા તેને મળે, અને કદરૂપો હોય, તો સ્ત્રીઓનાં આવકારભર્યાં મધુર સ્મિત મળે.

"લૉર્ડ લોકો જ ખરા રાજવંશીઓ છે. અરે ઇંગ્લેંડનો રાજા પણ લૉર્ડ જ છે– માત્ર બધા ઉમરાવોમાં પ્રથમ. પહેલાંના વખતમાં રાજાઓ પોતાને લૉર્ડ જ કહેવરાવતા. લૉર્ડ લોકો રાજાના સમોવડિયા છે આમ-લોકોને તો 'હા' કહેવાનો – કબૂલ રાખવાનો જ હક છે. પણ લૉર્ડ લોકો તો 'ના' પણ કહી શકે. ઉમરાવો રાજાનું ડોકું પણ કાપી નાખી શકે. આમ-લોકો કદી નહિ. આમ-લોકોએ રાજા ચાર્લ્સ-પહેલાનું ડોકું કાપ્યું, તે રાજા ઉપર હુમલો નહોતો, પણ ઉમરાવોના અધિકાર ઉપર હુમલો હતો. તેથી તેઓએ ક્રૉમવેલના હાડપિંજરને કાઢીને ફાંસીએ ચડાવ્યું હતું.

"લૉર્ડ લોકો પાસે સર્વ સત્તા છે. શાથી? કારણ કે, તેઓ પાસે ધનસંપત્તિ છે. હું માર્મડ્યૂક નામના ઉમેદવારનો ઘર-વૈદ્ય હતો; તે લૉર્ડને વરસે નવ લાખ ફ્રાંકની આવક હતી. તને, બબૂચક, એની કલ્પના આવે છે? અર્લ લિન્ડસેના જંગલમાંથી છ છોકરાંના એક બાપે સસલું પકડ્યું હશે; તેમણે એને તરત ફાંસીએ ચડાવી દીધો હતો. ઉમરાવપણું એનું નામ! ઉમરાવનું સસલું ઇશ્વરના માણસ કરતાં વધુ છે. ઉમરાવો છે જ; અને આપણે તેમને નથી કહીએ તેથી તેમનું શું બગડે છે? એ ઉમરાવોના વજનથી કંગાલ ટોળાં છૂંદાઈ જતાં હોય અને તેઓ ચીસો પાડે તેથી શું? તો તો હાથીના પગના વજન સામે ઇયળ પણ બૂમો પાડી શકે. એક દિવસ એક હિપોપોટેમસને મેં રાફડા ઉપર પગ મૂકીને જતો જોયો હતો. કેટલાંય જંતુઓ તેના પગ નીચે છૂંદાઈ ગયાં, પણ તેથી શું? માનવજાત પણ છૂંદાઈ જતાં જંતુઓ છે. છૂંદાઈ જવું એ જ તેમના જીવનનો કાયદો છે, વળી.

"જગતમાં ઘોડાગાડીઓ નામની ચીજ છે જ; લૉર્ડ લોકો ઘોડાગાડીમાં જ બેસવાના; અને માણસો એ ગાડીનાં પૈડાં નીચે છૂંદાવાના જ. ડાહ્યા માણસ એ પૈડાંથી દૂર ખસી જાય, એ જ તેનું ડહાપણ કહેવાય.

"મને પોતાને આપણો ઉમરાવવર્ગ બહુ ગમે છે. તેઓ આવા વૈભવશાળી અને શક્તિશાળી છે, તે બદલ હું તેમનો આભાર માનું છું. તેઓ ન હોત, તો આ દુનિયામાં જોવા જેવું, વખાણવા જેવું શું હોત? તેમણે બંધાવેલા મહેલો, તેમણે બંધાવેલા કિલ્લાઓ, તેમનાં મકાનોમાં સંઘરાયેલાં પુસ્તકો, તેમનાં મકાનોમાં ભેગી કરેલી અજાયબીઓ, — એ બધું સામાન્ય માણસ શી રીતે ઊભું કરી શકત? આ પૃથ્વીને તદ્દન કંગાળ તુચ્છ બની રહેલી જોઈને ઈશ્વરે આ લૉર્ડ લોકો સરજ્યા; અને સાબિત કર્યું કે, પોતાને પણ સુખ-વૈભવ-દમામ સર્જતાં આવડે છે.

"અને એમની આસપાસ થોડાં ચીંથરાં સરજાય કે ઊડતાં દેખાય તેથી શું? બધી જ વસ્તુઓ સોનાની ન બનાવી શકાય ને? આ બધા ગરીબો–કંગાળો છે, તેથી શું થયું? તેઓ ભેગા પિસાઇને એક ઉમરાવની સંપત્તિ ઊભી કરે છે જે તેમાંના કોઇથી કદી ન ઊભી થઈ શકત. આપણા ઉમરાવો એ આપણું ગૌરવ છે. તેમના એક એકના શિકારી કૂતરાઓ પાછળ આખા રાજ્યના રક્તપિત્તિયાઓ માટે કે છોકરાં માટેની ઇસ્પિતાલો પાછળ થતા ખર્ચ કરતાં વધુ ખર્ચ થતું હોય છે; તેથી શું? ડ્યૂક ઑફ લીડ્ઝ પોતાના હજૂરિયાઓની વર્દી માટે જ વર્ષે પાંચ હજાર સોના–ગીની ખર્ચે છે; પણ તેથી શું? ચીંથરાં અને ઝૂંપડાંથી જ છવાયેલી અફાટ દુનિયા વચ્ચે સુખ-સમૃદ્ધિના આવા થોડાક ટાપુઓ પણ ન હોય, તો ઈશ્વરે સરજેલા આ માટીના ઢગલામાં બીજું જોવા જેવુંય શું છે?

"અને બીજાઓ ટાઢે મરે છે કે ભૂખે મરે છે, તેથી પણ શું બગડી ગયું? ટાઢ ન હોય તો ડિયા શી રીતે આંધળી થાત! અને ડિયા આંધળી થઈ ન હોત તો તને શી રીતે તેનો પ્રેમ મળવાનો હતો? માટે બબૂચક, આ બધી બાબતોમાં તર્ક-બુદ્ધિ લડાવવી તે નકામી છે, હાનિકારક છે. અને આ બધા વેરવિખેર થયેલા દુઃખી

લોકો પોતાનું દુઃખ ભૂંકવા માંડે, તો પછી આ જગતમાં બીજું સાંભળવાનુંય શું રહે ? તેથી જ ઇશ્વિર એ બધાને મૂંગા રહેવાનું ફરમાવે છે, જેથી એ મોટી બૂમ સાંભળીને તેની પોતાની નીંદ હરામ ન થઈ જાય. માટે હું કહું છું કે, આમ-લોકો ! તમે તમારી જીભ પકડી રાખો. હું તો ફિલસૂફ હોઈ ઊલટો મારી જીભ એ ઉમરાવોની પ્રશંસા કરવામાં અને તેમને વખાણવામાં વાપરું છું.

"તેઓ ચીજો ઉપર કરવેરા નાખે છે, તેથી શું થયું ? એક પાઉંડની આવક ઉપર ચાર શિલિંગ વેરો લેવાય છે, તેથી શું થયું ? તેઓ એ પૈસાનો કેવો ઉપયોગ કરે છે ? ઇશ્વિરે જેટલાં જંગલી પ્રાણીઓ સરજ્યાં છે, તે બધાં કરતાં જુદાં પ્રાણીઓ આ ઉમરાવોએ સરજ્યાં છે. ક્યાં ? તેમની રાજમુદ્રાઓમાં. આપણને બધાને તો તે પ્રાણીઓ ખરેખર જીવતાં હોય તો બીક લાગે; પણ તેઓ તો તે બધાંને સોનામાં કોતરી તે વડે પોતાની ગાડીઓ, બારણાં, પોશાકો વગેરે અલંકૃત કરે છે. એવા પ્રતાપી પુરુષો એ છે. આપણાં રાણીનું ઘરખર્ચ જ વર્ષે સાત લાખ પાઉંડ છે. અને બીજું બધું ઉમેરીએ તો દશ લાખ ઉપર જાય. આટલાથી જ તમને આનંદ થતો નથી ? તો પછી, કાળમુખાઓ, તમને કશી વાતથી આનંદ થવાનો જ નહિ !"

૩

આમ તો, ગ્વિનપ્લેઈનને 'ગ્રીન-બૅાક્સ'ની બહાર ફરવા જવાની છૂટ હતી; પણ રસ્તામાં તેનો ચહેરો મફતમાં જોઈ લેવા લોકો ટોળે ન વળે, અથવા તેનો ચહેરો રોજ નજરે પડતી સસ્તી ચીજ ન બની જાય, તે માટે તે અંધારામાં જ અને ટોપો નીચે સુધી દબાવીને જ નિર્જન રસ્તાઓ ઉપર ફરવા જતો. તેનો ચહેરો ખાસ રંગમંચ ઉપર જ જોવા મળવો જોઈએ, એવી કાળજી રાખવી આવશ્યક હતી.

ઉપરાંત, અત્યાર સુધી હજુ 'ગ્રીન-બૉક્સ' થિયેટર શહેરોમાં બહુ જતું નહિ. ગ્વિનપ્લેઈન ૨૪ વર્ષનો થયો ત્યાં સુધી તેણે સિંક-પોર્ટ્સ કરતાં મોટું શહેર જોયું નહોતું.

પણ હવે તેની કીર્તિ ચારે બાજુ ફેલાવા લાગી હતી. અને શહેરમાં પણ એના ચહેરા વિષે વાતો થવા લાગી હતી. 'અંધાધૂંધી પર વિજય' એ નાટક શહેરોનાં મંડળોમાં પણ ચર્ચાવા લાગ્યું હતું.

એટલે, એક દિવસ ઉર્સસ બોલી ઊઠયો : "આપણે લંડન જવું જોઈએ."

ખંડ ત્રીજો

હસતે મોંએ

૧
ટૅડર્કૅસ્ટર વીશી

૧

એ જમાનામાં લંડન આગળ થેમ્સ નદી ઉપર એક જ પુલ હતો, અને એ પુલ ઉપર પણ રહેવાનાં મકાનો હતાં.

એ પુલથી લંડન શહેર સાઉથવર્ક નામે પરા સાથે જોડાતું. એ પરાના રસ્તા થેમ્સના કાંકરા-પથરાથી જ જડેલા હતા, અને તેમાં આવેલાં ઢગલાબંધ ખડકાયેલાં મકાનો બધાં લાકડાનાં હતાં. અગ્નિદેવ સહેલાઈથી પોતાનું તાંડવ તેમાં ખેલી શકે. ૧૬૬૬ના વર્ષે એ વસ્તુ સાબિત પણ કરી આપી હતી.

એ પરાને છેડે 'ટારિન્ઝૂ-ફીલ્ડ' નામે એક જૂની જાગીરનું પડતર બીડ જેવું વિશાળ મેદાન હતું. તેમાં મદારીઓ, જાદુગરો, લોક-સંગીતકારો, લોક-નાટ્યકારો વગેરેની મંડળીઓ પડાવ નાખતી. પરિણામે એ ભાગ હવે આવા કાયમના લોક-જલસાઓનું સ્થાન બની રહ્યા હતો. દારૂના માંડવા જેવી કેટલીય વીશીઓ આસપાસ ધીકતો ધંધો ચલાવતી હતી. જોકે, તે સૌમાં સાચા અર્થમાં મુસાફરોને ઊતરવાનું સ્થાન કહી શકાય તેવી પણ એક વીશી હતી, જેનું નામ હતું 'ટૅડર્કૅસ્ટર'. તેને ત્રણ ભીંતોથી ઘેરાયેલું વિશાળ આંગણું પણ હતું. અને તેમાં જ ગાડાં-ગાડીને પ્રવેશવાનો દરવાજો હતો. માણસો તો એ વીશીના ભોંયતળ ઉપરના જાહેર ઓરડાના આડ-બારણામાંથી જ પ્રવેશતા; એટલે પેલો દરવાજો ગાડાં વગેરે માટે જ વપરાતો.

આ વીશીના વિધુર માલિકનું નામ નિકોલસ હતું. તે ભારે કંજૂસ પ્રકૃતિનો માણસ હતો; તથા કાયદાથી ડરીને ચાલનારો હતો.

૧૭૦૪ના ૧૭૦૫માં પહોંચતા શિયાળાના આખરી ભાગમાં એક સાંજે ભારે પવન ઊપડયા હતા અને ટાઢ પણ સખત હતી. તે વખતે એક માણસ ટેડકેસ્ટર વીશીની ભીંતની બહારની બાજુએ થઈને જતો હતો, તે અચાનક થોભી ગયો. તે માણસનો પોશાક ખલાસી જેવો લાગતો હતો, પણ રાજદરબારી સ્ટાઈલનો હતો અને આમ-જનતા માટે તે સ્ટાઈલની બંધી ન હતી.

તે શાથી થોભ્યો હતો? સાંભળવા. તે શું સાંભળતો હતો? ભીંતની અંદરની બાજુ કોઈ બોલતું હતું; અને સામે જાણે મોટું ટોળું ભેગું થયું હોય તેવો ગણગણાટ સંભળાતો હતો.

પેલો અવાજ કહેતો હતો:

"લંડનનાં સ્ત્રીપુરુષો, હું આવી પહોંચ્યો છું. તમે સૌ અંગ્રેજો છો, તે બદલ તમને અભિનંદન! તમે એક મહાન પ્રજા છો — અરે, મોટી વસ્તી છો. તમે મુક્કાથી જે પ્રહાર કરી શકો છો, તે તમારી તરવારના ઘા કરતાં પણ વધુ સુંદર હોય છે. તમારી ભૂખ પણ બહુ તેજ છે. તમે એવી પ્રજા છો, જે બીજી પ્રજાઓને જ હજમ કરી જાય! — બહુ ભવ્ય કામગીરી કહેવાય. તમારું રાજકારણ, તમારી ફિલસૂફી, વસાહતી સંસ્થાનો, વસ્તીઓ અને ઉદ્યોગોનો તમારો વહીવટ તથા પોતાને માટે ઠીક ગણાય તેવી ઇજા બીજાને કરવાની તમારી તમન્ના — એ બધું અનોખું અને પ્રશંસનીય છે.

"હું પોતે અંગ્રેજ પણ નથી કે માણસ પણ નથી. કારણ હું રીંછ હોવાનું બહુમાન ધરાવું છું. ઉપરાંતમાં હું દાક્તર છું, તથા શિક્ષક છું. હું બે પ્રકારની વસ્તુઓ શીખવું છું: જે હું જાણું છું તે, અને જે હું નથી જાણતો તે. હું દવાઓ વેચું છું, પણ વિચારો મફતમાં આપી દઉં છું. તો નજીક આવો અને સાંભળો. જ્ઞાન તમને આમંત્રે છે. તમારા કાન ઉઘાડો. જો તમારા કાન નાના હશે, તો તેમાં થોડુંક સત્ય સમાશે; જો તે મોટા હશે તો ઘણી ઘણી મૂર્ખાઈઓ અંદર ઠરીઠામ થશે. માટે ધ્યાન દઈને સાંભળો—

"મારો જે સાથી છે, તે લોકોને હસાવવાનું કામ કરે છે; હું લોકોને વિચારતા કરવાનું કામ કરું છું. અમે બંને એક જ પેટીમાં રહીએ છીએ. જ્યારે લોકો ડેમોક્રિટસને પૂછતા : 'તમે શી રીતે જાણો છો ?' ત્યારે તે જવાબ આપતો, 'હું હસું છું.' અને મને જો લોકો પૂછે કે, 'તમે કેમ હસો છો ?' તો હું જવાબ આપું, 'કારણ કે, હું જાણું છું.' હું લોકોની ભૂલો સુધારનાર છું. તમારી બુદ્ધિ સાફ કરી આપવાનું હું માથે લઉં છું અર્થાત્ તમારી બુદ્ધિ સાફ નથી, એમ કહેવાનો હું દાવો કરું છું.

"હું સાચને જૂઠથી જુદું પાડી આપું છું. તમે ઘણી ઘણી ભૂલોમાં ફસાયેલા છો, હું તમને તેમાંથી છોડાવવા માગું છું. કેટલા બધા વહેમો તમે જાણો છો ! કેટલી બધી ખોટી માન્યતાઓ તમે ધરાવો છો ! જેમ કે...

"અહીં અમે ચાર કલાધરો તમારી સમક્ષ ઊભા છીએ. પહેલો હું મારો મિત્ર 'હોમો' લઉં : તે વરુ છે, અને એ વસ્તુ તે હરગિજ છુપાવવા માગતો નથી. તેની સામું જુઓ; તે ગંભીર, વિદ્વાન અને ડાહ્યો છે. ભગવાને એક વખત તેને યુનિવર્સિટીનો ડાક્ટર-ડિગ્રીધારી બનાવવા ધારેલું. પરંતુ તે માટે તેણે થોડા બેવકૂફ હોવું જોઈતું હતું. પણ તે બેવકૂફ ન હોઈ, તેણે એ ડિગ્રી વિના જ ચલાવી લીધું છે. તેને કોઈ પૂર્વગ્રહો નથી કે તે બીજાને હલકા વર્ગના ગણનારો સૂગિયો નથી. તેને માદા-વરુ સાથે વાતચીત કરવાનો હક છે, પણ તે અવારનવાર કોઈ માદા-કૂતરી સાથે પણ વાતચીત કરી લે છે. તે ઘૂરકે પણ છે — માણસોની જેમ; તે ભસે પણ છે : સંસ્કૃતિને માન આપીને. હોમો એ સંપૂર્ણતાની કક્ષાએ પહોંચેલો કૂતરો જ છે. તે જીભથી પરસેવો કાઢે છે અને પૂંછડીથી હસે છે. તે નમ્ર છે તથા માનવ પ્રાણીઓને ઉપયોગી થઈ પડવાની વૃત્તિ ધરાવે છે.

"મારો બીજો સાથી તેના અનોખા મોં માટે મશહૂર છે. એક

વખત ચાંચિયાઓએ તેને દરિયાકિનારે તજી દીધો હતો. તમે તેને જોશો એટલે જરૂર વખાણશો.

"મારો ત્રીજો સાથી અંધ છોકરી છે. પણ આંધળાપણું એ એની એકલીની જ ખાસિયત છે શું ? આપણે બધા જ અંધ છીએ. કંજૂસ પણ આંધળો જ હોય છે: તે માત્ર સોનું જુએ છે, પણ સંપત્તિ જોતો નથી. ઉડાઉ માણસ પણ આંધળો છે: તે માત્ર શરૂઆત જુએ છે પણ અંત જોતો નથી. વિદ્વાન પણ આંધળો છે: તે પોતાનું અજ્ઞાન જોતો નથી. પ્રમાણિક માણસ પણ આંધળો છે: તે દુર્જનતા જોતો નથી. બદમાશ પણ આંધળો છે: તે ઈશ્વરને જોતો નથી. ઈશ્વર પણ આંધળો છે: કારણ કે જે દિવસે તેણે સૃષ્ટિ સર્જી, ત્યારે સેતાન અંદર પેસી ગયો હતો તે તેણે જોયું નહિ. હું પોતે પણ આંધળો છું: કારણ કે તમે બધા બહેરા છો એ જોયા વિના બોલ્યા કરું છું.

"સદ્‌ગૃહસ્થો અને સન્નારીઓ, હવે ખેલ શરૂ થાય છે!"

પેલો ખલાસી હવે તરત અંદર દાખલ થયો અને ટિકિટ ખરીદી પ્રેક્ષકોના ટોળામાં ભળી ગયો.

૨

વાચકો સમજી ગયા હશે કે, 'ગ્રીન-બૉક્સ' થિયેટર લંડનમાં આવી પહોંચ્યું હતું. પોતાના ખેલ માટે ટૅડકૅસ્ટર વીશીનું આંગણું ઉર્સસને ખાસ પસંદ આવી ગયું. એક તો એ વીશી એવી જગાએ આવેલી હતી કે, જ્યાં કોઈ પણ ઋતુમાં હંમેશ ખેલ-તમાશા ચાલુ જ રહેતા; અને તે વીશીનું મકાન પણ ઉર્સસની 'ગ્રીન-બૉક્સ'નો વિચાર કરીને જ જાણે બનાવેલું હતું!

તેના મોટા દરવાજામાં થઈ આખી 'ગ્રીન-બૉક્સ' સહેલાઈથી ત્રણ બાજુ ભીંતોવાળા આંગણામાં આવી ગઈ હતી. આગળનો ખાલી ભાગ,

તે પિટ કલાસ; વીશીના ભોંયતળના ઓરડાની બારીઓ, એ બાકસ; *અને ઉપરના મજલાનો કઠેરાવાળો ઝરૂખો, એ ફર્સ્ટ કલાસ !*

પ્રેક્ષકો આડ-બારણામાં થઈ નીચેના ઓરડામાં દાખલ થાય. ત્યાંથી આંગણામાં જવા માટેના ઓરડામાં આગળ પીપ ઉપર ટિકિટ ઑફિસ આવેલી હતી. કોઈક વાર ફ્રિબિ ટિકિટ વેચવા બેસે તો કેઈક વાર વિનસ.

વીશીવાળાએ પ્રેક્ષકોની સગવડ માટે બારીઓએ અને ઝરૂખામાં ખુરશીઓ ગોઠવી રાખી હતી. ઝરૂખામાં વચ્ચેનો ખાલી આંતરો બાદ કરતાં, બંને બાજુએ બે પંક્તિમાં દશ ખુરશીઓ મૂકેલી હતી; વચ્ચેના આંતરામાં એક આરામખુરશી તથા વીશીની સારામાં સારી મખમલ મઢેલી ખુરશીઓ મૂકી હતી. એ ઉમરાવ-વર્ગ માટે અલગ રખાયેલી ખાસ જગા હતી. ઉર્સસ એમ માનતો હતો કે, લંડનનાં ઉમરાવ વર્ગનાં માણસો આ ખેલ જોવા આવવાનાં જ.

પણ ખેલ શરૂ થતાં માલૂમ પડયું કે, બીજી બધી જગાઓ ભરાઈ ગઈ હતી, માત્ર ઉમરાવ વર્ગ માટેનું ખાનું જ ખાલી રહ્યું હતું.

ખેલ એવો તો સફળ નીવડયો કે, પછી તો સાઉથવર્ક પરું 'લાફિંગ મૅન' જોવા આવનાર પ્રેક્ષકોનાં ટોળાંથી જ ગાજતું રહેતું.

ટારિન્ઝૂ-ફીલ્ડ ઉપરના બીજા નટ-ભવૈયા વગેરેમાં તરખાટ મચી રહ્યો. ગ્વિનપ્લેઈન જ તેમના બધા પ્રેક્ષકોને ખાઈ જતો ! ટારિન્ઝૂ-ફીલ્ડ ઉપર તે વખતે તરવાર ગળનારા, અંગ વાળનારા, સ્ત્રી-ખેલાડીઓનું સરકસ, ફરતું પ્રાણી-સરકસ, – વગેરેના કેટલાય ખેલો હતા. પણ ગ્વિનપ્લેઈનનો 'અંધાધૂંધી પર વિજય' એ ખેલ જ સૌને મોંએ ચડી ગયો.

પરંતુ એ સફળતા થેમ્સ નદી ઓળંગીને સામે પાર ન પહોંચી. કહે છે કે કીર્તિને પાણી ઓળંગતાં વાર લાગે છે. એકસો ત્રીસ વર્ષ અગાઉ શેક્સપિયરની કીર્તિ જ ઇંગ્લૅંડથી ફ્રાંસ પહોંચી નહોતી.

અને વૉલ્ટેરે મદદ ન કરી હોત, તો શેક્સપિયર આજે પણ ઇંગ્લૅંડની દીવાલમાં જ પુરાયેલો રહેત — અલબત્ત, વૉલ્ટેરને પોતાના એ કાર્ય બદ્દલ પછી ઘણો પસ્તાવો થયો હતો એ જુદી વાત !

ખેલની વચ્ચે ઉર્સસ અવાજની નકલ કરવાની પોતાની શક્તિનો પરચો આપતો. પ્રેક્ષકોમાંથી કોઈના પણ કંઠની તે આબેહૂબ નકલ કરી બતાવતો; ઉપરાંત તે આખું ટોળું ભેગું થઈને શોરબકોર કરતું હોય તેવો અવાજ પણ એકલો કાઢી શકતો. અને લોકો તેની એ શક્તિ ઉપર આફરીન પોકારી જતા. સાથે સાથે તે ભાષણો પણ આપતો — જેનો એક નમૂનો આપણે હમણાં જ ઉપર જોયો; તે દવાઓ પણ વેચતો અને માંદાઓના ઉપચાર કરતો.

સાઉથવર્ક પરું આખું તેના ખેલથી જિતાઈ ગયું.

પરંતુ પ્રેક્ષકોમાં હજુ બધો નીચલો થર જ આવતો હતો— આજની કમાણી આજે જ ખતમ કરનારો ! પરંતુ એ પ્રેક્ષકોમાં જરાક ઊંચો, તથા ઓછો ગરીબ દેખાતો, તથા ચીંથરેહાલ નહિ એવો એક પ્રશંસક હંમેશ નજરે પડતો. એની ભાષા, એની ચેષ્ટાઓ, એની ધક્કામુક્કી નીચલા થરને જ લાયક હતાં. પણ નવાઈની વાત એ હતી કે, 'લાફિંગ મૅન'ના ખેલનું જાણે એને વ્યસન થઈ લાગ્યું હતું. અલબત્ત એ દરેક ખેલમાં હાજર નહોતો રહેતો; પણ જ્યારે તે આવતો, ત્યારે આખા પ્રેક્ષકસમુદાયને એ જ દોરતો. તે જ તાળીઓ પાડવાનું તથા પ્રશંસાના પોકાર કરવાનું શરૂ કરતો, અને તરત આખું ટોળું તાળીઓ પાડવા લાગીને કે પોકારો કરીને તેને સાથ આપતું.

ઉર્સસના લક્ષમાં એ વાત આવી ગઈ; અને ગ્વિનપ્લેઇનના પણ.

એક વખત વીશીના માલિક માસ્ટર નિકોલસ ઉર્સસ પાસે ઊભો

હતો, તે વખતે ઉર્સસે એ ઊંચો માણસ બતાવીને તેને પૂછ્યું, "એને તમે ઓળખો છો ?"

"જરૂર."

"તે કોણ છે ?"

"ખલાસી."

"તેનું નામ ?" ગ્વિનપ્લેઈને વચ્ચે જ પૂછ્યું.

"ટોમ-જિમ-જૅક."

પછી વીશીમાં પાછો ફરતો ફરતો નિકોલસ ગણગણ્યો, "એ કોઈ લૉર્ડ—ઉમરાવ નથી, એ કેવી કમનસીબીની વાત છે ? નહિ તો સૌ કોઈને લાભ થઈ જાત. આવા ખેલ-તમાશા જોયા કરવા અને મજા કરવી એ જ તેનો ધંધો છે !"

અલબત્ત, વીશીવાળા સાથે કોઈ કોઈ વાર થઈ જતી આવી અને આટલી વાતચીત સિવાય, 'ગ્રીન-બૉક્સ' થિયેટરવાળાં સૌ બીજી રીતે સૌથી અલગ જ રહેતાં.

અલબત્ત સૌ કોઈ પરવારી જતું, પછી ગ્વિનપ્લેઈન એકલો આસપાસના ખુલ્લા મેદાનમાં આંટા મારવા અને 'ખુલ્લી હવા' લેવા નીકળતો ખરો.

૨

એક જણના બે શત્રુ, આપસમાં મિત્ર

૧

પરંતુ 'લાફિંગ મૅન'ની સફળતાથી જેમને નુકસાન પહોંચવા લાગ્યું, તે બીજા બધા ખેલ-મંડળીઓવાળા ગુસ્સે થઈ ગયા. તેમને તેમના ખેલ બંધ કરવાવારો આવી ગયો હતો.

તેઓ હવે અદેખાઈ કરવા લાગ્યા, એટલું જ નહિ પણ ગ્વિનપ્લેઈનને કંઈક નુકસાન પહોંચાડી શકાય તેવો રસ્તો વિચારવા લાગ્યા! પહેલાં તો તેઓએ ખેલ વખતે બૂમો પાડીને, બખેડા કરીને ધાંધલ મચાવવા માંડી.

એને કારણે ઉર્સસનાં ભાષણો જેમ તીવ્ર બનતાં ગયાં, તેમ ટૉમ-જિમ-જૅકના ઠોંસા પણ. કારણ કે, ગ્વિનપ્લેઈન જોતો કે, પેલા લોકો ધાંધલ શરૂ કરવા જાય, તેની સાથે જ ટૉમ-જિમ-જૅક કામે લાગી જતો અને ઠોંસા-મુક્કી-ધક્કા વગેરેથી તરત ટોળામાં શાંતિ સ્થાપી દેતો. ઉર્સસને પણ ટૉમ-જિમ-જૅકની આ મદદ નજરે પડ્યા વિના ન રહી; પરંતુ ઉર્સસની ટોળી જેમ કોઈની સાથે ભળવા તત્પર નહોતી, તેમ ટૉમ-જિમ-જૅક પણ સાથી-દોસ્તોની ટોળી વિનાનો એકલો જ હોઈ દરેક જણનો મિત્ર બનવા તત્પર હોવા છતાં, કોઈનો સોબતી બન્યા વિના, જેવો દેખા દેતો તેવો અલોપ થઈ જતો.

પરંતુ ટૉમ-જિમ-જૅકના ઠોંસા-મુક્કીથી પેલાઓની અદેખાઈ શાંત ન પડી. તેઓએ ભેગા થઈ, સત્તાવાળાઓને એક ફરિયાદ લખી મોકલી.

સત્તાવાળાઓને ધા નાખવામાં પાદરીઓ પણ ભળ્યા; કારણ કે, લોકો પાદરીઓનાં ભાષણમાં જતા પણ ઓછા થઈ ગયા હતા: લોકોને ઉર્સસનાં મર્માળાં વાક્યો વધુ ગમતાં. પરિણામે સાઉથ-વર્કનાં પાંચે દેવળો ખાલી જ રહેતાં. પાંચે દેવળોના પાદરીઓએ લંડનના બિશપને ફરિયાદ કરી, અને બિશપે નામદાર રાણીને ફરિયાદ કરી.

પેલા ખેલ-મંડળીવાળાઓએ પોતાની ફરિયાદમાં ધર્મને વચ્ચે આણ્યો હતો. તેઓનું કહેવું હતું કે, ગ્વિનપ્લેઇન જાદુમંતર કે મેલી વિદ્યાનો જાણકાર છે, અને ઉર્સસ નાસ્તિક કાફર છે.

આમ ખેલ-મંડળીવાળાઓએ ધર્મને નામે ફરિયાદ કરી, ત્યારે પાદરીઓએ પોલીસ-કાયદાઓને નામે !

કયા પોલીસ-કાયદાનો ભંગ થતો હતો, વારુ ? આ મંડળીમાં વરુ હતું એ ! ઇંગ્લેંડમાં વરુને વસ્તી-બહાર કરવામાં આવ્યું છે. બુલ-ડૉગ ? ભલે રાખો. પણ વરુ ? હરગિજ નહિ. ભસી શકતું કૂતરું ચાલે; પણ ઘૂઘવતું કૂતરું ન ચાલે. 'ગ્વિનપ્લેઇનને કેદમાં પૂરો અને વરુને ડબ્બામાં. નહિ તો પગપાળાઓની, વટેમાર્ગુઓની શી સલામતી ?'

ઉર્સસને વીશીવાળા મારફત આ બધી અરજીઓ થયાની ભાળ મળી અને તે ચિંતામાં પડી ગયો. લંડનમાં આવવાનો વિચાર કરવા બદલ તેને પસ્તાવો થવા લાગ્યો.

પરંતુ સાઉથવર્ક પરું જ્યાં સુધી 'ગ્રીન-બૉક્સ'ની તરફેણમાં હતું, ત્યાં સુધી આખું ઇંગ્લેંડ — લંડન, નામદાર રાણી, ઉમરાવની સભા, આમની સભા, બિશપો અને ખેલ-મંડળીઓ તેની સામે હોય તેથી શું થઈ ગયું ? સ્થાનિક સત્તાવાળા આ બાબતમાં ઉપેક્ષાવૃત્તિ જ દાખવતા હતા. અને ઇંગ્લેંડમાં ઉપેક્ષાભાવ એટલે સંરક્ષણ જ ગણી લેવું. જ્યાં લગી સરે-પરગણાનો શેરીફ ન હાલે —

કારણ કે સાઉથવર્ક તેની હકૂમત હેઠળ હતું—ત્યાં સુધી ઉર્સસ, હોમો સૌ સહીસલામત હતા.

ઊલટું, 'ગ્રીન-બૉક્સ' સામેના આ વિરોધોને કારણે જ તેની ઘરાકી વધી ગઈ! 'ગ્રીન-બૉક્સ' વિરુદ્ધ અરજીઓ થવા લાગી છે એવું જાણમાં આવતાં જ લોકો તેને મદદ કરવા તૈયાર થઈ ગયા—અલબત્ત, તેને ઘરાકી આપીને! આમેય જે વસ્તુની બંધી હોય, તે વસ્તુ તરફ જ લોકોની વૃત્તિ વધારે વળે છે; તેમાં આ તો એક રીતે ઉપરના વર્ગોથી — સત્તાથી થનારો જુલમ કહેવાય — એટલે 'ગ્રીન-બૉક્સ'ને ઓથ આપીને સત્તાવાળાઓ સામેનો વિરોધ બતાવવો, એ પણ લોકોને ગમતી વાત. ઉપરાંત એક આનંદપૂર્ણ સાંજ ગાળવાની મળે એ નફામાં!

મિત્ર તો તમારાં વખાણ કરીને થોડા વખતમાં જ થાકી જાય; પણ દુશ્મન વખોડવામાં ઝટ થાકે નહિ — તેઓ ઝટ ચૂપ થઈ જાય નહિ, એ જ તેમનો ઉપકાર છે — લોકોને તેઓ જાગતા જ રાખે છે!

ઉર્સસે ગ્વિનપ્લેઈનને આ ફરિયાદો વિષે કશી વાત કરી ન હતી; તેના મનમાં હતું કે, તેને અત્યારથી નાહક ચિંતામાં નાખવાની જરૂર નથી. અને કશું થવાનું હશે, તો પોતાને પહેલેથી ખબર પડશે ને?

૨

પણ એક વખત ખેલની આવક ગણાતી હતી, તે વખતે નીચે ગબડી ગયેલો ફાર્ધિંગ ઉપાડીને હાથમાં રાખી ગ્વિનપ્લેઈન જોવા લાગ્યો. તે બોલ્યો : આ ફાર્ધિંગ પોતે લોકોની કંગાલિયતનું પ્રતીક છે; પણ તેની ઉપર જે છાપ છે, તે રાણી એનની આકૃતિ રાજ-સત્તાના બિનકમાઈના વૈભવનું પ્રતીક છે. વીશીવાળા નિક્લેસની હાજરીમાં બોલાયેલા આ શબ્દો ફિબિ અને વિનસ મારફતે ઉર્સસ

પાસે પહોંચ્યા. તે ચોંક્યો : આ તો રાજદ્વારી શબ્દો કહેવાય. તેણે ઝ્વિનપ્લેઈનનો ઊધડો લીધો :

"તારું ડાહ્યું જ સંભાળ્યા કર. મોટેરાંઓ માટે એક નિયમ છે : કશું કામ ન કરવું; અને નીચલા વર્ગ માટે એક નિયમ છે : કશું બોલવું નહિ. ગરીબ લોકોનો એક જ મિત્ર છે : ચુપકીદી. તેઓ એક જ શબ્દ મરજીમાં આવે તેટલો બોલી શકે — 'હા.' કબૂલ કરવું અને મંજૂર રાખવું, એટલો જ એકમાત્ર હક તેઓને છે. મોટા માણસો, તેમને ગમે તો, આપણને ફટકારી શકે; મેં પણ મારા દિવસોમાં ખૂબ માર ખાધો છે; એ તેઓનો અધિકાર છે. અને આપણાં હાડકાં ભાંગવાથી તેમના ગૌરવને જરાય આંચ આવતી નથી. આપણે તો રાજદંડની ભક્તિ કરવી જોઈએ, કારણ કે સૌ સોટીઓમાં તે શ્રેષ્ઠ છે. મોટેરાઓનો આદર-સત્કાર કરવો અને તેમના પ્રત્યે નમ્રભાવ રાખવો, એનું નામ જ ડહાપણ. રાજાનું અપમાન કરનારો, સિંહની યાળ કાપવા જનાર છોકરી જેટલું જ જોખમ ખેડી રહ્યા છે. જરા ગંભીર થા. આ દેશમાં રાજાઓ છે અને કાયદા છે, એટલું યાદ રાખ. ત્રણ વર્ષ નાનું એક ઝાડવું કાપનારને અહીં ફાંસી થાય છે. નાસ્તિક ભાવથી સોગંદ ખાનારના પગને હેડમાં નાખવામાં આવે છે. દારૂડિયાને ઊંધા પીપમાં ઘાલી, મથાળે તેના માથા જેટલું કાણું પાડી તેનું માથું તથા બાજુમાં બે કાણાં પાડી તેના હાથ બહાર કાઢવામાં આવે છે, જેથી તે સૂઈ શકે નહિ. વેસ્ટમિન્સ્ટર હૉલમાં જે મારામારી કરે, તેને આજીવન કેદ અને તેની મિલકત જપ્ત ! રાજાજીના મહેલમાં જે મારામારી કરે, તેનો જમણો હાથ કાપી નાખવામાં આવે. બિશપની અદાલતમાં નાસ્તિકતા સાબિત કરાય, તો તમને જીવતા બાળી મૂકે. આગલે દિવસે આમની સભામાં ભાષણ કરનારાઓનાં નામ છાપવાની ધૃષ્ટતા બતાવવા બદલ ડેનિયલ ડેફો નામના બદમાશના હાથ-પગ ૧૭૦૨માં પિલરી ઉપર જડી દેવામાં આવ્યા હતા. નોમદાર

રાણીજી પ્રત્યે બદમાશી દાખવનારનાં આંતરડાં જીવતેજીવત કાઢી તે વડે તેના ગાલને તમાચ મારવામાં આવે છે. તો સદાચરણ અને ન્યાયના આ સિદ્ધાંતો તારા ખાલી માથામાં જ ભરી રાખ. હું એક પણ શબ્દ મોંમાંથી કાઢતો નથી, અને જરાક અંદેશા જેવું લાગે કે ભાગી જાઉં છું: બહાદુરીનું આ દૃષ્ટાંત નજર સામે રાખજે. બહાદુરીની બાબતોમાં પંખીઓનું અનુકરણ કરવું, અને ગપસપની બાબતમાં માછલાંનું."

આટલો ઉપદેશ આપ્યા બાદ પણ કેટલાય દિવસ સુધી ઉર્સસના મનની ચિંતા દૂર ન થઈ. જોકે કેટલાંય અઠવાડિયાં સુધી કંઈ ન બન્યું, એટલે તેનો શ્વાસ કંઈક હેઠો બેઠો ખરો. પણ એટલામાં એક દિવસ કાળાં કપડાં પહેરેલો અને હાથમાં લોખંડની છડીવાળો એક માણસ મેદાનમાં દાખલ થતો ઉર્સસના જોવામાં આવ્યો. ઉર્સસ તેને જોઈ ને પગથી માથા સુધી કંપી ઊઠ્યો. તેણે તરત ગ્વિનપ્લેઇનને બોલાવીને એ માણસ બતાવ્યો તથા પૂછ્યું—

"પેલે માણસ કોણ છે તે જાણે છે?"

"ના."

"તે 'વાપેનટેક' છે."

"વાપેનટેક એટલે?"

"એટલે બહુ બીવા જેવા અફસર. તેના હાથમાં શું છે તે જોયું?"

"તેના હાથમાં શું છે?"

"લોખંડનું હથિયાર છે. તેના વડે તે જેને અડે, તેણે તેની પાછળ પાછળ જવું જોઈએ."

"ક્યાં?"

"તે લઈ જાય ત્યાં."

"તે ક્યાં લઈ જાય છે તે પૂછવાનું પણ નહિ, અને તેણે કહેવાનું પણ નહિ ?"

"ના; અને તમે ન જાઓ તો ફાંસીની સજા !"

પણ થોડી વાર બારીએથી જોઈ રહ્યા બાદ ઉર્સસ બોલ્યો, "ભગવાનની દયા છે, તે આપણા તરફ ન આવ્યો અને આગળ ચાલ્યો ગયો."

૩

નવી નવાઈ !

૧

એક દિવસ નવી નવાઈનો બનાવ બન્યો.

રોજ વીશીવાળાને તડાકો પડ્યા કરતો : તે અને તેનો નોકર ઘરાકોને પ્યાલા ભરી આપીને થાકતા. 'ગ્રીન-બૉક્સ' આગળ તથા બારીઓમાં ને ઝરૂખાની બંને બાજુએ પ્રેક્ષકોની ભીડ હંમેશ ઊભરાઈ જતી. ખેલ શરૂ થાય ત્યારે પગ મૂકવાની જગા બાકી ન રહે. પરંતુ પેલી ઉમરાવો માટેની બૉક્સ હંમેશ ખાલી જ રહેતી. થિયેટરની બધી જગાઓ છલકાઈ જતી — એ એક જગા સિવાય !

પણ એક સાંજે કોઈક ત્યાં આવ્યું હતું.

શનિવારનો દિવસ હતો. અને અંગ્રેજ લોકો તે દિવસે મજા કરવા ઘાંઘા થઈ જાય છે, કારણ કે, રવિવારનો દિવસ તેમને માટે કંટાળાભર્યો — ખાલી — બની જતો હોય છે.

ખેલ શરૂ થવાનો થયો અને ઉર્સસ, હોમો અને ગ્વિનપ્લેઈન રંગમંચ ઉપર ખેલનો સૂત્રપાત્ર કરવા આવ્યા. ઉર્સસે પ્રેક્ષકો ઉપર

નજર નાખી. તરત જ તે ચોંક્યા. કારણ કે, ઉમરાવો માટેની પેલી ખાલી રહેલી જગા આજે ખાલી ન હતી!

બૉક્સની વચ્ચે આરામખુરશી ઉપર એક બાનુ બેઠી હતી.

કેટલાંક માણસો પોતાની આસપાસ તેજ ફેંકતાં હોય છે. ડિયાની પેઠે આ બાનુ પણ તેજ ફેંકતી હતી, પણ કાંઈ જુદી જાતનું. ડિયા ફીકાશ ઉપર હતી, ત્યારે આ ગુલગુલાબી હતી. ડિયા જાણે ઉષાનું પ્રાગટ્ય, ત્યારે આ બાનુ સીધો અરુણોદય! ડિયા સુંદર હતી, ત્યારે આ ભવ્ય! ડિયા નિર્દોષતા, મુગ્ધતા અને ભલમનસાઈ પ્રગટાવતી, ત્યારે આ બાનુ કદી શરમનો લાલ રંગ ધારણ કરી શકે, એમ લાગે જ નહિ. તેનો પ્રતાપ જાણે એ બૉક્સમાંથી બહાર ઊભરાતો હતો. નીચેનું આખું પ્રેક્ષકમંડળ તે પ્રકાશ આગળ જાણે અંધારામાં ગળચવાં ખાતું હતું.

દરેક જણની આંખ તેના તરફ જ હતી.

ટોમ-જિમ-જૅક આજે ટોળામાં હાજર હતો. પરંતુ તેય આજે ચોતરફની ઝાંખપમાં જાણે દબાઈ ગયો હતો.

પેલી બાનુ ભલે કોઈ ભવ્ય સ્વપ્ન જેવી લાગતી હોય, પણ તે સદેહે મોજૂદ હતી એમાં શંકા ન હતી; અને શરૂઆતનો ઘણો વખત તે જ બધાનું લક્ષ ખેંચી રહી હતી. તે સ્ત્રી હતી એ તો નક્કી હતું; પરંતુ વધારે પડતા સ્ત્રીત્વવાળી. ઊંચી, દૃઢ, સુઘડ એવી તે, પોતાના શરીરનો જેટલો ભાગ બતાવી શકાય તેટલો ફિકર વિના બતાવતી બેઠી હતી. તેના કાનમાં મોટાં મોતીનાં લટકણિયાં હતાં, તેમાં સુંદર રત્નો ઝબૂકતાં હતાં. તેનો ઉપરનો પોશાક સિયામ-મસલિનનો અને જરીભરેલો હતો. તે દિવસોમાં તે પોશાકની કિંમત છસો ક્રાઉન થતી. તેના કરચલીદાર કબજા ઉપર હીરાનો બ્રોચ હતો. ટૂંકમાં હીરા-મોતી-માણેક વગેરે જ્યાં પહેરાય ત્યાં પહેરેલાં હતાં. ચહેરા ઉપર, ગળા ઉપર, હાથ ઉપર જેટલા સુંદર રંગરોગાન

થઈ શકે તેટલા કરવામાં આવ્યા હતા. તે સુંદર હતી, સુંદર દેખાવા માગતી હતી, અને હિંસક કહી શકાય તેટલી હદે સુંદર દેખાતી હતી.

ગ્વિનપ્લેઈને પણ તે સુંદરીને જોઈ.

એ સ્ત્રી, સૌ ઉપર ઘેરાઈ વળેલા મહાસ્વપ્નની જેમ દેખનાર-માત્રને દિંગ કરી રહી. એ તાકાત કોઈ અનોખા સૌંદર્યની જ હોઈ શકે. ગરીબ માણસોના પૈસામાંથી ત્રણ કરોડ જેટલી રકમ દર વર્ષે જેની સૌંદર્ય-જ્વાળા સળગતી રાખવા હોમાતી રહેતી હોય, તેવી સૌંદર્યરાણી એ તાકાત ન ધરાવે, તો બીજું શું થાય?

એ સ્ત્રીની પાછળ વામણા કદનો એક હજૂરિયો, મખમલના ભવ્ય પોશાકમાં ઊભો હતો. આવા હજૂરિયા ઉમરાવોના વ્યક્તિત્વના એક અંગ રૂપ જ હોય છે.

આ સ્ત્રીએ ગમે તેટલી અસર અહીં પાડી દીધી હશે, પણ નાટકના છેલ્લા દૃશ્યમાં જ્યારે ગ્વિનપ્લેઈને પોતાના હસતા મુખ સાથે દેખા દીધી, ત્યારે સૌના ઉપર જે અસર થઈ, તે આજે વિશેષ ચોટદાર બની હતી. જાણે પેલી બાનુની અસર આ અસરમાં ભળી ગઈ ન હોય! આખો પ્રેક્ષકસમુદાય તરત પેટ દબાવી દબાવીને હસવા લાગી ગયો. કારણ કે, ગ્વિનપ્લેઈનનો ચહેરો પણ અલૌકિક તાકાત ધરાવતો હતો.

માત્ર પેલી બાનુ આરસની મૂર્તિ સમાન બેસી રહી. તે આ વખતે પણ ન હસી.

૨

ખેલ પૂરો થયો એટલે ઉર્સસે જ્યારે વકરો ગણવા થેલી ઠાલવી, ત્યારે તેમાંથી એક સ્પેનિશ સોનામહોર તરત ઉપર ચમકી આવી. ઉર્સસ જાણી ગયો કે, એ સોનામહોર પેલી બાનુની જ હશે.

પણ એટલામાં તો વીશીવાળો નિકોલસ તરત હાંફળોફાંફળો ત્યાં આવ્યો. તેણે 'ગ્રીન-બૉકસ'ની બારી ઉઘાડી, વીશીના આંગણામાંથી નીકળતી પેલી બાનુની ઘોડાગાડી ઉર્સસને બતાવી. ઘોડાગાડી ઉપર આઠ સ્ટ્રૉબરીનાં પાન વચ્ચે રાજમુગટની સોનેરી મુદ્રા સ્પષ્ટ દેખાતી હતી.

ઉર્સસ તરત બોલી ઊઠયો : " તો તો તે કોઈ ઉમરાવજાદી નહિ પણ રાજવંશી ડચેસ હોય એમ લાગે છે. "

થોડી વારમાં કોચગાડી દરવાજા બહાર નીકળી ગઈ.

વીશીવાળા નિકોલસે તે બાનુને ઘોડાગાડીમાં બેસવા જતી વખતે નજીકથી જોયેલી હોઈ, તે છૂટી જીભે તેના સૌંદર્યનાં અને વૈભવની દરેક વિગતનાં વખાણ કરવા લાગી ગયો.

ગ્વિનપ્લેઈન ચૂપ રહ્યો. ડિયા સાંભળી રહી.

છેવટે વીશીવાળાએ ઉમેર્યું, " નવાઈની વાત તો એ છે કે, એ ગાડીમાં તે એકલી જ ન ગઈ; સાથે બીજું એક જણ પણ બેસી ગયું. તે કોણ હતું તે કલ્પી શકો છો ? "

" રાજાજી પોતે જ હશે, " ઉર્સસે જવાબ આપ્યો.

" પણ ઇંગ્લેંડમાં અત્યારે કોઈ રાજા નથી; માત્ર રાણીજી જ છે. તો પછી એ કોચમાં કોણ બેઠું હશે, કલ્પો જોઉં ! "

" તો તો ઇન્દ્રરાજ જ્યુપિટર પોતે આવ્યા હશે, " ઉર્સસે ઉમેર્યું.

વીશીવાળાએ કહ્યું, "બીજું કોઈ નહિ, પણ ટૉમ-જિમ-જેક !"

" ટૉમ-જિમ-જેક ? " ગ્વિનપ્લેઈન અત્યાર સુધી બોલ્યો નહોતો, તે બોલી ઊઠયો.

બધાં ચૂપ થઈને ઊભાં રહ્યાં તે દરમ્યાન ડિયા ગણગણી : " એ સ્ત્રીને અહીં આવતી રોકી ન શકાય ? "

૩

પણ એ બાનુ ફરીથી પાછી ન આવી.

ભલે ખેલમાં તે પાછી ન આવી, પણ ગ્વિનપ્લેઈનના મનમાં તો તે વળી વળીને આવ્યા કરવા લાગી. જિંદગીમાં પહેલી વાર તેણે એક 'સ્ત્રી' જોઈ હતી.

અને તે તેનું ચિંતન કરવા જ લાગી ગયો : એવું ચિંતન જે આપણી મરજી વિના જ આપણી ઉપર ચડી બેસે છે. એ ચિંતન બહુ ભયંકર ચીજ છે. ઝેરની પેઠે તે ફેલાઈ જાય છે, અને ધુમાડાની પેઠે તે ખૂણેખાંચરે ભરાઈ જાય છે. એ ચિંતન વડે આપણે આપઘાત કરી શકીએ.

દુષ્ટ વિચારનું ચિંતન ખરેખર આત્મા માટે આપઘાત બરાબર જ છે. તે તમને આકર્ષે છે, ધમકાવે છે, પ્રેરે છે, વીંટળાઈ વળે છે અને તમને તેના સાગરીત બનાવી મૂકે છે. અંતરાત્મા ઉપર તે જે કરામતો અજમાવે છે, તેમાંથી અધીંનો ભાર તે તમારા ઉપર નાખે છે. તે જાદુમંત્રની પેઠે તમને મૂઢ બનાવી દે છે, અને પછી તમને ભ્રષ્ટ કરે છે. એ વસ્તુ જુગાર જેવી જ છે. તમે ભોળા શિકારની પેઠે શરૂઆત કરો છો, અને છેવટે એક ઠગ બની રહો છો.

ગ્વિનપ્લેઈને અત્યાર સુધી 'સ્ત્રી' દેખી જ ન હતી. આમ-જનતાની બધી સ્ત્રીઓમાં સ્ત્રીનો ઓછાયો તેણે જોયો હતો, તેમ જ ડિયામાં તેણે સ્ત્રીનો આત્મા જોયો હતો. પણ સ્થૂળ વાસ્તવિક સ્ત્રી તેણે આ પહેલી વાર જ જોઈ હતી.

જીવતી ગરમ ચામડી, તેની નીચે ધસમસાટ વહેતું કામના-ભર્યું લોહી, આરસપહાણના પૂતળા જેવી ચોક્કસ રૂપરેખા અને છતાં પાછી મોજાંની પેઠે કંપતી ! તુમાખીભર્યો નિશ્ચલ ચહેરો — જે આકર્ષે અને છતાં મનાઈ ફરમાવે ! અંદરની જુસ્સાદાર શૃંગારિકતાને વ્યક્ત કરતો બાહ્ય શોભા શણગાર ! પોતાના ભોક્તા માટે તલસતી હોય તેમ દેખાય, છતાં સૌને એક હાથ દૂર જ રાખે ! નર્યું સ્થૂળ

શરીર અને છતાં કોઈ વિચિત્ર અગમ્યતા—ગૂઢતા : એકી સાથે મોહ ઉપજાવે અને સાથે સાથે નરકની સજાની ઝાંખી કરાવે ! ઇન્દ્રિયો માટે મહાભોગની ખાતરી, પણ મનને માટે એવી જ કારમી ધમકી ! એકી સાથે કામના અને ભયનું મિશ્રણ !

શૃંગારિકતાની એ ગૂઢ મોહકતા ગ્વિનપ્લેઇન આગળ હમણાં જ પ્રગટ થઈ હતી. પણ કયાં ?

તેને માટે અપ્રાપ્ય એવા સ્થળે – છેક અનુલ્લંઘનીય અંતરે.

તેની પાસે પવિત્ર પાવનકારી સ્ત્રી-આત્મા મોજૂદ હતો : ડિયા. પરંતુ ભોગ્ય એવું સ્ત્રી શરીર તેણે હમણાં જ જોયું હતું. પરંતુ તે સ્ત્રી તેને માટે આ લોકની વસ્તુ ન હતી ! તે એક ડચેસ હતી. અને સામાન્ય ડચેસ કરતાંય કદાચ વધુ, એમ ઉર્સસે હમણાં જ કહ્યું હતું.

તો શું ગ્વિનપ્લેઇન હવે એ અજ્ઞાત દુર્લભ સ્ત્રી વિષે સ્વપ્ન સેવવાની અને ઝંખના કર્યા કરવાની મૂર્ખાઈ કરવાનો હતો ?

ઉર્સસે આ અર્ધ-દૈવી, અર્ધ-રાજવંશી ઉમરાવવર્ગ વિષે કહેલી વાતો ગ્વિનપ્લેઇને યાદ કરવા માંડી. તે દિવસે તો ઉર્સસની વાતો તેને પ્રયોજનહીન કેવળ ભાટાઇરૂપ લાગી હતી; પરંતુ હવે તે બધી વાતો તેને ચિંતનના મુદ્દા પૂરા પાડવા લાગી.

પેલી સ્ત્રી સૌ વર્ગોની ઉપર ચપસીને બેઠેલા ઉપરના વર્ગની હતી; અને પોતે તો નીચલા વર્ગનોય નહોતો : પોતે તો નીચલા વર્ગોનાય આશ્રિત એવા વસવાયા જેવા ભાંડભવૈયા વર્ગનો હતો ! તેને આજે પહેલી વાર પોતાની હીણપતભરી સ્થિતિ પ્રત્યે ત્રાસ છૂટવા લાગ્યો.

ઉર્સસે ઉમરાવ લોકોના કિલ્લાઓ, મહેલો, તેમાંનાં મનોરંજનનાં સ્થાનો, એ બધાની કિંમતો વગેરેની કરેલી વાતો તે વિચારવા લાગ્યો. એટલી બધી સંપત્તિ, એટલી બધી સત્તા, એટલો બધો વૈભવ, એટલો બધો ખર્ચ કરનાર એ વર્ગની પ્રતાપિતા તેના

અંતરને કીડાની પેઠે કોરવા લાગી. આવો સત્તાશાળી–વૈભવશાળી વર્ગ હોવો એ તેને આભાસ — દુઃસ્વપ્ન જેવું લાગવા માંડ્યું. તે લોકો ખરેખર આપણા જેવા જ લોહી-માંસના બનેલા માણસો છે? એ વસ્તુ તેને શંકાપડતી લાગવા માંડી.

પણ જેમ જેમ તેને એ સ્ત્રીની અને પોતાની વચ્ચેનું અંતર અનુલ્લંઘનીય દેખાવા માંડ્યું, તેમ તેમ નવાઈની વાત છે કે, તેના અંતરનો તે સ્ત્રી માટેનો તલપાટ વધવા લાગ્યો — અસહ્ય બની રહ્યો. તેની તદ્દન નજીક, તેના હાથમાં જ એક વાસ્તવિક સ્ત્રી હતી — ડિયા. પણ તે કેવળ આત્મારૂપ હતી. ત્યારે અપ્રાપ્ય અને દૂર-સુદૂરના આદર્શરૂપ જે સ્ત્રી દેખાતી હતી, તે હાડમાંસની બનેલી હતી!

પરંતુ, જેમ જેમ એ સ્ત્રી તેના અંતર પર કબજો જમાવતી ગઈ, તેમ તેમ તે સ્ત્રીને ફરી નજરે જોવાનું જ તેને માટે અશક્ય બની રહ્યું. કારણ કે, તે સ્ત્રી ફરીથી બેન્ક જોવા આવી જ નહિ. તો પછી એક વખત સ્વપ્નની પેઠે નજરે પડી ગયેલી એ સ્ત્રી— એ આભાસ, તેની ધખણામાં પડવું, એ તે કેવી મૂર્ખતા? તારાઓ સામે પ્રશંસાની — પ્રેમની નજરે તમે જોઈ શકો: કારણ કે તે ફરીથી દેખાય જ છે — કાયમી છે. પરંતુ વીજળીના ચમકારા સાથે તમે પ્રેમમાં પડી શકો ભલા?

વિનસ્લેઇનની તો રાતે ઊંઘ પણ હરામ થઈ ગઈ; અને દિવસે કામકાજમાં મન લગાડવાનો ગમે તેટલો પ્રયત્ન તે કરે, છતાં તેનું મન વળી વળીને પેલીના ચિંતનમાં જ લાગી જતું.

આ ધમસાણ ઘણો વખત ચાલ્યું. ઉર્સસને કે ડિયાને એ અંગે કશું કહીને મનનો ભાર ખાલી કરાય તેમ નહોતો—કારણ કે પોતે તે બેનો કશોક ભારે અપરાધ કરી રહ્યો છે, એમ તેને લાગતું જ હતું.

પરંતુ અચાનક, અંધકારનો પરાજય થયો. ઝ્વિનપ્લેઈનના મનમાંથી એ અજાણી સ્ત્રીનું ચિંતન હટી ગયું. કદાચ આત્મ-સંરક્ષણની જ કોઈ ગૂઢ માનસિક પ્રક્રિયા હશે.

અલબત્ત, ડિયાને તે આ આખા ગાળા દરમ્યાન એક ક્ષણ ભૂલ્યો નહોતો જ. તેને જાણે માત્ર તાવ જ ચડચો હતો, અને તે દૂર થયો એટલે ડિયા આપોઆપ આગળ આવીને ઊભી રહી. ડિયાની છબી તેના અંતરમાં ક્ષણવાર પણ ખંડિત થઈ હતી, એવું કોઈ ઝ્વિન-પ્લેઈનને કહે, તોપણ તે માને નહિ.

આ બંને આત્માઓના અભેદને ભયમાં—જોખમમાં મૂકનાર ભૂતાવેશ એકબે અઠવાડિયાંમાં દૂર થઈ ગયો.

ડચેસ પણ ફરી ખેલ જોવા પાછી આવી નહોતી.

પરંતુ સાથે સાથે બીજો ચહેરો પણ ત્યાં દેખાતો અલોપ થઈ ગયો હતો : ટૉમ-જિમ-જૅકનો.

ઉર્સસના મનમાં એ મુદ્દા વારંવાર ઘોળાવા લાગ્યો. જે દિવસે પેલી ડચેસની ઘોડાગાડીમાં બેસીને તે ચાલ્યો ગયો, ત્યારથી જ ટૉમ-જિમ-જૅક આવતો બંધ થયો હતો.

પેલો વીશીવાળો પણ એ બીનાથી મૂંઝવણમાં પડચા હતો. તેણે એક દિવસ ઉર્સસને પૂછ્યું, "હમણાં તો ટૉમ-જિમ-જૅક જોવામાં નથી આવતો, એ ખબર છે?"

"હેં ? મારા ખ્યાલમાં એ વાત નહોતી આવી." ઉર્સસે એમ ને એમ જવાબ આપી દીધો. નિકોલસે જ્યારથી ટૉમ-જિમ-જૅકનો પેલી ડચેસ સાથેનો સંબંધ તેને બતાવ્યો હતો, ત્યારથી તે એ મુદ્દાને તેની સાથે ચર્ચવા માગતો નહોતો. કારણ કે એ બધી મોટા લોકોની વાત કરવી, એ જ જોખમમાં ઊતરવા જેવું થઈ જાય. જોકે, તેને પોતાને પોતાના કદરદાન ટૉમ-જિમ-જૅકની ગેરહાજરી સાલતી તો હતી જ.

૪

તેડું

૧

ગ્વિનપ્લેઈન અને ડિયાના સુખનો પ્યાલો હવે અબાધિતપણે છલકાઈ રહ્યો હતો. પરંતુ સુખ એ પ્યાલાની વસ્તુ નથી ! તે તો મહાસાગર છે : તેને ભરતીઓટ હોય છે. તેથી જે ક્ષણ તમે સુખની પરાકાષ્ઠાની માનતા હો છો, તે ક્ષણ જ ઓટની શરૂઆતની હોય છે.

ગ્વિનપ્લેઈન અને ડિયા એકબીજામાં બંધાયેલાં હતાં અને એક-બીજાને આધારે જીવતાં હતાં. એક સાંજે ગ્વિનપ્લેઈન ખેલ પૂરો થયા બાદ સુખથી ઊભરાતા અંતરે બહાર ખુલ્લામાં ફરવા નીકળ્યો હતો. તારાના પ્રકાશમાં રાત્રિ અજવાળી બની રહી હતી. ચારે બાજુ લોકો ઊંઘી ગયા હતા, અને ટૅડકૅસ્ટર વીશીના દીવા સિવાય આજુબાજુ ક્યાંય એકેય દીવો સળગતો દેખાતો ન હતો.

અચાનક ગ્વિનપ્લેઈન ડિયા વિષે વિચાર કરવા લાગ્યો. પણ આજે ડિયા વિષે તેને જુદી રીતે વિચાર આવવા લાગ્યા : એક પતિ તરીકે આવે તેવા. પેલી અદૃશ્ય રેખા, જેની આ પાર કુંવારિકા હોય છે અને પેલી પાર પત્ની હોય છે, તે રેખા તે ઓળંગી રહ્યા હતો. તે અચાનક પુરુષ બની ગયો હતો.

તમે ગમે તેવા અપાર્થિવ પ્રેમથી ભરેલા હો, છતાં તમારી એ અશરીરી પૂજાની વચ્ચે અચાનક સ્થૂલ શરીર આવીને ઊભું રહ્યા વગર રહે નહિ. ગ્વિનપ્લેઈનના મનમાં સ્ત્રીના સ્થૂલ શરીરની કામના જાગી ઊઠી. ડિયાના શરીરને પ્રત્યક્ષ જોતાં તેણે કદી આવી કામના અનુભવી ન હતી.

તેને વસ્તુહીન સૂક્ષ્મ પ્રેમથી સંતોષ ન રહ્યો. તેને ગરમાગરમ લોહીથી ધબકતી ચામડી, વીજળીભર્યું ચુંબન, છૂટા થયેલા કેશ અને સ્થૂલ શરીરની ભીંસવાળું આલિંગન જાણે જોઈતું હતું. માત્ર આદર્શરૂપ — સૂક્ષ્મ હવાઈ વસ્તુ હવે તેને જાણે ત્રાસરૂપ લાગવા માંડી. પ્રેમમાં સ્વર્ગીયતા — દિવ્યતાનો ભાર વધી જવો, એ જાણે અગ્નિ ઉપર ઇંધનનું આવરણ વધી જવા બરાબર છે. જ્વાળા તેથી દબાઈ જાય.

તેને સ્ત્રી જોઈતી હતી, જે સંતાનને જન્મ આપનારી મા બને, ભૌતિક દૂધ પાનારી ધાવ બને, જે વંશપરંપરાને લંબાવનાર પવિત્ર ગર્ભાશયરૂપ હોય, અખૂટ સ્તન્ય પાનાર સ્તનવાળી હોય, નવી જન્મનારી દુનિયાનું પારણું ઝુલાવનારી હોય.

ડિયા અત્યાર સુધી વિનપ્લેઇનને માટે ભૌતિક — શારીરિક કલ્પનાઓથી પર વસ્તુ હતી. અત્યારે તે જંગલી બનીને, ડિયાને આકાશમાંથી ઉતારી પોતાની સાથે નીચે લાવવા માગતો હતો — તેને નીચે આવેલી જોવા ઇચ્છતો હતો અને પોતાની મરજી મુજબ ડિયા પોતાની સાથે ધરાશાયી બનવા કબૂલ થાય, એમ પણ તે ઇચ્છતો હતો.

તે વચ્ચે વચ્ચે ડિયા માટે આવા વિચારો કરવા બદલ શરમાવા લાગ્યો. જાણે ડિયા તેના આવા વિચારોથી અપવિત્ર બની જતી ન હોય! પણ વળી વળીને પેલા જ વિચારો તેના ચિત્તમાં ઘૂમરી ખાયા કરતા હતા.

પુરુષ સ્ત્રીના આત્માનો કેદી બને છે; તેના શરીરનો પણ — અને વધુ તો તેના શરીરનો. સ્ત્રી કેવળ આત્મારૂપ રહે ત્યાં સુધી તે પ્રેમ-દેવી છે; શરીરરૂપ બને ત્યારે પ્રેયસી. વિનપ્લેઇનને પણ હવે પત્ની જોઈતી હતી. આત્મા તેમ જ શરીર!

અત્યારે તેને કોઈએ જોયો હોત, તો એમ જ કહેત કે, કોઈ દારૂડિયો લથડિયાં ખાય છે.

તે ધીમે પગલે, નીચે માથે, ડાબો હાથ પીઠ પાછળ જમણા હાથમાં રાખી, ખુલ્લી આંગળીઓ સાથે ફરતો હતો.

અચાનક તેની આંગળીઓમાં કશું ખોસવામાં આવ્યું હોય એમ તેને લાગ્યું.

તેણે ચોંકીને પાછા ફરીને જોયું.

તેના હાથમાં એક કાગળ મૂકવામાં આવ્યો હતો અને એક માણસ સામે ઊભો હતો.

પેલો માણસ બિલાડીની પેઠે ધીમેથી આવ્યો હતો, અને પેલો કાગળ તેના હાથમાં તેણે મૂકી દીધો હતો.

તે કાગળ એક પત્ર હતો.

ગ્વિનપ્લેઈન પેલા માણસને ઓળખી ગયો. તે પેલી ડચેસનો વામણો હજૂરિયો હતો !

ગ્વિનપ્લેઈન કંઈ બોલવા જાય તે પહેલાં એ છોકરડા જેવો હજૂરિયો, બાળક જેવા — સ્ત્રી જેવા અવાજે બોલી ઊઠયો:

" કાલે, આ વખતે હું લંડન બ્રિજને છેડે ઊભો રહીશ– તમને લઈ જવા માટે. "

" કયાં ? "

" જ્યાં તમારી અપેક્ષા રખાતી હશે. "

ગ્વિનપ્લેઈને પેલા પત્ર તરફ નજર નાખી, અને માથું ઊંચું કર્યું ત્યારે પેલો હજૂરિયો ત્યાં ન હતો.

તરત ગ્વિનપ્લેઈન વીશીના બારણા તરફ દોડયો, તેના અર્ધ ઉઘાડા બારણામાંથી ફાનસનો જે પ્રકાશ આવતો હતો, તેમાં તેણે પેલો કાગળ સીલ ઉઘાડીને વાંચ્યો.

"તું ભારે વિદ્રૂપ છે, હું સૌંદર્યવતી છું. તું તુચ્છ ખેલાડી છે, હું ડચેસ છું. હું પ્રથમ કોટીની છું, તું છેક છેલ્લી કોટીનો. હું તને ઇચ્છું છું — હું તને ચાહું છું. જરૂર આવજે."

૨

કેટલાક તણખા ભયંકર હોય છે! અંધકારને ભાગ્યે વીંધી શકે તેવા કેટલાક તણખા ભયંકર ધડાકાવાળા આખા જ્વાળામુખીને પ્રગટાવી શકે.

ગ્વિનપ્લેઈને એ કાગળ ફરી ફરીને વાંચ્યો. 'હું તને ચાહું છું' એ શબ્દો તેના માથામાં ધમધમવા લાગ્યા.

એક પછી એક એમ કેટલાય ભય તેના મનમાં ધસી આવ્યા.

એક તો એ કે, પોતે ગાંડો થઈ ગયો છે કે શું, એ જાતનો; પણ બીજો એ કે, પોતે ગાંડો નથી કે ઊંઘમાં નથી એ જાતનો! તેના હાથમાં પેલો પત્ર નહોતો શું? ઉપરાંત, તે કોના તરફથી આવ્યો છે, એ પણ તે નથી સમજ્યો શું?

તેણે તે કાગળ ફરી વાંચ્યો: એક સ્ત્રી તેની ઇચ્છા કરતી હતી! અને તે પણ એવી સ્ત્રી કે જે તેનો વિદ્રૂપ ચહેરો જોઈ ગયેલી છે — આંધળી નથી, કે અજાણી નથી.

આ બધાનો શો અર્થ? સ્ત્રી — અને મહાસૌંદર્યવતી સ્ત્રી વડે ઇચ્છાવું! કેવા ભયંકર વિજયની વાત! અને તરત તે સ્ત્રી માટેની ધખણા જેને ગ્વિનપ્લેઈન પોતાના અંતરમાંથી અલોપ થઈ ગયેલી માનતો હતો, તે ફરીથી ભભૂકી ઊઠી.

પણ એ સ્ત્રી જેને તે અલૌકિક માનતો હતો, તે પોતાની જાતને પ્રેમ કરવા ગમે તેને અર્પી કલંકિત કરતી હતી? અને તે પણ ગ્વિનપ્લેઈન જેવાને! ના, ના. એવા લોકોને પાપનો કાદવ ખરડી શકે જ નહિ. તેઓ તો પોતાના ભવ્ય પ્રકાશમાં ઝળહળતાં જ રહે. એવી દેવીઓ પોતે શું કરી રહી છે, તેની તેમને ખબર હોય જ!

અંધારું—કાળું કર્મ તેમનાથી થાય જ નહિ. આ તો એ મહા-દેવીનું તેના જેવા તુચ્છ માણસને વરદાન છે!

અને દેવ કદી તુચ્છ મનુષ્યને વરદાન આપવાથી હીણો બને? હરગિજ નહિ.

તેને પોતાના ઉચ્ચ વર્ગમાંથી દેવ જેવા લૉર્ડ ઉમરાવો જોઈએ તેટલા મળે! એને આવા વિદ્રૂપ ભાંડભવૈયાની ઇચ્છા શા માટે કરવી પડે?

તેને પત્રના પેલા શબ્દો યાદ આવ્યા—"તું ભારે વિદ્રૂપ છે... હું તને ચાહું છું." તેને લાગ્યું કે પોતે વિદ્રૂપતાની બાબતમાં અલૌકિક છે, તેથી જ સુંદરતાની બાબતમાં અલૌકિક એવી આ રમણી તેને વાંછી રહી છે—વાંછવા યોગ્ય માની રહી છે! એ સુંદરીએ કયાં ત્રાજવાંમાં કયા તોલથી પોતાના પ્રેમને તોળ્યો હશે, વારુ?

પણ એ સ્ત્રી કોણ છે? તેને વિષે તે કશું જ જાણતો નથી. તે એક ડચેસ છે, એટલું જ તે જાણે છે. તે મહા સુંદર છે, અતિ તવંગર છે, એ પણ તે જાણે છે. અને એ બાબતોની જેમ એવું પણ તે જાણે છે કે, એ તેને ચાહે છે.

તે તેનું પદ જાણતો હતો, પણ નામ જાણતો નહોતો. તે તેના વિચાર જાણતો હતો, પણ તેનું જીવન જાણતો નહોતો. તે પરણેલી હતી? એકલી હતી? વિધવા હતી? મુક્ત હતી? તેને કોઈ ફરજો–નિયંત્રણો હશે કે નહિ? તેના કુળનાં—તેના કુટુંબનાં? આ ઉચ્ચ વર્ગોમાં પ્રેમ-શૌર્યનો શો અર્થ થાય છે, તથા પહેલાં ભક્ષી ખાધેલાં પ્રેમીઓનાં હાડકાંથી આ અતિ ઉચ્ચસ્થાને વિરાજતી સ્ત્રીઓની આસપાસની ખીણો કેટલી ઊભરાતી હોય છે, તેની ગ્વિનપ્લેઇનને બિચારાને ક્યાં કશી ખબર હતી? ઉપરાંત, માત્ર કંટાળો દૂર કરવાના ઉપાય તરીકે જ આ બધી સ્ત્રીઓ કેવા કેવા અખતરા કરતી હોય છે, તેની પણ તે બિચારાને ક્યાં ખબર હતી?

ગ્વિનપ્લેઈન હવે દ્વિધામાં પડી ગયો. તેણે ત્યાં જવું ? તેનું સ્થૂળ શરીર પોકારવા લાગ્યું : 'ના !"

તે પોતાના અંતરને વારંવાર એ જ પૂછવા લાગ્યો. પણ જ્યાં કર્તવ્યમાર્ગ સ્પષ્ટ જ હોય છે, ત્યાં પોતાના અંતરને પૂછવા જવું, એ તો અગાઉથી હારી જવા જેવું જ છે.

એક વાત અહીં નોંધતા જઈએ. વ્યભિચાર અથવા વેશ્યાપણું-એ વસ્તુ ગ્વિનપ્લેઈનની કલ્પનામાં જ ન હતી. કોઈ પણ સ્ત્રી અને તેય આવી પ્રતાપી--ભવ્ય — સુંદર સ્ત્રી કેવળ પોતાની સ્થૂલ ઇંદ્રિયોની તૃપ્તિ ખાતર જ – મોજ ખાતર – કોઈ પુરુષ ઉપર વ્યભિચારની રીતે પોતાનો પ્રેમ ઢાલવે, એ તેની કલ્પનામાં જ આવી શકતું નહોતું. એ અપ્સરાની સ્થૂલ બાજુ જાણે તે જોઈ શકતો જ નહોતો.

રાતના બે વાગી ગયા હતા : અને તે હજુ ઘર તરફ પાછો ફર્યો નહોતો.

તેણે હવે પેલો પત્ર પોતાના ખિસ્સામાં મૂક્યો. અને તે વીશી તરફ પાછો ફર્યો. વીશીનો નોકર તેના આવવાની રાહ જોઈ બારણું સહેજ આડું કરી, ટેબલ ઉપર જ આડો પડ્યો હતો અને ઊંઘી ગયો હતો. ગ્વિનપ્લેઈને તેને ઉઠાડ્યો નહિ; પણ બારણાને અંદરથી આગળા ભિડાવી દીધા. પછી વીશીના ફાનસમાંથી મીણબત્તી સળગાવી લઈ, તે 'ગ્રીન-બૉક્સ' તરફ ગયો. અંદરની પેલી જૂની ગાડીમાં પોતાની પથારીમાં જઈ, મીણબત્તી ઓલવી નાખી, તે સૂઈ ગયો. તે પહેલાં તેણે ઊંઘતા ઉર્સસ તરફ નજર નાખી લીધી હતી.

તે સૂતો ખરો, પણ ઊંઘી શક્યો નહિ. તેના મગજમાં ઘમસાણ મચી રહ્યું હતું.

સવાર થતાં ઉર્સસ ઊઠ્યો, તે તેણે જોયું; પણ તે આંખો મીંચી પડી રહ્યો.

થોડી વાર બાદ એક મધુર અવાજ સંભળાયો, "ઝ્વિનપ્લેઈન, હજુ ઊંઘો છો કે?"

એ ડિયા હતી. તરત ઝ્વિનપ્લેઈન બેઠો થઈ ગયો. તેના નિર્દોષ મધુર સ્મિતને જોતાંવેંત ઝ્વિનપ્લેઈનનો કામજ્વર દૂર થઈ ગયો. તે પોતે અંધાર-ખીણ બની ગયો હતો, પણ પ્રકાશરૂપ ડિયા તેની અંધારી ખીણ ઉજાળવા આવી પહોંચી હતી. અને પ્રકાશ આવતાં જ અંધારું તેના બધા ઘોર ગોટાળા સાથે કેવું અલોપ થઈ જાય છે! તે બધાની કાળાશનો કશો ડાઘ પણ પાછળ બાકી રહેતો નથી.

નાસ્તાનો વખત થયો હોવાથી ડિયા ઝ્વિનપ્લેઈનને તેડવા આવી હતી. આ 'ગ્રીન-બૉક્સ'માં તે દેખતા માણસની પેઠે જ અટકળથી બધે સહેલાઈથી ફરી શકતી હતી.

ઝ્વિનપ્લેઈને પેલો કાગળ ચાના વાસણ નીચે સળગતી આગમાં બાળી નાખ્યો. તેની ધૂણીથી ડિયાને છીંક આવી; તે બોલી, "શું હતું?"

"કાંઈ નહિ," ઝ્વિનપ્લેઈને જવાબ આપ્યો.

એ કાગળ એના શરીર ઉપરથી દૂર થયો એટલે ઝ્વિનપ્લેઈન પોતાના બધા દોષથી મુક્ત થયો હોય તેમ હળવો બની રહ્યો.

૩

નાસ્તા વખતે વાતો ચાલવા માંડી.

ઝ્વિનપ્લેઈને કહ્યું, "જોજે ડિયા, ચા બહુ ગરમ છે; એકદમ પીવા ન માંડતી."

"તો તમે મારા પ્યાલા ઉપર ફૂંક મારોને!"

"વાહ, આજે તું કેટલી બધી સુંદર દેખાય છે!"

"પણ સાંભળો તો ખરા, આજે સવારે જાણે કેટકેટલી વાતો મારે તમને કહેવી છે."

"કહી નાખને !"

"હું તમને ચાહું છું."

"હું તને પૂજું છું."

"ખેલમાં જ્યારે હું તમારા માથા ઉપર હાથ મૂકું છું, ત્યારે મને કેટલો બધો આનંદ થાય છે! જાણે આખી દુનિયામાં મારે જે વસ્તુનો આધાર છે તે આ રહ્યા — તમે પોતે જ !"

"પણ, મારેય તારો જ આધાર આખા જગતમાં છે, ડિયા. તું જ મારું સર્વસ્વ છો. હું શું કરું ? તારી શી ઇચ્છા છે ?"

"મને કંઈ ખબર પડતી નથી; હું બહુ સુખી છું એટલું જ હું જાણું છું."

"હા, હા, આપણે સુખી છીએ."

ઉર્સસ તરત જ કડક અવાજે બોલી ઊઠ્યો, "હેં, તમે લોકો સુખી છો ? તો પછી કોઈ તમને ન જોઈ જાય એમ રહો, તથા બને તેટલી ઓછી જગા રોકો ! તમે છો તેના કરતાં પણ નાનાં બની રહો ! સુખી લોકોએ ગુનેગારોની પેઠે ખૂણાઓમાં સંતાઈ રહેવું જોઈએ. મૂરખ આગિયાઓ, તમે ચમકારા શા માટે મારો છો ? તમારા ઉપર લોકો પગ મૂકશે ! પણ એ જ લાગનાં છો, તમે બધાં !"

"બાપુજી, તમે કેમ કરડો અવાજ કાઢો છો ?" ડિયાએ પૂછ્યું.

"કારણ કે, કોઈ બહુ સુખી થાય એ મને ગમતું નથી."

અહીં હોમોએ પણ ઘુરકાટ કરી ઉર્સસની વાતમાં ટાપસી પૂરી.

ઉર્સસે નીચા નમી હોમોના ખભા ઉપર હાથ મૂક્યો.

"તું પણ ચિડાયો લાગે છે, ભાઈ; તને પણ આ બધી પ્રેમ-સુખની વાતો નથી ગમતી, ખરું ને ? કારણ કે, તું ઋષિ મહાત્મા છે; પણ તેં તારો અભિપ્રાય આપી દીધો, હવે ચૂપ થઈ જા."

પણ હોમોએ ફરી ઘુરકાટ કર્યો.

"અરે ભાઈ ફિલસૂફ, હવે જક ન કરીશ; શાંત થઈ જા," ઉર્સસે ટેબલ નીચે જોઈને કહ્યું.

પરંતુ વરુ તો ઊભો જ થઈ ગયો, અને બારણા તરફ નજર કરી દાંત બતાવવા લાગ્યા.

બારણામાં એક માણુસ ઊભો હતો. તેણે કાળો ઝભ્ભો પહેર્યો હતો. તેના હાથમાં લોઢાનો દંડ હતો, જેની બંને બાજુએ તાજની આકૃતિ કોતરેલી હતી.

ઉર્સસ તેને જોઈને પગથી માથા સુધી ધ્રૂજી ઊઠયો. તેણે ગ્વિનપ્લેઈનને કાનમાં ધીમેથી કહ્યું,

"વાપેનટેક !"

ગ્વિનપ્લેઈનને યાદ આવ્યું.

પેલા માણુસે તરત પોતાના જમણા હાથમાંનો દંડ નમાવી ગ્વિનપ્લેઈનના ખભાને સ્પર્શ કર્યો, તથા ડાબા હાથે બારણા તરફ નિશાની કરી.

એનો અર્થ એવો થતો હતો — "મારી પાછળ પાછળ ચાલ !"

ગ્વિનપ્લેઈન સમજી ગયો કે, તેણે પેલા પોલીસ અફસરની પાછળ પાછળ જવાનું છે. પણ શા માટે ? – એ વસ્તુ તે સમજી શકયો નહિ. એ પોલીસ અફસર અંગ્રેજ કાયદાથી ગુનેગારને બીજો કશો ખુલાસો આપવા બંધાયો નહોતો.

ઉર્સસને તરત હરીફ ભાંડભવૈયા વગેરે યાદ આવ્યા. તે લોકોએ જ કંઈ ફરિયાદ કરી હોવી જોઈએ. તે જોરથી ધ્રૂજવા લાગ્યો.

ડિયા સ્મિત કરી રહી હતી. કારણ કે, તેણે તો કશું જ જોયું ન હતું — અને સાંભળ્યું ન હતું.

હોમો પણ જાણે કાયદો સમજતો હોય, તેમ ચૂપ થઈ ગયો હતો.

ગ્વિનપ્લેઈન ઊભો થયો અને વાપેનટેક પાસે ગયો. વાપેનટેકે બહારથી સૌ કોઈને ફરમાવ્યું, "આ ઈસમ સિવાય બીજા કોઈ

મારી પાછળ ન આવે. જ્યાં છો ત્યાં જ ઊભા રહો તથા ચૂપ રહો."

વાપેનટેક હવે ચાલવા માટે પાછો ફર્યો કે તરત ઉર્સસે ગ્વિન્-પ્લેઈનના કાનમાં કહી દીધું : "તને પૂછે તેટલાનો જ જવાબ આપજે. તથા પૂછે નહિ ત્યાં સુધી કશું બોલીશ નહિ."

વીશી બહાર વાપેનટેક સાથે આવેલ બીજા માણસો પણ હતા. ડાબે હાથે તથા જમણે હાથે તેઓ ગોઠવાઈ ગયા, એટલે તેમની વચ્ચે ગ્વિનપ્લેઈન ધીમે પગલે ચાલી ગયો.

૫

ગ્વિનપ્લેઈન ગયો

૧

આવી ખુલાસા વગરની કે કારણ જણાવ્યા વિનાની ધરપકડ અત્યારે તો અંગ્રેજને પોતાને જ નવાઈભરેલી લાગે; પણ તે જમાનામાં એવી ધરપકડો વારંવાર થતી.

અલબત્ત, આ ધરપકડોનો અર્થ એ થતો કે, હજુ થોડીઘણી સ્પષ્ટતા થવાની બાકી છે; એટલે ત્યાં સુધી બહુ જાહેરાત થવાની જરૂર નથી.

ઉપરાંત, ખાસ સવાલો પૂછવાના હોય, તથા તેમાં રાજ્યની નીતિને લગતી કોઈ બાબતો સંડોવાયેલી હોય, તોપણ એમ કરવામાં આવતું.

આ ધરપકડોનો અર્થ માત્ર અદાલત સમક્ષ હાજર થવાના 'સમન્સ' રૂપ જ ગણી શકાય, — સીધી ધરપકડ નહિ. ઉપરાંત જેને પકડ્યો હોય, તેની બાબતમાં નકામી હો હા ન થાય, એ પણ એ અંગેની ચુપકીદી પાછળનો હેતુ હોય. જોકે, લોકોને મન તો પરિણામ

જોતાં આ પણ એક ધરપકડ જ હતી, અને કશા ખુલાસા વિનાની હોવાથી વધુ ભયંકર !

વાપેનટેક જેને તેડી જાય, તેની પાછળ કોઈએ જવાનું ન હોય તથા તે અંગે કશી પૂછપરછ કે બૂમાબૂમ કરવાની ન હોય, એ જાણતા હોવા છતાં. કેટલાક લોકો ગ્વિનપ્લેઈનની પાછળ પાછળ અગોચર રહી જવા લાગ્યા. ઉર્સસ તેઓમાં એક હતો.

ઉર્સસે નીકળતા પહેલાં એક સાવચેતી લીધી હતી. તેણે નિકોલસ, તેનો નોકર, ફિબિ અને વિનસને બાજુએ બોલાવી કહી દીધું હતું કે, ડિયાને કાને આ બાબતનો અક્ષરેય ન જવો જોઈએ; અને તે કશી પૂછપરછ કરે તો કહેવું કે, 'ગ્રીન-બૉક્સ' માટે જોઈતો સરસામાન લાવવા ઉર્સસ તથા ગ્વિનપ્લેઈન ગયા છે. તેણે સૌને એમ પણ કહ્યું કે, કંઈક ગેરસમજથી જ ગ્વિનપ્લેઈનને લઈ જવામાં આવ્યો છે, અને તે તથા પોતે પોલીસને તથા મૅજિસ્ટ્રેટને યોગ્ય ખુલાસાઓ આપશે, એટલે તરત બંને જણ થોડા સમયમાં જ પાછા ફરશે. અને ખરેખર ઉર્સસ એમ માનતો પણ હતો.

ઉર્સસ ગ્વિનપ્લેઈનની પાછળ પાછળ નજરે ન પડાય તે રીતે ચાલ્યો જતો હતો. ગ્વિનપ્લેઈને પોતાનો ટોપો મોં ઉપર એટલો બધો નીચો આણી દીધો હતો કે, કોઈને ગ્વિનપ્લેઈન જાય છે એવી ઝટ ઓળખ ન પડે.

જો આ લોકો અમુક જગાએ પહોંચ્યા પછી ડાબે હાથે વળી સાઉથવર્કના ટાઉનહૉલ તરફ જાય, તો તો કશું ડરવા જેવું નહોતું. કંઈક ચુપરાઈનો ગુનો થયો હોય તો તે બદલ ઠપકો મળે, ચેતવણી આપે, અને બે કે ત્રણ શિલિંગ દંડ કરે. પછી તો સાંજના ખેલ માટે બંને જણ વખતસર પહોંચી શકે. પણ જો પેલા લોકો જમણી બાજુ વળે, તો તો માર્યા ! કારણ કે, એ બાજુ બહુ ગંભીર સ્થાનો હતાં. ગુનેગારો માટે, સજા માટેય.

અને પેલા લોકો જમણી બાજુ જ વળ્યા !

ઉર્સસ હવે એટલો બધો ધ્રૂજી ગયો કે, તે એક ભીંતનો ટેકો લઈને માંડ સ્થિર ઊભો રહી શક્યો.

પેલો આગળનો સંઘ ધીમે પગલે ગંભીરતાથી ચાલ્યો જ જતો હતો. ઉર્સસ એક એક શેરી અને એક એક સ્થાન પાછળ મૂકતો ગયો, તેમ તેમ વધુ ને વધુ મૂંઝાતો ગયો.

છેવટે એ સંઘ થોભ્યો.

તેઓ એક અતિ સાંકડી ગલીમાં આવી ગયા હતા. તે ગલીમાં ઘરો નહોતાં; એની બંને બાજુએ ઊભી દીવાલો હતી. ડાબી બાજુની જરા નીચી હતી, જમણી બાજુનાં ઊંચી. તેમાં એક પણ બારી ન હતી. માત્ર નિશાન તાકનારાઓ માટેનાં કિલ્લાની દીવાલમાં હોતાં બાકાં જેવાં બાકાં જ હતાં. એ ઊંચી દીવાલને લોખંડની એક ઝાંપલી હતી. તેના ઉપર પથ્થરની ગોળ કમાન વળેલી હતી, અને તેને મજબૂત પથ્થરો વચ્ચે જડેલી હતી. તેનું તાળું પણ ભારે તથા જંગી હતું. તેનાં મિજાગરાં પણ ગાંઠાદાર મજબૂત હતાં.

એ ગલીમાં કોઈ ન હતું. દુકાનો પણ ન હતી, માણસો પણ ન હતા.

ઉર્સસ એક ભીંતના ખૂણા પાછળ ઊભો રહી ડોકું નમાવી જોવા લાગ્યો.

હવે એ સંઘમાંના ન્યાયાધીશ જેવા માણસે આગળ આવી એ ઝાંપલી ઉપર ત્રણ ટકોરા માર્યા. એક ડોકાબારી જેવું કશુંક ઊઘડ્યું. ન્યાયાધીશે કહ્યું, "નામદાર રાણી સાહેબાના હુકમથી."

તરત જ ઓક અને લોખંડનું બનેલું એ ભારે બારણું ઊઘડ્યું. જાણે અંદર ઊંડી ગુફામાં પેસવાનો માર્ગ ખુલ્લો થયો.

૨

ઉર્સસે જોયું કે, ગ્વિનપ્લેઈન એ ગુફામાં અદૃશ્ય થયો.

એ સાઉથવર્કની જેલનું નાનું બારણું હતું. જૂના વખતમાં એ મકાન અંગ્રેજોના પ્રાચીન દેવોનું મંદિર હતું; પછી એ મહેલ અને કિલ્લાનું પદ પામ્યું, અને છેવટે ૧૧૯૯માં જેલખાનાનો દરજ્જો !

ઇંગ્લેંડનાં બધાં કેદખાનાં બહાર તોતિંગ દીવાલો અને અંદર મધપૂડાનાં ખાનાં જેવી અંધારી કોટડીઓ – એ જાતનાં જ હોય છે. આ જંગલી અને નિષ્ઠુર મકાનો પાસે થઈ ને જતાં માણસના અંતરમાં એવી જ ઘૃણા અને ત્રાસની લાગણી થઈ આવે, જેવી સાંકળે બાંધેલા ગુલામોના વસવાટરૂપ ટાપુઓ પાસે થઈ ને જતાં પ્રાચીન વહાણવટીઓને થતી.

સાઉથવર્ક જેલ તો પહેલેથી ભૂતપિશાચના આવેશ દૂર કરવાના તથા રિબાવીને કબૂલાતો કરાવવાના સ્થાન તરીકે જાણીતી હતી. એ જેલ બે શેરીઓમાં ઊઘડતી. એક બારણું મુખ્ય શેરી તરફ હતું, જ્યાં થઈ ને સત્તાવાળાઓ પ્રવેશ કરતા. બીજું બારણું બાકીનાં જીવતાં પ્રાણીઓને પેસવા માટે અને મડદાંને બહાર નીકળવા માટે હતું. માણસ જ્યારે જેલમાં મરી જાય, ત્યારે એ બારણેથી તેનું મડદું બહાર કઢાતું. જાણે નરકમાંથી મુક્તિનું દ્વાર !

ગ્વિનપ્લેઈનને તે બારણેથી જેલમાં અંદર લેવામાં આવ્યો હતો.

સાઉથવર્ક સરે પરગણામાં હોઈ, તેની જેલ પણ તેના શેરીફની હકૂમત હેઠળ હતી. શેરીફની બે અદાલતો હતી : એક કેન્દ્રસ્થ સ્થિર, અને બીજી 'જંગમ'. શેરીફને કેદખાનાની 'સફાઈ' કરવાની સત્તા હતી; અર્થાત્ પરગણાના કોઈ શહેરમાં તે આવે ત્યારે તે બધા ત્યાંના કેદીઓનો 'છુટકારો' કરવાનો હક ધરાવતો : કાં તો તેમને છોડી મૂકીને અથવા તેમને ફાંસીએ ચડાવી દઈ ને. શેરીફ ૨૪ ગ્રાંડ-જૂરરો આગળ આરોપનામું રજૂ કરે. પેલા કાં તો તેને મંજૂર રાખે, અથવા નામંજૂર રાખે. નામંજૂર રાખે, તો પેલું આરોપનામું

ફાડી નાખવાની શેરીફને સત્તા હતી. પરંતુ કેસ ચાલતો હોય, તે દરમ્યાન કોઈ જૂરર મરી જાય, તો પેલો આરોપી નિર્દોષ ઠરે અને શેરીફ તેને છોડી મૂકે.

પણ શેરીફ ખાસ કરીને વધુ આદરપાત્ર અને વધુ ત્રાસજનક અફસર એ માટે ગણાતો કે તેને રાજાજી તરફથી આવેલા બધા હુકમોનો તત્કાળ અમલ કરવાની સત્તા હતી. અને એવા હુકમો સરમુખત્યારીભર્યા જ હોય.

૩

ગ્વિનપ્લેઈન અંદર પેઠો પછી પેલું બારણું બંધ થવાનો અવાજ સાંભળતાં જ તે કંપી ઊઠયો. તે કયાં હતો? આસપાસની કશી વસ્તુ તે દેખી શકતો ન હતો. તેઓ તેને શા માટે અહીં લઈ આવ્યા હતા? તેઓ તેને શું કરશે?

જેલખાનામાં નિયમ હતો કે દરવાજાની આગળનો ભાગ અંધારો જ રાખવો, જેથી અંદર નવો દાખલ થનાર પોતે કયાંથી કયાં પેઠો તે મનમાં નોંધી શકે નહિ.

ગ્વિનપ્લેઈને બંને બાજુ હાથ પહોળા કરી જોયા. ધીમે ધીમે કયાંકથી ઝાંખો પ્રકાશ અંદર પથરાવા લાગ્યો, અને તેને લાગ્યું કે તે કોઈ સાંકડા ભૂગર્ભ માર્ગ ઉપર છે.

ગ્વિનપ્લેઈન હવે ખરેખર ડરી ગયો. જિંદગીમાં તેનો આ પહેલવહેલો અનુભવ હતો, જ્યાં કશું પૂછવાપણું ન હતું, બોલવાપણું ન હતું, ચર્ચા કરવાપણું ન હતું. એવી ભયંકરતા ભલભલાને કંપાવી મૂકે. તેને ડિયા યાદ આવવા લાગી, અને પોતે કદી હવે પાછો બહાર નીકળી શકશે કે નહિ, તેની તેને ચિંતા થવા લાગી.

તેણે એક વખત પૂછવાનો પ્રયત્ન કર્યો : “ સદ્‌ગૃહસ્થો, તમે મને કયાં લઈ જાઓ છો ? ”

પણ કોઈએ તેને જવાબ ન આપ્યો.

તેઓ એ માર્ગે થઈ આગળ ને આગળ ચાલવા લાગ્યા. પણ હવે તે લોકો એક એકની પંક્તિમાં ચાલતા હતા. માર્ગ સાંકડો ને સાંકડો થતો જતો હતો. ગ્વિનપ્લેઈનિ બંને કોણીઓથી બંને બાજુની દીવાલોને હવે અડી શકતો હતો.

તેઓ હવે એક બંધ બારણા આગળ આવ્યા. બારણું ઊઘડ્યું, એટલે તેઓ અંદર પેઠા. બારણું પાછળ આપોઆપ બંધ થયું. બધાં બારણાં જાણે પોતાની મેળે ઊઘડતાં અને બંધ થતાં. ઉઘાડવાસ કોણ કરતું તે દેખાતું જ નહિ.

આગળ રસ્તો જેમ જેમ સાંકડો થવા લાગ્યો, તેમ તેમ ઊંચાઈમાં પણ નીચો નમવા લાગ્યો. એટલે સૌએ માથાં નીચાં રાખીને જ ચાલવું પડતું હતું. ભીંતોમાંથી પણ પાણી ઝમતું હતું. હવે અજવાળું તો શું, પણ હવા પણ ઓછી થતી ગઈ. તેઓ ક્યાંક નીચે ને નીચે ઊંડે ઊતરતા જતા હતા. અંધારામાં ઢાળ વધુ ભયંકર લાગે છે.

કેટલો વખત તે લોકો આમ ચાલ્યા ? ગ્વિનપ્લેઈનિ પણ એ કહી ન શકત. ભયંકર ત્રાસની લાગણી વ્યાપી રહી હોય છે ત્યારે ક્ષણો બહુ લાંબી થઈ જાય છે.

અચાનક તેઓ થોભ્યા. અંધારું વધુ ગાઢ બની ગયું હતું.

વાપેનટેકે પોતાના લોહ-દંડ વડે જાણે એક પતરા ઉપર ટકોરો માર્યો. તરત જ ગરગડીઓ ઉપર એ લોહ-દ્વાર ઉપર ખેંચાયું: મિજાગરાં ઉપર ઊઘડ્યું નહિ.

કંઈક પ્રકાશ હવે આવ્યો. નીચે ઊતરવા માટે પગથિયાંની પંક્તિ નજરે પડી. બાજુની દીવાલમાં જાણે કોતરી કાઢીને બનાવ્યાં હોય તેવાં સાંકડાં વીસેક પગથિયાં હતાં. તે ઊતરીને જે કમરામાં તેઓ દાખલ થયા, તે કમરો ગોળાકાર હતો, તથા તેમાં મોટી મોટી કમાનો વાળેલી હતી, જેમને આધારે ઉપરની ઇમારત ટકેલી હતી.

એ કમરો ખૂબ વિશાળ હતો. પણ ભેજ અને અંધકારની બાબતમાં કૂવાના તળિયા જેવો જ હતો.

એ અંધાર-ખાણને ફરસબંધી જેવું કંઈ નહોતું. વચ્ચોવચ ચાર થાંભલાની અંદર એક ભાગ અલગ પાડેલો હતો. એને ભીંતો ન હતી : માત્ર ચાર થાંભલાથી જ બાકીના ભાગથી એ ભાગ અલગ પડતો હતો.

તે અલગ પાડેલા ભાગની છતમાંથી વચ્ચે એક તાંબાનું ગોળ ફાનસ લટકાવેલું હતું. એ સિવાય પ્રકાશ માટે બીજું કશું સાધન ક્યાંય ન હતું.

એ ચાર થાંભલાની વચ્ચે અને પેલા ફાનસની નીચે એક ધોળી તથા ભયંકર આકૃતિ જમીન ઉપર ચત્તાપાટ પડેલી હતી.

તે આકૃતિને પીઠ ઉપર સુવાડેલી હતી. તેનું બંધ આંખો-વાળું માથું એકલું જ દેખાતું હતું. પછીનું ધડ તો કોઈ વિચિત્ર ઢગલા નીચે દબાયેલું હોઈ દેખાતું ન હતું. તેના પહોળા કરાવેલા બે હાથ અને બે પગ સાંકળોમાં ભિડાવી તે સાંકળ પેલા થાંભલાઓ સાથે તાણી બાંધવામાં આવી હતી.

એ નગ્ન આકૃતિ અત્યારે શબ જેવી ફીકી અને બરફ જેવી ઠંડી થઈ ગઈ હતી.

ગ્વિનપ્લેઇન સીડી આગળથી જ એ આકૃતિ જોઈને ડરી ગયો.

અચાનક પેલી આકૃતિએ વેદનાનો એક ઊંડો ઊંહકારો કાઢ્યો. એ શબ જીવતું હતું !

બાજુમાં એક ઊંચા પથ્થર ઉપર ગોઠવેલી આરામખુરશીમાં લાલ ઝભ્ભો પહેરેલો એક વૃદ્ધ માણસ હાથમાં ગુલાબના ગુચ્છા સાથે સ્થિર બેઠેલો હતો. તેની બંને બાજુએ એક એક એમ બે માણસો કાળા ઝભ્ભા પહેરીને ઊભા હતા.

આરામખુરશી ઉપર બેઠેલો વૃદ્ધ માણસ સરે પરગણાનો શેરીફ

હતો. તેના હાથમાંનાં ગુલાબનાં ફૂલ તેની રાજા તરફની અને સુધરાઈ તરફની સત્તાનાં પ્રતીક હતાં.

આરામખુરશી સામે એક ટેબલ હતું જેના ઉપર શેરીફનો સફેદ દંડ તથા કેટલાક કાગળો અને ગ્રંથો પડેલા હતા.

શેરીફની બંને બાજુ ઊભેલા માણસો ડૉક્ટરો હતા : એક દવાનો અને બીજો કાયદાનો. તે બંને મૃત્યુના સાક્ષી બનનાર હોઈ શોકના કાળા ઝભ્ભા જ પહેરતા.

શેરીફની પાછળ પગથિયા જેવા પથ્થર ઉપર એક લહિયો ઢીંચણ ઉપર લખવાનું પાટિયું ટેકવી તૈયાર બેઠો હતો. તેની લેખન-પેટી જમીન ઉપર નીચે પડેલી હતી.

આખે શરીરે ચામડું પહેરેલો એક માણસ એક થાંભલાને અઢેલીને ઊભો હતો. તે જલ્લાદનો મદદનીશ હતો.

આ માણસો જાણે મંત્રમુગ્ધ બનાવી દેવાયા હોય તેમ બોલ્યા વિના તેમ જ હાલ્યા વિના સ્થિર ઊભા રહ્યા હતા.

તે વખતનાં બધાં કેદખાનાંની જેમ આ પણ સાઉથવર્ક જેલનો 'ટૉર્ચર-ચેમ્બર' અર્થાત્ ગુનેગારને કબૂલાત કરાવવા રિબાવવા માટેનો ઓરડો હતો.

જમીન ઉપર પડેલી પેલી માનવ આકૃતિએ વેદનાનો બીજો ઊંહકારો ભર્યો.

જડસડ થઈ ને ઊભેલા ગ્વિનપ્લેઈનને હવે વાપેનટેકે ખભા આગળથી જરા ઢંઢોળ્યો.

એનો અર્થ એ કે, ગ્વિનપ્લેઈને આગળ વધવાનું હતું.

શેરીફે ઘોઘરે અવાજે ગ્વિનપ્લેઈનને પોતાની ખુરશીની પાસે આવવા જણાવ્યું.

ગ્વિનપ્લેઈન સાથે આવેલા સંઘમાંના કાયદા-અફસરે ગ્વિન-

પ્લેઈનને સંબોધીને કહ્યું, "તમે સરે પરગણાના શેરીફ સામે ઊભા છો."

ઝિવનપ્લેઈન પેલા રિબામણીમાં નંખાયેલા માણસની પાસે જવાય તેટલો આગળ ગયો. દૂરથી તેણે જેને જોયો હતો તેને નજીકથી જોતાં તેનો ભય ત્રાસના રૂપમાં ફેરવાઈ ગયો.

એ માણસ તદ્દન નગ્ન હતો; તેની ઉંમર ૫૦થી ૬૦ વર્ષની હશે; તે તદ્દન ટાલિયો હતો; તેની દાઢી ઉપર સફેદ વાળના ખાંપા ઊગેલા હતા. તેની આંખો બંધ હતી અને મોં ઉઘાડું હતું. તેના બધા દાંત દેખી શકાતા હતા. તેનો પાતળો તથા હાડકાં નીકળેલો ચહેરો મૃત્યુના ચહેરા જેવો દેખાતો હતો. તેના હાથપગ ખેંચીને સાંકળોથી થાંભલાઓ સાથે જકડી દીધેલા હતા. તેની છાતી અને પેટ ઉપર લોખંડની પ્લેટ મૂકી તેના ઉપર પાંચ કે છ મોટા પથરા ઢગલો કરીને મૂકવામાં આવ્યા હતા. તેનો વેદનાનો ઊંહકારો કોઈક વખત નિસાસા જેવો લાગતો હતો, તો કોઈક વખત ગર્જના જેવો.

શેરીફે હવે ટેબલ ઉપરથી દંડ હાથમાં લઈ 'નામદાર રાણીજીના હુકમથી' એવા શબ્દો બોલી પેલા રિબાતા માણસને સંબોધીને કહ્યું:

"માણસ, તું અત્યારે સાંકળે બંધાયેલો છે; હવે છેલ્લી વખત અદાલતનો અવાજ સાંભળી લે. તને તારી કોટડીમાંથી કાઢીને અહીં આણવામાં આવ્યો છે. વિધિસર તને વારંવાર પૂછપરછ કરવામાં આવી હોવા છતાં તું જક્કીપણે ચુપકીદી જાળવી રહ્યો છે, અને અદાલતને સાચો જવાબ આપતો નથી. એ મોટો ગુનો છે."

શેરીફને જમણે હાથે ઊભેલા કાયદાના ડૉક્ટરે એ ગુનો અને તેની સજાની કલમ બોલી સંભળાવી, તથા ઉમેર્યું — મૅજિસ્ટ્રેટના પ્રશ્નનો જવાબ ન આપનાર ગુનેગાર બધા જ ગુનાઓ કરનારો

ગુનેગાર ગણાય, કારણ કે જે કશું સ્વીકારતો નથી, તે બધું જ કબૂલે છે.

શેરીફે હવે આગળ ચલાવ્યું : “ચૂપ રહીને પોતાની જાતને અદાલતના કામકાજમાંથી ગેરહાજર રાખવાની મનાઈ છે. આવી ખોટી રીતે કરલો અદાલતનો અનાદર ન્યાયનું ખૂન કરવા બરાબર છે. એ બંડ કહેવાય, દ્રોહ કહેવાય. તપાસમાં જે સહકાર આપતો નથી, તે સત્યને ખંડિત કરે છે. એ ગુના માટે કાયદાએ જોગવાઈ કરી રાખી છે.”

કાયદાના ડૉકટરે પાછી એ કલમ અને તેમાં જણાવેલી સજા બોલી બતાવ્યાં.

શેરીફે આગળ ચલાવ્યું : “તારા જક્કીપણાની સામે કાયદાએ પણ એવું જ જક્કીપણું આદર્યું છે. પહેલે દિવસે તને ખાવા પીવાનું આપવામાં ન આવ્યું. બીજે દિવસે તને થોડુંક ખાવાનું આપવામાં આવ્યું, પણ પીવાનું કશું ન આપવામાં આવ્યું : જવની રોટીના ત્રણ કોળિયા તને ભરાવવામાં આવ્યા હતા. ત્રીજે દિવસે તને કંઈક પીવાનું આપવામાં આવ્યું, પણ ખાવાનું કશું ન આપવામાં આવ્યું : જેલખાનાની ગટરમાંથી લીધેલું એક પિન્ટ પાણી ત્રણ પ્યાલાઓ-માંથી ત્રણ જુદે જુદે વખતે તારા મોંમાં રેડવામાં આવ્યું હતું. હજુ પણ તું ચૂપ રહીશ, તો તને આ સ્થિતિમાં મરતા સુધી રાખી મૂકવામાં આવશે. એ સ્થિતિમાં કોઈ તને કશી મદદ નહિ કરે. થોડા વખતમાં તારા ગળામાંથી, તારી દાઢી અને બગલોમાંથી તથા શરીરનાં બધાં છિદ્રોમાંથી, મોંમાંથી તેમ જ ફૂલા વચ્ચેથી લોહી નીકળવા માંડશે. પણ જો તું હજુ પણ તારી ચુપકીદી તોડીશ અને કબૂલાત કરીશ, તો તને થોડા નાના સિક્કા આપવામાં આવશે, (જે ચલણમાં નથી, પણ આ અંતિમ દાન માટે જ વપરાય છે) અને પછી તને ફાંસીએ ચડાવવામાં આવશે. ગુનો કબૂલ કરી દેવાના એ ફાયદા છે.”

શેરીફ આટલું કહીને પેલો શો જવાબ આપે છે તે સાંભળવા ચૂપ રહ્યો. પેલો છતાં ચૂપ પડી રહ્યો.

શેરીફે કહ્યું : " તારો કેસ શરૂ થયાને પહેલા ૭૨ કલાક વીતી ગયા છે. આજે ચોથો દિવસ છે; તે છેલ્લો નિર્ણાયક દિવસ છે. કારણ કે, આ દિવસે ગુનેગાર સામેનો પુરાવો તેની સમક્ષ રજૂ કરવામાં આવે છે. કાયદાએ ડહાપણથી આ અંતિમ ઘડીને ગુનેગાર સાચું જ બોલે તેવી ઘડી માની છે. "

કાયદાના ડૉક્ટરે બધી કલમો બોલી બતાવી.

શેરીફે હવે કહ્યું : " જમીન ઉપર સૂતેલા હે આદમી, તું મને સાંભળે છે ? "

પેલો જરાય હાલ્યો નહિ.

" કાયદાને નામે હું તને આંખો ખોલવા હુકમ કરું છું. "

પેલો આંખો મીંચી પડી રહ્યો.

શેરીફે હવે ડૉક્ટરને જઈ તેની સ્થિતિની તપાસ કરવા ફરમાવ્યું. પેલો તપાસ કરી રહ્યા એટલે શેરીફે પૂછ્યું :

" તે હજુ સાંભળી શકે છે ? "

" તે હજુ સાંભળી શકે છે. "

" તે હજુ દેખી શકે છે ? "

" તે હજુ દેખી શકે છે. "

શેરીફે હવે મોટે અવાજે કહ્યું : " ઓ દુષ્ટ માણસ, હવે સાંભળ. કાયદો તારો નાશ કરતા પહેલાં તને વિનંતી કરે છે. હું ઘરડો માણસ છું. તારા બાપ જેવો છું. મને મારા હાથની છેલ્લી કારમી સત્તાઓ વાપરતાં કમકમાં આવે છે. પણ મારે હવે ક્રૂર થવું પડશે. તારે કલાકો, દિવસો અને અઠવાડિયાં સુધી આ પથ્થરોનાં વજન નીચે, આ દુર્ગંધમાં, આ એકાંતમાં રિબાઈને મરી જવું

ન હોય તો તારી જાત ઉપર દયા લાવીને, આંખો ઉઘાડી, બોલી નાખ કે, આ માણસને તું ઓળખે છે ? ”

વાપેનટેક તે ઘડીએ ગ્વિનપ્લેઈનને માથેથી ટોપો ઉતારી લઈ તેનાં મોં ઉપર અજવાળું પડે તે રીતે તેને ઊભો રાખ્યો. અને પછી પેલા ગુનેગારનું માથું બે હાથે પકડી ગ્વિનપ્લેઈન તરફ ફેરવ્યું અને આંગળીઓ વડે તેની બંને પાંપણો તેની આંખો ઉપરથી ઊંચી કરી.

પેલાએ ગ્વિનપ્લેઈનને જોયો.

તરત તેણે પોતાનું માથું આપમેળે ઊંચું કરી ગ્વિનપ્લેઈન તરફ તાકીને જોવા માડયું.

તરત જ તે ધ્રૂજી ઊઠયો અને બૂમ પાડી ઊઠયો, “એ તે જ છે! હા, હા, તે જ છે!”

અને તે ભયંકર રીતે ખડખડાટ હસી પડયો.

પછી તેણે પોતાનું માથું પાછું જમીન ઉપર નાખી દીધું અને આંખો મીંચી દીધી

શેરીફે તરત જ લહિયાને એના શબ્દો લખી લેવા ફરમાવ્યું.

ગ્વિનપ્લેઈન અત્યાર સુધી જડસડ થઈને ઊભો રહ્યો હતો. પરંતુ પેલા માણસે જ્યારે “એ તે જ છે!” એમ કહ્યું, અને શેરીફે તેના એ શબ્દો લખાવી લેવરાવ્યા, ત્યારે તે ગભરાયો. તેને થયું કે આ મરણપથારીએ પડેલો માણસ જે કંઈ બોલી ગયો તે હવે પોતાને કોઈ વિચિત્ર બંધનમાં સપડાવી દેશે — કદાચ કોઈ મહાભયંકર ગુનામાં સંડોવશે. એટલે તે બોલી ઊઠયો, “એ સાચું નથી. હું આ માણસને ઓળખતો નથી. મને મહેરબાની કરી છૂટો કરી દો. મને અહીં શા માટે લાવવામાં આવ્યો છે? આ માણસે જે કંઈ કહ્યું હોય, તે મને મંજૂર નથી.

હું તેને ઓળખતો નથી. આ ન્યાય નથી. આ કાયદો નથી. આ માણસને ને મારે કશો સંબંધ નથી. મારું જીવન ખુલ્લું જ છે. તેમાં કશું ગુપ્ત નથી. છતાં મને એક ચોરની પેઠે ઉપાડી લાવવામ આવ્યો છે. હું એક પ્રકારનો નટ છું, અને ખેલ કરીને કમાણી કરું છું. લોકો મારો ખેલ જોવા આવે છે, તે બધા કહી શકશે કે હું ચોર બદમાશ નથી. હું એક પ્રમાણિક નટ છું. મારી ઉંમર પચીસ વર્ષની છે, અને હું ટૅડકૅસ્ટર વીશીના આંગણામાં ઊતર્યો છું. મારા જેવા નીચલી કોટિના માણસોની નબળી સ્થિતિનો આવો ગેરલાભ આપ ન્યાયાધીશોએ ન લેવો જોઈએ. મારો બચાવ કરનાર અહીં કોઈ નથી, અને મેં કંઈ કહ્યું નથી. ''

પણ આ બધા છૂટક તૂટક બોલાયેલા શબ્દોના જવાબમાં શેરીફ આરામખુરશીમાંથી ખડો થઈ ગયો અને એટલું જ બોલ્યો :

''મારી સમક્ષ લૉર્ડ ફ્રર્મેઈન ક્લેન્ચાલી, ક્લેન્ચાલી અને હંકરવિલના બૅરન, અને સિસિલીના કોર્લિયોના માર્કિસ તથા ઇંગ્લૅંડના ઉમરાવ ખડા છે. મારા લૉર્ડ, આપ નામદાર આ ખુરશી ઉપર બેસવા મહેરબાની કરશો ? ''

૯

ઓળખપત્ર !

નસીબ પણ કોઈ કોઈ વાર આપણુને કેફ ચડે તેવો પ્યાલો હાથે કરીને પિવરાવી દે છે !

ગ્વિનપ્લેઈનને સમજ પડી નહિ. તેણે આસપાસ જોયું કે, પેલા શબ્દો શેરીફે કોને સંબોધીને કહ્યા હતા !

વાપેનટેક અને કાયદાનો ડોકટર હવે બંને જણાએ આગળ વધી, ગ્વિનપ્લેઈનના બંને હાથ પકડી, તેને શેરીફે ખાલી કરેલી આરામખુરશીમાં બેસાડયો.

તે બેઠો એટલે તે બંને જણા થોડાં ડગલાં પાછા ખસી, આરામ-ખુરશીની પાછળ ટટાર અને સ્થિર થઈ ઊભા રહ્યા.

પછી શેરીફે ચશ્માં ચડાવી, ટેબલ ઉપરના કાગળોમાંથી એક કાગળ કાઢયા અને ફાનસ આગળ ધરી વાંચવા માંડયા.

"પરમાત્માના અને ઈશુ ખ્રિસ્તના નામ ઉપર.

"આજે આપણા ઈશુના ૧૬૯૦ ના વર્ષની ૨૯મી જાન્યુઆરીના દિવસે—

દશ વર્ષના એક બાળકને પોર્ટલૅન્ડને કિનારે નિર્જન સ્થાને ભૂખ, ટાઢ અને નિર્જનતામાં મરવા માટે દુષ્ટતાપૂર્વક તજી દેવામાં આવ્યો છે.

"આ બાળક જ્યારે બે વર્ષની ઉંમરનો હતો, ત્યારે નામદાર રાજા જેમ્સ બીજાના હુકમથી તેને વેચી નાખવામાં આવ્યો હતો.

"આ બાળક લૉર્ડ ફ્રર્મેઈન કલેન્ચાર્લી છે; અને તે મરહૂમ લૉર્ડ લિનિયસ કલેન્ચાર્લી, કલેન્ચાર્લી તથા હંકરવિલના બેરન તથા ઇટાલીના કોર્લિયોનાના માર્કિવસ તથા ઇંગ્લેંડના ઉમરાવનો તેમનાં પત્ની મરહૂમ ઍન બ્રેડશૉથી થયેલો કાયદેસર પુત્ર છે.

"આ બાળક તેના પિતાની બધી મિલકત તથા પદોનો વારસ છે. પણ નામદાર રાજા જેમ્સ બીજાની મરજીથી તેને વેચી નાખવામાં આવ્યો હતો. તેને ખંડિત-વિદ્રૂપ કરી, ન ઓળખાય તેવો કરી દેવામાં આવ્યો છે.

"આ છોકરાને શેરીઓમાં અને બજારોમાં ભાંડનું કામ કરવા ઉછેરવામાં આવ્યો છે તથા તેને તેવી તાલીમ આપવામાં આવી છે.

"આ છોકરો બે વર્ષનો હતો ત્યારે તેના પિતા લૉર્ડના મૃત્યુ બાદ, વેચી નાખવામાં આવ્યો હતો; અને તેની કિંમતના દશ પાઉંડ નામદાર રાજા જેમ્સ બીજાને ચૂકવવામાં આવ્યા હતા.

"આ લૉર્ડ ફ્મેઇન કલૅન્ચાર્લી બે વર્ષની ઉંમરના હતા ત્યારે મેં નીચે સહી કરનાર અને આ લખાણ કરનારે ખરીદ્યા હતા; તથા તેમને ફ્લૅન્ડર્સના રહેવાસી હર્ડ કેનોંએ વિદ્રૂપ બનાવ્યા હતા. તેની એકલાની જ પાસે આવાં બધાં ઑપરેશન કરવાની જૂની ગૂઢ વિદ્યા સચવાઈ રહેલી છે.

"એ બાળકના મોંને કાયમના હસતા મોંમાં ફેરવી નાખવામાં આવ્યું છે.

"એ માટેનું ઑપરેશન હર્ડ કેનોંએ કર્યું હતું. તે દરમ્યાન તેને હર્ડ કેનોંને જ જાણીતી એવી પ્રક્રિયાથી ઊંઘમાં નાખી દેવામાં આવ્યો હતો; એટલે તેને આ ઑપરેશનની કશી ખબર કે યાદદાસ્ત નથી.

"તે પોતે લૉર્ડ કલૅન્ચાર્લી છે, એ વાત પણ તે જાણતો નથી.

"તેને ગ્વિનપ્લેઇન નામે બોલાવીએ તો બોલે છે.

"અમે આ લખીએ છીએ તે વખતે, આ બધી માહિતીવાળો હર્ડ કેનોં, રાજા વિલિયમ-૩,—જેમને ગામડીપણે નામદાર પ્રિન્સ ઑફ ઑરેંજ પણ કહે છે, તેમની કેદમાં ચેથામ મુકામે કૉંપ્રેશિકો તરીકે ગિરફ્તાર થઈને, પડેલો છે.

"આ બાળકને સ્વિટ્ઝર્લૅન્ડમાં, જિનીવા સરોવર આગળ, જે ઘરમાં તેનાં માતપિતા રહેતાં હતાં તથા મરણ પામ્યાં હતાં, તે ઠેકાણે જ રાજાજીના હુકમથી અમને વેચવામાં આવ્યો હતો. મરહૂમ લૉર્ડ

લિનિયસના એક નોકરે જ અમને તેનો કબજો સોંપ્યો હતો. તે નોકર થોડા વખત બાદ જ ગુજરી ગયો હોવાથી, આ આખી વાત હર્દ કેનોં, કે જે ચેધામની કાળી કોટડીમાં પુરાયેલો છે તે, તથા અમે કે જે હવે મરવાની અણી ઉપર આવ્યા છીએ, તેટલા જ જાણીએ છીએ

"અમે નીચે સહી કરનારાઓએ એ નાનકડા લૉર્ડને રાજા પાસેથી ખરીદીને આઠ વર્ષ સુધી ઉછેરીને મોટો કર્યો. અમારા ધંધામાં એ મદદગાર થઈ અમને કમાણી કરાવી આપે, એ અમારો હેતુ હતો.

'પરંતુ આજે, અમારી પણ કૉમ્પ્રેશિકો તરીકે હર્દ કેનોં જેવી વલે ન થાય, તે માટે ઇંગ્લૅંડમાંથી નાસતી વખતે, અમે એ બાળક ગ્વિનપ્લેઈનને — જે ખરી રીતે લૉર્ડ ફર્મેઈન ક્લૅન્ચાર્લી છે – પોર્ટલૅન્ડને કિનારે છોડી દીધો છે.

"અમે રાજા જેમ્સ બીજા આગળ આ વાત ગુપ્ત રાખવાના સોગંદ ખાધા છે, પરંતુ ઈશ્વર આગળ નહિ.

"આજની રાતે, દરિયામાં ઈશ્વરની ખફગીથી ભારે તોફાનમાં સપડાઈ અમે હવે ડૂબવાની અણી ઉપર આવ્યા છીએ, ત્યારે પરમાત્મા આગળ ઘૂંટણિયે પડી, અમારાં દુષ્કર્મોના પ્રાયશ્ચિત્ત તરીકે આ કબૂલાત અમે કરીએ છીએ, જેથી પરમાત્મા પ્રસન્ન થાય અને અમારો આ તોફાનમાંથી સદેહે ઉદ્ધાર થાય, અથવા છેવટે વિદેહે આત્માનો ઉદ્ધાર તો થાય જ.

"આ કબૂલત-પત્ર ઉપર સહી કરીને અમે દરિયાને ખોળે સુપરત કરીએ છીએ. પરમાત્મા તેનો જે ઉપયોગ કરાવવો હોય તે કરાવે, અને અમને માફી બક્ષે."

શેરીફે પછી નીચે સહી કરનારાઓનાં નામ વાંચી સંભળાવ્યાં. પછી ત્રણ ખલાસીઓમાંથી કપ્તાન તણાઈ જતાં બાકી રહેલા બેએ સાક્ષી તરીકે કરેલી સહીઓ પણ વાંચી સંભળાવી.

પછી શેરીફે જણાવ્યું કે, 'આ કાગળની બીજી બાજુએ રાજા જેમ્સ બીજાનો વૉટરમાર્ક છે તથા તેમાં આ લોકોને બાળક ખરીદવાના

ગુનામાંથી મુક્તિ બક્ષતો શાહી હુકમ લખેલો છે. નીચે રાજાજીના હુકમથી જેફ્રેયુએ કરેલી સહી છે.'

ગ્વિનપ્લેઈન અત્યારે એવી સ્થિતિમાં હતો કે જેના માથા ઉપર સ્વપ્ન-મહેલનું નળિયું તૂટી પડ્યું હોય !

તે જાણે ઊંઘમાં બોલતો હોય તેમ બોલ્યો—

"બરાબર, એ બધા લોકોને હું બરાબર ઓળખું છું. આ કાગળ લખનાર જર્નાર્દસ, તેની મને બહુ બીક લાગતી. ગેઝદોરા, તે બધાનો મુખિયો હતો. અને કેપગરૂપ, હંમેશાં ચપટી તુંબડીમાંથી વારંવાર દારૂ પીધા કરતો હતો — તેના ઉપર લાલ અક્ષરે કશું નામ લખેલું હતું…"

શેરીફે તરત તે તુંબડી લહિયાની બૅગમાંથી કાઢી મંગાવી. તે તુંબડીમાં જ આ કાગળ મૂકીને, તેના સાંકડા મોંમાં ડામર ખરડેલા લૂગડાનો સજ્જડ દાટો મારીને, તેને દરિયામાં છોડવામાં આવી હતી.

તે તુંબડી ઉપર લાલ અક્ષરે હર્દ કેનોંનું નામ જ લખેલું હતું. શેરીફે પેલા પથ્થર નીચે સુવડાવેલા માણસને સંબોધીને કહ્યું, "આ તારી જ તુંબડી છે ને ?"

હર્દકેનોંએ હવે કહ્યું, "મેં ગુપ્તતાના સોગંદ ખાધેલા હોઈ, મારાથી બને ત્યાં સુધી એ વાત મેં ગુપ્ત રાખી. અમારામાં લીધેલા સોગંદ બરાબર પાળવામાં આવે છે. પણ હવે એ સોગંદમાંથી હું છૂટો થયો છું, કારણ કે, બીજા લોકોએ એ ગુપ્ત વાત જાહેર કરી દીધી છે. હવે હું કબૂલ કરું છું કે, મેં અને રાજાએ આ કામ કર્યું છે : રાજાએ પોતાની મરજીથી અને મેં મારી કળાથી. હવે આ ગ્વિનપ્લેઈન ભલે આખી જિંદગી હસ્યા કરે."

આમ કહી તે જંગલીપણે મોટેથી હસી પડ્યા.

શેરીફે તેનાં વાક્યો લહિયા પાસે લખાવી લીધાં. ત્યાર પછી પેલાને સંબોધીને કહ્યું, "હર્દ કેનોં, કાયદાની કલમો મુજબ, છેલ્લે

દિવસે તેં કબૂલાત કરી હોવાથી, તને તારા બંધનમાંથી મુક્ત કરવામાં આવે છે, અને હવે નામદાર રાણીજીનો હુકમ આવશે કે તરત તને બાળકો ખરીદવાના અને વેચવાના ગુનાસર ફાંસી દેવામાં આવશે."

કાયદાના ડૉક્ટરે તે કલમ બોલી બતાવી. પછી પેલા જલ્લાદના મદદનીશને નિશાની કરવામાં આવી, એટલે તેણે તરત હર્ડકેનોંની છાતી ઉપરથી પેલા પથ્થર ઉતારી નાખ્યા તથા તેના હાથપગને થાંભલાઓએ તાણી બાંધેલી સાંકળોમાંથી છૂટા કર્યા.

શેરીફે હવે હુકમ કર્યો : "હર્ડકેનોં, ઊભો થા."

પેલો જરાય હલ્યો નહિ.

જલ્લાદે તેના હાથને ઊંચો કર્યો અને છોડી દીધો. તે હાથ પથ્થરની પેઠે ધબ દઈને નીચે પડચો. તેણે બીજા હાથને તથા બન્ને પગને વારાફરતી એ પ્રમાણે ઊંચા કરી કરીને છોડી જોયા.

હવે ડૉક્ટરે પાસે જઈ તેની નાડ, આંખો વગેરે તપાસ્યાં અને જાહેર કર્યું, "તે મરણ પામ્યો છે."

શેરીફે વાપેનટેકને હુકમ કર્યો "આ મડદું આજ રાતે અહીંથી ખસેડાવી લેવું."

પછી શેરીફ તથા અન્ય સૌએ ગ્વિનપ્લેઈનને લૉર્ડ ફર્મેઈન ક્લેન્ચાર્લી તરીકે સંબોધીને વિધિસર અભિવાદન કર્યાં.

તે જ વખતે એક માણસ થાંભલા પાછળથી નીકળ્યો. ગ્વિનપ્લેઈનને ત્યાં લાવવામાં આવ્યો તે પહેલાં જ થાંભલા પાછળ બધી કારવાઈ જોવા એ હાજર થયેલો હતો. તેણે ગ્વિનપ્લેઈનની સમક્ષ આવી વંદન કર્યાં તથા જણાવ્યું, "હું બાર્કિલફેડ્રો, સમુદ્રમાંથી તણાઈ આવતી વસ્તુઓ તપાસવાનો હક ધરાવતો અફસર છું. આ તુંબડી તણાઈ આવતાં બે જૂરરો સમક્ષ ખોલવામાં આવી હતી. તેમાંથી મળેલા કાગળનો અહેવાલ નામદાર રાણીજી સમક્ષ મેં રજૂ

કર્યો હતો. તેઓશ્રીએ એ કાગળમાં જણાવેલી હકીકતો અનુસાર કારવાઈ શરૂ કરવાનો હુકમ આપ્યો. તે પ્રમાણે આ હર્ડકેનોને ચેધામના કેદખાનામાંથી અહીં તેડાવી મંગાવવામાં આવ્યો, અને તેની આગળ આપનો વિધિસર ઓળખવિધિ અને કબૂલાતવિધિ પૂરો થતાં, આપ હવે કાયદેસર ઇંગ્લેંડના એક ઉમરાવ બનો છો. આપને વર્ષે દસ લાખની આવક છે; આપને ધારાસભ્ય અને ન્યાયાધીશ તરીકેના અધિકાર આપોઆપ મળી જાય છે. રાજાની પુત્રી હોય એવાં ડચેસને પરણવાનો અધિકાર પણ આપને પ્રાપ્ત થાય છે.''

ગ્વિનપ્લેઈનના માથા ઉપર વજ્રપાત થયો હોય તેમ તે એકદમ બેહોશ થઈ ગયો.

૭

રાણી ઍનની ખેલદિલી

૧

એક સૈનિકને દરિયાકિનારે ફરતાં મળી આવેલી તુંબડીને કારણે આ આખું પ્રકરણ સરજાયું હતું.

ઍડમિરલની ઑફિસમાં વિધિસર જેટ્સમ અફસરને એ તુંબડી સુપરત કરવામાં આવી. બાર્કિલફેડ્રોએ રાણીજીને એ માહિતી આપી એટલે તરત બે મોટા સલાહકારો, લૉર્ડ ચાન્સેલર તથા ગ્રાન્ડ માર્શલને આ અંગે પૂછવામાં આવ્યું. આ તો એક ઉમરાવને તેનું પદ પાછું સોંપવાનું કામ હોઈ, તરત તેની તપાસ ચીવટથી શરૂ કરવામાં આવી. ચેધામમાંથી હર્ડકેનોને લંડન લાવવામાં આવ્યો. ઉપરાંત સ્વિટ્ઝર્લૅન્ડમાં આ વિગતોની સચ્ચાઈ બાબત તપાસ કરાવવામાં આવી. સ્થાનિક રજિસ્ટરોમાંથી લૉર્ડ લિનિયસે દેશ-

નિકાલીની અવસ્થામાં કરેલા લગ્નના, તથા પછી તેમને પુત્ર જન્મ્યાના દાખલા લઈ આવવામાં આવ્યા; તથા મા અને બાપ બંને મરણ પામ્યાના દાખલા પણ મેળવવામાં આવ્યા. જેફ્રેયુઝની સહી સરખાવી જોવામાં આવી.

આમ લૉર્ડ ચાન્સેલરે ખાતરી કરી લીધી કે એક ઉમરાવના વારસદારને ઉપાડી જવામાં આવ્યો હતો, તથા વિદ્રૂપ કરી મૂકવામાં આવ્યો હતો. સાથે સાથે એ માહિતી પણ મળી આવી કે, તે વારસદાર અત્યારે જીવે છે અને લંડનના એક પરામાં જ ખેલ કરે છે.

લૉર્ડ ચાન્સેલરે રાણીજીને જણાવ્યું કે, "સૌ કોઈનાં જીવન અને અંગોનો માલિક રાજા છે; તથા તેને પોતાને ઠીક લાગતાં કારણોસર ગમે તેનાં અંગો અથવા જીવન હરી લેવાનો અધિકાર છે : રાજ્યના ભલા ખાતર કેટલાય રાજવંશી ડ્યૂકોની આંખો કાઢી લેવરાવવામાં આવી છે; રાજસિંહાસનની વધુ નજીક જેમનો અધિકાર પહોંચી જાય તેવા કેટલાયને રજાઈઓમાં રૂંધી નાખીને મારી નાખવામાં આવ્યા છે, અને તેમનું મૃત્યુ લકવાને કારણે કે હૃદય બંધ પડી જવાને કારણે થયેલું જાહેર કરવામાં આવ્યું છે; ટ્યુનિસના રાજાએ પોતાના પિતાની આંખો ખેંચાવ કઢાવી હતી, છતાં તેના એલચીઓને શહેનશાહે સ્વીકાર્યા હતા. એટલે અંગો વગેરેનો છેદ કરાવવો એ રાજાનો અધિકાર છે. પરંતુ દરિયામાં ડુબાડી દેવામાં આવેલો માણસ પણ મરવાને બદલે કિનારે નીકળી આવે, તો એમ મનાય કે, ઈશ્વરે રાજાના કૃત્યને ફરીથી સુધારી આપ્યું છે; તેમ જેનો ખરો હક ડુબાડવામાં આવ્યો હોય તેવો સાચો વારસદાર મળી આવે, તો રાજાએ તેને તેની મિલકત તથા શિરતાજ પાછાં આપવાં જોઈએ,— તે મુજબ ગ્વિનપ્લેઈનને પણ તેના વારસા અને પદ ઉપર પાછો અધિષ્ઠિત કરવો જોઈએ. પેલો બદમાશ હર્ડકેનોં તેને ઓળખી આપે એટલે બસ!"

લોર્ડ ચાન્સેલરે પોતાના એ માટેના હુકમ નીચે તા. ક. કરીને ઉમેર્યું હતું કે, બદમાશ હર્દકેનોં કબૂલાત કરવાની ના પાડે, તો તેને વિધિસર ત્રણ દિવસ રિબાવી, ચોથે દિવસે ગ્વિનપ્લેઈનની મોઢામોઢ કરવો.

ગ્વિનપ્લેઈનને વિદ્રૂપ બનાવી મૂકવામાં આવ્યો છે, એટલી વાતની રાણી ઍનને જાણ હતી. પણ પોતાની બહેન જોસિયાનાને પોતાના પિતાએ બક્ષેલી ક્લૅન્ચાર્લીની મિલકતનો કબજો છોડવો ન પડે, એ માટે તેણે એવું નક્કી કર્યું કે, ડચેસ જોસિયાનાએ નવા લૉર્ડ ક્લૅન્ચાર્લી—એટલે કે ગ્વિનપ્લેઈન સાથે લગ્ન કરવું! આ હુકમ પાછળ જોસિયાના પેલી મબલક મિલકતની માલિક રહે એ ભાવ કરતાં, વધુ સૌંદર્યના ઘમંડવાળી પોતાની બહેનને આવો વિદ્રૂપ માણસ પરણાવી હલકી પાડવાનો ભાવ કેટલું કામ કરતો હતો, તે તો એ રાજવી હૃદયોનો નિયામક જાણે!

બાર્કિલફેડ્રોએ બધું બરાબર પાર પાડી આપ્યું. તેણે રાણીજીના હુકમ અને મરજી પ્રમાણે બધી કારવાઈ એવી ગુપ્ત રીતે ચલાવી કે, પોતાના ઘમંડની ઊંચાઈ એ જ રહેતી જોસિયાનાને કાને કશું પહોંચ્યું જ નહિ. લૉર્ડ ડેવિડ ડિરી-મૉઇરને તો ફ્લૅન્ડર્સને કિનારે દરિયા ઉપર કામગીરી બજાવવા જ મોકલી દેવામાં આવ્યા; જેથી જોસિયાનાને રાણી પોતે ન કહે ત્યાં સુધી આ વાતની કશી ખબર જ ન પડે.

પણ રાણી ઍને લૉર્ડ ડેવિડને, જોસિયાના સાથે લગ્નથી મળતા ઉમરાવપદથી વંચિત કરવાના બદલામાં, એક લાભ ગોઠવી આપ્યો. હોલબર્ટન નામના એક કૅપ્ટને ફ્રેંચ કાફલો ભેદવાની બતાવેલી બહાદુરીના બદલામાં તેને રિયર-ઍડમિરલ તરીકે મળેલું પ્રમોશન સહી માટે રાણી ઍન પાસે આવ્યું, ત્યારે તેમણે તેનું નામ રદ કરી તેની જગ્યાએ લૉડ ડેવિડનું નામ મૂકી આપ્યું.

આવો મજાનો ખેલ રાણીની સમક્ષ ભજવાતો હતો. અને તેની એકમાત્ર સૂત્રધાર તે પોતે હતી, એથી રાણી ઍન પરમ સંતોષ અનુભવવા લાગી. પોતાના પિતાએ કરેલા એક અપકૃત્યને ધોઈ કાઢી, એક જણને તેના ઉમરાવપદ ઉપર પાછો આરૂઢ કરવારૂપી સત્કૃત્ય તેને હાથે થતું હતું. અલબત્ત, એ સત્કૃત્યથી બીજી બાજુ પોતાને અણગમતી બહેનનો ઘમંડ ઊતરતો હતો – તેની ફજેતી થવાની હતી; પણ તેથી એ સત્કૃત્યનું સત્કૃત્યપણું શી રીતે ઘટી જાય?

ઉપરાંત ગ્વિનપ્લેઈનની વિદ્રૂપતા કેવા પ્રકારની હતી, એની રાણીને કશી ચોક્કસ માહિતી ન હતી. કારણ કે, બાર્કિલફેડ્રોએ જોસિયાના ઉપર પોતાનું વેર લેવા માટે રાણી ઍનને એ બાબતની વિગતોથી લગભગ અણજાણ રાખી હતી. ઉપરાંત, ધારો કે થોડી-ઘણી વિદ્રૂપતા હોય, પણ તેથી ઉમરાવપદના સાચા વારસદારને તેના હક ઉપર સ્થાપિત કરતાં અટકાવાય શી રીતે? અને એ સાચા હકદારની મિલકત જોસિયાનાને મળેલી હોઈ, જોસિયાનાએ તે હકદારને પરણીને જ એ કોયડાનો ઉકેલ લાવી આપવો રહ્યા!

રાણી આ વખત દરમ્યાન વિન્ડસર મુકામે રહેતી હતી; જેથી આ બધી બાબતોની જાણ કે ચેંચેંપેંચે જાહેરમાં બહુ થાય નહિ.

૨

પંદર વર્ષ સુધી સમુદ્રે પેલી તુંબડીને રમાડ્યા કરી હતી અને સાચવી રાખી હતી, તે બાર્કિલફેડ્રો માટે જ જાણે! બાર્કિલ-ફેડ્રોને જોસિયાના ઉપર આવું અણધાર્યું વેર વાળવાનું મળ્યું, તેથી તે તો રાજી રાજીના રેડ થઈ ગયો.

ગ્વિનપ્લેઈન નામ તો બાર્કિલફેડ્રોને પરિચિત હતું. ટેડકેસ્ટર વીશીમાંના 'ગ્રીન-બૉક્સ' થિયેટરનો ખેલ જોવા તે જઈ આવ્યો હતો, અને તેના પાટિયા ઉપરના 'લાફિંગ-મૅન ગ્વિનપ્લેઈન' એ અક્ષરો

તેને બરાબર યાદ હતા. એટલે પેલી તુંબડી હાથમાં આવતાં, ઝિવનપ્લેઈનને શોધી કાઢવા માટે તેને કશી ખાસ તકલીફ લેવી ન પડી !

ઉપરાંત, એક ઊંડી અંગત વાત તો અહીં જ જણાવી લઈએ : લૉર્ડ ડેવિડ જોસિયાનાના પતિ થઈ લૉર્ડ ક્લેન્ચાર્લી બને, તેમાં બાર્કિલફેડ્રોને શો લાભ ? પણ ઝિવનપ્લેઈન જોસિયાનાને પરણી લૉર્ડ ક્લેન્ચાર્લી બને, તેમાં તો બાર્કિલફેડ્રોને બધો લાભ જ લાભ ! એ રખડતા ભાંડ જેવા જુવાનિયાને એની આ મબલક મિલકતનો ભોગવટો આપવા-અપાવવામાં જ બાર્કિલફેડ્રો ન્યાલ થઈ જાય; કારણ કે, ઝિવનપ્લેઈનને એ બધું બાર્કિલફેડ્રોની કામગીરીથી જ મળ્યું હોઇ, તે જ તેનો એકમાત્ર સલાહકાર, મિત્ર, પાલક તથા માર્ગદર્શક બની રહે !

ઉપરાંત એ ઉમરાવ પણ કેવો ! રાણીની બહેનનો પતિ ! અહા, કેવી કેવી ભારેખમ તરો એક જ તડાકે બાર્કિલફેડ્રોના હાથમાં આવી પડી હતી !

બધું કામકાજ યોજના પ્રમાણે ધમધોકાર ચાલવા લાગ્યું.

જે દિવસે ઝિવનપ્લેઈનની ઓળખ હર્ડકેનોને મોંએ કરાવવામાં આવી, તે જ દિવસે રાણીએ વિન્ડસરથી પોતાની ઘોડાગાડી લેડી જોસિયાનાને વિન્ડસર તેડી લાવવા માટે મોકલી.

જોસિયાનાએ ઝિવનપ્લેઈનને ગુપ્ત રીતે મળવા બોલાવ્યો હોવાથી, તેને વિન્ડસર જવાનું મન ન હતું; પણ રાજદરબારી શિષ્ટાચારમાં રાણીજીના હુકમનો અનાદર થઈ શકે નહિ, એટલે તે લંડનનું પોતાનું હંકરવિલ હાઉસ છોડી, વિન્ડસર જવા ઊપડી.

તે જ ક્ષણે વાપેન્ટેક ટૅડકેસ્ટર વીશીમાંથી ઝિવનપ્લેઈનને હર્ડકેનોં સમક્ષ લઈ આવવા નીકળ્યો હતો.

જોસિયાના વિન્ડસરમાં સીધી રાણીના મહેલે પહોંચી, ત્યારે રાણીના હજારિયાએ તેને કહ્યું કે, રાણીજી લૉર્ડ ચાન્સેલર સાથે અગત્યની મંત્રણાઓ કરી રહ્યાં હોઇ, આપને બીજે દિવસે જ મળશે. રાણીજીએ ઇચ્છયું છે કે, આપે આપના કૉર્લિયોં લૉજમાં રહેવું,— જ્યાં બીજે દિવસે સવારમાં જ રાણીજી આપને સંદેશો કહાવશે.

જોસિયાના ખૂબ ચિડાઈને પોતાના કૉર્લિયોં લૉજ મહેલે ગઈ. ત્યાં બગડેલે મિજાજે જ વાળુ પતાવી, દિવસનું અજવાળું હતું હતું ને જ, સૌ હજારિયાઓને વિદાય કરી – હાંકી કાઢી, તે સૂઈ ગઈ. તેને વધુ એટલા ખબર મળ્યા કે, લૉર્ડ ડેવિડને પણ દરિયા ઉપર જ સંદેશો પહોંચાડી, રાણીજીએ તાબડતોબ વિન્ડસર આવી પહોંચવા ફરમાવ્યું હોઈ, તે પણ બીજે દિવસે વિન્ડસર આવવાના હતા.

૮

સુખવૈભવની ટોચે

૧

જ્યારે ગ્વિનપ્લેઈન હોશમાં આવ્યો, ત્યારે રાત પડી ગઈ હતી. તેણે આસપાસ નજર કરીને જોયું તો બદામી મલમલના પડદાવાળો સુંદર મોટો કમરો હતો; અને તેમાં વચ્ચે મોટી આરામખુરશી ઉપર પોતે બેઠેલો હતો. તેની નજીક ખુલ્લે માથે એક જાડો માણસ મુસાફરીનો ઝભ્ભો ઓઢીને ઊભો હતો.

બંને હાથ તરફ નજીક જ બે ટેબલ માંડેલાં હતાં, જેમાંના દરેક ઉપર ૭ ૭ મીણબત્તીના ઝાડ જેવી દીપદાનીઓ ગોઠવેલી હતી. એક ટેબલ ઉપર કાગળો અને કાસ્કેટ પડેલાં હતાં, ત્યારે બીજા ઉપર ચાંદીનાં પાત્રામાં હળવાં ખાનપાનની ચીજો પડેલી હતી.

ફરસથી છત સુધી પહોંચતી લાંબી બારીમાંથી, આંગણાને ઘેરતા અર્ધચંદ્રસ્તંભોની પંક્તિ તથા આસપાસ બે નાના અને વચ્ચે એક પહોળો એવો ત્રણ દ્વારવાળો દરવાજો વગેરે દેખાતું હતું. એ બધા સ્તંભો તથા આંગણાની ફરસબંધી આરસપહાણનાં બનાવેલાં હતાં. દરવાજાના અને બીજા સળિયા ઉપર ચળકતા શંકુઓ હતા તથા કમાન ઉપર સુંદર કારીગરીવાળી ટોચ હતી.

આંગણાને આ છેડે ઊંચા વિશાળ છાપરાવાળું મોટું બાંધકામ વિસ્તરેલું હતું. તેની દરેક વિગત કોતરકામ, કારીગરી, સુશોભન વગેરેથી બનાવાય તેટલી ભવ્ય બનાવવામાં આવી હતી. આસપાસના ફુવારાઓ, દેવદેવીઓનાં પૂતળાંઓ, કૃત્રિમ ઝરણાંઓ, — એ બધું આખા મકાનને પરીઓના મહેલનું સ્વરૂપ બક્ષતાં હતાં.

ગ્વિનપ્લેઇન જે કમરામાં બેઠો હતો, તેની જ વિગતો જોઈ એ તો પાર ન આવે. અગ્નિ માટેની વિશાળ ભવ્ય અંગીઠી, પગથિયાંથી ચડવાના ભવ્ય વિશાળ સુશોભિત પલંગો, દીવાલ પાસે ગોઠવેલી રૂપેરંગે સજેલી આરામખુરશીઓ, છતનો ઘુમ્મટ, નીચેની ભવ્ય કારપેટ, ઓશીકાના – ગાદીઓના મલમલ અને જરીકામના ગલેફો, ભીંતો ઉપર લટકાવેલાં વિવિધ કારીગરીવાળાં હથિયારો, મુદ્રાંકિત ઢાલો વગેરે બધું કોઈ અજાયબઘરને લાયક બાગતો હતી.

આ બધી ભવ્યતા ગ્વિનપ્લેઇનના મનમાં રૂંધામણ જેવી જ લાગણી પેદા કરવા લાગી. આ ભવ્ય મહેલનો રહેવાસી માલિક કોણ હશે ? વળી દેખતો જ આ કોઈ મહેલ નહોતો પણ વિશાળ દરબારગઢ હતો. આ બોડમાં કયો સિંહ વસવાટ કરી ટહેલતો હશે ? ગ્વિનપ્લેઇન પૂરો જાગ્યો નહોતો, પણ તેનું હૃદય આ બધું જોઈ બેસી જવા લાગ્યું.

રૂંધાતા સ્વરે તેણે પૂછ્યું, “ હું ક્યાં છું ?”

“ આપ નામદાર, આપના નિવાસસ્થાને છો, માય લૉર્ડ,” પેલા ખુલ્લે માથે ઊભેલા માણસે જવાબ આપ્યો.

૨

ઊંડાણમાં ડૂબી ગયા પછી, બહાર સપાટીએ પાછા આવતાં વાર લાગે છે. ગ્વિનપ્લેઈન પણ મૂઢતાના એવા ઊંડાણમાં જ ડૂબી ગયો હતો.

અજ્ઞાત – અજ્ઞેયમાં તમે એકદમ પગ ન જમાવી શકો. વિચારો પણ લશ્કરોની પેઠે એક વખત વીખરાઈ જાય, ત્યાર બાદ તેમને પાછા એકત્રિત કરતાં મુશ્કેલી પડે છે.

તમારી આખી જાત જ તમને વિખેરાઈ ગયેલી – વિખેરાઈ જતી લાગતી હોય તો શું થાય ? તમારી જાતને તમે ફંગોળાતી જોઈ શકો ? ઈશ્વર એ હાથ છે, ભાગ્ય એ ગોફણ છે, અને માણસ એ ગોફણથી વીંઝાઈને ફંગોળાતો પથરો છે.

ગ્વિનપ્લેઈન એક આશ્ચર્યમાંથી બીજા આશ્ચર્યમાં ફંગોળાતો જતો હતો : ડચેસનો પ્રેમપત્ર, પછી સાઉથવર્ક જેલનું ભોંયરું, અને ત્યાર બાદ આ રાજમહેલ !

નસીબમાં જ્યારે પલટો આવે છે — સુખનો કે દુઃખનો, ત્યારે તેના ઘા ઉપરાઉપરી જ પડવા માંડે છે. એ છિદ્ર ખુલ્લું થયું કે, તેમાંથી એક પછી એક નવી નવાઈઓ ધસી આવવા માંડે છે.

જે કાંઈ અસાધારણ હોય, એ ઝટ સમજમાં આવતું નથી. ગ્વિનપ્લેઈનની આસપાસ જે કંઈ બની રહ્યું હતું, તે પણ તેની સમજ બહારનું હતું. હવે આગળ શું નવું આવે છે, એટલું જ જાણે નિષ્ક્રિયપણે જોવાનું તેના હાથમાં હતું.

પેલા ફાંદવાળા માણસે આગળ કહેવા માંડ્યું : “ આપ નામદાર એટલું યાદ રાખવા મહેરબાની કરશો કે, હું બાર્કિલફેડ્રો નામે ઓળખાઉં છું. હું એડમિરલ-કચેરીમાં જેટ્સમ-અફસર છું. મેં હર્ડકેનોની તુંબડી ખોલી હતી, અને એ તુંબડીમાંથી ‘ અરેબિયન

નાઇટ્સ'ની વાર્તાની પેઠે શીશીમાંથી આપના સદ્દભાગ્ય રૂપ મહા-રાક્ષસ બહાર નીકળી આવ્યો છે.''

ગ્વિનપ્લેઈને મંદ મંદ હસતા તે માણસની સામે પોતાની નજર ઠેરવી.

બાર્કિલફેડ્રોએ આગળ ચલાવ્યું : '' આ મહેલ ઉપરાંત આપની માલકીનું ' હંકરવિલ હાઉસ ' છે, જે આનાથી વધુ મોટું છે. ઉપરાંત ક્લૅન્ચાર્લીનો દરબારગઢ છે, જેના ઉપરથી આપનો ખિતાબ ઉદ્-ભવેલો છે. આપ નામદારના તાબામાં ઓગણીસ તાલુકા છે, જેમાં દરેકમાં કેટલાંય ગામડાં છે, અને ખેડૂતો છે. આપ નામદારના ધ્વજ હેઠળ કુલ એંસી હજાર ગણોતિયા આસામીઓ છે. ક્લૅન્ચાર્લીગઢની જાગીરમાં આપ જ ન્યાયાધીશ-રાજા સર્વ કાંઈ છો. લોકોના જાન-માલ સર્વનો ફેંસલો આપ આપી શકો છો; રાજાજીને આપના કરતાં વધુ કાંઈ હક હોય, તો તે નાણાં છાપવાની ટંકશાળનો. એ હક સિવાય, આપ આપની જાગીરમાં રાજા છો, જેમ રાજા તેમની જાગીરમાં રાજા છે. ઇંગ્લૅંડમાં આપને ચાર થાંભલાવાળા ફાંસીના માંચડાનો હક છે, અને સિસિલીમાં માર્કિવસ તરીકે સાત થાંભલાવાળા માંચડાનો. સાદા લૉર્ડને બે જ થાંભલાવાળી ફાંસીનો, અને ડ્યૂકને આઠ થાંભલાવાળાનો હક હોય છે. આયર્લૅન્ડ અને સ્કૉટલૅન્ડમાં આપને સગાઈ-સંબંધો છે. એ સિવાય કેટલીય ખાણો ઉપર, ખીણો ઉપર, ગ્રામ-ભવનો ઉપર, તથા પ્રાચીન કિલ્લાવાળા એક આખા પહાડ ઉપર પણ આપની હકૂમત છે. એ બધાની મળી આપને ચાલીસ હજાર પાઉંડની મહેસૂલી આવક છે, અર્થાત્ કોઈ ફ્રેંચ ઉમરાવ સંતુષ્ટ થાય તેનાથી ચાલીસ ગણી વધારે.''

ગ્વિનપ્લેઈન નિશ્ચળ મોંએ બધું સાંભળી રહ્યો.

બાર્કિલફેડ્રોએ હવે ટેબલ ઉપર પડેલી કાસ્કેટ તરફ આંગળી કરીને કહ્યું, '' નામદાર, આ કાસ્કેટમાં નામદાર રાણીજીએ આપની



ઉર્સસ ખૂણે છુપાઈ ને ગ્વિનપ્લેઈનને જેલમાં લઈ જવાતો જુએ છે.

ગ્વિનપ્લેઈન પોતાના વિન્ડસર-મહેલમાં.

તાત્કાલિક જરૂરિયાત માટે મોકલાવેલી બે હજાર ગિનીઓ છે.”

ઝિવનપ્લેઇન તરત બોલી ઊઠયો, “ એ ગિનીઓ મારે મારા બાપુજી ઉર્સસને પહોંચાડવી છે.”

“ બહુ સારું, મારા લૉર્ડ. જે સારજંટ આપણી સાથે અહીં આવ્યો છે તે તરત જ પાછો ફરશે ત્યારે ટૅડકેસ્ટર વીશીમાં ઉર્સસને એ ગિનીઓ આપી આવશે. અથવા હું જ લંડન પાછો ફરીશ, ત્યારે સાથે લેતો જઈશ.”

“ ના, ના. હું પોતે જ જઈને આપી આવીશ, ” ઝિવનપ્લેઇન બોલ્યો.

“ અશકય, ” બાર્કિલફેડ્રો ગંભીરતાથી બોલ્યો; “ આપ નામદાર અત્યારે લંડનથી તેવીસ માઈલ દૂર વિન્ડસર મુકામે શાહી રાજમહેલ પાસે જ આપના કાર્લિયોં લૉજમાં છો. આપ નામદારને કોઈને બહાર જાણ ન થાય તે રીતે અહીં લાવવામાં આવ્યા છે. જે લોકો આપને અહીં બંધ ઘોડાગાડીમાં મૂકી ગયા, તેઓ પણ આપ નામદાર કોણ છો, તે જાણતા નથી. તેઓ માત્ર મને જ ઓળખે છે. મારી પાસે એક ગુપ્ત ચાવી છે, જેના વડે હું આપને આપના કમરામાં લઈ આવ્યો છું. આ મકાનમાં બીજાં ઘણાંય માણસો સૂતેલાં છે; પણ અત્યારે તેઓ કોઈને જગાડવાની જરૂર નથી. અત્યારે તો થોડીક બાબતોની જાણકારી આપને કરવા માટે સમય છે. નામદાર રાણીજીએ એ કહેવા મને ફરમાયશ કરેલી છે.”

બાર્કિલફેડ્રોએ હવે ટેબલ ઉપર કાસ્કેટ નજીક પડેલાં કાગળોનાં પાન ફેરવવા માંડયાં :—

“ મારા લૉર્ડ, આ આપના ઉમરાવપદ અંગેનો સરકારી દસ્તાવેજ છે. આ સિસિલીના માર્કિવસપદ અંગેનો દસ્તાવેજ છે. આ આપના આઠ બૅરનપદ અંગેના કાગળો, જેમના ઉપર કેન્ટના

રાજાથી માંડીને ઇંગ્લેન્ડ અને સ્કૉટલેન્ડના રાજા જેમ્સ-૬ અને જેમ્સ-૧ સુધીના અગિયાર રાજાઓની મહોરો છે. આ આપના મહેસૂલી કાગળો છે; પેલા આપના બે મુગટો છે: બૅરનનો અને માર્કિવસનો; અને આપના પોશાક-ગૃહમાં આપનો જરીકામ-વાળો ઉમરાવનો ઝભ્ભો છે. આજે લૉર્ડ ચાન્સેલર અને ડેપ્યુટી અર્લ-માર્શલને થોડા કલાક અગાઉ, આપને અંગે પૂરી થયેલી તપા-સની ખબર તથા નામદાર રાણીજીએ એ અંગે આપેલા હુકમ પહોંચાડવામા આવ્યા છે. એટલે આવતી કાલે આપનો ઉમરાવ-સભામાં પ્રવેશવિધિ થશે. કેટલાય દિવસથી ઉમરાવસભા તાજ તરફથી રજૂ થયેલા એક બિલ ઉપર વિચાર કરી રહી છે. એ બિલમાં રાણીજીના પતિ ડ્યૂક આફ કંબરલેન્ડને મળતી વાર્ષિક રકમને એક લાખ પાઉંડ સ્ટર્લિંગ અર્થાત્ ૨૫ લાખ ફ્રેન્ચ લીવ્ર જેટલી વધારી આપવાનું સૂચવવામાં આવ્યું છે. આપ નામદારે એ વિચારણામાં ભાગ લેવાનો રહેશે. ''

પછી બાર્કિલફેડ્રોએ પોતાનો અવાજ ધીમો કરીને સાવચેતી તથા સલાહના રૂપમાં ઉમેર્યું, '' હજુ કશું પૂરું થયું ન કહેવાય. ઉમરાવ-સભાને આપને અંગેની માહિતી આવતી કાલે જ આપવામાં આવશે. આ આખી વાત રાજકીય કારણોસર ગુપ્ત રાખવામાં આવી છે. જેઓ આપના અસ્તિત્વની વાત જાણે છે, તેઓને પણ બીજાં રાજકીય કારણોસર જો જુદું ફરમાવવામાં આવે, તો તેઓ આપના અસ્તિત્વની બધી વાત સદંતર ભૂલી જાય ! અને અત્યાર સુધી જે અંધારામાં રહ્યું છે, તે અંધારામાં જ હંમેશને માટે રહી જાય કારણ કે આપને એક ભાઈ છે — આપના પિતાનો ન પરણેલી સ્ત્રીથી થયેલો. તેની મા આપના પિતા દેશનિકાલ થયા ત્યારે ઇંગ્લૅન્ડમાં જ રહી અને રાજા ચાર્લ્સ બીજાની રખાત બની. એને કારણે આપના ભાઈને રાજદરબારમાં સારું સ્થાન પ્રાપ્ત થયું છે. આપનું ઉમરાવપદ આપના એ ભાઈને જ ખરી રીતે

પ્રાપ્ત થવાનું હતું,—ભલે એની મા આપના પિતાની કાયદેસરની પત્ની ન હોય; પરંતુ રાણીજી આપના પિતાએ સ્વિટ્ઝર્લૅન્ડમાં કાયદેસર કરેલા લગ્નને પસંદગી આપવા માગે છે, અને આપને જ આપના પિતાની મિલકતના કાયદેસર વારસ ઠરાવવા માગે છે. એટલે આપે રાણીજીની આજ્ઞામાં જ રહી, તે ઇચ્છે તે રીતે વર્તવું જોઈ એ. રાણીજીએ તો આપને માટે અર્ધ-રાજશાહી લગ્નસંબંધ પણ વિચારી રાખ્યો છે. એટલે, મારા લૉર્ડ, આપને માટે આ એક નિર્ણાયક ક્ષણ છે. નસીબ એક બારણું બંધ કર્યા વિના બીજું કદી નથી ઉઘાડતું. અમુક ડગલાં આગળ વધ્યા પછી પાછળ ડગ ભરવું અશક્ય હોય છે. જેનો નવો કાયાપલટો થાય છે, તે પોતાની લુપ્ત થયેલી આકૃતિને હંમેશ માટે પાછળ છોડતો જાય છે. મારા લૉર્ડ, 'ગ્રીન-બૉક્સ'વાળા ગ્વિનપ્લેઈન હવે ગુજરી ગયા, એમ જ સમજજો !"

ગ્વિનપ્લેઈન પગથી માથા સુધી કંપી ઊઠયો, પણ પછી સ્વસ્થ થઈ બોલ્યો, "હું સમજ્યો."

બાર્કિલફેડ્રો હવે હસીને, પેલી ગિનીઓ ભરેલ કાસ્કેટ પોતાની સાથે લઈને બહાર ચાલ્યો ગયો.

૩

જેના વડે સેતાને જિસસને લોભાવવા પ્રયત્ન કર્યો હતો, તે સુખવૈભવ આગળ સામાન્ય માણસ શી રીતે ટકી શકે !

મહેલો, ગઢો, સત્તા, વૈભવ, નજર પહોંચે તેટલાં તમામ માનવ સુખો, ક્ષિતિજ સુધી વિસ્તરતો આનંદોનો ભર્યોભાદર્યો નકશો – જે તમામના એકમાત્ર કેન્દ્ર આપણે હોઈ એ, એ જેવી તેવી મોહજાળ નથી !

ગ્વિનપ્લેઈન અત્યારે કશું વિચારી શકે તેવી સ્થિતિમાં જ નહોતો. વધારે પડતા પ્રકાશમાં આંખ ઝંખવાઈ જ જાય

એકલો પડયા એટલે ગ્વિનપ્લેઈન આમથી તેમ મોટી ફલંગે આંટા મારવા માંડયા.

તે અત્યારે ખૂબ વેગથી વિચાર કરતો હતો. પોતાની સ્મૃતિને તે સતેજ કરવા લાગ્યો. તાજેતરમાં તેણે જે કંઈ સાંભળ્યું હતું અને જોયું હતું, તે બધું એક પછી એક તેની સમક્ષ તરી આવવા લાગ્યું. આ બધું જ્યારે તેણે પ્રથમ જોયું-સાંભળ્યું હતું, ત્યારે તો તેને એ બધું કેવળ તેની ઉપર થઈ ને પસાર થઈ જતું જ લાગ્યું હતું — તેણે પોતે તે બધું જાણે જોયું-સાંભળ્યું જ નહોતું. પણ અત્યારે પાછું તે બધું જેમતું તેમ તાદૃશ – તાજું થવા લાગ્યું.

તે અચાનક થોભ્યો. પોતાના હાથ પીઠ પાછળ રાખી તે ઊંચી નજર કરીને બોલ્યો :

"વેર ! બદલો ! હું એક લૉર્ડ-ઉમરાવ હતો. તેઓએ મને લૂંટયો, બરબાદ કર્યો, નાવારસ કર્યો, તજી દીધો, મારું ખૂન કર્યું ! મારા ભાગ્યનું શબ પંદર વર્ષ દરિયા ઉપર તર્યા કર્યું–આથડ્યા કર્યું. પણ છેવટે તે કિનારે આવ્યું અને તરત ટટાર – જીવતું થઈ ગયું. હું ફરાથી જન્મ્યો છું. મને હંમેશ લાગતું કે, મારાં ચીંથરાં નીચે માત્ર કંગલા કરતાં કંઈક વિશેષ ધબકી રહ્યું છે. હું માણસો તરફ જોતો ત્યારે મને લાગતું કે તે બધાં ગાડરાં છે, અને હું કૂતરો નથી પણ ભરવાડ છું. મારા પૂર્વજો લોકોના ચરવૈયા, લોકોના નેતા, તેમના માલિક હતા. અને તે હતા તેવો જ હું છું. હું ઉમરાવ છું, અને મારે તરવાર છે; હું બૅરન છું, અને મારે લોખંડી ટોપ છે; હું માર્કિવસ છું, અને મારે કલગી છે; હું રાજવી છું, અને મારે તાજ છે. હું પ્રકાશનો રહેવાસી હતો, અને તેઓએ મને અંધારાનો કીડો બનાવી દીધો. મારા પિતા ગુજરી ગયા એટલે તેઓએ દેશનિકાલીનો પથરો તેમના માથા નીચેથી કાઢીને મારા ગળે બાંધી મને ટાંકામાં નાખી દીધો. તે બદમાશોએ મારું મોં કોતરી નાખ્યું. મને તેઓએ માણસ જાતની છેક હલકી કોટિમાં નાખી દીધો – મને ભાંડ-ભવૈયો બનાવી દીધો. પણ હવે હું એ અંધકારમાંથી છેક ટોચે આવ્યો છું. હવે મારે એ બધાનો બદલો લેવો જોઈએ !"

તે નીચે બેસી ગયો, પાછો ઊભો થયો; પોતાના બંને હાથ વડે તેણે પોતાનું માથું સખત દબાવ્યું, અને પાછો આંટા મારવા લાગ્યો.

"અહા હું ટોચે બેઠો છું — હંમેશને માટે સૌથી ઊંચે! હું હવે અંધારખીણમાંથી છેક ઉપર આવ્યો છું. મારે શહેરમાં તથા ગામડામાં મહેલો, ભવનો, બગીચાઓ છે, ઉપરાંત શિકાર-ભરેલાં વન-જંગલ, ગાડીઓ, અને લાખોની આવક છે. હું હવે મિજબાનીઓ આપીશ, ન્યાય ચૂકવીશ, મારી પસંદગીનાં સુખ ભોગવીશ! જે ગ્વિનપ્લેઈનને ઘાસમાંથી ફૂલ ચૂંટવાનો અધિકાર ન હતો, તે હવે આકાશમાંથી તારા ચૂંટશે!"

આમ ભૌતિક વૈભવે ગ્વિનપ્લેઈનના અંતરમાં નૈતિક વૈભવનું સ્થાન ઝટપટ ખાલી કરાવવા માંડ્યું. બહુ કરુણ ફેરફાર! માણસની નબળી બાજુ ઉપર અણધાર્યો હુમલો! ઉત્તમ ગણાતી બધી હલકી બાબતો, જેવી કે, મહત્ત્વાકાંક્ષા ઇ૦, તેમ જ ચૂપ પડી રહેલી લાગણીઓ, વૃત્તિઓ, કામનાઓ, તૃષ્ણાઓ, — જે અત્યાર સુધી પથ્ય કમનસીબને કારણે દૂર ફંગોળાઈ ગઈ હતી, તે બધી હવે ધમાલ મચાવતી આખા હૃદયનો કબજો જમાવવા પાસે ધસી આવી, અને તેને ઘેરાઈ વળી.

ગ્વિનપ્લેઈન ગર્વ–અભિમાન–ગૌરવના મોટા ઘૂંટડા પીવા લાગ્યો, જેથી અંતરાત્મા રંગાઇને કાળો ડણક બની જાય છે.

"હું વક્તા બનીશ. બધાંને મારા મનમાં ભેગી થયેલી વાતો સંભળાવીશ! આ લોકોએ જે કંઈ કદી જોયું નથી, તેમાં રહી આવેલો હું તેઓને કેવી કેવી વાતો સંભળાવી શકીશ! મોહમાયામાં ઊંઘી રહેલા તેઓને હું વાસ્તવિકતાનું ચિત્ર માથામાં મારીશ! એ બધા સત્તાધારીઓ કરતાં હું વધુ સત્તાધારી નીવડીશ; કારણ કે, હું બન્ને દુનિયાઓનો

અનુભવ લઈ આવેલો છું ! હું તેઓને સત્યનું દર્શન કરાવીશ ! ન્યાયનું દર્શન કરાવીશ ! તેમની કુટિલતાનું દર્શન કરાવીશ !"

કલાકો પસાર થવા લાગ્યા. પ્રભાતનું આગમન થઈ ચૂક્યું. કમરામાં એક સફેદ કિરણે પ્રવેશ કર્યો, તે ગ્વિનપ્લેઈનના અંતરમાં પણ સોંસરું પેસી ગયું.

"અને ડિયાનું શું ?" એ કિરણે તેને પૂછ્યું.

ખંડ ચોથો

સુખસંપત્તિના માલિકો

૧

'ગ્રીન-બૉક્સ'નું પતન અને નાશ

૧

ગ્વિનપ્લેઈનને સાઉથવર્ક જેલના બારણામાં અદૃશ્ય થતો જોયા બાદ, ઉર્સસ પોતે ઊભો હતો તે ખૂણામાં જ ગાભરાની પેઠે ઊભો રહ્યો. લાંબા વખત સુધી તેને અંદર ઉઘાડાતા અને વસાતા આગળાઓ અને સાંકળોનો અવાજ સંભળાયા કર્યો. તે શા માટે ત્યાં જ ઊભો રહ્યો હતો? એ વસાયેલાં બારણાં ફરી ઊઘડે તે માટે? પણ એ બારણાં ઝટઝટ ઊઘડે છે ખરાં? ઉર્સસ પોતે જ એ વાત બરાબર જાણતો હતો, છતાં તે ત્યાં જ ઊભો રહ્યો. જાણે તેના પગ ત્યાં જ જડાઈ ગયા હતા. તે ત્યાંથી ખસી શક્યો જ નહિ.

છેક સાંજ પડવા આવી, ત્યારે તે ધીમે પગલે ટારિન્ઝૂ-ફીલ્ડ તરફ પાછો ફર્યો. ત્યાં પહોંચ્યા બાદ તે ગણગણવા લાગ્યો:

"ઠીક થયું! ભિખારડો! બદમાશ! બંડખોર! સરકાર સામેનાં તેનાં ભાષણોથી જ તેને ત્યાં જવું પડયું છે. મારા ઘરમાં એક બંડખોર ઘૂસી ગયો હતો. સારું થયું, બલા ટળી! શું લશ્કરી વહાણ ઉપર મોકલી દેશે? તો તો બહુ સારું. કાયદાઓ કેવા સારા છે, એનો એ તો પુરાવો જ થયો. કેવો કૃતઘ્ની! અને મેં તેને આટલી મહેનત કરીને ઉછેર્યો! આવું બધું બોલ્યા કરવાની જરૂર શી હતી ભાઈ? રાજકારણી પ્રશ્નોમાં માથું મારવાની શી જરૂર? રાજ્યના તાંબાના સિક્કાની પણ ટીકા કરવા તેને જોઈએ! તેણે નામદાર રાણીજીના ફાર્ધિંગોનું અપમાન કર્યું હતું! પણ ફાર્ધિંગ એ તો રાણીજી સમાન જ ગણાય: તેમની પવિત્ર મૂર્તિ તેના ઉપર હોય છે. પણ એ બબૂચકને એટલુંય ભાન હોય ત્યારેને!

હું તો લાંબું જીવ્યો છું એટલે બધું જાણું. રાજનીતિ? આપણે એની શી પંચાત? એક દિવસ એક બૅરોનેટ સાહેબે પોતાની સોટી મને ચમચમાવી દીધી. તે દિવસે જ હું સમજી ગયો કે, બસ હવે રાજનીતિ સમજાઈ ગઈ! તું તે કયો મોટો લૉર્ડ થઈ ગયો, ગ્વિન-પ્લેઈન બચ્ચા! તારાથી તે આવી ટીકાઓ થઈ શકે? હવે તારી કેવી વલે ત્યાં કરતા હશે! હું તો રાજી થયો. હું ભાગ્યશાળી કે મારો એટલાથી છૂટકો થયો. મારે વળી એ છોકરાને અને પેલી છોકરીને ઘરમાં રાખવાની ઉમરાવગીરી દાખવવાની શી જરૂર હતી? હું ને હોમો હતા, તે કેવી નિરાંતમાં હતા? આ ભિખારડાં મારા ઘરમાં આવ્યાં જ શા માટે? મેં જાતે ભૂખ્યા રહીને એ લોકોને ખવરાવ્યું પિવરાવ્યું! પણ એ બધાં ભિખારડાં ભેગાં કરવાનું બીજું શું પરિણામ આવે? પોલીસનો પંજો જ તમારા ઉપર પડે ને? એ ઉઘાડ-જીભો બોલબોલ કરતો હતો તેથી જ સરકારની નજર મારાં ગાડા ઉપર પડી! હવે ગ્વિનપ્લેઈન ગયો એટલે ડિયા-ડી પણ મરી જવાની. નિરાંત થઈ! એક કાંકરે બે પંખી! સેતાન તે બંનેને ભરખી જાય તો ભલું થયું! એ બંનેથી હું કંટાળ્યો હતો. મર, સાલી! ડિયા-ડી. તું પણ જા, એટલે નિરાંત!"

સાંજના સાડા છ વાગ્યાના અરસામાં તે ટૅડકેસ્ટર વીશીએ પહોંચ્યો. માસ્ટર નિકોલસ બારણામાં જ ઊભો હતો. તેણે તરત જ પૂછ્યું: "પછી?"

"પછી શું?" ઉર્સસે ઘુરકિયું કર્યું.

"ગ્વિનપ્લેઈન પાછો આવ્યો કે નહિ? હવે ખેલનો વખત થવા આવ્યો છે. 'લાફિંગ મૅન'નો ખેલ આજે પડશે કે નહિ?"

"હું 'લાફિંગ મૅન' છું." ઉર્સસે કહ્યું, અને પછી વીશીવાળા સામે ખડખડાટ હસીને તે જોઈ રહ્યો.

પછી તે વીશીને પહેલે મજલે ગયો અને ત્યાં બારીને સળિયે લટકાવેલા, 'ગ્વિનપ્લેઇન ધ લાફિંગ મેન', અને 'અંધાધૂંધી ઉપર વિજય' એ બંને પાટિયાં ઉતારી લાવ્યો.

વીશીવાળાએ તેને પૂછ્યું, "તમે પાટિયાં કેમ ઉતારી લીધાં?"

"હું હવે જાહેર જીવન છોડી ખાનગી જીવનમાં પ્રવેશ કરું છું."

વીશીવાળો સમજી ગયો. તેણે પોતાના નોકરને હુકમ આપ્યો કે, જે આવે તેને તારે કહી દેવું કે, આજથી ખેલ બંધ છે. ટિકિટ વેચવાની જગા તરીકે વીશીમાં ગોઠવેલું બધું પણ તેણે ઉપાડી લેવરાવ્યું.

ઉર્સસે 'ગ્રીન-બૉક્સ'માં જઈ પેલાં બે પાટિયાં અંદર ઊભાં કરી દીધાં. ડિયા ઊંઘતી હતી. તેની પાસે બેસી તેણે ફિબિ અને વિનસને કહ્યું, "તમારાં બ્યૂગલો પેટીમાં મૂકી દો. આજે ખેલ નહિ થાય. કાલે પણ નહિ. પરમ દિવસે પણ નહિ, તે દિવસ પછી પણ નહિ. મારી હથેળીમાં જેમ વાળ નથી, તેમ હવે આ દુનિયામાં ગ્વિનપ્લેઇન અને તેનો ખેલ નથી!"

પછી તેણે ડિયા તરફ ફરીથી જોયું.

"એને આ બધા સમાચાર કેવા કારમા નીવડશે? જાણે ફૂંક મારીને મીણબત્તી ઓલવી નાખીએ તેવા. મને હોમો ખોઈ બેસું ને જેવું થાય, તેવું તેને ગ્વિનપ્લેઇન વિના થશે. આંધળાને દેખતાં કરતાં શોકનો કાદવ ઓળંગવો વધુ મુશ્કેલ હોય છે."

પછી તેણે 'ગ્રીન-બૉક્સ'માં આમથી તેમ આંટા મારવા માંડ્યા. વચ્ચે વચ્ચે તે ગણગણતો: "ગ્વિનપ્લેઇન કેદખાનામાં અને ડિયા કબરમાં — વાહ, એ બંને વાનાં બરાબર ગોઠવાઈ રહેશે. રાજકારણમાં માથું મારવાનું એ બધું પરિણામ. બધું પરવારીશું એટલે હું અને હોમો અમારું જૂનું ગાડું ગબડાવતા ચાલ્યા જઈશું. જોકે, હોમો

પણ ઝ્વિનપ્લેઈનને અને ડિયાને નહિ જુએ એટલે પૂછપરછ કરશે ખરો. હું કહીશ 'હવે આપણે બે જૂના દોસ્તો રહ્યા, એ બસ છે!' હવે ડિયાનો જવાનો વારો છે! તે ઊઠે એટલી વાર! અને લો, આ ઊઠીને!"

ડિયાએ તે ઘડીએ આંખો પટપટાવી; તેના મુખ ઉપર મધુર હાસ્ય ફરી વળ્યું. તેણે બૂમ પાડી, "ફિબિ! વિનસ! ખેલનો વખત થઈ ગયો હશે. હું જરા લાંબું ઊંઘી. ચાલો, મને તૈયાર કરવા માંડો!"

ફિબિ કે વિનસ કોઈ હાલ્યું નહિ.

ડિયાની આંધળી આંખ તે ઘડીએ ઉર્સસની આંખો સાથે ભેગી થઇ, અને ઉર્સસ કંપી ઊઠચો.

ડિયાએ હવે વિનસ અને ફિબિને ધમકાવવા માંડયાં.

પેલી બંનેએ ઉર્સસ સામું જોયું.

ઉર્સસે બૂમ પાડી —

"જોતાં નથી કે લોકો આવવા માંડયા? ફિબિ, ડિયાને કપડાં પહેરાવ. વિનસ, તું તંબૂરી વગાડવા માંડ."

પેલી બંનેએ નવાઈ પામી, પણ કાંક સમજી જઈ, ઉર્સસના હુકમનું તાબડતોબ પાલન કરવા માંડયું.

ઉર્સસે એ ઓરડાનો પડદો પાડી દઈને પછી બહારથી બોલવા માંડયું — "જોતો ખરો ઝ્વિનપ્લેઈન! અર્ધું આંગણું તો ભરાઈ ગયું, અને લોકો તો દરવાજામાં માતા નથી!"

અચાનક જુદો અવાજ આવ્યો: "બાપુજી, ડિયા આજે કેટલી સુંદર દેખાય છે? નરી આકાશી પરી!"

એ અવાજ ગ્વિનપ્લેઇનનો હતો. ફિબિ અને વિનસે ચોંકીને પાછા ફરી જોયું: અવાજ ગ્વિનપ્લેઈનનો હતો, પણ ઉર્સસે પોતાના કંઠમાંથી કાઢ્યો હતો!

ઉર્સસે પડદામાંથી નિશાની કરી બંનેને સમજાવી દીધાં. પછી તેણે પોતાના અવાજમાં જણાવ્યું, "ડિયાને પરી કહે છે? તું ગાંડો છે કે શું, ગ્વિનપ્લેઈન? આકાશમાં વાગોળ સિવાય બીજું કોઈ સસ્તન પ્રાણી ઊડી શકતું નથી. પણ જા, હોમોને છૂટો કર. આમ માણસનાં વખાણ કરવાં બંધ કર."

દરમ્યાન વીશીવાળાનો નોકર આવ્યો તેના બંને ખોબામાં સિક્કાનું પરચૂરણ ભરી દઈને ઉર્સસે તેને સમજાવીને કહ્યું, "તું વીશીને બારણે જઈ ખેલ અંગેની બૂમો પાડ્યા કર." પછી તે જરા મોટેથી બોલ્યો: "આહા! આજે બહુ મોટું ટોળું જમા થયું છે ને! આજે ભારે તડાકો પડશે. ચાલો, ફિબિ અને વિનસ, તમારું ઢોલ કૂટવા માંડો! તંબૂરી તણતણાવવા માંડો! આહા શું ધાડિયું ભેગું થયું છે! ગ્વિનપ્લેઈન, મને મદદ કર; આપણે થિયેટરનો રંગમંચ નીચે ઉતારવાનો છે. પણ અલ્યા ગ્વિનપ્લેઈન, તું પડદો શા માટે ખેંચી લે છે? ખેલ શરૂ થાય ત્યાં સુધી ભલે રહ્યો."

પછી તો ઉર્સસે કમાલ કરી નાખી. એણે એકલાએ કંઠમાંથી ટોળું ગાજતું હોય તેવો અવાજ કાઢ્યો. વચ્ચે વચ્ચે પ્રાણીઓના અવાજ દૂરથી આવતા હોય તેમ પણ તે કરતો. કેટલાય લોકો પ્રશ્નો પૂછતા તેના જવાબો તે આપતો. સ્ત્રીઓ, બાળકો, પુરુષો હસતાં હોય, લડતાં હોય, ભાંડતાં હોય, ઉતાવળ કરતાં હોય, ઠપકો આપતાં હોય,–એમ નવરા પડેલા પ્રેક્ષકો જેવી ધમાલ કરી મૂકે, તેવી ધમાલ તેણે એકલાએ કંઠમાંથી જુદા જુદા અવાજો કાઢીને મચાવી મૂકી!

વચ્ચે વચ્ચે તે ડિયાના કમરાવાળો પડદો ઊંચો કરીને જોતો. ડિયા આ બધું લક્ષ દઈને સાંભળતી હતી.

વીશીવાળાના નોકરે પણ ધમાલ મચાવી મૂકી હતી. જાણે ઘાંટા પાડી પાડીને લોકોના હલ્લાને હઠાવતો હોય એમ તે બૂમ-બરાડા પાડતો હતો, અને ટેબલ ઉપર તેમ જ પીપ ઉપર મુક્કાઓ ઠોકતો હતો. માત્ર હોમો ઉદાસ થઈને ચૂપ ઊભો રહ્યો હતો.

ઉર્સસે હવે બોલવા માંડયું, " ખરી વાત છે, ગ્વિનપ્લેઈન, આજે આપણા હરીફોએ લોકોને તોફાન કરવા જ મોકલ્યા છે. આપણો ધંધો સારો ચાલે એ એમનાથી ખમાતું નથી. આ બધું ટોળું માત્ર પ્રેક્ષકોનું નથી. તેમાં ભાડૂતી તોફાનીઓ છે. તેઓ આજે ખેલ કરવા દેવાના નથી. અરે આપણો મિત્ર ટોમ-જિમ-જેક પણ આવ્યો છે ને! તે બંને હાથે ઝપાટા લગાવી રહ્યો છે. પણ આજે ટોળું મોટું છે, એનું કાંઈ ચાલશે નહિ. જો, જો, પણ એ તોફાનીઓ આપણી 'ગ્રીન-બૉક્સ'ને કંઈ નુકસાન ન કરે ! એના કરતાં તો ખેલ આજનો દિવસ બંધ રાખીએ તો કેમ ? અરે એય બુઢ્ઢા દૂર હટ! દૂર હટ ! અરે એ ડાકણ ! તારી ચીસો જરા ઓછી પાડ ! અરે એ દેડકાઓ, આમ ડ્રાઉં ડ્રાઉં શું કરો છો ? અરેરે, આ તે શહેર છે કે જંગલ ? આ રાંડોની ચીસો તો એમના માટીડા કરતાંય મોટી છે ને ! ગ્વિનપ્લેઈન ! જરા થોભ, હું જરા ભાષણ કરીને તેમને જરા સમજાવી જોઉં — બાનુઓ તથા સદ્‌ગૃહસ્થો— (ઉર્સસના કંઠમાંથી તોફાનના અને બૂમોના અવાજો !) મને જરા સાંભળો તો ખરાં ! મારા ઉપર મહેરબાની કરીને જરા ચૂપ રહો, મને જ થોડુંક બખાળવા દો (ઉર્સસના કંઠમાંથી વધુ મોટી બૂમો અને વાતોના અવાજો !) સદ્‌ગૃહસ્થો ! તમે છેક નીચલી કોટીમાંથી પધાર્યા છો, એ હું જાણું છું. છતાં હું તો તમારે માટે માનવાચક ' સદ્‌ગૃહસ્થો ' શબ્દ જ વાપરું છું. તમારા જેવા ભામટાઓ અને ધાંધલિયાઓએ પારકે પૈસે દારૂ પીને અમારા ખેલમાં તોફાન કરવા માટે પણ હાજરી આપવાનું બહુમાન મને બક્ષ્યું છે (વધુ મોટા અવાજો, ઉર્સસના કંઠમાંથી જ !) તે બદલ મારાં જૂતિયાં તમારાં

આભારી છે. (ઉર્સસે વચ્ચે જ ટોળામાંથી આવતો અવાજ કાઢ્યો : 'સાળા, ગધ્ધા ! તારો બાપ દારૂડિયો છે.')

"આપનો આભારી છું; કારણ હું ગધેડા જેવો વિદ્વાન કોઈ બીજાને જોતો નથી અને જાણતો નથી. અજ્ઞાની થઈને ચર્યા કરવું એનું નામ જ ડહાપણ છે; તમારી પેઠે જ્ઞાની થઈને ભૂખે મરવું એ તો નરી મૂર્ખાઈ છે. ગધેડું પોતે શું ખાય છે તેનું નામ નથી જાણતું, પણ નિરાંતે ખાયા કરે છે; ત્યારે તમે લોકો ઘણી ચીજોનાં નામ જાણો છો, પણ એકે વસ્તુ ખાવા પામતા નથી ! તમારી પાસેનાં કપડાંની જોડમાંથી એક એક નંગ ગિરવી મૂકીને જ તમે બાકીનું કપડું પહેરીને અહીં પધાર્યા છો, એ હું જાણું છું. તમારી પાસે કશો કામધંધો નથી, કમાણી નથી. એટલે ક્યાંક ધાડ પાડી, હાથ મારી, ખિસ્સું કાતરી, પૈસા-ભેગા કે ખાધા-ભેગા ન ન થાઓ, ત્યાં સુધી તમે તમારા જેવી નવરી આ ડાકણો સાથે ચીસો પાડવાનો આનંદ લેવા અહીં આવ્યા છો, તે બહુ રૂડું કર્યું છે. (ગુસ્સાભર્યા અવાજો, ઉર્સસને કંઠે જ!) હાં, હાં, હજુ માણસના અવાજે શા માટે બોલો છો ? તમારામાં રહેલા સાચા કૂતરાને અવાજે, તમારામાંના સાચા કાગડાના અવાજે, તમારામાંના સાચા ખવીસના અવાજે જ બોલો ને ! (તરત એવા અવાજોની ભરમાર, ઉર્સસના કંઠના સૌજન્યથી !) સદ્‌ગૃહસ્થો ! મારા ભાષણથી આપ સૌ શાંત પડવાને બદલે ઉશ્કેરાઈ ગયા છો. પણ હું તમારી ચીસા-ચીસની થોડીક રજા લઉં છું, અને ખેલ જ શરૂ કરું છું."

પછી તેણે જાણે ગ્વિનપ્લેઈનને પડદાની અંદર આવીને કહ્યું હોય તેમ કહ્યું, "જરા સાંસતા થઈએ. આ બદમાશોને મેં સદ્‌ગૃહસ્થો અને સન્નારીઓ કહીને સંબોધ્યા, પણ છેલ્લાં ચાલીસ વર્ષ થયાં એક વખતની બહાદુર અંગ્રેજ પ્રજા હવે ઊતરી ગઈ છે, વર્ણસંકર થઈ ગઈ છે. ગમે તેવું સમજાવો, પણ એ બદમાશો ટાઢા

પડવાના જ નહિ. આટલી બધી તમાકુ પી પી કરે, પછી તે પ્રજાનું બીજું શું થાય? એ લોકોના સાક્ષરો પણ મોંમાં ચુંગી રાખીને જ લખવા બેસે છે! પણ ચાલો, આપણે આપણો ખેલ શરૂ કરીએ.''

પછી તો ઉર્સસ સૂત્રધાર તરીકે આવીને પોતાનું વક્તવ્ય નિયમ મુજબ બોલી ગયો, અને ત્યાર બાદ 'અંધાધૂંધી ઉપર વિજય'-નો ખેલ બરાબર શરૂ થયો. જ્યારે ગ્વિનપ્લેઈનના માથા ઉપર ડિયાને હાથ ફેરવવાનો આવ્યો, ત્યારે ઉર્સસે વાળનું બોચિયું પોતાના માથા ઉપર પહેરી લીધું અને પોતે જ તેના હાથ નીચે બેસી ગયો અને ગ્વિનપ્લેઈનને જે કંઈ બોલવાનું હતું તે તેના અવાજે બોલી ગયો.

બધી નકલ એવી આબેહૂબ થઈ કે, ફિબિ અને વિનસ બંને જણ પણ ઉર્સસની કળા ઉપર મુગ્ધ થઈ ગયાં.

ખેલ પૂરો થયો એટલે ઉર્સસ પરસેવાથી રેબઝેબ થઈ હોમોને સંબોધીને ધીમેથી બોલ્યો—''તું ભાઈ સમજે છે કે. આપણે વખત મેળવવો જોઈએ; અને એમાં આપણે સફળ થયા છીએ. ગ્વિનપ્લેઈન કદાચ આજે કે કાલે પણ આવે. તો પછી નાહક ડિયાને શા માટે મારી નાખવી? મેં આજે કેવા અવાજો કાઢ્યા? હું મારા ઉપર જ ખુશ થયો છું. ડિયાને ખાતરી થઈ છે કે ગ્વિનપ્લેઈન હાજર જ છે, ખરું ને?''

તરત ડિયાએ પૂછ્યું, ''ઉર્સસ, ગ્વિનપ્લેઈન ક્યાં છે?''

ઉર્સસે ચોંકીને પાછા ફરીને જેયું.

ડિયા થિયેટરના ફાનસ નીચે જ ઊભી હતી. તે ફીકી પડી ગઈ હતી અને ધ્રૂજતી હતી.

''હું જાણું છું. તે આપણને છોડીને ચાલ્યા ગયા છે. તેમને પાંખો આવી છે, એ હું ક્યારની જાણતી હતી.''

પછી આકાશ તરફ પોતાની અંધ આંખો ઊંચી કરીને બોલી : "મારો વારો ક્યારે આવશે ?"

ઉર્સસ જડસડ થઈ ગયો. અવાજની તેણે કરેલી નકલથી આંખોવાળી ફિબિ અને વિનસ ભરમાઈ હતી, પણ આંખો વિનાની ડિયા ભરમાઈ ન હતી.

તે ડિયા તરફ જોઈ રહ્યો. ડિયા ચૂપ ઊભી હતી, પણ વધુ ને વધુ ફીકી પડતી જતી હતી.

તે જ ઘડીએ વીશીવાળા નિકોલસે હાથમાં મીણબત્તી સાથે આવીને ઉર્સસને પોતાની પાસે બોલાવ્યો. તે પાસે ગયો એટલે નિકોલસે કહ્યું, "જ્યારે તમે નટ અને પ્રેક્ષકોનો ખેલ એકલે હાથે કરતા હતા, ત્યારે કોઈએ આવીને વીશીનું બારણું ઠોક્યું હતું. મને એ વસ્તુ ગમી નહોતી, પણ મેં બારણું ઉઘાડ્યું. જે બહાર આવેલો હતો તેની વાત સાંભળી લઇ, મેં બારણું બંધ કરી દીધું; પછી તેઓએ ફરીથી બારણું ઠોક્યું."

'જે પ્રથમ આવ્યો હતો તેણે જ ?"

"ના બીજા કોઇ કે. પણ પહેલું બારણું કોણે ઠોક્યું હશે તે કલ્પો જોઉં ?"

"હું કલ્પી શકતો નથી."

"એ સામો સાખપડોશી, સર્કસનો મૅનેજર હતો. તે તમને એક ઑફર આપે છે."

"ઑફર ?"

"હા. તેણે કહ્યું કે, આજે પોલીસવાળા અહીં આવી ગયા તે તેણે નજરે જોયું છે. પણ તે તમારો મિત્ર છે એ વસ્તુ તમારી આગળ સાબિત કરવા તમારું 'ગ્રીન-બૉક્સ' ગાડું, બે ઘોડા, તમારાં બ્યૂગલ, એ બ્યૂગલ ફૂંકનારી બે સ્ત્રીઓ, તમારો ખેલ, તમારી અંધ

છોકરી, તમારું વરુ અને તમને પોતાને તે પચાસ પાઉંડમાં ખરીદી લેવા તૈયાર છે."

ઉર્સસ તુમાખીભર્યું હસ્યો. તેણે વીશીવાળાને કહ્યું, "એને કહી દેજો કે ગ્વિનપ્લેઈન પાછો આવવાનો છે."

તરત જ વીશીવાળાએ પાસેની ખુરશી ઉપરથી એક ઝભ્ભો, હૅટ અને જાકીટ ઉપાડીને ઉર્સસને આપ્યાં. અને કહ્યું :—

"બીજી વાર બારણું ઠોકનારો પોલીસવાળો હતો. અને તે એક શબ્દ બોલ્યા વિના આ બધું આપી ગયો."

ઉર્સસ ઓળખી ગયો કે એ બધાં કપડાં ગ્વિનપ્લેઈનનાં હતાં.

૨

ઉર્સસે તરત જ વીશીવાળાને વીશીનું બહારનું બારણું ઉઘાડવા નિશાની કરી. તેણે બારણું ઉઘાડ્યું એટલે તરત તે બહાર દોડી ગયો.

પાએક કલાક બાદ ઉર્સસ પેલી સાઉથવર્ક જેલવાળી સાંકડી ગલી આગળ પહોંચી ગયો.

તે શું ત્યાં પૂછપરછ કરવા આવ્યો હતો ? ના; તે બરાબર જાણતો હતો કે જેલનાં બારણાં અંદર પેસવા ઇચ્છનારની કે બહાર નીકળવા ઇચ્છનારની મરજીથી નથી ઊઘડતાં. તે કમાડનાં બારણાં કાયદાના મિજાગરા ઉપર જ ઘૂમતાં હોય છે.

તો શું તે કંઈક જોવા આવ્યો હતો ? હા; જે બારણા પાછળ ગ્વિનપ્લેઈન અલોપ થયો, તે બારણાને નજરે જોવા જ તે આવ્યો હતો. પ્રયોજન કશું ન હતું; પણ કોઈ કોઈ વાર માણસને એવી ચળ થઈ આવે છે—જેમ માણસ મરી જઈ ને જે કબર હેઠળ સૂતો હોય છે, તે કબર ઉપર સગાંઓ ફૂલ ચડાવે છે તેમ !

પણ ઉર્સસ એ શેરીમાં પેઠો કે તરત જ ઘંટના ટકોરા પડવા માંડ્યા. એક પછી બીજો, ત્રીજો એમ ઘણા ટકોરા પડ્યા એટલે ઉર્સસને થયું કે એટલી વારમાં મધરાત થઈ ગઈ કે શું ? પણ પછી

તો એ ટકોરા વધતા જ ગયા. અર્થાત્ એ સમય બતાવનારા ટકોરા ન હતા, પણ જેલની કોઈ ઘટનાની સાથે સંકળાયેલા ટકોરા હતા.

ઉર્સસ હવે, દિવસે પોતે ઊભો રહ્યો હતો તે ખૂણા પાછળ ઊભો રહી, જેલના નાના દરવાજા તરફ જોઈ રહ્યો. થોડી વારમાં જ એ બારણા પાછળ પ્રકાશ આવતો હોય એમ એક કાણામાંથી દેખાયું, અને પછી તો એ બારણું જ ઊઘડયું.

એક માણસ મશાલ હાથમાં લઈને બહાર નીકળ્યો. પછી બીજો, પછી ત્રીજો, અને પછી ચોથો. ઉર્સસે તેને ઓળખ્યો— તે વાપેનટેક હતો, તેના હાથમાં તેનો લોહ-દંડ હતો. પછી તો બીજા માણસો હારબંધ નીકળવા માંડયા.

ઉર્સસ એ બધાને ઓળખી શક્યો — તે બધા દિવસે ગ્વિનપ્લેઈનને પકડવા આવેલા લોકો જ હતા!

તો પછી એમની સાથે ગ્વિનપ્લેઈન પણ બહાર આવશે જ! ઉર્સસ સ્થિર નજરે જોઈ રહ્યો.

પોલીસના માણસો બબ્બેની જોડીમાં હારબંધ નીકળ્યે જતા હતા તથા ઉર્સસ તરફ પીઠ રાખીને શેરીમાં ગોઠવાતા જતા હતા.

પછી બીજી મશાલવાળો માણસ આવ્યો. જરૂર હવે કેદી ગ્વિનપ્લેઈન જ આવશે!

પણ જે વસ્તુ આવી તે માણસ ન હતો પણ મડદું હતું: કફન પેટી — ચાર માણસોને ખભે ચડેલી. પછી તેની પાછળ કોદાળો હાથમાં લઈને ઘોર-ખોદુ નીકળ્યો.

ઉર્સસની છાતી બેસી જવા લાગી. આપણે જાણીએ છીએ કે, તે મડદું હર્દકેનોનું હતું. પણ ઉર્સસે માની લીધું કે તે મડદું ગ્વિનપ્લેઈનનું જ હશે.

તે એકદમ ત્યાં જ પથ્થર ઉપર બેસી પડ્યો, અને ગણગણ્યો : “ અરેરે, તેઓએ મારી નાખ્યો ! બેટા ! દીકરા !”

ઉર્સસ અત્યાર સુધી બડાશ મારતો હતો કે, તે કદી રડ્યા નથી. પણ જાણે બધા દિવસોનો ખંગ વાળતો હોય એમ ચોધાર આંસુએ તેણે રડવા માંડ્યું.

તે ગ્વિનપ્લેઈન માટે રડ્યો, પછી ડિયા માટે, પછી પોતાને માટે, અને પછી હોમો માટે. અત્યાર સુધી જે જે બાબતો માટે તે હસ્યો હતો, તે બધી માટે રડી રડીને તેણે બદલો વાળી લીધો.

૩

ઘણા કલાક પસાર થઈ ગયા. સવાર થવા આવી. માસ્ટર નિકોલસ પોતાની વીશીમાં આખી રાત ઊંઘ્યો ન હતો. તેને પોતાની વીશીમાં પોલીસની પધરામણી થવા માંડી એ વસ્તુ ગમી ન હતી. કહે છે કે, મર્યાનો ભો નહિ, પણ જમ પેધ્યાનો ભો ! આ ઉર્સસને પોતાની વીશીના આંગણામાં આશરો આપ્યો, એ વસ્તુનો જ તેને પસ્તાવો થવા લાગ્યો. પણ હવે એને કેમ કરીને કાઢવો ? તેણે તેને પટો લખી આપ્યો હતો. એટલે એ પટાના બંધનમાંથી છૂટવું કેમ કરીને, એની જ ચિંતા એ કરી રહ્યા હતો.

અચાનક તેના બારણા ઉપર ટકોરા પડ્યા. એ ટકોરા કોઈ ઘરાકના નહિ, પણ પોલીસવાળાના હતા, એ સ્પષ્ટ સમજાઈ જતું હતું.

બહાર મેજિસ્ટ્રેટ જ ઊભો હતો અને તેની પાછળ પોલીસ-ડાંનું ટોળું.

“ માસ્ટર ઉર્સસ ક્યાં છે ?”

“ અહીં જ છે, સરકાર.”

“ બોલાવો, ત્યારે.”

"તે હાજર નથી, સરકાર."

"ક્યાં છે ?"

"મને ખબર નથી, સરકાર. તે પાછો જ આવ્યો નથી."

"આટલી વહેલી સવારે ક્યાં ગયો ?"

"ના સરકાર, કાલે મોડી રાતનો તે બહાર ગયો છે."

"ભામટો, રખડેલ !"

"ખરી વાત છે સરકાર ! પણ લો સરકાર, પેલો આવે !"

અને ખરેખર તે જ ઘડીએ ઉર્સસ સાઉથવર્ક જેલ આગળથી ધીમે પગલે લથડિયાં ખાતો પાછો આવી પહોંચ્યો હતો.

વીશીવાળાએ તરત જ ઉર્સસને સંબોધીને બૂમ પાડી:-

"માસ્ટર ઉર્સસ, અહીં આવો; સરકાર તમારી સાથે વાત કરવા માગે છે."

ઉર્સસે આ બધું પોલીસવાળાનું ધાડિયું જોયું કે તે ફરીથી ચોંકયો. તરત જ તેની પૂછપરછ શરૂ થઈ.

"તારી પાસે વરુ છે ?"

"વરુ ? પણ તે મારો નોકર છે."

"જો મદારી, આવતી કાલે સવારે બરાબર આ સમયે તારે અને તારા વરુએ ઇંગ્લૅંડ છોડીને ચાલ્યા જવાનું છે. જો તમે લોકો ઇંગ્લૅંડની ભૂમિ ઉપર કાલે આ વખતે ઊભા હશો, તો વરુને પકડીને લઈ જવામાં આવશે અને તેને પાણીમાં ડુબાડીને કે ફાંસો દઈને મારી નાખવામાં આવશે, તથા તને કેદ પૂરવામાં આવશે."

"મારે અને વરુએ આજે જ ઇંગ્લૅંડ છોડી જવું !"

"હા, આજે."

"પણ એ શી રીતે બને ?"

વીશીવાળાને તો ઉર્સસની બલા આમ બારોબાર ટળતી દેખાવાથી બહુ આનંદ થવા લાગ્યો. તે તરત જ વચ્ચે બોલી ઊઠ્યો :

"સરકાર, આ માણસ કહે છે કે હું આજે ઇંગ્લૅંડ શી રીતે છોડી જઈ શકું ? પણ રોજ થેમ્સ નદી ઉપરથી વહાણો ઊપડતાં જ હોય છે — ડેન્માર્ક, હૉલૅન્ડ, સ્પેન એ બધે ઠેકાણે જવા. અલબત્ત, ફ્રાંસ તરફ લડાઈને કારણે નથી જતાં. આજે જ રાતે એક વાગ્યાના સુમારે ભરતી આવતાં વૉગ્રાટ જહાજ રૉટરડૅમ જવા ઊપડવાનું છે — હું જાણું છું."

મૅજિસ્ટ્રેટે તરત જ ઉર્સસને ફરમાવ્યું, "તો બસ, વૉગ્રાટ જહાજથી આજે જ તારે ઊપડી જવાનું."

"પણ પહેલાંનું મારું નાનું ગાડું હોત તો તે તો વહાણ ઉપર ચડી જાત. પણ અત્યારની મારી બે ઘોડાવાળી 'ગ્રીન-બૉક્સ' વહાણ ઉપર શી રીતે ચડી શકશે ?"

"એની મારે શી પંચાત ? તો પછી વરુને મારી નાખવું પડશે."

વીશીવાળો હસીને બોલ્યો, "માસ્ટર ઉર્સસ, તમે તમારી 'ગ્રીન-બૉક્સ' અને ઘોડાને પેલા સર્કસવાળાને વેચી શકશો."

તરત જ મૅજિસ્ટ્રેટ બોલી ઊઠ્યો, "ખરી વાત. એ સર્કસ-વાળાને આ ગાડી તથા ઘોડાની જરૂર પડશે જ. કારણ કે, તેને પણ આજે સાઉથવર્ક છોડવું પડશે. સાઉથવર્ક પરગણાના ભલા પાદરી-ઓએ આ બધા ભાંડભવૈયાના ચાલુ પથારાથી લોકોની નીતિ અને ધર્મ ઉપર થતી માઠી અસરની ફરિયાદ કરેલી છે — લોકો દેવળમાં જતા નથી, અને આવા ખેલ જોવા પડ્યા પાથર્યા રહે છે, એ બહુ ગંભીર બાબત છે. સાઉથવર્કમાં જ ખાસ કરીને આવા બધા તમાશાઓ કાયમના પડ્યા રહે છે. આ સદ્‌ગૃહસ્થ વિન્ડસરથી ગઈ રાતે જ નામદાર રાણીજીનો એ અંગેનો હુકમ લઈને આવી પહોંચ્યા છે." એમ કહી તેણે પાસે ઊભેલા બાર્કિલફેડ્રાને નમન કર્યું.

ઉર્સસ એક જુદા જ વિચારે ચડી ગયો હતો : પોતે રાતે જે કફન જોયું હતું, તેમાં ગ્વિનપ્લેઈનનું જ મડદું હશે, એમ શાથી માનવું ? જેલમાં તો કેટલાયને દેહાંતદંડની સજા થતી હોય ! અને પોતાને તથા વરુને જો માત્ર દેશનિકાલની જ સજા થઈ હોય, તો ગ્વિનપ્લેઈનને પણ એવી જ સજા થાય ! એટલે જરૂર ગ્વિનપ્લેઈન જીવતો જ હોવો જોઈએ !

ઉર્સસે તરત જ મૅજિસ્ટ્રેટને નમન કરીને કહ્યું, "ખરી વાત છે, નામદાર, અમે આજે જ વૉગ્રાટ જહાજમાં બેસી ચાલ્યા જઈશું. હું મારી ગ્રીન-ગ્રાકસ, ઘોડા, બ્યૂગલો અને જિપ્સી સ્ત્રીઓ વેચી નાખીશ. પણ હજુ અમારી મંડળીનો ગ્વિનપ્લેઈન બાકી છે, તેને પાછળ મૂકીને હું એકલો કેવી રીતે ચાલ્યો જઈ શકું ?"

તરત જ એક અવાજ આવ્યો, "ગ્વિનપ્લેઈન મરી ગયો."

એ અવાજ બાર્કિલફેડ્રાનો હતો.

ઉર્સસે તેને નમન કર્યું; પેલાએ તરત જ તેને ખભે હાથ મૂકી તેને બાજુએ બોલાવીને કહ્યું : "તારા કોઈ હિતેચ્છુએ મદદ તરીકે તને આ દશ ગિનીઓ મોકલી છે."

બાર્કિલફેડ્રાએ બે હજાર ગિનીઓમાંથી દશ જ ઉર્સસને આપી. તેના માનવા મુજબ ઉર્સસને એટલી ઘણી હતી. એવાને વધારે આપવી એટલે દરિયામાં નાખી દેવી, એવો જ અર્થ થાય ને ? પોતે એક આખો ઉમરાવ શોધી આપ્યો હતો. તેના મહેન-તાણામાં એવું બધું જે મળે તે તેના હકનું જ કહેવાય ને ? અલબત્ત, તમે બધા તેને ચોરી કરી એમ કહો. પણ તેથી શું ?

બાર્કિલફેડ્રાએ હવે પેલા મૅજિસ્ટ્રેટને સંબોધીને કહ્યું, "સાહેબ, હવે આપણે અહીંનું બધું પૂરું કરીએ. મારે પાછા નામદાર રાણીજી પાસે જઈને તેઓશ્રીના હુકમનો અમલ થયો છે એવો અહેવાલ

સાદર કરવાનો છે. હું બે કલાક મોડો થયો છું, મારે ઉતાવળે હવે દોડી જવું જોઈએ."

તરત બધા ઊઠયા. મૅજિસ્ટ્રેટે હવે પોલીસોને નિશાની કરી એટલે તેઓ વીશીમાં દાખલ થયા.

માસ્ટર નિકોલસ ચોંકયો; તેણે તરત જ મૅજિસ્ટ્રેટ તરફ ફરીને કહ્યું, "નામદાર, હવે આ ઉર્સસ કશો સામનો કર્યા વિના ચાલ્યા જવા કબૂલ થયો છે. પછી મારી આ વીશીમાં પોલીસના માણસો રાખવાની કશી જરૂર નથી."

"પણ એ માણસો તેને માટે છે એવું કોણે કહ્યું ?"

"તો પછી શા માટે છે, સરકાર ?"

"તમારી ધરપકડ કરવા માટે."

"મારી ?"

"હા; આ ઉર્સસ વગેરે ગુનેગારોને તમે તમારી વીશીમાં આશરો આપ્યો, એ મોટો ગુનો થયો છે. એટલે તમારી તથા તમારા નોકરની ધરપકડ કરવામાં આવે છે, તમારું લાઇસન્સ રદ કરવામાં આવે છે અને દંડની રકમ પેટે વીશીનો બધો સરસામાન કબજે લેવામાં આવે છે. માટે તમે તથા તમારો નોકર અમારી સાથે જ ચાલો."

૨

પ્રેમી જોઈએ! પતિ નહિ!

૧

" અને ડિયાનું શું ? "

એ અવાજ, ટૅડકૅસ્ટર વીશીમાં આ બધું બની રહ્યું હતું તે દરમ્યાન કાર્લિયોં લોજમાં ગ્વિનપ્લેઈનને સંભળાયો હતો. તેને લાગ્યું કે, એ અવાજ બહારથી ક્યાંકથી આવ્યો હતો, પણ ખરી રીતે એ આવ્યો હતો તેના અંતરમાંથી.

અંતરાત્માના આવા ઊંડા પોકારો કોણે સાંભળ્યા નથી હોતા ?

ઉપરાંત પ્રભાત પ્રગટતું હતું; અને પ્રાતઃકાળ પણ જાગૃતિનો એક અવાજ છે. સૂર્ય જો અંદરના અંધારામાં સૂતેલા અંતરાત્માને જગાડતો ન હોય, તો તેનો શો ખપ છે ? પ્રકાશ અને સદ્દગુણ એ બંને એક જ કોટીની વસ્તુઓ છે.

પરમાત્માને આપણે ક્રાઈસ્ટ કહીએ કે પ્રેમ કહીએ; પરંતુ ઉત્તમમાં ઉત્તમ પુરુષો પણ અમુક વખતે તેને ભૂલી જાય છે. સંતોને પણ યાદ કરાવનાર — સાવચેત કરનાર અવાજ જોઈએ છે; અને પ્રાતઃકાળ આપણામાં એ અવાજ જગાડે છે.

ગ્વિનપ્લેઈન એટલે કે લૉર્ડ ક્લેન્ચાર્લીની સદ્દભાવના પણ હવે વહી જવા લાગી હતી; તેની ધોરી નસને બાંધી દેવાની જરૂર હતી. " અને ડિયાનું શું ? " એ અવાજે તેના બધા સારા વિચારોને ફરી પાછા તેના અંતરમાં જગાડ્યા.

તરત જ તે પોકારી ઉઠ્યો, "ડિયા ! તું ક્યાં છે ? હું ક્યાં છું ? હું વિન્ડસરમાં છું; અને તું સાઉથવર્કમાં છે. અરે ભગવાન, પહેલી વાર અમારી વચ્ચે આ અંતર શેં પડ્યું ? કોણે એ અંતર ઊભું કર્યું ? નહિ, નહિ. એ નહિ બને. એ લોકોએ મને આ શું કરી નાખ્યું ? મને રાણીજીની વાત કોણે કરી ? હું હવે બદલાઈ ગયો છું એવું કોણે કહ્યું ? હું જો લોર્ડ બન્યો હોઉં, તો ડિયા લેડી બનવી જ જોઈએ. પેલો માણસ બારણું વસાઈ ગયું, એવું શું બોલ્યો ? મારે પાછલી વાતો ભૂલી જવી જોઈએ – એ વાતો મરી ગઈ, એવું એ બોલ્યો, તે હું શા માટે સાંભળી રહ્યો ? પણ નહિ, હવે હું જાગ્યો છું – ભાનમાં આવ્યો છું. તેઓ જો એમ માનતા હોય કે, તેઓ ઇંગ્લેંડના ઉમરાવ, લોર્ડ ક્લૅન્ચાર્લી સાથે મરજીમાં આવે તેમ વર્તી શકે, તો તેઓ ભૂલે છે: લેડી ડિયાની સાથે પણ ! તેઓ મને શરતો સંભળાવનાર કોણ ? જાણે હું એ બધી શરતો સ્વીકારી લેવાનો હોઉં ! અને રાણીજી ? મારે રાણીજીની શી પરવા ? મેં તો તેને કદી નજરે જોઈ પણ નથી; હું કંઈ એ બધાંનો ગુલામ થવા લોર્ડ બન્યો છું ? મને સત્તા મળી હોય, તો હું સ્વતંત્ર માણસની પેઠે વર્તી શકું એમ હોવું જોઈએ. ડિયા ! ઉર્સસ ! આપણે સાથે રહીશું. તમે જે હતા તે હું હતો. તો હવે હું જે થયો, તે તમે પણ થયા ! એકદમ ! હું પાછો ન ફર્યો તેથી તમે બધાં કેવી ચિંતામાં પડી ગયાં હશો ? અને પેલા પૈસા ! મેં પૈસા કોઈની સાથે મોકલાવ્યા. એ શું કર્યું ? મારે જાતે જ જવું જોઈતું હતું. પેલો બદમાશ કહેતો હતો કે, હું અહીંથી નીકળી ન શકું. અરે એ ના કહેનાર કોણ ? ચાલો. ઘોડાગાડી તૈયાર કરો ! મારે તે લોકોને લેવા જવું છે. બધા નોકરો ક્યાં ગયા ? કોઈ નોકર ન હોય તો હું લોર્ડ કેમનો કહેવાઉં છું ? હું અહીં સર્વસત્તાધીશ છું. આ મારું ઘર છે. મને કોણ રોકે છે તે હું જોઉં તો ખરો ! હવે મારી પાસે તલવાર છે ! કોણ મારી સામે આવે છે ? મારે પત્ની પણ છે –

ડિયા ! મારે પિતા પણ છે – ઉર્સસ ! મારું ઘર હવે મહેલ બન્યું છે, તો તે હું મારા પિતાને જ આપીશ. મારું નામ મુગટની પેઠે હું ડિયાને પહેરાવીશ. ચાલો ! ઉતાવળ કરો ! ડિયા, આ હું આવ્યો.''

અને આવી ધૂનમાં ને ધૂનમાં તે કમરાની બહાર નીકળ્યો.

બહાર મોટી ઓસરી હતી. તે આગળ ચાલ્યો. બીજી ઓસરી આવી.

બધાં બારણાં ખુલ્લાં હતાં.

તે એક કમરામાંથી બીજા કમરામાં, એક ઓસરીમાંથી બીજી ઓસરીમાં એમ બહાર નીકળવા માટે આગળ ને આગળ ચાલ્યો.

૨

પણ મહેલ એ એક જાતનું ગાઢ જંગલ હોય છે, તેની તેને ખબર ન હતી. આ જંગલ પણ કેવું ? નર્યાં કમરાઓ અને નરી ઓસરીઓનું. કમરા પણ એક એકથી ચડિયાતા; એક એકથી શોભીતા. કેટલીક તો પહોળી ભીંતોને જ કોતરીને બનાવેલી ગુપ્ત દ્વારવાળી કોટડીઓ જ હતી. અને એ ગુપ્ત કોટડીઓમાં શાં શાં ગુપ્ત અને તેથી કારમાં કામ નહિ થયાં હોય ! ખૂન, અત્યાચાર, બળાત્કાર બધું જ ! અને મોટા મહેલોમાં આવા ગુપ્ત કમરા પેઢી દરપેઢી નવા નવા બનતા જતા હોય. નવી પેઢીની નવી જરૂરિયાતો માટે અથવા નવી ગુપ્તતા માટે પણ !

અને કેવી, કેટલી બધી સીડીઓ ?

ઝ્વિનપ્લેઈન બહાર જવાની ઉતાવળમાં હતો, પણ તે અંદર ને અંદર ક્યાંક અટવાયે જતો હતો. ઓરડાઓનો અને ઓસરીઓનો પાર જ નહોતો આવતો.

પણ નવાઈની વાત એ હતી કે કોઈ જીવતા માણસની હિલચાલનો અવાજ પણ આવતો નહોતો. કોઈ કોઈ વાર તેને લાગતું કે

તે કંઈક ચકરાવામાં ફર્યા કરતો હતો. તો કોઈ વાર કોઈ તેની સામે આવતું હોય એમ લાગતું. પણ કોઈ જ આવતું નહિ–તે પોતે જ કોઈ મોટા અરીસામાં પોતાને દેખતો !

દરેક કમરાની અજાયબીઓ પણ જુદી જુદી હતી, કોઈ વસ્તુ સામાન્ય કહી શકાય તેવી તો હતી જ નહિ. મીનાકામ, મોતીકામ, આરસકામ, ધાતુકામ, જડતરકામ, ભરતકામ, હાથીદાંતનું કામ મખ-મલ, જરી વગેરે શું શું નહોતું ? છત ઉપર જુદાં જુદાં પંખીઓ અને વૃક્ષોની આકૃતિઓ હતી; કાચ, માણેક, નીલમ, મહેલના આકારની જવાહર-પેટીઓ, અરીસાઓ, પાણીના દેખાવ, વાદળના દેખાવ, મનુષ્યાકૃતિઓ, દેવદેવીઓની આકૃતિઓ, પૂતળાં–ચિત્રો વગેરે બધું હતું. ખુરશીઓ વગેરે ફર્નિચર પણ જુદા જુદા આકાર, પદાર્થ અને રંગરોગાન કે જડતરવાળું હતું. બધું જ હતું, માત્ર બહાર નીકળવાનો માર્ગ જ જાણે ન હતો !

વચ્ચે વચ્ચે તે બૂમ પાડતો — 'કોઈ છે ? કોણ છે ? અહીં આવો તો !' પણ ક્યાંયથી કોઈનો જવાબ જ મળતો નહિ. આવાં મકાનોમાં નોકરોને બોલાવવા જુદી જ સગવડ કરેલી હોય છે.

જગાએ જગાએ ગરમ કરેલી હવા દાખલ કરવાનાં દ્વારો એવાં રાખેલાં હતાં કે, બધે ઉનાળાનું વાતાવરણ માલૂમ પડતું હતું. જાણે જૂન મહિનો કોઈ જાદુગરે પકડીને આ મહેલમાં પૂરી દીધો હતો. વળી અવારનવાર મીઠી મોહક સુગંધ આવતી જણાતી. જાણે છુપાવી રાખેલાં અસંખ્ય ફૂલો એ સેવા બજાવી રહ્યાં હોય ! બધે શેત-રંજીઓ ગાલીચા તો હતા જ,— ઉપર પગ મૂકતાં ખચકાવાય એવા !

કોઈ કોઈ જગાએ બારીઓમાંથી બહારના બગીચાની, પથ્થરની મૂર્તિઓની, ક્યારાઓની, ઝરણાંઓની, અરે થેમ્સ નદીની ઝાંખી થતી.

હવે તો ગ્વિનપ્લેઈન ખાસો ઝનૂનમાં જ આવી ગયો. “ભલે ભલે, કોઈ આવતું નથી તો હું પોતે ગમે તે રીતે અહીંથી જઈશ. કોઈ બારીબારણાં તોડવાં પડશે તોપણ તોડીશ. સામું લશ્કર આવશે તો તેનો નાશ કરીશ, પણ ડિયા પાસે જરૂર પહોંચી જઈશ !”

અચાનક તેને પાણી વહેવાનો ખળખળ અવાજ સંભળાયો.

એક ગલી જેવા ભાગમાંથી આગળ જઈ, બારણામાંથી પડદો હઠાવતાં જ તે એક અણધારી જગાએ જઈ પહોંચ્યો.

તે એક ભવ્ય સ્નાનગૃહ હતું; અને તેમાં એક બાજુથી ગરમ સુગંધી પાણીની ધાર વછૂટી રહી હતી અને એ વિશાળ ઓરડા જેવો સ્નાનકુંડ ભરાતો જતો હતો. એ આખો ઓરડો એ સ્નાન-કુંડનો જ બનેલો હતો. તેમાં એક કિનારી ઉપર એક સ્ત્રી આડી પડી રહી શકે અને તેના પગ પાસે તેનો પ્રેમી કે તેનો કૂતરો બેસી શકે તેટલી લંબાઈનો મઢેલો સોફા હતો. તેનો નીચેનો ભાગ ચાંદીનો હતો. એ સ્નાનકુંડની બીજી બાજુ ચાંદીનો બનાવેલો આઠ નાના વેનિશિયન અરીસાઓનો એક ટૉઇલેટ-સ્ટૅન્ડ હતો. સોફા પાસે એક ખૂણા જેવો ઘાટ પાડી એક ટોકરી ટીંગાવેલી હતી. તેની નીચે રાજમુગટ જડેલી મુદ્રાવાળી ચાંદીની એક તખતી હતી.

ગ્વિનપ્લેઈન ઊભો હતો તેની બરાબર સામી બાજુએ બારણા જેવો ખુલ્લો ભાગ હતો, પણ તેની ઉપર ચાંદીના તારની બનાવેલી અને કરોળિયાના જાળની જેમ ગૂંથેલી બારીક જાળી લટકાવેલી હતી. તેમાંથી આરપાર દેખી શકાય તેમ હતું. જાળામાં વચ્ચે જ્યાં કરોળિયો હોય, ત્યાંથી તેની પારના ઓરડામાં સૂતેલી એક નગ્ન સ્ત્રી દેખાતી હતી.

નગ્ન એટલે બિલકુલ કપડાં વગરની નહિ ! તેણે આખા શરીર ઉપર ઝાકળ જેવા પાતળા વસ્ત્રનો સળંગ ઝભ્ભો પહેરેલો હતો — જેવો ચિત્રોમાં દેવદૂતોએ પહેરેલો હોય છે; પણ એ ઝભ્ભો

એવો બારીક હતો કે, એ સ્ત્રીની નગ્નતાને જ તે વધુ ખુલ્લી કરતો—વધુ મોહક બનાવતો.

કરોળિયાના જાળા જેવા પડદાની પાછળનો એ ઓરડો શયન-ગૃહ હતો. એ ઓરડો બહુ વિશાળ ન હતો. તથા તેની ચોતરફ તથા ઉપર બધે વેનિશિયન અરીસાઓ જડેલા હતા. એ બધા એવી રીતે ગોઠવેલા હતા કે તે દરેકમાં ઓરડા વચ્ચેની શય્યા પૂરેપૂરી દેખાય.

એ પથારી ચાંદીની જ હતી અને તેના ઉપર પેલી સ્ત્રી સૂતેલી હતી.

તે ઘસઘસાટ ઊંઘતી હતી. એ ઓરડામાં સીધો દીવો ન હતો. સ્નાનગૃહના પ્રકાશના પરિવર્તનની ગોઠવણીથી જ એ ઓરડા-માં પ્રકાશ પેસતો હતો. જાણે એ નગ્ન સ્ત્રીની શરમથી પ્રકાશ પોતે જાણે તે ઓરડામાં સીધો પેસતાં અચકાતો ન હોય !

એ પથારીને ઉપર છત જેવું કે ચંદરવા જેવું કાંઈ જ ન હતું. એટલે એ નગ્ન સ્ત્રી આંખ ઉઘાડે તો છતમાંના અરીસાઓમાં તેને પોતાનાં હજાર હજાર નગ્ન રૂપ દેખાય.

એ પથારીની પાર સામેની બાજુએ એક બારણું હતું, જે મોર અને હંસનાં રંગબેરંગી ચિત્રો ચીતરેલો કાચ જડીને બનાવેલું હતું. પથારીના માથા આગળના ભાગ પાછળ એક ચાંદીનું મેજ હતું, જેના ઉપર અનેક મીણબત્તીઓવાળી દીપદાની હતી તથા એક પુસ્તક.

એ બધું, જોકે, ગ્વિનપ્લેઈનને નહોતું દેખાયું, — તેને તો પેલી સ્ત્રી જ દેખાઈ હતી.

તેણે એ સ્ત્રીને ઓળખી કાઢી હતી. તે ડચેસ હતી — જેણે

તેને પ્રેમપત્ર પાઠવ્યો હતો ! આખા જગતની એક જ સ્ત્રી, જે આંધળી ન હોવા છતાં, તેને ચાહતી હતી, તેને ઇચ્છતી હતી !

૩

નગ્ન સ્ત્રી જેવી શસ્ત્રસજ્જ બીજી કોઈ ન ગણાય. તેને જોવી એટલે ભારોભાર જોખમ. અને છતાં ગ્વિનપ્લેઈન તેને જોઈ જ રહ્યો.

તેણે ત્યાંથી નાસી જવા ઇચ્છ્યું ખરું. પણ તેને લાગ્યું કે તેનામાં ત્યાંથી હાલવા – ખસવાની શક્તિ નહોતી રહી.

શું તે કોઈ બેશરમ સ્ત્રી હતી ? તે કુંવારિકા હોઈ શકે ? હા, તે બંને હતી. તેના સમગ્ર સૌંદર્ય ઉપર અસ્પૃશ્યતાનો હુકમ જાણે મોટા અક્ષરે લખેલો હતો. એ અણબોટયું સૌંદર્ય હતું. નગ્ન દેખાવામાં જે નિર્લજ્જતા હતી, તે તેના પ્રતાપીપણાથી ઢંકાઈ જતી હતી.

ગ્વિનપ્લેઈન ધ્રૂજવા લાગ્યો, માત્ર પ્રશંસાના ભાવથી.

નસીબની નવાઈઓનો અંત આવવાનો હતો કે નહિ ? આજે તેના માથા ઉપર કેવા કેવા વજ્રપાતો થવા શરૂ થયા હતા ? અને એ બધાને અંતે પાછું આ સ્ત્રીનું દર્શન ! નસીબનું એ કોઈ ભયંકર કાવતરું તો નહોતું ? આ સ્ત્રીના દર્શનથી છેવટે તેને છેક અભિભૂત કરવા માટે જ, તે પહેલાંની બધી નવાઈઓમાંથી, તેને પસાર કરવામાં નહોતો આવ્યો શું ?

માણસના ચિત્તમાં બધા સંસ્કારો સુષુપ્તપણે મોજૂદ હોય છે. આપણે નિર્દોષ હોઈએ, તથા બહારના દેખાવમાં બધી રીતે પવિત્ર હોઈએ, તોપણ બધા દુર્ગુણો અજ્ઞાત રીતે આપણામાં તૈયાર બેઠેલા હોય છે.

ઝિવનપ્લેઈન ભાન ભૂલવા લાગ્યો. શૃંગારિક પ્રસાધનો–શણગાર-વસ્ત્ર વગેરે સાથે જેને જોઈ હોય તોપણ મૂઢ થઈ જવાય, તેને છેક જ નગ્ન જોવી, એટલે જાણે બચાવનાં બધાં સાધન વિનાના થઈ જવું. માણસના ચિત્તમાંની બધી અંધારી સુષુપ્ત બાજુ જાણે એકદમ જાગ્રત થઈ ઊઠે.

ઝિવનપ્લેઈન બીન્યો, ફીકો પડી ગયો, છતાં જોઈ જ રહ્યો. તે આકર્ષાતો જતો હતો; તેણે તે આકર્ષણમાંથી છટકવા હવાતિયાં મારવા માંડ્યાં. પણ તેની સામે તે શું કરી શકે? પોતાની સામે તે શું કરી શકે?

તેણે આંખો મીંચી દીધી, પણ એ મીંચેલી આંખો વધુ પાર-દર્શક બની ગઈ — તેની નજરથી તે સુંદર મોહક આકૃતિ દૂર જ ન થઈ. મોહ વસ્તુ એવી છે. પગમાં તે જાણે ખીલા જડી દે છે – એવા ખીલા કે આગળ જવું હોય તો જવા દે, પણ પાછા ફરવા માટે વધુ સખત બને! પાપના અદૃશ્ય હાથો જ ક્યાંકથી નીકળી આવીને આપણને નીચેના ઢાળ તરફ જોરથી ગબડાવવા માંડે.

તેનું મગજ જોરથી ધમધમવા માંડ્યું હતું. તેને દિશાનું ભાન પણ રહ્યું ન હતું. સમુદ્ર વચ્ચે રહેતી જળદેવીઓ ખડક ઉપર બેઠી બેઠી ખલાસીઓને જ્યારે આકર્ષવા માંડે છે, ત્યારે એ ખડકમાંનું ચુંબક પણ વહાણને એ ખલાસીઓના હાથ કરતાં વધુ જોરથી તે તરફ જ ખેંચતું હોય છે. ખડકથી હંમેશ દૂર ભાગનારો ખલાસી ખડક ઉપર બેઠેલી પેલી જળદેવી તરફ વેગે વહાણ હંકારવા પ્રયત્ન કરે છે, અને સાથે સાથે ખડકમાંનું ચુંબક પણ જહાજને તે તરફ ખેંચે છે.

ઝિવનપ્લેઈનને એ વાતનો આધાર પણ નહોતો રહ્યો કે, "હું વિદ્રૂપ છું, એટલે આ સ્ત્રી તિરસ્કારપૂર્વક મને હાંકી કાઢશે."

કારણ કે, એ સ્ત્રીએ તેને જાતે લખી જણાવ્યું હતું કે, તે તેને ચાહે છે — ઇચ્છે છે.

માણસને ગબડવાની વખતે એક એવી ક્ષણ આવે છે જ્યારે તે પોતાનું સમધારણ ખોઈ બેસે છે; અને પછી પાપ તરફ ઢળતી વૃત્તિઓપોતાનું સહેજ વજન ઉમેરી આપતાં, માણસ સીધો તે ઢાળ ઉપરથી ગબડાવવા માંડે છે.

એટલે ગ્વિનપ્લેઈન ક્યાંય સુધી ત્યાંથી ખસ્યો જ નહિ. અને પેલી સ્ત્રી જાગી ઊઠી.

"કોઈ છે કે ?" એણે મધુર ગંભીર અવાજે કહ્યું.

ગ્વિનપ્લેઈને એનો મધુર અવાજ પહેલી વાર સાંભળ્યો. એનાથી તો એનું રહ્યુંસહ્યું ભાન પણ લુપ્ત થઈ ગયું.

પેલીએ પછી પેલા અરીસાવાળા બારણા ઉપર બેત્રણ ટકોરા માર્યા અને પૂછ્યું, "લૉર્ડ ડેવિડ, તમે આવ્યા છો કે ? કેટલા વાગ્યા હશે ? બાર્કિલફેડ્રો, તું છે કે ?"

પેલી સ્ત્રી એ બારણા બાજુથી પાછી ફરી.

"તો કોઈ સ્નાનગૃહમાં છે ? કેમ કોઈ જવાબ આપતું નથી ? ના, ના, પણ એ બાજુથી તો કોઈ આવી શકે જ નહિ."

તેણે ચાંદીનો પડદો ઉપાડ્યો અને સ્નાનગૃહમાં પ્રવેશ કર્યો.

ગ્વિનપ્લેઈનને જાણે મૃત્યુની ટાઢ ચડી ગઈ. હવે ક્યાંય નાસી જવાય કે છુપાઈ જવાય તેમ હતું જ નહિ. નીચેની ફરસ જો ફાટી ગઈ હોત, તો તે ખુશીથી તેમાં ઊતરી પડ્યા હોત.

પેલીએ તેને જોયો.

તેને અત્યંત આશ્ચર્ય થયું. પણ તે જરાય ચોંકી નહિ. કંઈક સંતોષ તથા તિરસ્કારના ભાવથી તેણે પૂછ્યું, "શું ! ગ્વિનપ્લેઈન !"

અને પછી તરત ચિત્તાની પેઠે લપકીને તેણે પોતાના બંને હાથ તેના ગળાને વીંટાળી દીધા.

થોડી વાર બાદ ગ્વિનપ્લેઈનને ખભેથી પકડીને તેણે પોતાની મારક આંખો તેની આંખોમાં પરોવી, એની એક ભૂરી અને એક કાળી આંખ સામે જોતાં જોતાંમાં જ ગ્વિનપ્લેઈનને કેફ ચડી ગયો. પણ પેલીની પણ સરખી જ વલે હતી. તે બોલી, "શાબાશ! તમે અહીં પણ આવી પહોંચ્યા! તમને ખબર પડી હશે કે મારે લંડન છોડી અચાનક ચાલ્યા જવું પડયું. એટલે તમે પાછળ પાછળ અહીં આવ્યા. વાહ, બહુ સરસ!"

ગ્વિનપ્લેઈન કોઈ અગમ્ય ડરનો માર્યો એકાદ ડગલું પાછો પડ્યો. પરંતુ તેના ખભાને વળગેલા ગુલાબી નખો જરા પણ ચસ્યા નહિ.

ડચેસે આગળ ચલાવ્યું – "પેલી ઍન, મૂરખી, તમે જાણો છો ને, – પેલી રાણી, તેણે મને કોણ જાણે શાથી વિન્ડસર બોલાવી લીધી. હું અહીં આવી ત્યારે એ તો તેના પેલા બેવકૂફ ચાન્સેલર સાથે ઓરડામાં ભરાઈ વાતો કરતી હતી. એટલે એણે મને સવારે સંદેશો મોકલવાનો વાયદો કહેવરાવી રવાના કરી. હું અહીં મારા મકાનમાં આવી સૂઈ ગઈ. પણ તમે અહીં શી રીતે મારી પાછળ પાછળ આવ્યા? એનું નામ તે મરદ માણસ! વિઘ્નો? મરદને વળી વિઘ્નો શાં? અને તેય પ્રેમિકા પાસે પહોંચવામાં! પણ તમે મારું નામ પૂછીને તપાસ કરી હશે ને? તમે મારું નામ ડચેસ જોસિયાના છે, એ જાણતા હતા? તમને આ ઓરડામાં કોણ લાવ્યું? કોઈ હજૂરિયો જ લાવ્યો હશે. એને હોશિયાર કહેવો જોઈએ. પણ બધી વાત મને શરૂથી માંડીને કહો જોઉં. ના, ના, મારે એ બધું કંઈ સાંભળવું નથી. કોઈ વસ્તુ શી રીતે બની એ જાણી લઈએ એટલે તેનો ચમત્કાર જતો રહે. તમે વાદળ ઉપર

ચડીને આકાશમાર્ગે અહીં આવ્યા, એમ માનવું જ વધુ સારું. તમે દેવની પેઠે આકાશગામી તથા ગમે તે દ્વારમાં પ્રવેશ કરી શકો તેવા ચમત્કારી શક્તિવાળા છો, એમ જ હું તો માનીશ! પ્રિયતમ, આજથી તમે જ મારા પ્રેમી છો, એ નક્કી જાણજો!"

ડચેસે થોડું થોભીને પાછું ઉમેર્યું, "તમે અહીં આવ્યા, એ જ વસ્તુ પુરવાર કરે છે કે, તમારે ને મારે એકબીજાના પ્રેમમાં પડવું, એ જાણે કુદરતે જ નક્કી કરેલું છે. નહિ તો આપણે બે આવાં — આટલાં દૂર રહેનારાં, તેમને કોણ કેવી રીતે મેળવી આપે? બસ, એટલે આપણું મિલન એ કોઈ જેવીતેવી મામૂલી વસ્તુ નથી. એ તો અલૌકિક રીતે નિયત થયેલી વસ્તુ છે! મેં તમને પહેલી વાર જોયા ત્યારે જ હું જાણી ગઈ હતી કે, તમે જ મારા સ્વપ્નના સાથી છો. અને તેથી જ મેં તમને વગર માગ્યે મારો પ્રેમ આપ્યો હતો — લખી જણાવ્યો હતો.

"વાહ, પણ તમે ઉમરાવનો પોશાક પહેર્યો છે ને! પણ તમારું નટ-ભાંડ-બહુરૂપિયા લોકોનું તો એ કામ જ છે ને! છતાં, તમારું મોં બાદ કરીએ તો તમારું બાકીનું શરીર ખરેખર ઉમરાવ-જાદાને છાજે તેવું ઘાટીલું છે, હોં! એ બાકીના શરીરનો તો ઘણી સામાન્ય સ્ત્રીઓ પણ લોભ કરે: પણ તમારા વિદ્રૂપ મોંનો તો હું જ લોભ કરી શકું! પણ તમે ક્યારે આવ્યા? તમે મને નગ્ન સ્થિતિમાં સૂતેલી જોઈ હતી? હું સુંદર છું, ખરું ને? હું નાહવા જ જતી હતી. તમે મારો પત્ર જાતે વાંચ્યો હતો? તમને વાંચતાં આવડે છે? તમારો અવાજ મને નથી ગમતો. તમારા વિદ્રૂપ મોં જેવો તમારો અવાજ વિદ્રૂપ નથી. એટલી વસ્તુ જ મને નથી ગમતી. બાકીની તમારી બધી બાબતો અનોખી છે. જંગલીઓ તો તમને દેવ તરીકે જ પૂજે. તમારું આ હાસ્ય સાથે લઈ ને તો તમે નહિ જ જન્મ્યા હો. એ કોઈ સજા તરીકે કરવામાં આવેલું

વાદ-કામ છે. અને હું આશા રાખું છું કે, તમે એ કારમી સજાને લાયક કોઈ ગુનો ખરેખર કર્યો હશે. એથી જ તમે મને ગમો છો; આવો, મને બરાબર દબાવીને ભેટો. કોઈ રાક્ષસ દબાવે તેમ ! મને બધા ખૂબ માન આપે છે, અને મારી ખૂબ પ્રશંસા કરે છે. મને એ વાતનો કંટાળો આવ્યો છે. તમે તો મને ખૂબ તિરસ્કારજો. સ્ટુઅર્ટ વંશની હું રાણીથી બીજે નંબરે ગણાઉં. એટલે જ તમારા જેવો છેક નીચલી કક્ષાનો તુચ્છ પ્રાણી મને પકડે, પોતાની કરે, એ વસ્તુથી મને પરમ સંતોષ થશે. હવે જાણે હું નિરાંતનો શ્વાસ લઈ શકું છું. મારા ખાનદાનની બલામાંથી છૂટી થઈ એટલે મને કેટલી મુક્તતા લાગે છે ? ખરેખર, કોઈ પણ વસ્તુ તોડીફોડી નાખવી, દરેક વસ્તુ ઊલટપાલટ કરી નાખવી, એનું નામ જ ખરું જીવન. એટલે ફરીથી સાંભળો, હું તમને – તમને એક વિરૂપ રાક્ષસને, ચાહું છું—પ્રેમ કરું છું, સમજ્યા ? ”

આટલું બોલતી બોલતી તે પાછી જરા પાછી ખસી, તથા થોડું હસીને બોલી : “વાહ, સ્વર્ગનું અમૃતફળ મારે નથી ખાવું; મારે તો છેક નરકનું ફળ મારા દાંતથી કરડવું છે. મારામાં એ કામના છે, એ તૃષ્ણા છે. મારે ભ્રષ્ટતાના ખાડામાં સબડવાની મજા જોઈ એ છે : વાહ, મેં કોઈ પુરુષને હજી સુધી મારી પાસે ઢૂંકવા દીધો નથી અને મેં મારી જાતને અક્ષત રાખી હતી, તે તમારા જેવાને અર્પણ કરવા માટે ! વાહ કેવી મજા ! કેવું ગૌરવ ! મને લાગ્યા જ કરતું હતું કે, મારામાં અસાધારણ સાહસો કરવાનું સામર્થ્ય છે — જે સાહસો દિવસે કોઈથી સાંભળી શકાય પણ નહિ ! પણ હું બહુ ઘણું બોલ્યા કરું છું; તમને તો એ કશું સમજાતું પણ નહિ હોય; બિચારો છોકરડો, નટ-ભવૈયો, તેને મારા ખાનદાન હૃદયની તમન્નાઓ – કામનાઓનો શો ખ્યાલ આવે ? તમને તો જુઓ આટલું જ સમજાશે–” એમ કહી તેણે ખૂબ જોરથી ગ્વિનપ્લેઈનને ચુંબન કર્યું અને દાંત બેસાડ્યા. પછી તેણે કહેવા માંડ્યું–

"જુઓ, જુઓ, મારું હૃદય પથ્થરનું છે; પણ એ પથ્થર પણ કેવા? હંટલી નેબ રૉક આગળ સમુદ્રમાં થતા — જેમને ફોડે એટલે અંદરથી સાપ નીકળે. એ સાપ એટલે મારો પ્રેમ. અને મારો પ્રેમ કેટલો બધો પ્રબળ છે કે તમને છેક ઊંડા ખાડામાંથી અહીં ઉપાડી લાવ્યો! મારી અને તમારી વચ્ચે કેટલું મોટું અંતર છે? છતાં હું તમને ખેંચી લાવી શકી. બસ, હવે મને પકડો અને ધૂળ-ભેગી કરો! મારી વિપરીતતાનો પાર નથી. આકાશમાંના તારાને પકડી કાદવમાં રગદોળો, તો જ તમે મને બરાબર સંતોષ આપી શકો! તમે બહારથી વિરૂપ છો, તો હું અંદરથી વિદ્રૂપ છું. આવી બે વિદ્રૂપતાઓ ભેગી થાય ત્યારે જ ચરિતાર્થ થાય. વિદ્રૂપતાઓ વચ્ચે જ સાચો પ્રેમ સંભવી શકે!"

આટલું કહી તે બાળકની પેઠે ખુલ્લા મનથી હસી પડી. પછી પાછી તેના કાન પાસે પોતાનું મુખ લઈ જઈને બોલી, "તમારે કોઈ ગાંડી સ્ત્રી જોવી છે? તો મને જ જુઓ તો!"

અને ખરે જ હવે જોસિયાના પાગલ જ બનતી જતી હતી. તે ઉત્તેજનામાં આવી જઈને બોલવા લાગી — "જુઓ, હું રાજ-સિંહાસનની અધિકારિણી છું, અને તમે છો રંગમંચના અધિકારી. છતાં આપણે બંને એકસરખી ભૂમિકા ઉપર આવી જઈએ. ઊંચેથી હું નીચે પડું તો મને કેટલું બધું સુખ થાય! અને મારું પતન પાછું આખી દુનિયાએ જાણવું જોઈએ. તમને ખબર છે? દુનિયા જેમ મને વધુ તિરસ્કારશે, તેમ મને વધુ વખાણશે — વધુ નમશે! માનવજાત જ એવી પામર છે — તુચ્છ છે. તેની આગળ તો તેનાં આંતરડાં ઊંચાં આવી જાય એવું અધમ આચરણ કરીએ, તો જ તે વધુ માન આપે. કંઈક સારું કામ કરો, તો તો તે તુચ્છકારે — અથવા ઈર્ષ્યા કરે! જુઓને રાજાજીની હું રખાતની પુત્રી છું. છતાં મારું માન રાજાજીની કાયદેસરની પુત્રી કરતાં વધુ છે. તમે મારા

આખા મહેલને ભોગવજો — મારા બાગબગીચાઓમાં એવી કુંજ-ગલીઓ છે જેમાં હું સંતાઉં, તો મને શોધી કાઢજો ! મને પકડીને મારા કીમતી પોશાકો સાથે જ ઝરણામાં ઝબકોળજો. હું તો એવી અનોખી દેવી બનવા માગું છું કે, જ્યુપિટર–ઇન્દ્ર આવીને મારા પગને ચૂમે, તોપણ મારી નજર ન પામી શકે; અને સેતાન મારા મોં ઉપર થૂંકે, તોપણ હું તેને આવકારવા તેની પાછળ ભટકું ! એટલે કહું છું મારું અપમાન કરજો, મને મારજો, મને તુચ્છમાં તુચ્છ ગણીને મારી સાથે વર્તજો. તો જ તમે મારો અનહદ પ્રેમ પામી શકશો. હે ક્રૂર ! હે વિદ્રૂપ, તમે મારા સર્વસ્વ છો."

ખરે જ ! આ સ્ત્રીની પાસે અત્યારે ઊભવું એટલે સિંહની બોડમાં જઈને તેને છંછેડીને ભરખાઈ જવું ! એના કોમળ હાથ અને તેના ભયંકર નહોર ! એનામાં પ્રાણઘાતક લીલા અત્યારે પ્રગટી ઊઠી હતી. તે વધુ ભારપૂર્વક બોલી ઊઠી, "હું તમને ચાહું છું; મારું આખું અંતર ભરીને ચાહું છું ! તમે જોઈ શકતા નથી ?" અને તેણે ઊછળીને ફરીથી ગ્વિનપ્લેઈનને તીખું ચુંબન કર્યું — દાંત બેસાડીને.

ગ્વિનપ્લેઈન આખો ને આખો કામનાની આગમાં સળગવા લાગ્યો.

અચાનક એક મધુર અવાજ તેમની પાસે જ રણક્યો. ખૂણામાં-ની ટોકરી રણકતી હતી. ડચેસે તરત જ એ તરફ મોં ફેરવ્યું અને કહ્યું, "એ રાણીને મારું શું કામ પડયું, વળી ?"

તરત જ રાજમુગટવાળી એક ચાંદીની તખતી કળના અવાજ સાથે ઊઘડી, અને અંદર ભૂરા મખમલથી મઢેલો નાનોશો ટાવર –ઘૂમટ ખુલ્લો થયો. તેમાં સોનાની તાસકમાં એક પરબીડિયું મૂકેલું દેખાતું હતું.

એ પરબીડિયું ખાસું મોટું અને ચોખંડું હતું તથા તેના

ઉપરનું લાલ સીલ એકદમ દેખાય તે રીતે મૂકેલું હતું. લાલ સીલ એટલે રાણીજીનું સીલ.

સ્નાનગૃહના જે સોફા ઉપર એ બંને બેઠેલાં હતાં ત્યાંથી હાથ પહોંચે એટલે દૂર જ એક તખતી ઊઘડી હતી. ડચેસે એ બાજુ જરા ઢળીને હાથ લંબાવ્યો, અને બીજો હાથ ગ્વિનપ્લેઇનના ગળાની આસપાસ વીંટાળીને ટેકો લીધો. ટોકરી હજુ રણક્યા કરતી હતી.

લંબાવેલા હાથે તેણે પેલો કાગળ ઉપાડી લીધો અને પેલી તખતીને પાછી ધકેલી વાસી દીધી. તરત પેલી ટોકરી રણકતી બંધ થઈ.

ડચેસે લાલ સીલ તોડયું અને પરબીડિયું ઉઘાડયું. તેમાંથી ગડી કરેલા બે કાગળ કાઢી ખાલી પરબીડિયું ગ્વિનપ્લેઇનના પગ પાસે નાખ્યું.

પરબીડિયા ઉપર : પ્રતિ, નામદાર ડચેસ જોસિયાના એવું સરનામું લખેલું દેખાતું હતું.

ગડી કરેલા બે કાગળોમાં એક ઉપર ચાન્સેલરીનું લીલું સીલ હતું. ઉમરાવ લોકોનું સીલ લીલા રંગનું હોય. બીજો કાગળ નાનો હતો. ડચેસે કંટાળો દર્શાવવા હોઠ લાંબા કર્યા : "એ રાણી વળી બેઠી બેઠી શાના કાગળો મોકલે છે ? એ સ્ત્રી લોકોનો આનંદ બગાડવા જ જન્મી છે !"

પેલી નાની ચિઠ્ઠી રાણીના હસ્તાક્ષરમાં જ હતી. ડચેસે ગ્વિનપ્લેઇનને પૂછ્યું, "તમને વાંચતાં આવડે છે ?"

ગ્વિનપ્લેઈને હા કહી એટલે તરત ડચેસ બોલી ઊઠી, "રાણી મને શું લખે છે, તે તમે જ મને વાંચી સંભળાવો. તમારાથી મારે કશું છાનું નથી."

ગ્વિનપ્લેઈને પેલો કાગળ તેના હાથમાંથી લીધો અને લાગણીથી ધ્રૂજતા કંઠે વાંચી સંભળાવ્યો —

" મૅડમ,

આ સાથે, અમારા સેવક અને ઇંગ્લૅંડના રાજ્યના લૉર્ડ-ચાન્સેલરે પ્રમાણિત કરેલો અને સહી કરેલો આ ખરીતો નકલ રૂપમાં મોકલાવતાં અમને આનંદ થાય છે. તેમાં અગત્યની એ બાબત દર્શાવવામાં આવી છે કે, લૉર્ડ લિનિયસ ક્લૅન્ચાર્લીના કાયદેસર પુત્ર મળી આવ્યા છે. મદારીઓ અને ભાંડ-ભવૈયાઓના ટોળા સાથે ગ્વિનપ્લેઈન નામ હેઠળ ભટકતા તેમને ઓળખી કાઢવામાં આવ્યા છે. તેમને ઘણી નાની વયમાં ઉપાડી જઈ આ રીતે છુપાવી દેવામાં આવ્યા હતા.

"રાજ્યના કાયદા પ્રમાણે તથા તેમના વારસાહકને આધારે લૉર્ડ ફર્મેઇન ક્લૅન્ચાર્લીની લૉર્ડ લિનિયસના પુત્ર તરીકે આજે ઉમરાવ-સભામાં પુનઃસ્થાપના કરાશે. ક્લૅન્ચાર્લી અને હંકરવિલની જે જાગીરો તમારે નામે ચડાવવામાં આવી છે, તે તમારે હસ્તક કાયમ રહે, તે માટે શુભેચ્છાપૂર્વક અમે લૉર્ડ ડેવિડ ડિરી-મોઇરને બદલે તમારા પતિ તરીકે લૉર્ડ ફર્મેઇનને ગોઠવી આપીએ છીએ. અમે તેમને તમારા મુકામ કૉર્લિયો લૉજમાં તેડાવી મંગાવ્યા છે. એટલે રાણી તથા બહેન તરીકે અમે હુકમ કરીએ છીએ અને ઇચ્છીએ છીએ કે, આજ સુધી ગ્વિનપ્લેઈન નામે ઓળખાતા લૉર્ડ ફર્મેઇન ક્લૅન્ચાર્લી તમારા પતિ બને, અને તમારે તેમની સાથે લગ્ન કરવું. અમારી શાહી મરજી એ મુજબ છે, એની તમને જાણ થાય."

ગ્વિનપ્લેઈન આ બધું શબ્દે શબ્દે ધ્રૂજતાં ધ્રૂજતાં વાંચી રહ્યો હતો, ત્યારે ડચેસ એકદમ સોફા ઉપરથી ઊભી થઈ જઈ, ફાટેલી આંખે બધું સાંભળી રહી હતી.

ગ્વિનપ્લેઇને વાંચવાનું પૂરું કર્યું, તેની સાથે ડચેસે બીજો કાગળ ઉપાડીને જોયો, તો તેમાં મેટ્રુટિના જહાજના માણસોએ

કરેલી કબૂલત વગેરેનો અહેવાલ હતો અને તેના ઉપર સાઉથવર્કના શેરીફ અને લોર્ડ-ચાન્સેલરની સહી હતી.

તેણે તે અહેવાલ વાંચી લીધો અને પછી રાણીનો સંદેશો ફરીથી વાંચ્યો. પછી તે બોલી, "ભલે."

ત્યાર બાદ શાંતિથી ગ્વિનપ્લેઈનને આંગળી વડે બહારની ગેલરી બતાવીને તેણે કહ્યું: 'બહાર ચાલ્યા જાઓ.''

ગ્વિનપ્લેઈન મડદા જેવો થઈ ને સ્થિર ઊભો રહ્યો.

ડચેસે પૂરી ટાઢાશ સાથે કહ્યું: "કારણ કે, હવે તમે મારા પતિ બનો છો; માટે હવે મારા કમરામાંથી બહાર જાઓ."

ગ્વિનપ્લેઈનને હજુ ચૂપ ઊભેલો જોઈ તે બોલી: "તમને અહીં ઊભા રહેવાનો જરાય હક નથી; અહીં તો મારા પ્રેમીનું સ્થાન છે, પતિનું નહિ!"

છતાં ગ્વિનપ્લેઈન ન ખસ્યો, એટલે તે બોલી: "ઠીક ત્યારે, હું ચાલી જાઉં છું."

અને તુમાખીપણાની ચેષ્ટા સાથે તે ત્યાંથી બહાર ચાલી ગઈ.

૩
ટોમ-જિમ-જેક

ડચેસ પોતાનો તિરસ્કાર કરીને ચાલી ગઈ, તે પછી ગ્વિન-પ્લેઈન એકલો ત્યાં જ વિચારમગ્ન થઈ બેસી રહ્યા.

વીશીમાં મળેલા ડચેસના કાગળથી માંડીને અત્યાર સુધીની બધી બાબતો તેના મનનાં ઘૂમવાળા લાગી.

અચાનક કોઈ માણસનાં પગલાં પાસે આવતાં સંભળાયાં, અને ડચેસની પથારી પાછળનું સચિત્ર અરીસાવાળું બારણું ઊઘડયું. એક પુરુષ પ્રાચીન ફ્રેંચ ગીત ગાતો ગાતો અંદર પેઠો. તે પુરુષની કમરે તલવાર હતી તથા નૌકાસૈન્યની વર્દીનો ભવ્ય પોશાક તેણે ધારણ કર્યો હતો.

ગ્વિનપ્લેઈન ચોંકીને એકદમ ઊભો થઈ ગયો. બંને એકબીજાને ઓળખી બોલી ઊઠયા :

"ગ્વિનપ્લેઈન !"

"ટોમ-જિમ-જેક !"

"ગ્વિનપ્લેઈન, તું અહીં શી રીતે આવ્યો ?"

"ટોમ-જિમ-જેક, તું અહીં શી રીતે આવ્યો ?"

"હાં, હાં, જોસિયાનાનો તરંગ ! તારા જેવા નટ-ભવૈયાને બોલાવવાનું તેને મન થાય જ. પણ અહીં આવવા માટે તારે આ સુંદર પોશાકમાં જાત છુપાવવી પડી, ખરું ?"

"તારે પણ અહીં આવવા આ પોશાકમાં તારી જાત છુપાવવી પડી, ખરું ને, ટોમ-જિમ-જેક ?"

"હું, પ્રશ્નોના જવાબ આપતો નથી, ગ્વિનપ્લેઈન."

"હું પણ, તને જવાબ આપવા બંધાયો નથી, ટૉમ-જિમ-જૅક!"

"ગ્વિનપ્લેઈન, મારું નામ ટૉમ-જિમ-જૅક નથી."

"ટૉમ-જિમ-જૅક, મારું નામ ગ્વિનપ્લેઈન નથી."

"ગ્વિનપ્લેઈન, હું અહીં મારા ઘરમાં છું."

"હું પણ અહીં મારા ઘરમાં છું, ટૉમ-જિમ-જૅક."

"જો, મારા ચાળા ના પાડીશ ! નહિ તો મારી પાસે તરવાર છે, હરામી !"

ગ્વિનપ્લેઈન એકદમ ફીકો પડી ગયો. તેણે કહ્યું—

"તારી જાતને માટે જે વિશેષણો વાપરવાં હોય તે વાપરજે; મારા આ અપમાન બદલ તારે મને સંતોષ આપવો પડશે."

"તારા ગ્રીન-બૉક્સના વાડામાં, મુક્કાઓ વડે જેટલો જોઈએ તેટલો સંતોષ તને જરૂર આપીશ."

"અહીંયાં, તરવારથી મને સંતોષ આપવો પડશે."

"બેટા ગ્વિનપ્લેઈન, તરવાર તો અમીર-ઉમરાવની ચીજ છે. હું તરવારથી સરખા કોટિનાઓ સાથે જ લડી શકું. એટલે ટૅડ-કૅસ્ટર વીશી આગળ ટૉમ-જિમ-જૅક રૂપે હું ગ્વિનપ્લેઈન સાથે મુક્કા-બાજીથી તેને જરૂર સંતોષ આપીશ; પણ અહીં વિન્ડસરમાં તો વાત જુદી છે: હું રિયર-ઍડમિરલ છું, એટલું જાણી રાખ."

"અને હું ઈંગ્લેંડનો ઉમરાવ છું, એ તું જાણી રાખ."

હવે ટૉમ-જિમ-જૅક હસી પડ્યો. તે બોલ્યો, "હા, હા, તું નટ-ભવૈયો-બહુરૂપિયો છે, એટલે તું તો રાજા પણ બની શકે. તું આથેન્સનો ડ્યૂક છે, એમ કહીશ તોપણ મને વાંધો નથી."

“હું ઇંગ્લેંડનો ઉમરાવ છું અને આપણે લડી લેવું જોઈએ.”

“અલ્યા, હવે આ નાટક લાંબું ચલાવવાનો મને કંટાળો આવે છે. મારી સાથે વધુ જીભાજોડી ન કરીશ; નહિં તો અબઘડી તને બંધાવીને ફટકા મરાવીશ. મારું નામ લૉર્ડ ડેવિડ ડિરી-મોઇરિ છે.”

“અને મારું નામ લૉર્ડ ક્લેન્ચાર્લી છે.”

લૉર્ડ ડેવિડ ફરી હસી પડચો.

“ખરી વાત! જોસિયાનાના પ્રેમી થવા એ નામ જ ધારણ કરવું પડે. હવે હું તને માફ કરું છું. શાથી? સમજ્યો? કારણ આપણે બંને ડચેસ જોસિયાનાના પ્રેમીઓ છીએ.”

પણ તરત જ ગૅલરી તરફથી એક અવાજ આવ્યો :

“આપ બંને પતિ કહેવાઓ, લૉર્ડ બહાદુરો.”

બંને જણે પાછા ફરીને જોયું.

“બાર્કિલફેડ્રો!” લૉર્ડ ડેવિડ નવાઈ પામી બોલી ઊઠચો.

પેલાએ બંને ઉમરાવોને નીચા નમી નમન કર્યું.

તેનાથી થોડાં ડગલાં પાછળ એક કાળી છડીવાળો માણસ આદરભાવ બતાવતી ગંભીર કડક મુખમુદ્રા સાથે ઊભો હતો. તે હવે આગળ આવ્યો અને ગ્વિનપ્લેઇનને ત્રણ વાર નમન કરી બોલ્યો :

“લૉર્ડ, હું આપ નામદારને નામદાર રાણીજીની આજ્ઞા મુજબ તેડવા આવ્યો છું.”

૪

ઉમરાવ-સભામાં

૧

રાણીએ પોતાની બહેન પ્રત્યેનો પ્રેમ બરાબર દિલેરીથી દાખવવા માંડ્યો હતો. ગ્વિનપ્લેઈનને ઉમરાવ-સભામાં વિધિસર પ્રવેશ કરાવવા માટે તેડી જવા રાણીએ પોતાનો ખાસ રસાલો મોકલ્યો હતો; અને મહા-છીપ ધારના ઘોડાગાડી. લૉર્ડ ક્લેન્ચાર્લીની વર્દી પહેરેલા અનુયાયીઓ ભપકાબંધ પોશાકમાં તો હતા જ.

ઉમરાવ-સભાની તે દિવસની બેઠક રાતે મળવાની હતી. ઇંગ્લૅંડમાં પાર્લમેન્ટરી જીવનને રાજીખુશીથી નિશા-જીવન કરી મૂકવામાં આવે છે.

બ્રેન્ટફર્ડ મુકામેથી રાણીની ઘોડાગાડી પાછી ફરી. હવે ચાર ઘોડાવાળી કાચબા-પીઠ ઘોડાગાડી, ગ્વિનપ્લેઈનને લઈને, પગે ચાલવા-ની ઝડપે જ આગળ વધવા લાગી. જાણી જોઈને આ ઢીલ કરવામાં આવી રહી હતી.

કિંગ્સ-ગેટ આવતાં ગ્વિનપ્લેઈન ઘોડાગાડીમાંથી નીચે ઊતર્યો. કાળા દંડવાળો માર્ગદર્શક ગ્વિનપ્લેઈનને બધો વિધિ સમજાવતો હવે આગળ લઈ ચાલ્યો.

થોડે આગળ પંક્તિબંધ ઊભેલા ૭-૭ કર્મચારીઓની પહેલી ઓળખ કરાવવામાં આવી.

પહેલી પંક્તિના ૭ કર્મચારીઓ વિજ્ઞાપન-અધિકારી હતા. તેમાંનો પ્રથમ ઉમરાવોની સ્મશાનયાત્રાનો નિયમન-અધિકાર ી પ હતો; અને બીજો દફન-અધિકારી. બીજી પંક્તિમાં ડ્યૂકો માટેના

વિજ્ઞાપન-અધિકારીઓ હતા. એ બધાએ લૉર્ડ ક્લૅન્ચાર્લીને નમન કર્યું અને તેમની સેવા શિરોધાર્ય હોવાનું નિવેદન કર્યું.

પછી તે વિજ્ઞાપન-અધિકારીઓ માનપૂર્વક ગ્વિનપ્લેઇનને દોરીને આગળ ચાલ્યા.

જુદા જુદા ઓરડાઓમાં જુદા જુદા હોદ્દેદારો બેઠેલા હતા. તે બધા નમન કરે, ત્યારે માત્ર પોતાની હૅટની કિનારને અડકીને જ તેમનું નમન પાછું વાળવાની સૂચના ગ્વિનપ્લેઇનને આપી દેવામાં આવી હતી.

ચાન્સેલર ઑફ ધ એક્સ્ચેકરના ઓરડા આગળ હિસાબનીસો, ટંકશાળ-અધિકારી, વગેરે આઠ જણે ગ્વિનપ્લેઇનને નમન કર્યું.

ત્યાર પછી જુદા જુદા વહીવટી કારભારીઓ, સેક્રેટરીઝ ઑફ સ્ટેટ, વગેરે બધાનાં ઓળખ-વંદન ઝીલતો તે આગળ ચાલ્યો.

પછી છેવટે ઇંગ્લૅંડના ઉમરાવોનો ખાસ છડીદાર આવ્યો. તેની પાસે બે ઉમરાવો ઊભા હતા — બે બૅરનો. તેમને લૉર્ડ ચાન્સેલરે ઉમરાવ-સભામાં લૉર્ડ ક્લૅન્ચાર્લીને રજૂ કરવાનું કામ સોંપ્યું હતું. પહેલો લૉર્ડ ફિટ્ઝવૉલ્ટર, જે બૅરનોની પંક્તિમાં છઠ્ઠી બેઠકનો હકદાર હતો. અને બીજો લૉર્ડ ઍરુન્ડેલ, જે ૩૮માં બેઠકનો હકદાર હતો.

પેલા બંને જણ ગ્વિનપ્લેઇનને વચ્ચે રાખી આગળ ચાલ્યા. છડીદાર તેમની આગળ ચાલતો હતો.

આગળ જતાં શસ્ત્રસજ્જ સૈનિકોની ટુકડી આવી. તેણે નવા ઉમરાવને શસ્ત્રો વડે નમન કર્યાં.

હવે એ સરઘસ એક ભપકાબંધ દ્વાર આગળ જઈ પહોંચ્યું. તેને બારણાં એવાં ભવ્ય હતાં કે જાણે સોનાનાં હોય એમ જ લાગે. એ ઇંગ્લૅન્ડના લૉર્ડ-ચાન્સેલરના કમરાનું દ્વાર હતું. એ કમરામાં જુદા જુદા કર્મચારીઓ તેમના ભવ્ય પોશાકમાં હતા. ત્યાં વિધિસર

ગ્વિનપ્લેઈનનું નામ રજિસ્ટરમાં ઉમરાવ-સભામાં હાજરી આપવાના આમંત્રણ સાથે દાખલ થયું. તેની કમરે તરવાર બાંધવામાં આવી તથા પાર્લમેન્ટનો ખાસ ઝભ્ભો તેને પહેરાવવામાં આવ્યો. અને લૉર્ડ-ચાન્સેલરે તાજના રજિસ્ટરમાં અને પાર્લમેન્ટના રજિસ્ટરમાં સહી કરીને ઊભા થઈ ને કહ્યું, "લૉર્ડ ફર્મેઈન ક્લેન્ચાર્લી, બૅરન ક્લેન્ચાર્લી, બૅરન હંકરવિલ, માર્ક્વિસ ઑફ કૉર્લિયોં–ઇટાલી, આપનું ગ્રેટ બ્રિટનના આધ્યાત્મિક અને લૌકિક ઉમરાવોમાં સ્વાગત કરીએ છીએ."

પછી ઉમરાવ-સભાનું દ્વાર ખોલવામાં આવ્યું; અને ગ્વિન-પ્લેઈને સાઉથવર્ક જેલના બારણામાં પ્રવેશ કર્યો હતો પછી તે પૂરા છત્રીસ કલાકેય નહોતા થયા ને ઉમરાવ-સભામાં તેણે પ્રવેશ કર્યો.

૨

જૂના જમાનાઓમાં રાજાનો સમાંતર એવો ઉમરાવ-વર્ગ ઊભો થયો હતો એ છેવટે ઉપયોગી વસ્તુ નીવડી.

ઇંગ્લૅન્ડમાં પણ ઉમરાવ-સભા પ્રગતિના માર્ગમાં એક અગત્યની મજલ બની રહી. પ્રજા તરીકેની ભાવનાની એ શરૂઆત હતી. લોકોની સંગઠિતતાનો એ પ્રથમ અવતાર હતો. પ્રજા તરીકે પ્રજાકીય વિરોધની ભાવના ઇંગ્લૅન્ડમાં ઉમરાવ-સભામાં જન્મી હતી. બૅરનોએ રાજા સામે હાથયાર ઉપાડવાનાં પગરણ માંડીને છેવટે રાજાની અંતિમ પદ-ભ્રષ્ટતાનાં મંડાણ કર્યાં હતાં. જોકે ઉમરાવ-સભાએ તો ઉમરાવોના હક માટે જ લડત ચલાવી હતી; પણ અજાણમાં તેમણે રાજાની સામે નાગરિકોનો હક ઊભો કર્યો. ઉમરાવ-વર્ગ રૂપી ગીધે ગરુડના સ્વાતંત્ર્ય રૂપી ઈંડાને સેવ્યું.

આજે એ ઈંડું ફાટયું છે. અને તેમાંથી નીકળેલું ગરુડ આકાશમાં ઊંચે ઊડવા લાગ્યું છે તથા ગીધ મરવા પડયું છે.

પરંતુ આપણે ઉમરાવશાહીને ન્યાય કરવો જોઈએ. તેણે રાજાશાહી સામેના પલ્લામાં પોતાનું વજન નાખીને તેને સમતોલ રાખ્યું. રાજાઓની જાલિમશાહી સામે એ રુકાવટ રૂપ બની રહી.

આપણે તેનો આભાર માનીએ અને તેને દફન કરીએ.

૩

જૂની ઉમરાવ-સભાનું મકાન અત્યારે અસ્તિત્વમાં નથી. કોઈ પણ વસ્તુનું જૂનું કોટલું બદલાય તેની સાથે અંદરની ચીજ પણ બદલાય જ. સેનેટની સભાનું સ્થાન ચોરસ ઓરડાને બદલે ગોળ ઓરડામાં લાવો તેની સાથે એ સેનેટ પોતે જુદી વસ્તુ બની રહે. જૂની કોઈ માનુષી કે દૈવી વસ્તુ જેમની તેમ જાળવી રાખવી હોય, તો તેના કોઈ પણ ભાગને જરાય બદલવો ન જોઈએ કે બદલાવા દેવો ન જોઈએ.

ઇંગ્લન્ડના ઉમરાવો તે વખતે ન્યાયની અદાલત તરીકે વેસ્ટ મિન્સ્ટરના મોટા હૉલમાં બેસતા અને સર્વોચ્ચ ધારાકીય ચૅમ્બર તરીકે 'હાઉસ ઑફ લાર્ડ્ઝ' કહેવાતા ખાસ હૉલમાં બેસતા.

ઉમરાવ-સભાના લંબચોરસ હૉલમાં બારણાની સામેની બાજુએ ત્રણેક પગથિયાં જેટલી ઊંચી જગા ઉપર રાજસિંહાસન હતું.

રાજ-સિંહાસનની જમણી બાજુની ભીંત તરફ બેઠકની ત્રણ પંક્તિઓ બિશપો માટે હતી. અને ડાબી બાજુની ભીંત તરફ ત્રણ પંક્તિઓ ડ્યૂકો, માર્કિવસો અને અર્લ લોકો માટે હતી. એ ત્રણ વિભાગો ત્રણ પગથિયાંથી જુદા પડતા હતા. વાઇકાઉંટની બેઠક રાજસિંહાસનની સામેની બાજુએ કાટખૂણે હતી. તેની પાછળ બૅરનો માટેની બે પંક્તિઓ હતી. રાજસિંહાસનની જમણી બાજુ ઊંચી બેઠક ઉપર બે આર્ચબિશપો બેસતા: કેન્ટરબરી અને યૉર્ક. મધ્યમ ઊંચાઈની બેઠક ઉપર ત્રણ બિશપો: લંડન, ડરહામ અને વિંચેસ્ટર. બીજા બિશપો નીચી બેઠકો ઉપર બેસતા.

રાજસિંહાસનને જમણે હાથે પ્રિન્સ ઑફ વેલ્સ માટેની ખુરશી હતી. ડાબી બાજુએ રાજવંશી ડ્યૂકો માટે ફોલ્ડિંગ-ખુરશીઓ હતી. અને તેમની પાછળ પુખ્ત ઉંમરના ન થયેલા ઉમરાવો માટે પાટલીઓ હતી. તેઓ સભામાં પોતાની બેઠક લઈ શકે નહિ.

સિંહાસન અને ઉમરાવોની બેઠકોની ત્રણ બાજુની ત્રણ પંક્તિઓ વચ્ચે જે ચોખંડો ભાગ પડે, તેમાં રાજમુદ્રા ભરેલી મોટી શેતરંજી બિછાવેલી હતી. તેમાં સિંહાસનની સામેની બાજુ પાયા અને હાથા તથા પીઠ વિનાની બેઠક 'વૂલ-સૅક' ઉપર ચાન્સેલર બેસતો, બીજી વૂલ-સૅક બેઠક બિશપોની પંક્તિઓ સમક્ષ હતી તેના ઉપર કાઉંસિલર ઑફ સ્ટેટ બેસતા — તેમને બેસવાનો હક હતો, મત આપવાનો નહિ; ડ્યૂકો-માર્કિસો-અર્લો સામેની ત્રીજી વૂલ-સૅક બેઠક ઉપર સેક્રેટરી ઑફ સ્ટેટ બેસતા; વાઈકાઉંટો અને બૅરનો સામેની બેઠક ઉપર બે કારકુનો લખતા — પણ ઘૂંટણિયે પડીને,–બેસીને નહિ. વચ્ચે એક મોટા ઢાંકેલા ટેબલ ઉપર કાગળો, રજિસ્ટરો અને હિસાબી ચોપડાઓ, મોટા ખડિયાઓ, તથા ચાર ખૂણે ચાર ઊંચી મીણબત્તીઓ રહેતી.

પાર્લમેન્ટની બેઠક માત્ર દર સાત વર્ષે ફરજિયાત ભરવી પડતી. ઉમરાવો બંધબારણે ખાનગીમાં વિચારણા કરતા; કૉમન્સને જાહેરમાં બેઠક ભરવી પડતી.

ઉમરાવોની સંખ્યા અનિયત હતી. રાજા ગમે તેટલા ઉમરાવો ઊભા કરી શકતો.

અઢારમાં સૈકાના પ્રારંભકાળે ઉમરાવ-સભામાં સભ્યોની સંખ્યા ઘણી મોટી થઈ ગઈ હતી. એલિઝાબેથે ૬૫ રહેવા દીધા હતા. જેમ્સ બીજાએ તે સંખ્યા વધારીને ૧૮૮ કરી દીધી. રાણી એનના વખતમાં બિશપો સાથે ઉમરાવોની સંખ્યા ૨૦૭ થઈ હતી.

રાણીના પતિ ડ્યૂક ઑફ કંબરલન્ડને ન ગણીએ, તો ડ્યૂકોની સંખ્યા ૨૫ હતી; ૫ માર્ક્વિસો હતા; ૭૯ અર્લ હતા; ૯ વાઇકાઉન્ટો હતા; ૬૨ બૅરન હતા. ઈ. સ.૧૭૦૫માં ૨૬માંથી ૨૫ બિશપો રહ્યા હતા: ચેસ્ટરની જગા ખાલી હતી. બિશપોમાંના ઘણા બહુ મોટા ઉમરાવો હતા.

જ્યારે તાજ તરફથી કંઈ સંદેશ વિચારવાનો કે સાંભળવાનો હોય, ત્યારે આ આખું ટોળું પોતપોતાના ભવ્ય પોશાકમાં વાળની વિગો પહેરીને જમા થતું

૪

વિદ્રૂપ ગ્વિનપ્લેઇનનો ઉમરાવ-સભામાં પ્રવેશ અને સ્વીકાર કશી દખલગીરી વિના થઈ જાય તે માટે રાતની બેઠક વખતે તે વિધિ પતાવવાનું નક્કી કરવામાં આવ્યું હતું. જે બે ઉમરાવોને ગ્વિનપ્લેઇનને રજૂ કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું. તેઓ ઘરડા હોઈ આંધળા જેવા જ હતા. લૉર્ડ-ચાન્સલેરે તેમને એ કારણે જ પસંદ કર્યા હતા.

ઉપરાંત, ઉમરાવ-સભાના ઓરડામાં જ્યારે ગ્વિનપ્લેઇનને પ્રવેશ કરાવવામાં આવ્યો, ત્યારે બહુ થોડા ઉમરાવો તેમાં હાજર હતા. અને એ બધા પણ લગભગ ઘરડા હતા. બેઠકોમાં ઘરડાઓ જ સામાન્ય રીતે વખતસર આવતા હોય છે.

લૉર્ડ ચાન્સેલરે પોતાના વૂલ-સૅક ઉપર બેઠક લીધી એટલે આર્ચબિશપ ઑફ કૅન્ટરબરીએ ઊભા થઈ પ્રાર્થના કરી, અને બેઠક શરૂ થઈ.

ગ્વિનપ્લેઇનની બેઠક બૅરનો માટેની બીજી પંક્તિમાં હતી. પહેલેથી ગ્વિનપ્લેઇનના પ્રવેશવિધિ બાબત જાહેરાત કરવામાં આવી

ન હોવાથી, પાર્લમેન્ટનો કારકુન એ વિષે કંઈક ગણગણાટ કરી ગયો, તે વાતો કરતા ઉમરાવોના ઘોંઘાટમાં ક્યાંય દબાઈ ગયો.

બાર્કિલફેડ્રોએ લૉર્ડ ચાન્સેલરને અગાઉથી ગ્વિનપ્લેઈનની વિદ્રૂપતા બાબત વાત કરી હતી, પણ તે એ રીતે કે, ગ્વિનપ્લેઈન ધારે તો પ્રયત્નપૂર્વક પોતાનું હાસ્ય દેખાતું બંધ કરી શકે છે, અથવા ઓછું તો કરી શકે છે જ. ત્યારે લૉર્ડ-ચાન્સેલરે જવાબ આપ્યો હતો : અલબત્ત, ગૌરવની સાથે સૌંદર્ય હોવું જ જોઈએ; પરંતુ નસીબે કોઈ લૉર્ડને વિદ્રૂપતા બક્ષી હોય, તો તેથી તેમના હક-અધિકારને કશી આંચ શી રીતે આવે? ઉમરાવપણું અને રાજાપણું વિદ્રૂપતા તથા દુર્બળતાથી ક્યાંય પર છે.

ટૂંકમાં, બધી ગોઠવણ એવી સાવચેતી સાથે કરવામાં આવી હતી કે, ગ્વિનપ્લેઈનનો પ્રવેશ-વિધિ કશીય દખલ વિના પતી ગયો, અને તે હવે કાયદેસર – વિધિસર ઉમરાવ બની ગયો.

ધીમે ધીમે બધી બેઠકો ભરાવા લાગી. રાણીના પતિ ડ્યૂક ઑફ કંબરલૅન્ડ (ડેન્માર્કના જ્યૉર્જ) ની વાર્ષિક આવક એક લાખ પાઉન્ડ વધારી આપવાના બિલ ઉપર ચર્ચા થવાની હતી. ઉપરાંત બીજાં પણ કેટલાંક બિલ, જેમને રાણીજીએ મંજૂર રાખ્યાં હતાં, તે આજની બેઠકમાં રજૂ થવાનાં હતાં. બધા ઉમરાવો પાર્લમેન્ટના ખાસ ઝભ્ભા ઓઢીને આવ્યા હતા — જેવો ગ્વિનપ્લેઈનને ઓઢાડવામાં આવ્યો હતો. માત્ર ડ્યૂકોને સોનેરી કિનારીવાળી પાંચ સફેદ પટ્ટીઓ વધારાની હોતી, વાઇકાઉંટોને ત્રણ અને બૅરનોને બે.

બધા ઉમરાવો જૂથબંધ તથા વાતો કરતા અંદર દાખલ થતા, અને રાજસિંહાસનને નમન કરી પોતાની જગા લેતા.

અર્ધોએક કલાકમાં તો બેઠકો લગભગ ભરાઈ ગઈ.

વિન્ડસરથી આવેલા ઉમરાવો ગ્વિનપ્લેઈનની વાત લેતા આવ્યા હતા. અલબત્ત બધી વાત ગુપ્ત રાખવામાં આવી હતી, પણ ગુપ્ત રખાયેલી વાતો જ ક્યાંક ને ક્યાંકથી ફૂટી જાય છે, અને પછી જાહેર વાતો કરતાં વધુ જોરથી ફેલાઈ જાય છે. સાત વાગ્યે લંડનમાં કોઈ એ વાતથી માહિતગાર ન હતું. પણ આઠ વાગ્યે તો આખા શહેરમાં એની જ વાત લોકોની જીભે ચડી ગઈ હતી. જે ઉમરાવો વખતસર બેઠક શરૂ થતા પહેલાં આવેલા, તેઓને જ એ વાતની ખબર ન હતી. પછીથી આવેલા તો એ વાત સાંભળીને જ ગરમાગરમ થઈને આવ્યા હતા.

"સાંભળ્યું ?"

"શું ?"

"એ તે સાચું હોય ?"

"શું ?"

"લાફિંગ મૅન !"

"એટલે શું ?"

"તમને કશી ખબર નથી ?"

"ના."

"એ તો એક ભાંડ છે. ખેલ કરનારો છોકરો. એના અસામાન્ય ચહેરાને લોકો એક પેની આપીને જોવા જતા !"

"પણ તેનું શું ?"

"એટલું જ કે, એ એક પેની ટિકિટવાળા ભવૈયાનો તમારી આ ઉમરાવ-સભામાં ઉમરાવ તરીકે અત્યારે પ્રવેશવિધિ થયો !"

"તમે જ 'લાફિંગ મૅન' જેવા છો ! આવી તે વાત શું કરતા હશો ? એમ તે બને ?"

અને તરત જ કહેનારે પાર્લમેન્ટના કારકુનને નિશાની કરી પાસે બોલાવ્યો અને પોતે કરેલી વાતની સચ્ચાઈની ખાતરી કરી આપી.

બીજે ઠેકાણે એક ઘરડા ઉમરાવને જુવાન ઉમરાવ પૂછતો હતો :–

" તમે લૉર્ડ લિનિયસ ક્લેન્ચાર્લીને જોયેલા ?"

"પહેલાંના વખતમાં ? હા."

" જે સ્વિટ્ઝર્લૅન્ડમાં મરી ગયા તે ?"

" હા, હા. બરાબર ઓળખું છું, એટલું જ નહિ. અમે તો સંબંધી પણ થઈએ."

"તે ક્રોમવેલના રિપબ્લિકન પક્ષમાં જોડાયા હતા, અને પછી રાજા ચાર્લ્સ બીજાના વખતમાં પણ રિપબ્લિકન રહ્યા હતા, ખરું ને?"

"ખોટી વાત ! એ તો બહુ ઊંડી વાત છે, મહેરબાન ! હું જાણું તો ! તેમને લૉર્ડ-ચાન્સેલર થવું હતું; રાજાજીએ તેમને તે પદ આપ્યું હોત, તો તે તરત તેમના પક્ષમાં આવી ગયા હોત."

"વાહ, શી વાત કરો છો ? લૉર્ડ ક્લેન્ચાર્લી તો બહુ પ્રમાણિક અભિપ્રાયવાળા માણસ ગણાય છે."

"જાઓ, જાઓ, પ્રમાણિક અભિપ્રાય નામની ચીજ વળી કોઈ હોય છે ?"

"પણ તે સ્વિટ્ઝર્લૅન્ડમાં પરણ્યા હતા, તે વાત જાણો છો ને ?"

"હા, કાંઈક કાંઈક જાણું છું."

"અને તે લગ્નથી તેમને એક કાયદેસર પુત્ર જન્મ્યો હતો તે વાત ?"

"હા, પણ એ છોકરો મરી ગયો હતો."

"ના, તે જીવે છે."

"જીવે છે ?"

"હા, જીવે છે."

"અશકય."

'અરે સાચી વાત છે, સાબિત થયેલી વાત છે, પ્રમાણિત થયેલી વાત છે, અને તેને રજિસ્ટરમાં નોંધવામાં પણ આવી છે."

"તો પછી. એ છોકરાને ક્લેન્ચાર્લીનું ઉમરાવ-પદ વારસામાં મળશે."

"વારસામાં 'મળશે' નહિ."

"કેમ ?"

"કારણ કે, તેને તે વારસો મળી ચૂકયો છે !"

"મળી ચૂકયા ?"

"જુઓને જરા માથું ફેરવીને; બેરનોની પાટલી ઉપર આવીને એ બેસી પણ ગયો છે."

બીજા બે ઉમરાવો વચ્ચે આ પ્રમાણે વાત ચાલી :—

"પેલો બિચારો ગધેડો બન્યો !"

"કોણ ગધેડો બન્યું ?"

"ડેવિડ ડિરી-મોઇરિ."

"કેમ કરીને ?"

અને પેલી તુંબડી મળી આવવાની વાતથી માંડીને બધી વાત તેણે પેલાને કહી સંભળાવી.

થોડી વારમાં ડચેસ જોસિયાનાએ નામદાર રાણીને લખેલા ત્રણ લીટીના એક પત્રની નકલો હાથોહાથ ફરવા લાગી. તે પત્ર નીચે મુજબ હતો :

"મેડમ,

"આપે જે નવી વ્યવસ્થા વિચારી તે પણ મને પસંદ છે. હવે લોર્ડ ડેવિડને હું મારા પ્રેમી ગણીશ."—જોસિયાના.

આ પત્ર ખરો હતો કે બનાવટી તે તો કોણ જાણે; પણ સૌએ રસપૂર્વક તેને વાંચવા માંડયા.

એક જુવાન લોર્ડને એ કાગળ વધારે પડતા રસથી વાંચતો જોઈ, બીજો અર્લ તેની સામે જોઈને હસ્યો. પેલો તરત બોલ્યો, "વાહ, એ સ્ત્રીને પરણવાનું મને ગમે ખરું!"

"શું ડચેસ જોસિયાનાને પરણવાનું તમને ગમે?"

"કેમ નહિ?"

"કપાળ!"

"અરે એને પરણનારો સુખી થઈ જાય!"

"બીજા અનેક જણ સુખી થાય ખરા."

"પણ દરેક સ્ત્રીથી સુખી થનારા હંમેશાં અનેક નથી હોતા?"

"ખરી વાત છે; સ્ત્રીને મેળવીએ ત્યારે એકબીજાની એંઠી વસ્તુ જ મળતી હોય છે. નવેસર પહેલ કરનાર કોઈ હોતું જ નથી."

"આદમ બાવા કદાચ હશે."

"એ પણ નહિ; આદમનું તો નામ જ ગવાય છે; બાકી, માનવનો ખરો બાપ સેતાન જ છે; મા ઈવ ખરી."

પણ હવે રાણીના પતિનું વર્ષાસન વધારી આપવાની બાબતમાં મત આપવાનું કહેવા રાણીજીના પ્રતિનિધિ તરીકે ત્રણ કમિશ્નરો ઉમરાવ-સભામાં વિધિસર દાખલ થયા.

પ્રથમ આમની સભાએ પસાર કરેલાં અને ઉમરાવોએ મંજૂર

રાખેલાં પાંચ બિલ શાહી મંજૂરી માટે ગયેલાં તે વાંચી સંભળાવવમા આવ્યાં. પહેલું બિલ રાણીએ હેમ્પ્ટન-કોર્ટના પોતાના રહેઠાણમાં સુધારાવધારા કરાવવા ખર્ચ કરેલા દશ લાખ પાઉંડની મંજૂરીનું હતું. એ વાંચી સંભળાવીને પાર્લમેન્ટના કારકુને ખાલી રાજ-સિંહાસન તરફ વળીને નમન કર્યું.

બીજું બિલ નાગરિક-સેનામાં મફત કામગીરી બજાવવા ના પાડનારને કેદ અને દંડની સજાનું હતું.

ત્રીજા બિલમાં "આપણા પવિત્ર ધર્મની જરૂરિયાતો" પૂરી પાડવા માટે બે બિશપ-જાગીરોની આવક વગેરે વધારવાની જોગવાઈ હતી.

ચોથા બિલમાં બજેટમાં થોડા નવા કરવેરા જાહેર કરવામાં આવ્યા હતા; જેમ કે, માર્બલ-પેપર ઉપર, ભાડાની ઘોડાગાડીઓ ઉપર, બારિસ્ટરો- એટર્નીઓ- અને સોલિસિટરો ઉપર (માથાદીઠ ૪૮ શિલિંગ), કમાવેલાં ચામડાં ઉપર, સાબુ ઉપર દારૂ ઉપર, આટા ઉપર, જવ ઉપર, પશ્ચિમ તરફથી આવતાં જહાજોના માલ ઉપર (ટન દીઠ છ ફ્રાંક), પૂર્વ તરફથી આવતાં જહાજોના માલ ઉપર (ટન દીઠ અઢાર ફ્રાંક). એ બધા કરો સામે જુદા જુદા વેપાર-ધંધાવાળાઓએ વાંધો ઉઠાવ્યો હોવા છતાં, બિલમાં જણાવ્યું હતું કે, "રાજ્યની જરૂરિયાતો પ્રથમ વિચારવી જોઈએ; વેપારીઓના વાંધા તે પછી." ઉપરાંતમાં ચાલુ માથા-વેરો ચાર શિલિંગ વધારવામાં આવ્યો હતો. પાંચમા બિલમાં હૉસ્પિટલમાં દાખલ થનાર દરદીએ દાખલ થતા પહેલાં, તે મરી જાય તો તેની દફનક્રિયા માટે એક પાઉન્ડ, જમા કરાવવાનું ફરજિયાત બનાવવામાં આવ્યું હતું.

પછી લૉર્ડ-ચાન્સેલરે, રાણીજીના પતિનું વર્ષાસન એક લાખ પાઉંડ વધારી આપવાના બિલ ઉપર ઘણા દિવસ ચર્ચા થઈ ગઈ



થેમ્સ નદી ઉપરનો રહેઠાણોવાળો પુલ.

ઇંગ્લૅંડના ઘરડા ઉમરાવ–બૅરનો.

હોવાથી હવે મત-પ્રદાન કરવા વિનંતી કરી. તેણે જણાવ્યું કે, દરેક લૉર્ડનું નામ દેવામાં આવે, એટલે તેમણે ઉઠી, "રાજી" કે "ના-રાજ" એટલું બોલવાનું રહેશે; તથા તેમને પોતાના મતનાં કારણ અંગે કાંઈ બોલવું હશે તો બોલવાની છૂટ રહેશે.

કારકુન હવે એક પછી એક નામ બોલવા લાગ્યો—

" માય લૉર્ડ જૉન, બૅરન હાવે. "

એક બુઢ્ઢા ઉમરાવ ઊભો થયો અને બોલ્યો " રાજી. "

" માય લૉર્ડ, ફ્રાન્સિસ સેમુર, બૅરન . . . "

' રાજી. "

" માય લૉર્ડ જોન લેવેસોન, બૅરન . . . "

" રાજી. "

એમ ચોથું-પાંચમું-છઠ્ઠું-સાતમું નામ દેવાઈ રહ્યું એટલે આઠમું નામ આવ્યું—

" માય લૉર્ડ ફ્રેર્મેઈન ક્લેન્ચાલી, બૅરન, ક્લેન્ચાલી અને હંટરવિલ. "

ગ્વિનપ્લેઇન ઊભો થયો; તે બોલ્યો " ના-રાજ. " બધાનાં માથાં તે તરફ વળ્યાં. ગ્વિનપ્લેઈને બને તેટલી કોશિશ કરીને પોતાના હસતાં દેખાતા મોં ઉપર ગંભીરતાનો ભાવ લાવવા પ્રયત્ન કર્યો હતો. પણ તે ભાવ વધુ લાંબો વખત પોતાના મોં ઉપર તે રાખી શક્યો નહિ; અને ઊલટો તે વધુ વિદ્રૂપ દેખાવા લાગ્યો.

" એ માણસ કોણ છે ? " ચોમેરથી બુમાટો ઊઠ્યો.

" આ માણસને ઉમરાવ-સભામાં કોણે પેસવા દીધો છે ? તેને બહાર હાંકી કાઢો. "

" અલ્યા તું કોણ છે ? અહીં ક્યાંથી આવ્યો ? "

ગ્વિનપ્લેઈને જ બધાઓને જવાબ આપ્યો, "ઊંડા અંધારેથી હું આવ્યો છું અને હું દુઃખાત્મા છું. મારે તમને બે શબ્દો કહેવા છે. તમે લોકો અતિ ઊંચા આસન ઉપર ગોઠવાયા છો. ભલે, ઈશ્વરે એ માટે પણ કંઈ પ્રયોજન વિચાર્યું હશે. તમને સત્તા, વૈભવ, સુખ, પ્રભાવ, અબાધિત હકૂમત, નિર્વિઘ્ન ઉપભોગ અને બીજા બધા પ્રત્યે તદ્દન વિસ્મૃતિ પ્રાપ્ત થયાં છે. પણ તમારી નીચે કંઈક છે. એ ન ભૂલતા. તમારી ઉપર પણ કદાચ કંઈક છે. લૉર્ડ સાહેબો, હું તમને કંઈક નવા સમાચાર કહેવા આવ્યો છું, અને તે એ કે, માનવજાત નામની વસ્તુ અસ્તિત્વ ધરાવે છે."

ગ્વિનપ્લેઈન હવે કંઈક જુસ્સામાં આવી ગયો હતો. સભા સમક્ષ બોલતા હો, ત્યારે તમે સૌ શ્રોતાજનોથી ઉપરને સ્થાને આપો-આપ પહોંચી જાઓ છો. જાણે બધા આત્માઓના શિખર ઉપર. ગ્વિનપ્લેઈનના ચિત્તમાં જાણે પ્રકાશના ચમકારા ઝબકવા લાગ્યા.

આજુબાજુના કેટલાક ઉમરાવો મશ્કરીમાં બોલી ઊઠ્યા, "સાંભળો! સાંભળો!"

ગ્વિનપ્લેઈને અકળાયા વિના આગળ ચલાવ્યું—

"ઉમરાવ બહાદુરો, આપ લોકો મોટા અને તવંગર છો. બહુ જોખમકારક વાત! તમે લોકો અંધારાનો લાભ ઉઠાવી રહ્યા છો. પરંતુ, સાવધાન! પ્રાતઃકાળ નામની ચીજ છે. દિવસને આવતો રોકી શકાતો નથી. તે આવશે જ – આવી રહ્યો છે. સૂર્યને ગોફણમાં ઘાલી આકાશમાં ફંગોળતાં કોણ રોકી શકશે? સૂર્ય, એટલે માનવ-માત્રનો અધિકાર. તમે માત્ર હકદાર છો — અધિકારી નથી. ઘરનો ખરો માલિક આવીને બારણું ઠોકશે, ત્યારે શું કરશો? તમારા હકનો પિતા કોણ છે? કેવળ ખુશનસીબી. અને તમારા એ હકથી શું નીપજે છે? દુરુપયોગ. પણ ખુશનસીબી તથા દુરુપયોગ એ બંને કાયમી

ચીજ઼ો નથી. હું તમને લોકોને ચેતવવા આવ્યો છું — તમારા સુખના જોખમને પ્રગટ કરવા. તમારું સુખ બીજાના દુઃખ ઉપર ઊભું થયેલું છે. તમારી પાસે બધું જ છે; પણ એનું મંડાણ લોકોના 'કશું નહિ' ઉપર થયેલું છે.

"ઉમરાવ બહાદુરો, હું જાણું છું કે, હું બહુ નબળો વકીલ છું. પરંતુ ઈશ્વર પોતે આ દરિદ્ર લોકોનો આખરી વકીલ છે. હું તો એ ઈશ્વરના ધીમા અવાજ રૂપે આવ્યો છું. તમારે મને સાંભળવો જ પડશે, મારે જે કહેવું છે, તેના બોજથી હું લચી પડું છું. ક્યાંથી કહેવાની શરૂઆત કરવી એ મને સમજાતું નથી. તમને નવાઈ લાગે છે; મને પણ તેટલી જ નવાઈ લાગે છે: ગઈકાલે તો હું એક ગરીબ કંગાળ ખેલાડી હતો; આજે હું લૉર્ડ ક્લૅન્ચાર્લી કહેવાઉં છું. મારું ખરું નામ ગ્વિનપ્લેઈન છે. એક રાજાએ મને તમો બધામાંથી તોડીને અળગો કરી દીધો હતો. અને એનું કારણ શું હતું? કશું જ નહિ — એ રાજાની ખુશમરજી ! તમારામાંના ઘણા મારા પિતાને ઓળખતા હશે; જોકે મેં તો કદી એમને જોયા નથી. ઈશ્વર જે કરે છે તે સારા માટે જ કરે છે. મને અંધારખીણમાં ફગાવી દેવામાં આવ્યો, તેનું શું પ્રયોજન હશે? એ જ કે હું તેનું તળિયું તમો સૌ માટે જોઈ લાવું. હું એ અગાધ ઊંડાણમાં ડૂબકું મારીને આવ્યો છું, અને તળિયેથી સત્યરૂપી મોતી લાવ્યો છું. એ સત્ય તમારે સાંભળવું જ પડશે.

"ઉમરાવ બહાદુરો, દુઃખ એ કંઈ પોકળ શબ્દ નથી. દરિદ્રતા — એમાં તો હું ઊછર્યો છું. શિયાળો — હું તેમાં કંપ્યો છું. દુકાળ — મેં એનો સ્વાદ ચાખ્યો છે. તિરસ્કાર — મેં એ વેઠ્યો છે. પ્લેગ — હું તેનો ભોગ બન્યો છું. શરમ — મેં તેનું પાન કર્યું છે, અને એ બધું હું તમારી આગળ અત્યારે ઓકી બતાવવાનો છું.

"અહીં આવવામાં હું આનાકાની કરતો હતો; કારણ કે મારે અન્યત્ર મારાં કર્તવ્યો બજાવવાનાં છે, અને મારું હૃદય અહીં નથી. મારા અંતરમાં જે કંઈક ઘટના ઘટી છે, તેની સાથે તમો સૌને કશી લેવાદેવા નથી. તમે જેને રાણી કહો છો, તે સ્ત્રીના કહ્યાથી જ્યારે કાળા દંડવાળો છડીદાર મને તેડવા આવ્યો, ત્યારે મને ના પાડવાનો જ વિચાર આવ્યો હતો. પણ ઇશ્વરના ગુપ્ત હાથોનો પ્રેર્યો હું તેની આજ્ઞાનું પાલન કરવા અહીં આવી પહોંચ્યો છું. ઇશ્વરે જાણે વધારે પડતું ખાનારાઓની આગળ, ભૂખ્યાંઓની કહાણી કહી સંભળાવવા જ મને એ કંગાળોની વચ્ચે નાખ્યો હતો. માટે તમારી જાત ઉપર દયા લાવો ! તમે કેવી જોખમકારક દુનિયામાં જીવી રહ્યા છો, તેનું તમને ભાન નથી. તમે સાચી દુનિયાથી એટલા ઊંચા રહો છો કે, ત્યાંનું કશું તમને દેખાતું નથી કે સંભળાતું નથી. પણ એ બધું છે અને તમે સૌ એ ભભકતા અગ્નિ ઉપર પલાંઠી વાળીને બેઠેલા છો !"

આ વખતે લાગણીનો ઠૂમો ભરાઈ આવવાથી ગ્વિનપ્લેઇનના મોં ઉપરનો ગંભીરતાનો ભાવ દૂર થતાં તેનું વિકટ હાસ્ય સોળે કળાએ ચમકી ઊઠ્યું. તરત સભામાં ચારે બાજુ ખડખડાટ હાસ્ય ફેલાઈ ગયું. એ હાસ્ય તુચ્છકારનું – તિરસ્કારનું હતું.

"બ્રેવો, ગ્વિનપ્લેઇન !" "બ્રેવો, લાફિંગ મેન !" "બ્રેવો, ગ્રીન-બોક્સનું ભૂંગળું !" "બ્રેવો ટારિન્ઝૂ-ફીલ્ડનું કુક્કર !" "તું અહીં તારા મોંનો ખેલ બતાવવા આવ્યો છે, કેમ ? ઠીક ઠીક !" "માંળું જાનવર હસે છે કેવું ?" "લોર્ડ વિદૂષક, તમને સલામ !" "ચલાવો, આગળ ભૂંકવા માંડો !" "આ તે ઇંગ્લેન્ડનો ઉમરાવ છે ?"

લોર્ડ ચાન્સેલર જરા અકળાવા લાગ્યા.

ગ્વિનપ્લેઈન હવે છંછેડાયો. તે મોટેથી બોલ્યો — “ તો શું તમે માનવદુઃખને અપમાનિત કરવા માગો છો, કેમ ? ઇંગ્લેંડના ઉમરાવો, ચૂપ રહો ! તમે તો ન્યાય ચૂકવનારા છો ને ? તો મારી વકીલાત સાંભળો તો ખરા ! હું તમને દયા લાવવા કહું છું, પણ તે તમારી જાત ઉપર ! જોખમમાં કોણ છે ? તમે પોતે ! તમે શું જોઈને હસી રહ્યા છો ? ઈશ્વરે તમને ત્રાજવામાં મૂકી તોળવા માંડ્યા છે. કંઈક વિચાર તો કરો. તમે લોકો ખરેખર દુષ્ટ માણસો નથી. બીજા જેવા જ તમે પણ છો — નહિ સારા, નહિ ખરાબ. તમે તમારી જાતને ઈશ્વર માની બેઠા છો; પણ તમારું ઈશ્વરપણું બીમાર થઈ મરવા પડ્યું છે, તે તો જુઓ. દલિત લોકો અને તેમનું દલન કરનારાઓ સરખા જ માનવો છે. તમારા પગ તેઓનાં માથાં ઉપર છે, એટલું જ. પણ એ તમારો વાંક નથી. એ સમાજરચનાનો વાંક છે. ઇમારત ખોટી રીતે રચાઈ છે, એટલું જ. ઉપરના માળનું વજન નીચેના માળનો ભૂકો બોલાવી રહ્યું છે. પણ તેથી ઉપરનો માળ પણ બેસી પડવાનો ને ?

“ એટલે હું કહું છું કે, તમે મોટા છો, તો નમ્ર બનો. દયા ધારણ કરો; દલિત લોકોનાં દુઃખો સામે નજર તો કરો ! એ દલિત લોકો બધા દોષિત નથી. તેઓ ત્યાં નીચે છે, તે પણ તમે ઉપર છો એવી જ રીતે ! તેમાં તેમનો પણ કશો વાંક નથી. તેથી તમને કહું છું કે, તેઓનાં દુઃખનો વિચાર તો કરો. તેમને પ્રકાશ મળતો નથી, હવા મળતી નથી, તેમને આશા નથી અને છતાં તેઓ કશી અપેક્ષા તો રાખે જ છે — અને એમાં તમારે માટે જોખમ રહેલું છે. તમે પોતે જ તેમની મૂક વેદના — કરુણ પરિસ્થિતિ સમજવાનો પ્રયત્ન કરો. કારણ કે, તમે એ કાદવથી બહાર છો. તે બધાં પણ માનવપ્રાણીઓ છે, માત્ર મૃત્યુમાં જીવે છે, એટલું જ. તેમનામાં આઠ આઠ વર્ષની છોકરીઓને વેશ્યાવૃત્તિ શરૂ કરવી પડે છે, અને

વીસ વર્ષે તો તે બુઢ્ઢી થઈને મરી જાય છે. અરે એ બધું તમે જુઓ અને જાણો તો તમારું સુખ અલોપ થઈ જાય! કોલસાની ખાણોમાં કામ કરતા મજૂરો, પોતાના પેટનો ખાડો પૂરવા કોલસા ચાવે છે, એ તમને ખબર છે? લેંકેસ્ટર પરગણાનું રિબલચેસ્ટર એક શહેરમાંથી કંગાળ ગામડું બની રહ્યું છે, તેની તમને ખબર છે? — અને એના લોર્ડ અહીં તમારામાં જ વિરાજે છે. એટલે હું માનું છું કે, પ્રિન્સ જ્યોર્જ ઓફ ડેન્માર્કને — રાણીજીના પતિને એક લાખ વધુ ગિનીની કંઈ જ જરૂર નથી. તેના કરતાં તો દવાખાનામાં દાખલ થતા ગરીબ દરદી પાસે તેની દફન-ક્રિયા માટેની રકમ પહેલેથી માગવાની ક્રૂરતા દૂર કરો. સ્ટ્રેફોર્ડ પરગણામાં નર્યો ભેજ છે — પણ પૈસાને અભાવે લોકો એનો નિકાલ નથી કરી શકતા. લંકેશાયરનાં બધાં કાપડનાં કારખાનાં બંધ પડ્યાં છે. ક્યાંય કશો રોજગાર રહ્યા નથી. હાર્લેકના માછીઓ માછલાં ન પકડાય ત્યારે ઘાસ ચાવે છે, તેની તમને ખબર છે? બર્ટન-લાઝર્સમાં હજુ પણ રક્તપિત્તિયાઓનો શિકાર ખેલાય છે, અને તેઓ તેમના ખાડાઓમાંથી બહાર નીકળે, તો તેમના ઉપર ગોળી ચલાવાય છે. તમારામાંના એકના એઇલબરીમાં દુકાળ કાયમી બની રહ્યો છે. તમે કોવેન્ટ્રીના દેવળને અને તેના બિશપને હમણાં વધુ નાણાં બક્ષ્યાં, પણ ત્યાંના પેન્કિજ ગામનાં ઘરોમાં ખાટલા ન હોવાથી માતાઓ નાનાં છોકરાંને જમીનમાં ખાડા ખોદીને સુવાડે છે. આમ તેમના જીવનની શરૂઆત પારણાથી થવાને બદલે કબરથી થાય છે.

"ઉમરાવબહાદુરો, તમે જે કરવેરા મંજૂર કર્યા, તે બધા કોણ ભરે છે, ખબર છે? જેઓ કંગાલિયતથી મરી રહ્યા છે, તેઓ! તમે તમારી જાતને છેતરી રહ્યા છો. તમે ખોટે માર્ગે છો. તમે તવંગરોની સમૃદ્ધિ વધારવા માટે ગરીબોની કંગાલિયત વધારો છો. કામકાજ કરનારા પાસેથી લઈને આળસુને ભરો છો. ગરીબ પાસેથી

લઈને રાજવીને આપો છો. આ બધી બાબતોથી મારું લોહી *ઊકળી ઊઠે છે. મારામાં મારા પિતાનું રિપબ્લિકન લોહી વહી રહ્યું* છે. હું આપણા કહેવાતા રાજાઓને શાપ આપું છું. અને આ સ્ત્રીઓ પણ કેવી નિર્લજ્જ છે! મને એક દુઃખદ કથની જાણવા મળી છે. ચાર્લ્સ બીજાને ધિક્કાર હજો! મારા પિતાએ ચાહેલી એક સ્ત્રીએ એ રાજાને આત્મસમર્પણ કર્યું — મારા પિતા તે વખતે દેશનિકાલીમાં સબડતા હતા — એ વેશ્યા! ચાર્લ્સ-૨ પછી જેમ્સ-૨ આવ્યો. તે વળી તેના કરતાં વધુ બદમાશ હતો. અને *છતાં રાજા પણ કંઈ અનોખી ચીજ છે?—એ પણ એક માણસ જ* છે, અને તે પણ નબળો અને ખેડાખાઉ. એવા માણસને રાજા બનાવ્યાથી શો લાભ? એને રાજા કહીને તમે તેના એકલાના પેટમાં લાખો માણસને પૂરતો થઈ રહે તેટલી કિંમતનો ખોરાક અને પીણાં ઠાંસ્યા કરો છો — અને તેને લાખો માણસોના જાનમાલનો માલિક બનાવો છો. આ બધા તમારા કાયદા પણ એ કચરાયેલા લોકોને વધુ કચરવા માટે જ છે. જરા વિચાર કરો! એ લોકો મરશે, તો સાથે સાથે તમે પણ મરશો. તમારી જાત ઉપર તમને માયામમતા છે કે નહિ? તમારી જાતને બચાવવી હોય તો પછી તમે એ બધાને બચાવો. નાવ ડૂબે ત્યારે તેમાંના બધા મુસાફરો એકસાથે જ ડૂબે, એ તો જાણો છો ને? થોડાકને માટે જ એ હોનારત મર્યાદિત રહે, એમ તે બનતું હશે?

"અરે, ખરા કંગાળ તો તમે લોકો છો! જુઓને તમારા કંગાળ રાજાએ હું એક ઉમરાવજાદો હોવા છતાં થોડા પૈસા લઈને મને વેચી ખાધો. મને આશરો તો એક ગરીબ ગણાતાએ જ આપ્યો! મારો આ અંગચ્છેદ કોણે કરાવ્યો? એક રાજાએ! મારા ઘા કોણે રૂઝવ્યા? એક ભૂખે મરતા ગરીબે. હું લૉર્ડ ક્લૅન્ચાર્લી હતો, પણ મને ગ્વિન-પ્લેઈન બનાવી મૂકવામાં આવ્યો. મારો સંબંધ મહાન સત્તાધીશો

સાથે છે, પણ હું ઊછર્યો છું ગરીબોમાં. અરે, આ આખી સમાજ-રચના ખોટી છે. એક દિવસે સાચી સમાજરચના અસ્તિત્વમાં આવશે. તે વખતે કોઈ ઉમરાવો નહિ હોય, પણ બધા જ સ્વતંત્ર માણસો હશે. કોઈ માલિકો નહિ હોય, પણ બધા પિતાઓ હશે. ક્યાંય અજ્ઞાન, કંગાલિયત, ભૂખમરો, ગુનો, વેશ્યાવૃત્તિ નહિ હોય; કારણ કે, હજૂરિયા, દાસ, દાસી. રાજા, ઉમરાવ કોઈ નહિ હોય— બધે માત્ર પ્રકાશ હશે, ક્યાંય અંધારું નહિ હોય."

તે વખતે ઘૂંટણિયે પડીને લખ્યે જતા કારકુનો તરફ નજર પડતાં, તેમને સંબોધીને તે બોલી ઊઠ્યો : "અરે. તમે આ રીતે શા માટે લખો છો ? ઊભા થાઓ. લખવા માટે એ રીતે ન બેસવું જોઈએ. તમે પણ માણસો છો; ઉમરાવો પણ માણસો છે. તેમની સમક્ષ તમારે શા માટે હીન દેખાવું જોઈએ ?"

તરત જ ઉમરાવોએ હવે તુચ્છકાર - અને તિરસ્કાર - દર્શક ગુમરાણ શરૂ કર્યું — "બ્રેવો ! હુર્રા-આ !" "બસ કર ! બસ કર !" "આગળ ચલાવ ! આગળ ચલાવ !" "વાહ, જાનવર છૂટું થઈને માણસો વચ્ચે આવીને ભાષણો કરી જાય, તે જમાનો આવ્યો છે ને !" "અરે, આ શાણા ગધેડાને સાંભળો !" "'લૉર્ડ ચાન્સેલર, આ બેઠક મુલતવી રાખો !" ઇ૦, ઇ૦, ઇ૦.

ચાર જુવાન ઉમરાવો — હાઈડ, થૉમસ ટફ્ટન હેટન અને મોન્ટેગ્યુ — ખાસ ગુમરાણ મચાવી રહ્યા હતા; તેઓ પોતે જ હસવા-માંથી લગભગ ખસવા ઉપર જ આવી ગયા હતા.

હાઈડ (અર્લ ઑફ રોચેસ્ટર) બોલ્યો, "તારી બોડમાં પાછો ચાલ્યો જા, ઝ્વિનપ્લેઇન !"

થૉમસ ટફ્ટન (અર્લ ઑફ થાનેટ) બોલ્યો, "મારો સાલાને, મારો બદમાશને !"

વાઇકાઉંટ હેટને ખીસામાંથી એક પેની કાઢીને ગ્વિનપ્લેઈન તરફ ફેંકી અને કહ્યું, "આ તારા ખેલની ટિકિટના પૈસા; હવે ભાગ અહીંથી !" કેટલાય ઉમરાવોએ એ જોઈ તાળીઓ પાડી.

રાફ (ડ્યૂક ઑફ મૉન્ટેગ્યુ) તો ડ્યૂકોની પંક્તિમાંની પોતાની ૧૯મા નંબરની બેઠક ઉપરથી ઊઠી, અદબ વાળી, ગ્વિનપ્લેઈનની સામે જ આવીને ઊભો અને તુચ્છકારપૂર્વક બોલ્યો, "તું શું ભસ્યા કરે છે ?"

"હું તમારું ભવિષ્ય ભાખું છું," ગ્વિનપ્લેઈન બોલ્યો.

પણ પછી તો ધાંધલ તથા બુમરાણ એવું વધી ગયું અને તેની સાથે જુવાનિયાઓનું ગાંડપણ પણ, કે લૉર્ડ ચાન્સેલરને આગળ મત લેવાનું બીજા દિવસ ઉપર મુલતવી રાખવું પડયું અને બેઠક પૂરી થયેલી જાહેર કરવી પડી.

ગ્વિનપ્લેઈન પોતાને મળેલા આ આઘાતથી ચોંકી ઊઠયો. તેના મનમાં હતું કે, પોતે પોતાના અનુભવનો આ લોકોને લાભ આપી, કંઈક ઉપયોગી હેતુ સારશે. પણ આ લોકોએ તો તેનું એવું તોછડાઈથી અપમાન કર્યું હતું કે, તે જોઈને કોઈ પણ સમજણો માણસ ભાંગી પડે.

આખો હૉલ ખાલી થઈ ગયો : તે એકલો જ પોતાની બેઠક આગળ ઊભો રહ્યો. બધી બેઠકો અને ફર્નિચર ઢાંકનારા આવ્યા ત્યારે તે પોતાનો ટોપો માથે મૂકી બારણામાં થઈ બહાર નીકળ્યો.

એક કર્મચારીએ આવી તેના ઉપરથી પાર્લમેન્ટનો જભ્ભો ઉતારી લીધો. પણ તેને તેની ખબર પણ ન પડી.

કર્મચારીઓએ બીજું એ પણ જોયું કે, ગ્વિનપ્લેઈન રાજ-સિંહાસનને નમન કર્યા વિના હૉલ છોડી ગયો હતો.

૫

ભાઈ!

ગૅલરીમાં હવે કોઈ રહ્યું ન હતું.

બારણા આગળ નોકરો મશાલો સાથે ઊભા હતા. ઘરડા ઉમરાવો ધીમે ધીમે તે તરફ આગળ વધતા હતા. એ સિવાય બાકીનું મકાન ખાલી થઈ ગયું હતું.

ગ્વિનપ્લેઈન જ્યારે ઘોડાગાડીઓ વગેરે ઊભી હતી એ છેક બહારના ભાગ આગળ પહોંચ્યો, ત્યારે ત્યાંના દ્વાર આગળની ઓસરીમાં એક ટોળું જમા થયું હતું અને કશીક તકરાર જેવું જામ્યું હતું.

દશ બાર જુવાન ઉમરાવો બહાર જવા માગતા હતા અને એક જણ સામેથી બારણું રોકીને જાણે ઊભો હતો. એ માણસ ટૉમ-જિમ-જૅક હતો. ટૉમ-જિમ-જૅક પણ સુંદર પોશાકમાં હતો. અને તલવારની મૂઠને વારંવાર પકડતો હતો અને છોડતો હતો.

તે બૂમ પાડીને બોલતો હતો,— "હા, હા, મેં કહ્યું કે તમે બધા બાયલા છો. પણ હવે હું મારા શબ્દો પાછા ખેંચી લઉં છું. તમે બાયલા નહિ પણ 'ઇડિયટ' છો, બસ! તમે બધા એક જણની સામે તૂટી પડયા. એને 'કાયરતા' ન કહેવી હોય તો મૂઢતા કહો. તમને એણે બે વાતો કહી; પણ તમારામાં એ સમજવાની પણ શકિત ક્યાં હતી? ઘરડાઓ તેમના કાનથી બહેરા છે, અને જુવાનિયા અક્કલથી બહેરા છે. હું તો તમારામાંનો જ એક છું એટલે તમારે લગતી સાચી બાબત તમને કહી શકું છું. આ નવો આવનારો ઉમરાવ વિચિત્ર માણસ છે, તથા તેણે ઢગલોભરીને અર્થહીન વાતો કહી

છે, એ હું કબૂલ કરું છું; પરંતુ તેણે એમાં કેટલીક સાચી વાતો પણ કહી નાખી છે. અલબત્ત, એને અરિસ્ટોટલની પેઠે કે મોટા વિદ્વાનોની પેઠે બોલતાં ન આવડે, કારણ કે ગઈ કાલ સુધી તે મેળા-ઓમાં ખેલ કરનાર એક ખેલાડી જ હતો. પણ એ જેટલા શબ્દો બોલ્યો એના સોમા ભાગ જેટલા શબ્દો તમે બોલી તો બતાવો ! અને તેણે બર્ટન-લાઝર્સના રક્તપિત્તિયાઓની જે વાત કરી, તેમાં શું ખોટું કહ્યું છે ? આ ઉમરાવ-સભામાં અર્થહીન બોલવાની પહેલ તેણે જ કરી છે, એવું ક્યાં છે ? એ બધું ઠીક, પણ આ સભામાં તમે આટલા બધા ભેગા થઈ એક જણની ઉપર તૂટી પડો, એ જોઈ રહેવા જેવો મિજાજ મારો નથી. એ હું તમને કહી દેવા માગું છું. અને તમારી ઉપર ચિડાવા માટે હું આપ નામદારોની પરવાનગી માગું છું. ઈશ્વરમાં હું બહુ માનતો નથી; પરંતુ તે કંઈક સારું કામ કરે ત્યારે તેને ધન્યવાદ આપવા જેટલો હું તેને જરૂર માનું છું. અલબત્ત, તેને પણ સારાં કામ ઘણી વાર કરવાની ટેવ નથી; પણ તેણે ઇંગ્લૅન્ડના એક ઉમરાવને એક અંધારા ખાડામાંથી ઉપાડી તેના વારસામાં પાછો આણ્યો, તે તેણે સારું કામ કર્યું છે એમ માનું છું. અલબત્ત, મને પોતાને એથી ગેરલાભ જ થવાનો છે, એ હું જાણું છું. પરંતુ હું તમને સૌને કહેવા માગું છું કે, ફર્મેઈન ક્લેન્ચાર્લીએ આજે સાચા ઉમરાવનો દેખાવ કર્યો છે, અને તમે બધાએ ભાંડભવૈયા જેવો ! તેના મોઢા ઉપર વિદ્રૂપ હાસ્ય છે, પણ તે કંઈ તેનો વાંક નથી, — તેનું કમનસીબ છે. અને કોઈની કમનસીબી ઉપર હસવામાં માણસાઈ નથી. તમારા લોકોનીક દૂપતા તથા ભવૈયા જેવા તમારા પહેરવેશ ઉપર પણ ન હસી શકાય એવું ક્યાં છે ? આ મારા લૉર્ડ હેવરશામની રખાતને મેં પરમ દિવસે જોઈ હતી. તેનો દેખાવ કેવળ ત્રાસજનક છે. તે ડચેસ છે, પણ વાંદરી છે, એમ સાચું બોલવા ખાતર પણ કહેવું પડે. અને તમે સૌ હસતા અને મજાક કરતા નામદારોને હું ફરીથી કહું છું કે,

તમને બે વાક્યો દલીલબદ્ધ તથા તર્કબદ્ધ રીતે જિંદગીમાં કદી બોલતાં આવડયું છે ખરું ? આખી જિંદગી બડબડાટ અને પ્રલાપ કરતાં ઘણાને આવડે છે; પણ ભાષણ કરતાં તો કોઈકને જ આવડે છે. તમે તમારા આળસુ પગ ઑક્સફર્ડ અને કેમ્બ્રિજ સુધી લઈ ગયા છો. એટલે તમારી જાતને વિદ્વાન માનતા હશો. પણ ગધેડાંને પણ કોઈ પણ કોલેજની પાટલી ઉપર ઉપાડીને બેસાડવાં હોય તો બેસાડી શકાય. પણ તેથી તે કંઈ વિદ્વાનો ન થઈ જાય. તમે બધાએ હમણાં જ તે નવા લૉર્ડ તરફ તુચ્છકાર દાખવ્યો છે. પણ હું તમારે બદલે તેના જેવો થવા તૈયાર છું ! હું તે જગાએ હાજર હતો, અને મેં તેની વાણી સાંભળી છે. તમે બધા તેની વાતો સાંભળવાને બદલે તેની મશ્કરી કરતા હતા. પણ મને તે બાબતની ચીડ ચડી છે. અને હું જ્યારે ચિડાઉં ત્યારે માત્ર શબ્દો બોલીને કે પોકારો કરીને બેસી રહેવામાં માનતો નથી. ઉમરાવ-સભામાં આપણે વાતો કરવા અને વિચાર કરવા ભેગા બેસીએ છીએ. તેને બદલે તમે લોકોએ કેવળ ધાંધલ મચાવ્યું હતું. એક શ્રોતા તરીકે તમે મારું અપમાન કર્યું છે. એમ હું માનું છું; અને તેથી હું અહીં આવીને ઊભો છું : મારી મરજી તમારામાંના થોડાકને ઓછા કરવાની છે. એચ ટફ્ટન, સૅવેજ, ચાર્લ્સ સ્પેન્સર, લૉરેન્સ હાઇડ, ગ્રે. ફેરી હડ્સન, એસ્ક્રીક, રૉકિંગહામ, રૉબર્ટ ડાર્સી, વિલિ-યમ, રાલ્ફ વગેરે બધા, તથા બીજા પણ જેમને મરજી હોય. તે બધાને હું ડેવિડ ડિરી-મોઇરિ પડકાર કરું છું કે, તમે એક એક અથવા બધા સામટા મારી સાથે દ્વંદ્વયુદ્ધ ખેલવા આવી જાઓ અને તમારા સ્થળ-કાળ-હથિયાર-ટેકેદારો વગેરે વિગતો જણાવી દો. મને કોઈ પણ સ્થળ, કોઈ પણ સમય, અને કોઈ પણ હથિયાર મંજૂર છે. તમે તમારી જ વાત જણાવો એટલે બસ. મારે તમારી જાગીરો વારસદાર વગરની કરી મૂકવી છે. અને અલ્યા લેંઝેલ, તું તો તારા પૂર્વજની પેઠે પાછળ કફન-પેટી પણ ઉપડાવતો

આવજે. અને આ લૉર્ડ વોધન અર્થહીન પ્રલાપો કરવા જેટલો જુવાન છે. પણ લડવા ન બોલાવી શકાય તેટલો ઘરડો છે, એટલે હું તેના ભત્રીજા રિચાર્ડ વોધનને તેને બદલે લડવા બોલાવીશ. અને આ મારો પડકાર છે, ઉમરાવ બહાદુરો. હવે તમારે ઘેર જઈ ભૂવા-જોગીના જે જંતરમંતર, માદળિયાં-તાવીજ વગેરે તૈયાર કરાવવાં હોય તે કરાવીને વેળાસર આવી જજો. જેમના આશીર્વાદ લઈને કે શુકન જોઈને આવવું હોય તેનો મારે વાંધો નથી. પણ હું તો તમે જ્યાં હશો ત્યાંથી ખોળીને પૂરા કરીશ, એ નક્કી જાણજો. મેં જેમને નામ દઈને ઉલ્લેખ્યા છે, એ બધા સાવધાન ! તમારામાંથી જેમને મૂઠ સુધીની મારી તરવાર ગળવી હશે તેમની ઇચ્છા હું પૂરી કરીશ. મર્યા બાદ જેમને પોતાની જે જાગીરમાં કે જે બગીચામાં દટાવું હશે તે બાબતની વ્યવસ્થા પણ હું કરી આપીશ. પણ હું તમો નામદારને જણાવવા રજા લઉં છું કે, ખાલી તુમાખી કર્યે મારી સાથે નહિ ચાલે. મારે તમને સજા કરવી છે, અને તે શા માટે, તે મેં તમને જણાવી લીધું છે; પણ ફરીથી જણાવું કે, તમે મારા દેખતાં લૉર્ડ ફર્મેઈન ક્લેન્ચાલીનું અપમાન કર્યું છે. તે તમારા સૌ કરતાં શ્રેષ્ઠ છે. ક્લેન્ચાલી તરીકે તે તમારા જેટલો જ ખાનદાન છે. પણ ગ્વિનપ્લેઇન તરીકે તમારામાં નથી એ અક્કલ તેનામાં છે. એના અપમાનને હું મારું અપમાન ગણી લઈને આ પડકાર કરું છું. તમને બધાને સમજ પડી? તમને જે હથિયારથી મોત પસંદ હોય તે તથા તેનાં સ્થળ-કાળ પસંદ કરવાની છૂટ છે! અરે, તમારે રાજવંશીઓ તરીકે તરવારથી લડવું હોય તોપણ હું તૈયાર છું કે રખડતા ભામટાઓ તરીકે મુક્કામુક્કીથી લડવું હોય તોપણ બંદા તેટલા જ તૈયાર છે!”

કેટલાક જુવાન ઉમરાવો તરત બોલી ઊઠ્યા “કબૂલ! કબૂલ!”

એકે કહ્યું. મને પિસ્તોલ પસંદ છે; બીજાએ કહ્યું મને કટાર તથા ગદા પસંદ છે. કેટલાક બૉક્સિંગ પસંદ કર્યું.

પણ એટલામાં ગ્વિનપ્લેઈન છાંયામાંથી બહાર નીકળ્યો અને આગળ આવી ટોમ-જિમ-જેકને સંબોધીને બોલ્યો: “મારા અપમાનને તમારું ગણાવીને જે લાગણી તમે બતાવી, તે બદલ તમારો આભાર માનું છું; પણ આ બધી મને પોતાને લગતી બાબત કહેવાય.”

દરેક જણ તેની તરફ ફર્યું.

લૉર્ડ ડેવિડ તરત જ એક ડગલું પાછો ખસ્યો અને બોલ્યો: “શું? તમે અહીં આવ્યા છો? બહુ સારું થયું. મારે તમને પણ એક વાત કરી લેવાની છે. થોડા વખત ઉપર સભામાં તમે એક સ્ત્રીની વાત કરી, જે લૉર્ડ લિનિયસ ક્લૅન્ચાલીની પ્રેમિકા રહ્યા પછી, રાજા ચાર્લ્સ બીજાની પ્રેમિકા બની હતી.”

“સાચી વાત છે.”

“તો સાહેબ, તમે મારી માતાનું અપમાન કર્યું છે.”

“તમારી માતાનું? એનો અર્થ તો હું ધારતો હતો તેમ એ થયો કે, આપણે બંને—”

“ભાઈઓ છીએ,” લૉર્ડ ડેવિડે જવાબ આપ્યો.

પણ પછી તેણે ગ્વિનપ્લેઈનના મોં ઉપર એક તમાચ લગાવી દીધી.

“આપણે ભાઈઓ છીએ, પણ તેથી તો આપણે સમાન હોઈ એકબીજા સાથે લડી શકીએ છીએ. માણસે સરખા સાથે જ લડવું જોઈએ. અને ભાઈ જેવો સરખો બીજો કોણ કહેવાય? આ મેં તમાચ મારી તે તમે ભાઈપણાના બહાના હેઠળ લડવામાંથી ખસી ન જાઓ તે માટે! કાલે આપણે એકબીજાનાં ગળાં કાપીશું; તમે તમારા ટેકેદારને મારી સાથે સ્થળ-કાળ-હથિયાર નક્કી કરવા મોકલજો.”

૯

અવશેષ

૧

સેંટ પૉલના ઘડિયાળમાં મધરાતના ટકોરા પડ્યા તે વખતે એક માણસ લંડન-બ્રિજ ઓળંગીને સાઉથવર્કમાં દાખલ થયો. ક્યાંય ફાનસો ન હતાં; કારણ કે લંડનમાં પણ પેરીસની પેઠે અગિયાર વાગ્યે બધા જાહેર દીવા બુઝાવી નાખવામાં આવતા; — જો કે તે વખતે તેમની ખાસ જરૂર હોય! જે પહેરેગીરોએ એને જતો જોયો, તેઓએ તેના ઉમરાવ જેવા પહેરવેશ ઉપરથી માની લીધું કે, કોઈ ઉમરાવજાદાએ અંધારામાં એકલા અમુક જગા સુધી પગે ચાલતા જઈ આવવાની હોડ બકી હશે!

એ માણસ ગ્વિનપ્લેઈન હતો, અને તે નાસી છૂટચો હતો.

તેના મનમાં એક જ ધખણા હતી: ટૅડકેસ્ટર વીશીના આંગણામાં ગ્રીન-બૉક્સમાં ડિયા, ઉર્સસ અને હોમો પાસે પહોંચી જઈ, ફરીથી સજીવન થવાની! તેને તેનું ઉમરાવપદ્દુ હવે અકારું થઈ ગયું હતું.

વીશીએ આવી, તેણે સંભાળપૂર્વક ટકોરો માર્યો. વીશીનો નોકર બહુ ચાલાક માણસ હતો, એમ તે જાણતો હતો. થોડાક ટકોરાથી તે જાગી જઈ બારણું ઉઘાડશે એમ તે માનતો હતો. અલબત્ત, વીશી બહાર દીવો આજે સળગતો ન હતો, એથી તેને નવાઈ તો લાગી હતી.

હળવા ટકોરે કોઈએ જવાબ ન આપ્યો, એટલે તેણે પછી

બારણું ધમધમાવવા જ માંડયું. છતાંય જવાબ ન મળ્યો એટલે તેણે નામ દઈને બૂમો પાડવા માંડી.

થાકીને તે હવે આંગણાના દરવાજા તરફ ગયો અને સીધી ઉર્સસ અને હોમો નામ દઈને બૂમો પાડવા મંડયો. પણ આસપાસ બહાર પણ સર્કસવાળાનો કે કોઈનો પડાવ ન હતો. બધું જાણે ખાલી થઈ ગયું હતું. તેને અચાનક ફાળ પડી. બધા જ એકદમ કયાં અલોપ થઈ ગયા? પણ પછી તો તે બધાની ચિંતા છોડી, તેણે દરવાજો ધણધણાવતાં વારંવાર નિકોલસ, ફિબિ, વિનસ, ઉર્સસ અને હોમોનાં નામ પોકારવા માંડયાં. પણ કશો જ જવાબ કયાંયથી ન મળ્યો.

હવે તો અંદર પેસીને નજરે બધું જોવાનું જ બાકી રહ્યું. તેણે વીશીની બારીની કાચની એક તખતી તોડી અને અંદર હાથ નાખી સ્ટૉપર ઉઘાડી. તેના હાથમાં ભાંગેલા કાચની તીખી ધાર પેઠી અને લોહી નીકળ્યું; પણ તેની પરવા કર્યા વિના તે અંદર પેઠો.

અંદર બધું સૂમસામ હતું.

પછી તો ગભરાઈને તેણે આંગણા તરફનું બારણું ઉઘાડયું. પરંતુ ગ્રીન-બૉકસ પણ ત્યાં ન હતી!

૨

તે હવે વીશીની બહાર નીકળી, આખા ટારિન્ઝૂ–ફીલ્ડ ઉપર કોઈ કશા સગડ આપનારને શોધી વળ્યો. પણ બારે માસ ભરાયેલું રહેતું આખું ફીલ્ડ આજે નિર્જન હતું; કયાંય કોઈ ન હતું એટલું જ નહિ, પણ કોઈના પડાવ જેવું કયાંય કશું રહ્યું ન હતું.

હવે તે ગાભરો બની શેરીઓ તરફ વળ્યો. ઈસ્ટ-પૉઈન્ટ તરફની શેરીમાં દાખલ થઈ તે થેમ્સ નદી પાસે આવી પહોંચ્યો.

એક પથ્થરની દીવાલ સીધી નદીના કાળા પાણી સુધી ઊતરતી હતી, ત્યાં આવીને તે થોભ્યો.

તેની આંખો શૂન્ય જેવી હતી, અને તેનું અંતર તેથી વધુ શૂન્ય જેવું હતું.

પણ એ જગા ઢાળવાળી હતી અને ધક્કા સુધી પહોંચતી હતી. ત્યાં આગળ કેટલાંક જહાજો લાંગરેલાં હતાં. કેટલાંક હમણાં જ આવ્યાં હતાં અને કેટલાંક ઊપડવાની તૈયારીમાં હતાં. પણ હજુ તેમના ખલાસીઓ પોતાની ઊંઘ પૂરી કરતા હોઈ, કશી હિલચાલ જણાતી ન હતી. અલબત્ત, તેમાં બેસનારા મુસાફરો તો ક્યારના ઉપર ચડી ગયા હતા.

ઝિવનપ્લેઈનને તેના ભાઈએ તમાચ મારીને પડકાર્યો હતો. તેને એ કશાની પડી ન હતી; અત્યાર સુધી તે બીજી વસ્તુઓ વિનાનો હતો, પણ પ્રેમ તો તેને મબલક મળ્યો હતો. હવે તે પોતાની જીવનદાયિની એ મૂડી તરફ જ પાછો વળવા માગતો હતો.

પણ આ બધાં ક્યાં ગયાં ? તેમનું શું થયું ?

તેમનું શું થયું હશે તેની તે ભલભલી કલ્પનાઓ કરવા લાગ્યો. તે બધાંને ક્યાંક ઉપાડી જવામાં આવ્યાં છે કે હાંકી કાઢવામાં આવ્યાં છે, એ નક્કી હતું. બાર્કિલફેડ્રોએ તેને કહેલા શબ્દો યાદ આવ્યા: એક બારણું બંધ થયા વિના બીજું બારણું ઊઘડતું નથી. અર્થાત્, તેને જે ઉચ્ચ સ્થાને લઈ જવામાં આવ્યો હતો. ત્યાંથી તે આ લોકોનો સંપર્ક ફરી કદી સાધી ન શકે, એવી પેરવી તો જાણી જોઈને નહિ કરવામાં આવી હોય ? જરૂર, એમ જ થયું હશે. તેને ઊંચે લઈ જવા માટે આ બધાંને છૂંદી નાખવામાં આવ્યાં હતાં.

અને જેમ જેમ તેને પોતાની ઉન્નતિ આ લોકોને ભોગે સાધવામાં આવી હતી એ વિચાર આવવા લાગ્યો, તેમ તેમ તેને કમકમાં આવવા લાગ્યાં.

કારણ કે, તેને જે વૈભવ-સમૃદ્ધિનું સ્વપ્ન દેખાડવામાં આવ્યું હતું, તેનો તેને પોતાને શો લાભ મળ્યો હતો ?

તેને પોતાને બરાબર લોભાવવામાં આવ્યો હતો, અને તે પોતે એ વસ્તુથી લોભાયો પણ હતો. તે પોતે લોભાયો હતો એટલું જ નહિ, પણ તે વસ્તુનો તેને કેફ પણ ચડયો હતો. ગ્વિનપ્લેઈન પોતે 'ના' કહી શકયો હોત. પણ કોઈ પણ વખતે તેણે 'ના' કહી હતી ખરી ?

ભલે, આ સ્થિતિપલટો કોઈ માણસે નહિ પણ ભગવાને કર્યો હતો. પરંતુ તેણે તે સ્વીકાર્યો શા માટે ? વીસ લાખની વાર્ષિક આવક, સાત કે આઠ મોટી જાગીરો, દશ કે બાર મોટા મહેલો, શહેરોમાં જુદાં જુદાં ભવનો, ગ્રામપ્રદેશમાં કેટલાય કિલ્લા, સેંકડો હજૂરિયા, ટોળાબંધ શિકારી કૂતરા, ઘોડાગાડીઓનો આખો કાફલો, શસ્ત્રો, ન્યાયાધીશ અને ધારાના ઘડવૈયા તરીકેના અધિકાર, રાજા જેવો પોશાક, એ બધાના બદલામાં તેણે શું ગુમાવ્યું હતું ?— ઉર્સસની ઝૂંપડી અને ડિયાનું સ્મિત ! વૈભવના મોટા મહાસાગરના બદલામાં તેણે સુખનું મોતી હાથમાંથી સરકી જવા દીધું હતું. અરે મૂરખ !

પણ તે ઘડીએ તેને પ્રશ્ન ઊઠયો : મેં આ બધા વૈભવનો અસ્વીકાર કર્યો હોત, તો હું સ્વાર્થી ન ગણાત ? કારણ કે આ વૈભવનો સ્વીકાર કરવો એ મારું કર્તવ્ય હતું. નાના કુટુંબના વાડામાંથી મોટા કુટુંબના વાડામાં સ્વાભાવિક ક્રમે જવાનું આવે, ત્યારે તે મોટા કુટુંબ પ્રત્યેની પોતાની ફરજોનો અસ્વીકાર શી રીતે કરી શકાય ? જેમ જેમ આપણે ઊંચે જઈએ, તેમ તેમ જવાબદારીઓનો બોજ પણ માથા ઉપર વધે જ. તે વખતે શું આપણે એ બધું ફગાવી દઈ, પાછાં પગલાં ભરવાં ?

એટલે ગ્વિનપ્લેઈન પોતાના માર્ગમાં આવેલું આ બધું મૂંગે મોંએ સ્વીકારતો જતો હતો. આપણી પ્રથમ ફરજ કોના પ્રત્યે કહેવાય? આપણી નજીકમાં નજીક જે હોય તેમના પ્રત્યે, કે આખી માનવજાત પ્રત્યે? આપણે નાના કુટુંબમાંથી મોટા કુટુંબમાં જતા નથી? આપણે ઊંચા જઈએ એટલે આપણા હકો જેમ વધતા જાય, તેમ તેમ આપણી ફરજો પણ. આપણે એ બધાનો ત્યાગ કરી એ બધા તરફ પીઠ ફેરવવી?

અને તેને ઊંચે સ્થાને લાવ્યા બાદ તેની ફરજ તેને શું પોકારીને કહેતી હતી? એ જ કે, પોતે જે વર્ગમાંથી હમણાં આવ્યો તેનાં સુખદુઃખની વાત આ ઉપરના અસ્પૃષ્ટ વર્ગોને કહેવી. તેને ઉમરાવ-સભામાં બોલવાનો અધિકાર મળ્યો હતો, તો પછી તેણે આ નીચલા વર્ગોનાં દુઃખ, જેનો તેને જાતઅનુભવ હતો, તે આ ઉપરના વર્ગોને સંભળાવવાં જ જોઈએ ને? રાજાઓની મનસ્વિતા તળે છ હજાર વર્ષથી માનવજાત કચરાતી આવી છે. તે પોતે તેનો એક નમૂનો હતો. તો એ કચરાયેલા વર્ગમાંથી નિયતિએ જો તેને પાછો ઉપરના વર્ગમાં સ્થાપ્યો, તો તેણે તેનો લાભ લઈ, એ કચરનારા વર્ગને બે શબ્દ સંભળાવવા જોઈએ કે નહિ?

જે તુંબડીમાં તેનું નસીબ સંતાયેલું હતું, તે તુંબડી પંદર પંદર વર્ષ સુધી દરિયામાં અક્ષત રહી, તે શા માટે? તેનું કાંઈ પ્રયોજન હશે ને? અને એ પ્રયોજન ગ્વિનપ્લેઈનને ઉમરાવ-સભામાં મૂકી આપીને જ ચરિતાર્થ નહોતું થતું? અને તે પોતે એ ઉમરાવ-સભાને આ દલિત પીડિત લોકોનાં દુઃખ પ્રત્યે જાગ્રત ન કરે? નિયતિએ તેને એ માટે તો સર્જ્યો હતો!

પણ, એ બધી કલ્પનાઓનું શું પરિણામ આવ્યું હતું? તે તદ્દન નિષ્ફળ ગયો હતો — અને કાયમને માટે! તે પોતે દલિતોનું વેર લેવા દોડી ગયો હતો, પણ તે તો ચેષ્ટા–ચાળા કરનાર એક

તુચ્છ ભાંડ જ પુરવાર થયો હતો અને તે તરીકે તેને હસી કાઢવામાં આવ્યો હતો. તે પોતે દલિતોનું મુખ થઈ શકે તેમ નહોતો કારણ; કે, તેનું મુખ જ વિદ્રૂપ કરી નાખવામાં આવ્યું હતું — અને તેથી તે મોં આવી મહાન વસ્તુઓ ઉચ્ચારવાને નાલાયક પુરવાર થયું હતું ! રાજાએ તેનું મુખ વિદ્રૂપ કરાવીને, કાયમને માટે તેને કોઈ પણ મોટું કામ કરવાને માટે નાલાયક કરી મૂકયો હતો ! રાજાશાહીએ તેના બાપ ઉપર અત્યાચાર કર્યા બાદ તેના પુત્ર ઉપર પણ કાયમી અત્યાચાર કર્યો હતો. આ ઉમરાવો શાની સામે ગુસ્સે થયા હતા ? અત્યાચાર કરનાર પ્રત્યે ? ના, ના, એ અત્યાચારના પરિણામે તેને જે વિદ્રૂપતા મળી હતી, તે વિદ્રૂપતા સાથે તે ઉમરાવ-સભાને સંબોધવા ગયો હતો તે સામે ! તેઓએ તેના મુખને કારણે તેના બધા વક્તવ્યને ખેલ જ ગણી કાઢચો હતો. નિયતિએ જો દલિતોના મુખ તરીકે કોઈ ને નક્કી કર્યો હોય, તો તે પોતે તો નહોતો જ ! તે કાયમનો વિદૂષક બની શકે, ઉપદેશક કદી નહિ ! અને ઉદ્ધારક તો કોઈ નો નહિ ! તે પોતે ઉમરાવોના હૃદયમાં દયા ઊભી કરવા ગયો હતો, પણ તેણે ઊભો કર્યો પોતાની પ્રત્યે જ તુચ્છકાર. તેના શબ્દો તેના વિદ્રૂપ મુખમાંથી નીકળતાં નર્યા વિદ્રૂપતાભર્યા બની ગયા હતા.

ઉમરાવ-સભામાં બિશપો હતા; તેણે તેમને ઈશ્વરને નામે સંબોધ્યા : આ કેવી અનાધિકાર ચેષ્ટા ? ઈશ્વરનું નામ દઈને બોલનાર આ વળી કોણ ? ઈશ્વર એ તો બિશપોની જ આગવી ઇજારાની ચીજ કહેવાય ! ઉમરાવવર્ગની આગળ તે સત્ય ધરવા ગયો; પણ તેઓ એવા જુદા જ જગતમાં રહેતા હતા, જ્યાં આ લોકોનું સત્ય તેમને માટે માત્ર તિરસ્કાર જ પેદા કરતું હતું — પ્રકાશ નહિ !

અને એ લોકોનો વાંક પણ શો કાઢવો ? બહુ તો તેમની દયા લાવો. તેઓ જો તમારી વાતોથી ગળગળા થાય, તો તેમને પોતાનો

ગાદીત્યાગ જ કરવો પડે ને ? રાજાઓ અને ઉમરાવો તરીકે તેમને જીવવું હોય તો તેમણે બીજી બધી બાબતો પ્રત્યે આંધળા–બહેરા જ થવું રહ્યું. જેને વધારે પડતું ખાનપાન મળે છે, તેની નજર સામે ભૂખમરાથી મરતા લોકો હોય જ નહિ. નસીબવાન લોકોએ પોતાનાથી બહારની દુનિયા પ્રત્યે દુર્લક્ષ જ કરવું રહ્યું. તેમના સ્વર્ગના ઊમરા ઉપર તેમ જ નરકના ઊમરા ઉપર આ લેખ જ કોતરવો જોઈએ —"બધી આશાઓ પાછળ મૂકો !"

સમાજે શરૂઆતમાં જ પોતાની ત્રણ બક્ષિસો તેની આગળ સીધી ધરી દીધી હતી : લગ્ન, કુટુંબ, જ્ઞાતિ. લગ્નમાં તેણે શું જોયું ? વેશ્યાવૃત્તિ. કુટુંબમાં તેણે શું જોયું ? તેના ભાઈએ તેના મોં ઉપર તમાચ મારીને બીજે દિવસે તરવાર સાથે એકબીજાનું ગળું કાપવા નોતર્યો હતો. અને જ્ઞાતિ ? એ જ્ઞાતિએ તેને હમણાં જ હસી કાઢ્યો હતો — ખરાબમાં ખરાબ બહિષ્કાર ! સમાજમાં તે દાખલ થવા ગયો તે પહેલાં તો તે તિરસ્કૃત થયો, અને એની ત્રણ બક્ષિસો તેના પગ નીચેની ધરતીની ત્રણ કારમી ફાટો બની રહી.

બધું જ તેની આસપાસ ભાંગીને ભૂકો થવા લાગ્યું હતું. અને તે બધાનું પ્રયોજન પણ હવે શું રહ્યું હતું ? માત્ર હતાશા–નિરાશા-તિરસ્કાર.

ઉિવનપ્લેઇન પોતાનાં બધાં સારાં પાનાં એક પછી એક ઊતરી ચૂક્યો હતો. જોસિયાના ઉપર તે ડિયા ખેલ્યો, અને તેને એક રાક્ષસી હાથ આવી. કુટુંબના પાન ઉપર તે ઉર્સસને ખેલ્યો, અને અપમાન તેને 'હાથ' આવ્યું. ગ્રીન-બૉક્સના રંગ-મંચને તે ઉમરાવ-સભાના પાન ઉપર ખેલ્યો, અને તેને સ્વીકાર પછી ધુત્કાર હાથ આવ્યો. હમણાં જ તેનું છેલ્લું પાન પેલા નિર્જન ઉજ્જડ બનેલા મેદાન ઉપર તે ખેલી ચૂક્યો હતો. તે હારી ગયો હતો અને હવે તેણે દાવનાં નાણાં ચૂકવવાનું જ બાકી રહેતું હતું.

સમાજ એ અપર-મા છે, કુદરત એ સાચી મા છે. સમાજ એ શરીરની દુનિયા છે, કુદરત એ આત્માની. એક કફન તરફ લઈ જાય છે, જ્યાં ઘોરમાં તેનો અંત આવે છે. બીજી ઉઘાડી પાંખે આકાશમાં ઉડ્ડયન કરાવી ઉષઃકાળમાં નવેસર પ્રારંભ કરાવે છે. કુદરત કેવી મમતાળુ માતા તેને માટે નીવડી હતી ! તેની પાસેથી બધું હરી લેવામાં આવ્યું હતું — તેનો ચહેરો સુધ્ધાં. પણ કુદરતે તેને બધું પાછું મેળવી આપ્યું હતું; તેનો ચહેરો સુધ્ધાં ! કારણ કે કુદરતે તેને એક સ્વર્ગીય અંધ છોકરી મેળવી આપી હતી જે તેની બાહ્ય વિદ્રૂપતા નહોતી જોતી, પણ તેનું આંતરિક સૌંદર્ય જ જોતી હતી.

અને તે પોતે ડિયાથી છૂટો પડી ચાલી ગયો હતો ! ડિયા તેનું સર્વસ્વ હતી, તેની પત્ની હતી — તેથી પણ વધુ – તેનો પ્રકાશ હતી. તેના વિના અત્યારે તેને બધું ખાલી તથા શૂન્યરૂપ બની ગયું હતું. ડિયા જતાં તેનું શું બાકી રહ્યું હતું ? તેની પોતાની જાત કહી શકે એવું શું જીવંત રહ્યું હતું ? તો પછી પોતાના પ્રાણરૂપ ડિયાથી તે એક ક્ષણ પણ જુદો શી રીતે પડચો ? સૂર્યને લઈ લો એટલે પછી શું બાકી રહે ? ખાલી અવકાશ ! નરી પોકળતા. અને તેની સરખામણીમાં પેલી જોસિયાના શી ચીજ હતી ? એ ભયંકર સ્ત્રી — એક જાનવર !

અને તેનું ઉમરાવપણું કેવું કદ્રૂપ હતું ? તેનો તાજ કેવો ભયંકર હતો ? તેનો જભ્ભો કેવો ત્રાસરૂપ હતો ? પેલા મહેલો કેવા ઝેર રૂપ હતા ? અરે ત્યાંની હવા પણ કેવી રોગિષ્ઠ અને પાગલ બનાવી દેનારી હતી ? તેની સરખામણીમાં ખેલાડીનાં તેનાં સાદાં કપડાં કેવાં ભવ્ય હતાં ? ગ્રીન-બૅાક્સનું ડિયા સાથેનું જીવન કેવું રળિયામણું, કેવું સુખપૂર્ણ, આનંદપ્રદ હતું ?

અને તેના અંતરમાંથી હૃ હૃ કરતો 'ડિયા !' 'ડિયા !' એવો પોકાર ફાટી પડવા લાગ્યો.

ઝ્વિનપ્લેઈન હવે પેલી દીવાલની કિનાર ઉપર હાથ મૂકી નદી તરફ જોવા લાગ્યો.

ત્રણ રાતોથી તે ઊંઘ્યો ન હતો. તેનું મગજ હવે બહેર મારી ગયું હતું. તેણે હવે પોતાનો કોટ ઉતારી નાખ્યો અને ગડી કરીને કિનારી ઉપર મૂક્યો. પછી પોતાનું જાકીટ તેણે ઉતારવા માંડ્યું. તે વખતે તેના હાથને કશી કઠણ વસ્તુ અડકી. ઉમરાવ-સભાના લાઇબ્રેરિયને આપેલી લાલ ચોપડી તે હતી. તેણે તે બહાર કાઢી અને તેમાંથી પેન્સિલ કાઢીને ખાલી પાન ઉપર મોટા અક્ષરે લખ્યું : "હું જાઉં છું. મારા ભાઈ, ડેવિડ ભલે મારું સ્થાન લે અને સુખી થાય. નીચે તેણે "ફ્રેર્મેઇન કલૅન્ચાર્લી, ઇંગ્લૅંડનો ઉમરાવ" એવી સહી કરી.

પછી તેણે જાકીટ પણ કાઢી નાખ્યું અને કોટ ઉપર મૂક્યું. પોતાનો ટોપો પણ તેણે જાકીટ ઉપર મૂક્યો. પછી પેલી લાલ ચોપડી ખુલ્લી જ એ ટોપામાં મૂકી અને એક પથરો ઉપાડી તેણે ટોપા ઉપર મૂકી દીધો.

પછી તેણે અંધારા આકાશ તરફ ઊંચે નજર કરી. તેણે એ દીવાલના એક ખાંચામાં પગ મૂક્યો અને હવે બીજો પગ તેની ટોચ ઉપર મૂકી નદીમાં પડતું જ મૂકવાનું બાકી રહેતું હતું.

"ભલે ત્યારે," એમ કહી, તેણે નીચે ઊંડા પાણી તરફ નજર સ્થિર કરી.

તે જ વખતે તેના હાથને કોઈ જીભથી ચાટતું હોય તેવી લાગણી તેને થઈ.

કંપી ઊઠીને તેણે [illegible] નજર કરી.

હોમો તેની પાછળ [illegible]તો.

૭

વૅાગ્રાટ જહાજ ઉપર

" તું છે, ભાઈ ?"

હોમોએ પૂંછડી હલાવી. તેની આંખો અંધારામાં પણ ચમકી રહી. તે ઝ્વિનપ્લેઈન તરફ જોઈ રહ્યો હતો.

હોમો હવે ફરી ઝ્વિનપ્લેઈનના હાથ ચાટવા લાગ્યો. ઝ્વિનપ્લેઈન ઉપર છેલ્લા અડતાલીસ કલાકમાં ઘણા વજ્રપાત થયા હતા. કદાચ બધા પ્રકારના વજ્રપાતો તેણે ખૂટી ગયા હતા. હવે માત્ર સુખનો વજ્રપાત જ તેને માટે બાકી રહેતો હતો શું ?

છેક છેવટની હતાશાની કારમી ઘડીએ હોમો તેને પ્રકાશરૂપ – આશારૂપ લાગ્યો.

પણ હોમો હવે પાછો ફરી ચાલવા મંડ્યો હતો — પાછળ જોતો જોતો. જાણે ઝ્વિનપ્લેઈન પોતાની પાછળ પાછળ આવે છે કે નહિ તે જોવા માટે.

પણ ઝ્વિનપ્લેઈન તેની નિશાની સમજી જઈ આપોઆપ તેની પાછળ પાછળ ચાલવા લાગ્યો હતો.

ઢાળ ઊતરી વરુએ નદીના વહેણની [illegible]માં આગળ ચાલવા માંડ્યું. થેમ્સ નદીના પ્રવાહની કિ[illegible] મીનની એક સાંકડી પટ્ટી જતી હતી.

પચાસેક પગલાં ચાલ્યા પછી [illegible]ભ્યો. થોડે દૂર વળાઓ ઉપર ઊભો કરેલો ધક્કો દેખાવા લાગ્યો. તે ધક્કાને અડીને એક જહાજ ઊભું હતું. તેના તૂતક ઉપર એક ઝાંખું ફાનસ બળતું હતું.



ફિલિ અને વિનસ નિરાશ થઈ ઊંઘતી ડિયા પાસે બેઠાં છે.

હોમો ગ્વિનપ્લેઈનને જહાજમાં દોરી લાવે છે.

વરુએ પાછા વળીને ગ્વિનપ્લેઈન છે કે નહિ તેની ખાતરી કરી લીધી અને પછી એ ધક્કાના લક્કડકામ ઉપર ઠેકડો મારીને ચાલવા માંડ્યું. એ ધક્કાના છેડા આગળ એક જહાજ મુસાફરીએ ઊપડવા તૈયાર ઊભેલું હતું. તેના ડામર ચોપડેલા અગ્ર ભાગ ઉપર ધોળા અક્ષરમાં ‘ વૉગ્રાટ, રોટરડામ ’ એ શબ્દો સ્પષ્ટ વંચાતા હતા.

એક જ ફલંગ મારી હોમો અને ગ્વિનપ્લેઈન એ જહાજ ઉપર ચડી ગયા. તૂતકનો એ પાછલો ભાગ હતો. તૂતક ઉપર કોઈ ન હતું. જે થોડાક મુસાફરો હતા તે બધા તૂતક નીચેની કૅબિનમાં પેસી ગયા હતા, કારણ કે જહાજ ઊપડવાની તૈયારી હતી. અને હવે સવાર થયા વિના તેઓ તૂતક ઉપર નીકળવાના ન હતા. ખલાસીઓ તેમની નાની કૅબિનમાં બેસી વાળુ પતાવતા હતા. તેથી બંને તૂતકો ઉપર શાંતિ હતી.

હવે પેલી ફાનસવાળી જગા ગ્વિનપ્લેઈનને સ્પષ્ટ દેખાવા લાગી. તે ઉર્સસની જૂની પૈડાં-પેટી હતી — ખખળી ગયેલી, કટાઈ ગયેલી ! ગ્વિનપ્લેઈન બહુ નાનો હતો ત્યારે તે એ પેટીમાં આશરો પામ્યો હતો.

બીજો કોઈ હોય તો પોતાનું સુખ, પોતાનો પ્રેમ, પોતાનું જીવન પાછાં મેળવે ત્યારે તરત જંગલીપણે તેના તરફ દોડી જાય અને તેના ઉપર પડતું મૂકે. પણ ગ્વિનપ્લેઈને તેમ ન કર્યું : તેને બીક લાગી કે, રખેને હોઠે આવેલો સુખનો પ્યાલો પોતાની કમનસીબીથી ઢોળાઈ જાય !

એટલે તે એ પેટીની બહાર થોભ્યો, અને હોમો પોતાની સાંકળ આગળ જઈને બેસી ગયો.

પેલી પૈડાં-પેટીમાં કોઈ ન હતું. પણ તેની પાછળ તૂતક ઉપર પાથરેલી સાદડી ઊપર કોઈ સૂતેલું હોય એમ લાગતું હતું. અને ત્યાં કોઈ ફરતું હોય એવો ઓળો દેખાતો હતો.

ગ્વિનપ્લેઈન પૈડાં-પેટીની આ તરફ છુપાઈ રહી, કોઈ બોલતું હતું તેના શબ્દો સાંભળવા લાગ્યો.

ઉર્સસ જ બોલતો હતો; જોકે, તેનો અવાજ બહુ બદલાઈ ગયેલો લાગતો હતો, દુઃખથી, થાકથી, હતાશાથી. ઉર્સસ પોતાની ટેવ પ્રમાણે એકલો જ વાત કરતો હતો —

' આ જાતનાં જહાજ બહુ જોખમકારક છે. મેં આ જહાજોની વાતો ઘણી સાંભળી છે. અમારું શું થશે ? અમે હેમખેમ રોટરડામ ઊતરી શકીશું ? આ ઊંઘી ગઈ છે ? હા. તે બેભાન છે ? ના. એની નાડ જોરથી ધબકે છે. ઊંઘ એ આરામ છે, કારણ કે તે અંધાપો છે. હે સદ્‌ગૃહસ્થો, તૂતક ઉપર કોઈ ફરતા હો, તો ધીમાં પગલાં પાડજો. અરે, સ્થિર જ ઊભા રહેજો. જરાય અવાજ ન કરતા. પાસે તો આવતા જ નહિ. નબળી તબિયતવાળાનો વિચાર રાખવો જોઈએ અને આ તો તાવમાં પડેલી છે અને બહુ નાની છે. તેને જરા તાજી હવા મળે માટે મેં બહાર લીધી છે. તે આ ચટાઈ ઉપર ગબડી પડી હતી એટલે મેં માન્યું હતું કે તે બેભાન થઈ ગઈ છે. પણ ના, તે ઊંઘે છે. જો તેને ઊંઘવા દેશો તો મહેરબાની. અહીં કોઈ બાઈઓ હોય તો તેમને પણ એ જ વિનંતી છે. અમે ગરીબ નટ લોકો છીએ. અમારા ઉપર દયા રાખી જરાય અવાજ ન કરજો, એટલું જ હું માગું છું. અને અવાજ ન કરો તે માટે મારી પાસે તમારે કંઈ કિંમત લેવી હશે તો હું ખુશીથી આપીશ.

" જુઓ, જુઓ, એને કપાળે પરસેવો વળવા માંડચો. અમે ફરીથી કમનસીબમાં સપડાયાં છીએ. પણ જો આ સાજી રહે, તો બીજો કાંઈ વાંધો નથી. હું એકલો આ બધું ગાંડાની પેઠે શા માટે બોલ્યા કરું છું ? એટલા જ માટે કે, તે જાગે તો તેને કોઈ પાસે છે એમ લાગે. આ બાજુ કોઈ ચાલ્યું ન આવે તો બહુ સારું. એ ઝબકી ઊઠે તો તેને બહુ નુકસાન થાય. લોકો આ જહાજ ઉપર

ઊંઘી ગયા છે, એમ હું માનું છું. પણ હોમો ક્યાં? આ બધી ધમાલમાં હું તેને સાંકળે બાંધવાનું ભૂલી ગયો. એક કલાકથી મેં તેને જોયો પણ નથી. તે ક્યાંક વાળુની શોધમાં બહાર દૂર ચાલ્યો જશે તો આફત થશે. મારાથી આમ કેમ થઈ જાય છે? હોમો! હોમો!"

તરત હોમોએ પોતાની પૂંછડી ધીમેથી તૂતક પર પછાડી.

"ઠીક, ઠીક, તું છે ખરો! ભગવાનની દયા! નહિ તો અત્યારે હોમો ખોવાય તો આવી બને. જુઓ આનો હાથ હાલવા માંડ્યો. હોમો, શાંત રહેજે! કદાચ તે જાગી ઊઠશે. આજે દરિયો તોફાની નથી, એ સારું છે. સારી હવા રહેશે. આ ફીકી પડી ગઈ છે, તે અશક્તિ હશે. તે લાલચોળ થઈ ગઈ છે, તે તાવ હશે. એ ગુલાબી છે, તો તે સારી હશે. મને બરાબર દેખાતું નથી. આપણે નવેસર આપણી જૂની જિંદગી શરૂ કરવાની છે. હવે આપણે બે જ રહ્યા. આપણે બેએ કામ કરીને તેને સાચવવી પડશે. વાહ, જહાજ ઊપડ્યું ને! વિદાય, લંડન! જા, જહન્નમમાં જા, હરામી લંડન!"

અને ખરેખર જહાજ ઊપડ્યું હતું. નદી ઉપર વહેણ સાથે જવામાં બીજા ખલાસીની જરૂર નહિ. એટલે એક જ ખલાસીએ લંગર ઉપાડ્યું હતું અને જહાજ નદીના વહેણમાં આગળ વધવા લાગ્યું હતું.

ઉર્સસ બોલ્યે જતો હતો —

"પણ મારે તેને થોડો કાઢો પાવો પડશે, નહિ તો તેને લવારી ઊપડશે. જુઓને, તેના હાથના પંજા કેવા થઈ ગયા છે? ભગવાનનો એવો તે અમે શો અપરાધ કર્યો છે? આ બધું કમનસીબ કેવું ઝડપથી આવી પડ્યું! અનિષ્ટનો વેગ કેવો કારમો હોય છે! તમે લંડન આવ્યા. તમે માન્યું, 'એ બહુ મોટી ઇમારતોવાળું સુંદર શહેર છે. સાઉથવર્ક લંડનનું સારું પરું છે.' તમે ત્યાં ઠરીઠામ થયા. પણ એ કેવી નાપાક જગા છે? ત્યાંથી જીવતા છૂટ્યા તે જ

ગનીમત ! આજે ૩૦ મી એપ્રિલ છે. મને હંમેશાં એપ્રિલ મહિનો અવળો પડે છે. તેમાં પાંચમી અને સત્તાવીસમી એ બે તારીખો જ સારી છે. બાકી ૧૦મી, ૨૦મી, ૨૯મી, અને ૩૦મી એ ચાર દિવસ બહુ કમનસીબ દિવસો છે, એ બાબતની ખાતરી કેટલી બધી વખત મને થઈ છે? કાલ સવારના તો અમે ગ્રેવ્ઝ-એન્ડ પહોંચીશું અને કાલ રાતના રૉટરડામ. બસ. પછી આ પૈડાં-પેટી વડે અમે નવેસર પહેલાંની જિંદગી શરૂ કરીશું. આપણે બંને આ પેટી ખેંચીશું, ખરુંને, હોમો?"

હોમોએ પૂંછડી સહેજ ટપારીને પોતાની સંમતિ જણાવી. ઉર્સસે આગળ ચલાવ્યું —

"પણ શહેરમાંથી બહાર નીકળ્યા તેમ આ ખેદમાંથી પણ બહાર નીકળી જઈએ તો સારું. હોમો, હજી આપણે સુખી થઈ શકીએ તેમ છીએ. પણ એક જણ નથી એનો ઓળો આપણી ઉપર રહેવાનો જ. આપણે ચાર હતાં, હવે ત્રણ છીએ. જીવન શું છે? પોતાનાં પ્રેમપાત્રોના વિયોગરૂપી શોકનો પાછળ મૂકેલો ચીલો ! નસીબ પણ આપણા ઉપર કેવાં કેવાં અસહ્ય દુઃખ વરસાવે છે? અને બુઢ્ઢા માણસો એકનાં એક રોદણાં રડે ત્યારે લોકો નવાઈ પામે છે. ભલા હોમો, પવન અનુકૂળ છે. એટલે હમણાં જ ગ્રિનવીચ આગળથી આપણે પસાર થઈશું. એટલે કે, ૭ માઈલ પંથ તો કાપી નાખ્યો.. બેટા, ઊંઘ્યા કર; ઊંઘ્યા કર !"

પણ એટલામાં ડિયાનો અવાજ સંભળાયો. ગ્વિનપ્લેઈન કાન દઈને સાંભળવા લાગ્યો; અત્યાર સુધી વેઠેલું બધું જાણે એક ક્ષણમાં અલોપ થઈ ગયું. ડિયા બોલતી હતી—

"તે ચાલ્યા ગયા તે બરાબર હતું. આ દુનિયાનો તેમને નહોતો. માત્ર મારે ઝટપટ તેમની પાસે પહોંચી જવું જોઈએ. બાપુજી, હું માંદી નથી. તમે બોલતા હતા તે બધું મેં સાંભળ્યું છે.

મને હવે સારું લાગે છે. હું ઊંઘતી હતી. પણ બાપુજી, હવે હું જલદી સુખી થવાની છું."

"એટલે બેટા, તું શું કહેવા માગે છે?"

"બાપુજી, તમે એ બાબતનો શોક ન કરશો."

પછી જાણે શ્વાસ લેવા તે થોભી હોય તેમ થોભીને તે બોલવા લાગી.

"ઝિવનપ્લેઈન અહીં નથી. હવે હું ખરેખર આંધળી થઈ મને રાત શું છે તેની ખબર નહોતી. બાપુજી, રાત એટલે ગેરહાજરી. મને હંમેશ ચિંતા રહેતી કે તે ચાલ્યા તો નહિ જાય. તે આ લોકના માણસ નહોતા. અને જુઓ તે તેમના સ્વર્ગલોકમાં ચાલ્યા ગયા. એ જ અંત આવવાનો હતો. આત્મા તો પંખીની પેઠે જ ઊડી જાય. પણ તેમને કયાં શોધી કાઢવા તેની મને ખબર છે. મને રસ્તો શોધવાની કશી ફિકર નથી. બાપુજી, મને બરાબર ખબર છે. થોડા સમય બાદ તો તમે તથા હોમોય ત્યાં આવી પહોંચજો. અમે બંને તમારી રાહ જોઈશું."

હોમોએ પોતાનું નામ બોલાયેલું સાંભળી, પૂંછડી તૂતક ઉપર ધીમેથી પછાડી.

"બાપુજી, તમે તો સમજી શકશો કે, એક વખત ઝિવનપ્લેઈન અહીંથી ચાલ્યા જાય, એટલે મારે અહીં રહેવું હોય તોપણ રહી શકાય નહિ. કારણ કે, શ્વાસ લેવા તો જોઈએ ને. અને તમે પણ અશકય વસ્તુની માગણી ન કરતા. હું ઝિવનપ્લેઈનની સાથે આવી હતી, અને ઝિવનપ્લેઈન ગયા એટલે હું પણ જાઉં છું. કાં તો તેમણે પાછા આવવું જોઈએ, અથવા મારે જવું જોઈએ. અને બાપુજી, મરવું એમાં અઘરું કે મુશ્કેલ કશું નથી. અહીંયાં દીવો બુઝાય ને ત્યાં તરત સળગે. આ પૃથ્વી ઉપર હવે રહેવું એ બહુ દુઃખદ થઈ ગયું છે. અને એવડું મોટું દુઃખ લઈને હંમેશ માટે જીવ્યું જાય નહિ. એટલે હવે જ્યાં તારાઓ છે ત્યાં હું ચાલી જઈશ; ત્યાં અમે

બંને પરણીશું, અને કદી છૂટાં પડીશું નહિ, ત્યાં બસ પ્રેમ કર્યા જ કરો, પ્રેમ કર્યા જ કરો. અને ભલા પરમેશ્વર પણ પ્રેમસ્વરૂપ જ છે ને !"

થોડું થોભી તેણે આગળ ચલાવ્યું—

"ગયે વરસે આ વસંત સમયે અપણે બધાં ભેગાં હતાં અને કેવાં સુખી હતાં ! આ વરસે આપણે લંડન આવ્યાં, અને બધું કેવું બદલાઈ ગયું ? હું તમને લંડન આવવા બદલ ઠપકો નથી આપતી. બાપુજી, તમને યાદ છે કે, એક દિવસ પેલી મોટી ખુરશીમાં એક સ્ત્રી આવી હતી ? તમે કહ્યું હતુ કે, તે ડચેસ છે. હું બહુ ખિન્ન થઈ ગઈ હતી. મને લાગ્યું હતું કે આપણે નાનાં શહેરોમાં રહ્યાં હોત તો સારું હતું. પણ બાપુજી, તમે જ કહ્યા કરતા હતા ને કે, બરફ નીચે દટાઈને મરી ગયેલી મારી માની છાતીએથી વછોડી ગ્વિનપ્લેઈન મને લઈ આવ્યા હતા. તો હવે તે ગયા ત્યાં જવાની મને બહુ ઉતાવળ આવી છે, એ વાતની તમને નવાઈ ન લાગવી જોઈએ. પણ બાપુજી, આ બધું હાલતું કેમ લાગે છે! પૈડાં તો ગડગડ થતાં નથી. જાણે કોઈ હાલતા ઘરમાં હું હોઉં એમ લાગે છે."

"બેટી, આ તો જહાજ છે. તારે બહુ બોલ બોલ ન કરવું જોઈએ. અને બેટા, તું બહુ ઉશ્કેરાઈને વધુ માંદી ન પડીશ. આ તારા બુઢ્ઢા બાપુ ઉપર દયા રાખ. બેટી, ગ્વિનપ્લેઈન તને ઉપાડી લાવ્યો હતો પણ મેં તને આશરો આપ્યો હતોને ? એ વાત પણ યાદ રાખજે. તું જો શાંત પડે ને ઊંઘી જાય તો મને બહુ નિરાંત લાગશે. કાલે તો આપણે હોલૅંડના રાટરડામ મથકે પહોંચી જઈશું. પણ બેટી, આ તું શું કરે છે ? તું કેમ ઊભી થવા જાય છે ? તું શાંતિથી સૂઈ રહેને !"

ગ્વિનપ્લેઈન હવે ગભરાયો, અને તેણે પોતાનું માથું આગળ નમાવ્યું.

૮

હું આવું છું, ડિયા !

"બાપુજી, તમારી ભૂલ થાય છે. હું બીમાર નથી કે લવારીએ ચડી નથી. તમે બોલો છો તે બધું મને સંભળાય છે અને સમજાય છે. ગ્વિનપ્લેઈન હવે નથી; છતાં હું તમારી સાથે આવું છું અને ખેલમાં પણ ઊતરીશ. પણ તે હવે અહીં નથી, એટલે બધું કેટલું અંધારું થઈ ગયેલું લાગે છે?"

"અંધારું?" ઉર્સસ થોથવાતો બોલ્યો; "પહેલી વાર આણે એ શબ્દ વાપર્યો!"

ગ્વિનપ્લેઈન હવે ધીમે પગલે એ પેટીમાં દાખલ થયો. તેણે પોતાનાં નવાં કપડાં ઉતારી નાખ્યાં અને અંદર ખીંટી ઉપર લટકાવી રાખેલાં પોતાનાં જૂનાં કપડાં પહેરી લીધાં; અને પાછો તે પોતાની સંતાવાની જગાએ આવી ઊભો રહ્યો.

ડિયા હવે 'અંધાધૂંધી ઉપર વિજય' એ ખેલમાં પોતાને બોલવાનું ગાયન ગાવા લાગી, પણ પછી જ્યારે ગ્વિનપ્લેઈનના માથા ઉપર હાથ મૂકવાનો આવ્યો, ત્યારે ખુલ્લી જગામાં હાથ ફેલાવતી રડી પડી.

તરત જ ગ્વિનપ્લેઈન દોડચો અને તેના હાથ નીચે માથું રાખી બેસી ગયો. ઉર્સસ તેને જોઈ જડસડ થઈ ગયો.

"હું ફરી કદી એમનો અવાજ સાંભળી શકવાની નથી," ડિયા બોલી.

પણ તરત જ ગ્વિનપ્લેઈનનો જાણીતો અવાજ તેને સંભળાયો. ગ્વિનપ્લેઈને પોતાનો ગાવાનો ભાગ ગાઈ સંભળાવ્યો. તે જ વખતે તેનો હાથ ગ્વિનપ્લેઈનના માથાને અડયો અને તરત તે ચીસ પાડી ઊઠી, "ગ્વિનપ્લેઈન !"

ગ્વિનપ્લેઈને તેને પોતાના બાહુમાં સમાવી દીધી.

"જીવતો છે," ઉર્સસ બોલી ઊઠયા.

પણ ડિયાએ તરત પોતાનું માથું ગ્વિનપ્લેઈનના ગાલ તરફ નમાવીને કહ્યું, "તમે નીચે ઊતરી આવ્યા ! આભાર !"

ગ્વિનપ્લેઈને તેનાં કપડાંને ચુંબનોથી છાઈ દીધાં. "હા, હા, હું ગ્વિનપ્લેઈન છું. વહાલી, જેનો આત્મા તું છે તે, સાંભળ્યું ? તું જેની બાળકી, પત્ની, તારિકા, અને પ્રાણ છે, તે હું. હું જ અહીં આવ્યો છું અને તને મારા બાહુમાં ધારણ કરી રહ્યો છું. હું જીવતો છું અને તારો જ છું. હું તો બધું ખતમ કરવાની અણી ઉપર આવ્યો હતો, પણ ભલું થજો હોમોનું. તે મને અહીં લઈ આવ્યો. એક ક્ષણની જ વાર હતી. પણ એ બધી વાત હું પછી તને કહીશ. અત્યારે તો તું મને ક્ષમા કર અને મારી સાથે જીવવા કબૂલ થા, હંમેશ માટે. હવે કશી વસ્તુ આપણને છૂટાં પાડી નહિ શકે. હું નરકમાંથી આવ્યો છું, સ્વર્ગમાં ફરીથી. તું કહે છે કે હું ઉપરથી નીચે આવ્યો છું; ના, ના, હું નીચેથી ઉપર આવ્યો છું. હવે હું આવ્યો છું, અને આપણે હંમેશને માટે સાથે રહીશું. આપણે ફરી ભેગાં થઈશું એવું કોણ કહી શકત ? પણ બધું અનિષ્ટ પૂરું થયું. હવે આપણે માટે સુખ જ સુખ રહેશે. હવે કમનસીબ આવીને આપણને જુદાં નહિ પાડી શકે. હું બધી વાત તને પછી કહીશ. આપણે હોલૅંડ જઈએ છીએ, ત્યાં આપણે લગ્ન કરીશું. હવે કશી પંચાત નથી."

ડિયા તો આખે શરીરે ધ્રૂજતી હતી. તેણે ઝિવનપ્લેઇનના આખા ચહેરા ઉપર હળવેથી હાથ ફેરવ્યો અને ધીમેથી કહ્યું, "ઇશ્વર આવા હોય !"

દરમ્યાન ઉર્સસ હસતો હસતો, આંસુભર્યે મુખે તેમના તરફ જોતો જોતો એક બાજુ ગણગણવા લાગ્યો — "મને કંઈ સમજાતું નથી. મેં તેને કબરમાં લઈ જવાતો જોયો હતો. પણ હુંય પ્રેમમાં પડેલાં જણ જેવો મૂરખ બની રહ્યો છું — અને હું તે બંનેના પ્રેમમાં જ છું ને ! છોકરાંઓ, હું તમને આશિષ આપું છું !"

ઝિવનપ્લેઇન હવે બોલવા લાગ્યો—

"ડિયા, તું પણ સુંદર છે. મારું મન છેલ્લા કેટલાક દિવસથી બહાર ભટકવા લાગ્યું હતું. પણ આ દુનિયામાં તારા સિવાય બીજું કોઈ મારું નથી. હું ફરીથી તને જોવા પામ્યો છું, છતાં હજુ મને જાણે એ સુખની પ્રતીતિ પડતી નથી. પણ તું આ જહાજ ઉપર ક્યાંથી ? શું થયું એ બધું મને કહે જોઉં : તમારી બધાંની આ વલે કરવામાં આવી ? ગ્રીન-બૉક્સ ક્યાં ગઈ ? તમને લૂંટી લઈને તેઓએ ભગાડી દીધાં, ખરું ? હું જરૂર એનું વેર લઈશ. તમારા બંનેનું વેર લઈશ. ડિયા, તેઓએ મને જવાબ આપવો પડશે. હું ઇંગ્લેંડનો ઉમરાવ છું !"

ઉર્સસ આ વાક્યથી એકદમ ચોંક્યા. તે ઝિવનપ્લેઇન તરફ ધારી ધારીને જોવા લાગ્યો. તે બોલ્યો, "એ મરી નથી ગયો, એટલું તો નક્કી; પણ તે ગાંડો થઈ ગયો છે કે શું ?"

ઝિવનપ્લેઇને આગળ ચલાવ્યું—

"ડિયા, જરા પણ ફિકર ન કરીશ, હું મારી ફરિયાદ છેક ઉમરાવ-સભા સમક્ષ લઈ જઈશ."

ઉર્સસે ફરી તેના તરફ જોયું અને પોતાની આંગળીનું ટેરવું કપાળે પછાડ્યું.

જહાજ આગળ વધ્યે જતું હતું. રાત વધુ અંધારી થતી ગઈ. થોડાક મોટા તારા દેખાતા હતા, તે પણ બંધ થયા. નદીના બે કનારા તો દૂર દૂર જાણે અલોપ થઈ ગયા.

જહાજ દરિયા નજીક પહોંચવા લાગ્યું હતું.

અચાનક ડિયા ગ્વિનપ્લેઈનના આલિંગનથી મુક્ત થઈ ને ઊભી થઈ. તેણે પોતાના બંને હાથ હૃદય ઉપર દાબી દીધા, જાણે કંઈ ખસી જતું હોય તેને રોકવા.

"આ મને શું થાય છે? આનંદથી મારો શ્વાસ રૂંધાય છે કે શું? નહિ, કાંઈ નથી. પણ ગ્વિનપ્લેઈન, તમે આવીને મને એકદમ એવી ચોંકાવી દીધી ને! આનંદથીસ્તો. તમે નહોતા આવ્યા ત્યાં સુધી હું જાણે મરવાની તૈયારીમાં જ હતી. પણ તમે આવીને પાછું મને જીવતદાન દીધું. મારા અંતરમાંથી જાણે કશુંક નીકળી ગયું — કદાચ દુઃખ શોકનો અંધકાર જ. તમે મને જે નવું જીવન બક્ષ્યું છે, તે કેવું અનુપમ છે? એ એટલું બધું સ્વર્ગીય છે કે જે મારા આ શરીરથી સહન થતું નથી. જાણે મારો અંતરાત્મા બહુ મોટો થઈ ગયો છે, અને મારું આ શરીર તેને સમાવી શકતું નથી. જાણે મારા અંતરમાં કશુંક પાંખો ફફડાવે છે. મને બધું વિચિત્ર લાગે છે, પણ હું બહુ આનંદમાં છું. ગ્વિનપ્લેઈન, તમે મને નવું જીવન બક્ષ્યું છે."

અચાનક તે લાલ લાલ થઈ ગઈ, પછી ફીકી પડી ગઈ, પછી પાછી લાલ લાલ થઈ ગઈ અને નીચે તૂટી પડી.

"અરે રે, તેં એને મારી નાખી," ઉર્સસ બોલ્યો.

ગ્વિનપ્લેઈને હાથ લાંબા કરી તરત ડિયાને સમેટી લીધી, પણ તે ડિયાની સ્થિતિ જોઈ કંપી ઊઠચો. તે ચીસ પાડી ઊઠચો — "ડિયા, ડિયા! તને શું થાય છે?"

"કાંઈ નહિ, કાંઈ નહિ; હું તમને ચાહું છું."

ગ્વિનપ્લેઈન અને ઉર્સસે તેને સાદડી ઉપર સુવાડી, પણ તે ઊંડેથી બોલી : "મારાથી સૂતાં સૂતાં શ્વાસ લેવાતો નથી.'

તેઓને તેને બેઠી કરી.

ઉર્સસે કહ્યું, "એક તકિયો લાવો."

ડિયાએ કહ્યું, "વાહ, શું કરવો છે ? ગ્વિનપ્લેઈન છે ને."

અને તેણે પોતાનું માથું ગ્વિનપ્લેઈનના ખભા ઉપર નાખી દીધું, અને બોલી, "અહા, કેવું સારું લાગે છે !"

ઉર્સસે તેનું કાંડું પકડી, તેની નાડ તપાસવા માંડી.

ડિયાએ એક નિસાસો નાખી કહ્યું, "મને સમજ પડી ગઈ છે; હું હવે બચવાની નથી."

ગ્વિનપ્લેઈન ભયનો માર્યો ફીકો પડી ગયો; ઉર્સસે ડિયાને ટેકો આપ્યો એટલે તે એકદમ ઊભો થઈ ગયો.

"હેં ! તું શું ચાલી જવાની ? એકદમ ? અત્યારે ? અશક્ય. ઈશ્વર એટલો બધો ક્રૂર છે શું ? તને એક હાથે આપીને તરત બીજે હાથે મારી પાસેથી છીનવી લેશે ? જો ઈશ્વર ખરેખર એવું જ કરે, તો મને પછી તેના અસ્તિત્વમાં શ્રદ્ધા જ નહિ રહે. તો પછી આ પૃથ્વી, આ આકાશ, બાળકનું પારણું, માની છાતી, માનવ હૃદય, પ્રેમ અને આ બધા તારાઓ — એ બધો ભ્રમ છે, માયાજાળ છે, ફસામણી છે, છેતરામણી છે ! દગલબાજ ઈશ્વર માણસને એ બધી ચીજો બતાવી ફસાવે જ છે. ડિયા, તારે જીવવું જ જોઈએ. તું તારા પતિની વાત નહિ માને ? હું તારો પતિ, તારો માલિક ફરમાવું છું. અને તું ચાલી જશે, તો હું શું પાછળ રહીશ ? ખરે, એ તો સૂર્ય ચાલ્યા ગયા જેવું થાય. ના, ના, તું મને મૂકીને નહિ ચાલી જઈ શકે. મેં તારો શો અપરાધ કર્યો છે ? તું જો ચાલી

જઈશ, તો હું મરણિયો થઈ જઈશ, બદમાશ થઈ જઈશ, પાગલ થઈ જઈશ. બંને હાથ જોડીને હું વિનંતી કરું છું કે, તું ન જઈશ."

"વહાલા ગ્વિનપ્લેઈન, એ મારા હાથની વાત રહી લાગતી નથી."

"ડિયા, ડિયા, તું મારી વાત સાંભળ. તારા વિના મારું કોઈ જ નથી. હું ક્યાં ક્યાં જઈ આવ્યો ને શું શું જોઈ આવ્યો તેની તને કલ્પના નથી. થોડા કલાકમાં જાણે મેં કેટલી જિંદગીઓ પૂરી કરી નાખી. પણ એ બધા અનુભવે એક જ વસ્તુ હું શીખી લાવ્યો છું કે, એ બધું પોકળ છે, મિથ્યા છે. અને તું પણ આ જીવનમાં ન રહે, તો પછી મારે માટે આખા વિશ્વનો કશો અર્થ નહિ રહે. મારી ઉપર દયા લાવ. તું મને ચાહે છે, તો મારે માટેય જીવતી રહે. ડિયા, મેં તારો કશો અપરાધ કર્યો નથી."

ડિયાનો અવાજ હવે ક્ષીણ થતો જતો હતો. તેનાથી એક એક અક્ષર મહાપરાણે બોલી શકાતો હતો. છતાં તે બોલી, "ગ્વિનપ્લેઈન, આપણે કેવાં સુખી હતાં! મને, તમારી અંધ ડિયાને યાદ કરજો. જલદી ભૂલી ન જતા. હું જઈશ તોપણ દર રાતે તમે સૂતા હશો ત્યારે તમારે ઓશીકે ગમે ત્યાંથી આવી પહોંચીશ. બધું હવે પૂરું થયું. હું જાઉં છું, પહેલી જાઉં છું એટલું જ. અહા, બાપુજી ઉર્સસ, તથા ભાઈ હોમો કેવા સારા છે! તમે પણ ઘણા સારા છો. પણ અહીં હવા કેમ નથી? મારાથી શ્વાસ કેમ લેવાતો નથી? આપણી પૈડા-પેટીમાં આપણે કેટલાં બધાં સુખી હતાં! હજુ આપણાથી વધુ ભેગાં નહિ રહેવાય? અરેરે, પણ તમે મને ભૂલી ન જતા, પ્રિય!"

તેના કંઠમાંથી હવે ભાગ્યે શબ્દ નીકળી શકતો હતો. છતાં પરાણે તે બોલી, "તમે મને ભૂલી જશો? તમે ભૂલી જશો તો હું મરી ગઈ હોઈશ તોપણ દુઃખી થઈશ. તમારા બધાની ક્ષમા માગું

છું. ઈશ્વરે જો ઇચ્છયું હોત તો હજુ આપણો સૌ ભેગાં રહી શક્યાં હોત. આપણે તેના વિશ્વમાં કેટલીક જગા રોકવાનાં હતાં? બીજા દેશમાં જઈ આપણે ખેલ કરત, અને આજીવિકા મેળવત. પરંતુ ઈશ્વરની મરજી જુદી લાગે છે. મને પણ ખબર નથી પડતી કે શાથી મારે મરવું પડે છે. મેં કદી મારા અંધાપાની ફરિયાદ કરી નથી. તથા મેં કોઈનો કશો અપરાધ કર્યો નથી. આંધળી આંધળી પણ મને તમારી સાથે જીવવા દીધી હોત તો હું રાજી રહેત મારે વધુ કશું જોઈતુ નથી. પણ હું જાઉં છું. મારે જવું પડે છે. મને યાદ કરજો, ગ્વિનપ્લેઈન. કહો કે ખૂબ યાદ કરશો! હું મરી જઈશ તોપણ મારે એટલું તો જોઈશે!"

થોડી વાર થોભીને તે પાછી બોલી, "તમે પણ બને તેટલા જલદી ત્યાં મારી પાસે આવી પહોંચજો. તમારા વિના ત્યાં જવાનું મને નથી ગમતું. મને ત્યાં વધારે વખત એકલી ન રહેવા દેશો. અરે, ગ્વિનપ્લેઈન! મારા પ્રિયતમ! મારો શ્વાસ રૂંધાય છે, ઓહ!"

"દયા, દયા!" ગ્વિનપ્લેઈન કોણ જાણે કોને કરગર્યો.

"વિદાય! આવજો!" ડિયા ગણગણી.

અચાનક ડિયા પોતાની કોણી ઉપર ઊંચી થઈ અને આંખો ઉપર હાથ ફેરવી મધુર સ્મિત સાથે બોલી, "વાહ, પ્રકાશ! પ્રકાશ! મને હવે દેખાય છે!"

અને તે જ ક્ષણે તે પ્રાણરહિત થઈને ઢળી પડી.

"મરી ગઈ," ઉર્સસ બોલ્યો. પછી તેણે ડૂસકાં ખાતાં ખાતાં પોતાનું મોં ડિયાના પગ આગળના ગાઉનમાં દબાવી દીધું; તે લગભગ બેહોશ થઈ ગયો.

ગ્વિનપ્લેઈન હવે વિકરાળ બની ગયો. તે ઊભો થયો. તેણે ઊંચે આકાશ તરફ નજર કરી. પછી અંધારામાં કશાકને તે જોતો

હોય તેમ તે ધીમે ધીમે તે તરફ ડગલાં ભરતો બંને હાથ હલાવતો આગળ ચાલ્યો અને બોલ્યો, " હું આવું છું, હમણાં જ આવું છું." તેના મોં ઉપર પણ ડિયાના મોં ઉપર છવાયું હતું તેવું મધુર સ્મિત છવાઈ રહ્યું.

આગળ ચાલતો ચાલતો તે છેક કિનારીએ આવી પહોંચ્યો. અને પછી તેણે નીચે પાણીમાં પડતું નાખ્યું. પણ પાણીમાં ધબાકો બોલે તે પહેલાં હવામાં જાણે નીચેના શબ્દો ફેલાઈ ગયા, " ડિયા, આ હું આવી પહોંચ્યો !"

જ્યારે ઉર્સસ ભાનમાં આવ્યો, ત્યારે તેણે ઝિબનપ્લેઇનને ન જોયો. તપાસ કરી, તો હોમોને જહાજની કિનારી ઉપર ઊભો ઊભો દરિયા તરફના અંધારા સામું જોઈ ઘૂઘવતો જોયો.

વિક્ટર હ્યૂગો

વિશ્વસાહિત્યમાં ફ્રાંસનું નામ રોશન કરનાર હ્યૂગોનો જન્મ ઓગણીસમી સદીના પ્રારંભે ઈ. સ. ૧૮૦૨માં થયો હતો. તે વખતે નેપોલિયન બોનાપાર્ટની સરદારી નીચે, ફ્રાંસનો વિજયડંકો, યુરોપ અને આફ્રિકામાં વાગતો હતો.

તેના પિતા, ફ્રાંસની તે વખતની અજેય ગણાતી સેનામાં મોટા અફસર હતા. નેપોલિયનના પતન સાથે પિતા અટકાયતમાં ગયા, અને ૧૮૨૧માં માતાનું મૃત્યુ થયું. આથી હ્યૂગો એકદમ નિર્ધન સ્થિતિમાં મુકાઈ ગયો. આ સમયે મહિનાઓ સુધી ખંત અને આત્મ-શ્રદ્ધાથી તેણે લેખનપ્રવૃત્તિ કરી.

૧૮૨૭ના અરસામાં સાહિત્યક્ષેત્રે ક્રાંતિકારી વિચારો ધરાવનાર સાહિત્યકારોની ક્લબ સ્થપાઈ, તેનો હ્યૂગો નેતા બન્યો. તેણે ઘોષણા કરી કે, કલાને જરીપુરાણી પ્રણાલિકામાં સ્થગિત અને જડ ન થઈ જવા દેતાં, તેને વિકાસલક્ષી અને ગતિવંત રાખવી જોઈએ. કળાનું લક્ષ્ય સૌંદર્ય નહિ પણ જીવન હોય.

તેની લોકપ્રિયતા અપ્રતિમ હતી. તેના એંસીમા જન્મદિવસે લાખો નાગરિકોએ તેને હર્ષનાદોથી વધાવી લીધો. હ્યૂગોએ મુખ્યત્વે કાવ્ય, નાટક અને નવલકથાઓ લખી છે. ફ્રાંસનો તે શ્રેષ્ઠ કવિ છે અને નાટ્યકાર પણ છે. તેનું મૃત્યુ ઈ. સ. ૧૮૮૫માં થયું.

પરિવાર પ્રકાશન સહકારી મંદિર લિ. અમદાવાદ-૧૩.

વિક્ટર હ્યૂગો કૃત

લાફિંગ મેન

અનુ: ગોપાળદાસ પટેલ